જરથોસ્તી ધર્મ શિક્ષણમાળા—પુસ્તક સાતમું

પુરાતન ઇરાનનો ઇતિહાસ

ભાગ બીજો

હખામની, અર્ષકાની અને સાસાની વંશો

લખનાર

સોહરાબ જમશેદજી બલસારા, એમ. એ.

છપાવી પ્રગટ કરનાર

જરથોસ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી

અને

જ્ઞાન ફેલાવનારી મંડળી

૧૯૧૪

જરથોસ્તી ધર્મ શિક્ષણમાળા—પુસ્તક સાતમું.

પુરાતન ઇરાનનો ઇતિહાસ

ભાગ બીજો.

હખામની, અર્ષકાની અને સાસાની વંશો.

લખનાર:

સોહરાબ જમશેદજી બલસારા, એમ. એ.

છપાવી પ્રગટ કરનાર

જરથોસ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી

અને

જ્ઞાન ફેલાવનારી મંડળી.

૧૯૧૪

આ પુસ્તક ધી જ. ન. પીતીત પારસી ઑરફનેજ કૅપતન પ્રિંતિંગ
વર્કસ નં. ૧૪૧, લાલબાગ, પરેલ, મુંબઇમાં મેહરજી બી.
મીઠાઇવાલાએ છાપ્યું છે, અને જરથોસ્તી ધર્મ સંબંધી
કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળીના
સૅક્રેતરી સમ્શ-ઉલ-ઉલમા ડૉ. જીવનજી જમશેદજી
મોદી, બી. એ., પીએચ. ડી. એ મંડળીને માટે
પારસી પંચાયતની ઑફીસ, હોર્નબી
રોડ, કોટ, મુંબાઈ, મધેથી
પ્રગટ કીધું છે.

ખુલાસો.

જરથોશ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળી

આપણા ટોળામાં ધર્મ સંબંધી કેળવણી આપવા અને જ્ઞાન ફેલાવવા માટે એક મંડળી, ઉપલે નામે, તા૦ ૧૦ મી જુલાઇ ૧૯૦૩ ને દિને સ્થાપવામાં આવી હતી. એ મંડળીએ ધર્મ સંબંધી કેળવણી આપવા માટે ચોપડીઓની હારમાળા લખાવવાને ઠેરવ્યું છે. તેમાંની પેહેલી ચોપડી "જરથોશ્તી ધર્મ સંબંધી પ્રશ્નોત્તર" એવે નામે પ્રગટ થઇ છે. તેની પેહેલી આવૃત્તિની ૧૦,૦૦૦ નકલ તથા બીજી આવૃત્તિની ૫૦૦૦ નકલ ખપી જવાથી ત્રીજી આવૃત્તિ ૫૦૦૦ નકલની બાહાર પાડવામાં આવી છે. બીજી ચોપડી "જરથોશ્તી ધર્મની તવારીખ"ને નામે, ત્રીજી ચોપડી, "જરથોશ્તી ધર્મ-મત"ને નામે, ચોથી ચોપડી "જરથોશ્તી ધર્મનાં કામો અને ક્રિયાઓ"ને નામે અને પાંચમી ચોપડી "જરથોશ્તી ધર્મ નીતિ અને નેકીઓ"ને નામે પ્રગટ કરવામાં આવી છે. એ દરેકની ૫૦૦૦ નકલો બાહાર પાડવામાં આવી છે. એ હારમાળાની આ

સાતમી ચોપડી છે. એ ચોપડીઓ તૈયાર કરાવવા માટે એ મંડળીએ નેમેલી બુક-કમીટી હાલ નીચલા સભાસદોની બનેલી છે:—

શમશુલ ઓલમા દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણા, બી. એ.

દસ્તુર કેખશરૂ જામાસ્પજી જામાસ્પ આશાના.

શેઠ પેસ્તનજી કુંવરજી મોટીવાલા, એમ. એ., એલએલ. બી.

એરવદ બહમનજી નશરવાનજી ધાભર, એમ. એ.

શેઠ બેરામગોર તેહમુરસ અંકલેસરીઆ, એમ. એ.

ડા૦ માનેકજી બમનજી દાવર, એમ. એ., પીએચ. ડી.

શેઠ સોરાબજી જમશેદજી બલસારા, એમ. એ.

શેઠ રતનજી ફરદુનજી ગોરવાલા, એમ. એ.

શેઠ અરદેશર ખરશેદજી વેસાવેવાલા, બી. એ.

શેઠ ખોદાબક્ષ એદલજી પુનેગર, બી. એ.

બાઇ ભીખાઇજી અરદેશર એનજીનીયર, એમ. એ.

ડા૦ જહાંગીર ખરશેદજી દાજી, એલ. એમ. એંડ એસ.

શેઠ જહાંગીર જમશેદજી વીમાદલાલ, એમ. એ., એલએલ. બી.

એરવદ પાલનજી દોરાબજી પાવરી, બી. એ.
એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ.
ઓ૦ સેક્રેટરી.

એ કમીટીએ કારોબાર મંડળીની બાહાલીથી એ ચોપડીઓ લખવાનું કામ નીચલા બે ગ્રહસ્થોને સોંપ્યું છે.

શેઠ સોરાબજી જમશેદજી બલસારા.
એરવદ જીવનજી જમશેદજી મોદી.

એઓને એ ચોપડીઓમાં તવારીખની બાબત લખવાનું નીચે પ્રમાણે વેહેંચી આપવામાં આવ્યું છેઃ-

પેશદાદીઅન અને કેઆનીઅન વંશો—એરવદ જીવનજી જમશેદજી મોદી.

હખામનીઅન અને સાસાનીઅન વંશો—શેઠ સોરાબજી જમશેદજી બલસારા.

આ ગોઠવણ મુજબ આ ચોપડી શેઠ સોરાબજી જમશેદજી બલસારાએ તૈયાર કીધી છે. એનું લખાણ બુક-કમીટીની ૧૩ સભાઓમાં તપાસવામાં આવ્યું હતું. ત્યાર પછી તે કેટલાક ફેરફાર સાથે છપાવવામાં આવ્યું હતું. તેનાં છાપેલાં પ્રુફો દરેક સભાસદને પોહોંચાડવામાં આવ્યાં હતાં કે ફરીથી વાંચી કોઇ ફેરફારો સુચવવા હોય તો સુચવે. તેઓએ તે તપાસવા પછી બુક-કમીટીની

બીજી ૨ સભાઓ મળી હતી. તે સભાઓમાં તે ઉપર ઘટતો વિચાર કરવામાં આવ્યો હતો.

એ ચોપડી તપાસનાર બુક-કમીટી આંપણા ભણેલા દસ્તુરો, એરવદો અને બેહદીનોની બનેલી છે. તે સાહેબોની બારીક તપાસમાંથી તે પસાર થઇ છે. માટે મંડળી આશા રાખે છે કે તે સર્વની પ્રસન્તા પામશે અને સર્વ જરથોશ્તી માબાપો આ પુસ્તક પોતાનાં કુટુંબોમાં દાખલ કરી, પોતાનાં બચ્ચાંઓને તેથી ધર્મ કેળવણી આપશે. જરથોશ્તી સ્કુલોના વડા શિક્ષક સાહેબોને પણ કમીટી અરજ કરે છે કે તેઓએ એ ચોપડી પોતાની સ્કુલોમાં ધર્મ શિક્ષણ માટે દાખલ કરવી.

ધર્મ શિક્ષણ આપનારા શિક્ષકોને જણાવવાની રજા લેવામાં આવે છે કે આ મંડળી હસતક પ્રગટ થતી શિક્ષણમાળાનાં સર્વ પુસ્તકો કેળાવણી લેતાં બાલકો પાસે મોંહોડે કરાવવાની કાંઇ જરૂર નથી. એ પુસ્તકોની તેવી નેમ રાખી નથી. એ પુસ્તકોનો ઘણો ભાગ શિક્ષકોની પોતાની રેહબરી માટે છે. આવાં શિક્ષણની ફતેહનો આધાર શિક્ષકોની પોતાની જાતી કોશેશ ઉપર અને શિક્ષણ માટે બાબતો પસંદ કરવાની તેઓની કુનેહ અને કાળજી ઉપર રહે છે.

આ પુસ્તકનો ઉપયોગ કરનારા શિક્ષક સાહેબો અને બીજા સાહેબોને અરજ કરવામાં આવે છે કે તે

સાહેબોને કાંઇ સુચના કરવી હોય તો મેહેરબાની કરી મંડળીના ઓ૦ સેક્રેટરી જોગી કરવી કે તે ઉપર બીજી આવૃતી વખતે ધ્યાન આપવામાં આવે.

રોજ ૪ થો, માહ ૧ લો,
શાહાનશાહી સને ૧૨૮૪,
તા૦ ૧૫મી સપટેંબર ૧૯૧૪.

કારોબાર મંડળીના હોકમથી
જીવનજી જમશેદજી મોદી
ઓ૦ સેક્રેટરી.

પ્રસ્તાવના

લખનાર તરફનો ખુલાસો

જરથોશ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળીએ જ્યારે પોતાના ઉપયોગ માટેની ચોપડીઓ લખાવવાની યોજના રચી, ત્યારે કરતા કારવતા સાહેબોએ ડહાપણ વાપરી ધર્મની કેળ-વણી સાથે તવારીખ શીખવવાનું પણ નક્કી કીધું હતું. પારસી અને ઇરાની કોમોને કંઈએપણ પોતાના ધર્મપરની આસ્થા જાળવી રાખવામાં સંગીન મદદ કીધી હોય તો તે આપણી જાહોજલાલીભરી તવારીખ છે. જે વખતે ધર્મનું જ્ઞાન બન્ને ટોળામાંથી લગભગ ગુમ થઈ ગયું હતું, તે વખતે પણ તવારીખી યાદો તો તેમના હૈયામાં તાજી રહી હતી, અને તેણેજ તેમની દીન ઉપરની આસ્થા સર્વ સંજોગોમાં સાચવી રાખી હતી.

આપણી કદીમ જાહોજલાલીભરી તવારીખ આપણી દીન સાથે એટલો તો ઘાડો સંબંધ ધરાવે છે કે તેમનો અભ્યાસ હમેશ સાથે સાથેજ થવો જોઇએ. અને તેમ કરવાથી કોમને દેખીતો ફાયદો થવો જોઇએ. ધર્મ જ્યારે મનને રૂહાની બુલંદી અને પવિત્રાઇ તરફ દોરવે છે ત્યારે તવારીખ દુન્યવી

જીંદગીને સાહસિક અને સદગુણી કેમ બનાવવી તે સમજાવે છે. વળી જાહોજલાલીભરી તવારીખ સમજવાથી ઇંસ્નાનનાં દિલમાં જે લોહી ઉછાળો કરે છે, તેથી તેના કૌવતમાં ઘણી રીતનો સુધારો થાય છે, એટલુંજ નહિ પણ સર્વે પ્રકારનાં દુન્યવી કામોમાં તેને ભારી ઉલટ અને ઉમંગ તેમજ હિમ્મત પેદા થાય છે.

પુરાતન ઇરાનની તવારીખ પારસી નજરે લખનારને ઘણીજ સંભાળથી કામ લેવાનું છે. એ સર્વે તવારીખ મુખ્યભાગે તો પારકી કોમના પુરૂષોને હાથે લખાયલીજ આપણા હાથમાં આવી છે. અસલી પારસી કે ઇરાની જરથોસ્તી હાથોએ લખાયલી તો સર્વે ગુમ થઇ છે; ફકત બે ચાર ટુકડા જેટલીજ બચી છેઃ શાહાનશાહ દારાયસ ધ ગ્રેટના લેખો, શાહાનશાહ અર્દશીર બાબેગાનનું કારનામું, યાતગારે જરીરાન, અને પાક દીનકર્દમાં સમાયલી જુજ તવારીખ સીવાય બીજું આપણી પાસે એવું આપણા લોકોને હાથે લખાયલું કશું જળવાયું નથી. અને જે પારકા તવારીખ લખનારાઓએ આપણી તવારીખ અસલ લખી છે તેઓ એવી કોમ કે દીનને લગતા છે કે જે લોકો આપણી કોમો અથવા દીન સાથે હરીફાઇમાં યાતો દુશ્મનીમાં ઉતરેલા હતા. અને તેથી કુદરતીજ છે કે તેઓએ જે તવારીખ લખી હોય તેમાં પોતાની કોમી કે ધાર્મિક લાગણીથી તેઓ કેટલેક દરજ્જે દોરવાઇ ગયા

હોય. અલબત એમાં મહાન કવિ ફીરદોસી એક અપવાદ છે. તેણેજ સંપૂર્ણ દિલસોજીથી આપણી તવારીખ ઘણે ભાગે લખી છે. પણ જે મુશ્કેલીઓ વચ્ચે તેણે તે તૈયાર કીધી હતી તેથી તેનાં લખાણમાં પણ કેટલીક ગુંચવણો આવેલી છે. તે ગુંચવણો દૂર કરી ખરી તવારીખ શોધવાની પણ આપણી ફરજ થઈ પડે છે. જ્યારે એટલો અપવાદ બાદ કરતાં બીજા લખનારાઓની કોમી કે ધાર્મિક લાગણી તેમને હાથે લખાયલી આપણી તવારીખમાંથી તારવી કહાડવી, અને ખરી તવારીખ શોધી કહાડવી એ પણ કેટલુંક બીકટ કામ છે. વળી તેમ કરતાં આપણે પણ કોમી લાગણીએ દોરવાઇ જઇ સામી બાજુએ ભુલ કરી દઇએ તેથીબી સંભાળવાનું છે.

એટલું છતાં આપણી હરીફ કે દુશ્મન કોમોને હાથે લખાયલી તવારીખ પણ એવી છે કે એમની એમ રાખેલી પણ તે આપણા નામવર ન્યાગાનોને ઘણી ભારી જાહોજલાલી ભોગવતા તેમજ જોરેમંદ અને એકંદર રીતે ઘણીજ ડહાપણની રીતે ચાલતા જણાવે છે. એટલે તેમની લાગણીઓ બાદ કરી લખતાં તો તેમનાં લખાણમાંથી આપણી ઘણીજ ઝળકાટભરી તવારીખ આપણને મળે છે.

મારે હસ્તક આવેલાં તવારીખનાં લખાણ માટે મહાન હુખામન્યન શાહાનશાહતથી સાસાન્યન જમાના સુધીની તવારીખ લખવાનું મને સોંપવામાં આવેલું

હતું. તે કામ પાછળ આવતા સફાઓમાં મેં વિસ્તાર્યું છે. અને તેમ કરતાં હું ઘણાક આગલા તવારીખનવેશોના આભારમાં આવ્યો છું. પ્રોફેસર રોલીન્સન, મેશર્સ પાલણજી અને બરજોરજી દેશાઇ, ઓમાન, ગીબન, સર હેન્રી રોલીન્સન વગેરેનાં લખાણો, એનસાઇકલોપીડયા બ્રિટેનીકા, દારાયસના લેખો, અર્દશીરનું કારનામું, ફીરદોસીનું શાહનામું, વગેરે ઘણાંએક લખાણોની મેં મદદ લીધી છે. એ સર્વે લખાણોથી મળેલી મદદ માટે મારી આભારની લાગણી દર્શાવું છું. એવી આગલી મદદ વગર કોઇપણ તવારીખ લખવી મહાલ છે; પણ હરકોઈ તવારીખનવેશ પોતાનાં આપઅખ્ત્યાર અનુમાનો દોરી શકે છે. તેવુંજ અતરેણી જોવામાં આવશે.

વાંચનાર જોઇ શકશે કે લખાણમાં સીલસીલો સાચવી રાખવાની કોશેશ કરવામાં આવેલી છે. પણ એ લખાણ જે મતલબ માટે તૈયાર કરવામાં આવ્યું છે તે ધ્યાનમાં રાખીને ઘણીએક ન્હાની કે તે મતલબની સામે જતી બાબતો પડતી મુકવામાં આવી છે.

એ લખાણ મંડળીની બુક કમીટીની સભાઓમાં સને ૧૯૦૮ અને ૧૯૦૯ નાં સાલો વચ્ચે વાંચવામાં આવ્યું હતું. તે વખતે સભાસદ સાહેબોએ જે કાંઇ સૂચના કરી મદદ આપી હોય, તે માટે તેમનો ખાસ ઉપકાર માનું છું.

મુંબઇ, તા૦ ૩ જી સપટેંબર ૧૯૧૪.

સોહરાબ જમશેદજી બલસારા.

સાંકળ્યું

પાનું

પ્રકરણ બીજું

મહાવીર સાઇરસની હેરત ભરેલી ફતેહો

પ્રકરણ ત્રીજું

સાઇરસની મહાન કારકીર્દી તથા તેના ઉત્તમ સદગુણો

પ્રકરણ ચોથું

મહાન શાહાનશાહ કમ્બાઇસીસ

પ્રકરણ પાંચમું

મહાન શાહાનશાહ દારાયસ હીસ્તાસ્પીસ ધી ગ્રેટ

પ્રકરણ છઠું

દારાયસના મહાભારત સુધારાઓ

પાનું

પ્રકરણ સાતમું

દારાયસનું માહોટાઈ અને પરહેઝગારીભરેલું વસીયતનામું

પ્રકરણ આઠમું

મહાન શાહાનશાહ ક્ષર્ક્ષીસ

પ્રકરણ નવમું

યુરોપ અને પારસીઓ

પ્રકરણ દસમું

મહાન શાહાનશાહ અર્તક્ષર્ક્ષીસ નીમન

પ્રકરણ અગીઆરમું

મહાન હખામન્યન શાહાનશાહતના અંતની શરૂઆત

પ્રકરણ બારમું

શાહાનશાહતનો અંત

પ્રકરણ તેરમું

છેલ્લાં માહાભારત યુધ્ધો

પ્રકરણ ચોદમું

અલેકસાન્ડર અને પારસીઓ.

પ્રકરણ પંદરમું

ભાગ ત્રીજાનો વંચારો

પ્રકરણ પેહલું

યુરોપ ઉપર ત્રીજી પારસી ચ્હડાઇ

પ્રકરણ બીજું

પ્રકરણ પાંચમું

રોમનો સાથનું પહેલું મહાભારત જંગ

પ્રકરણ છઠ્ઠું

બેલીકની નદીનું મહાભારત જંગ

પ્રકરણ સાતમું

રોમ સાથનાં પહેલાં જંગનાં પરિણામો

પાનું

પ્રકરણ આઠમું

રોમનો સાથનું બીજું મહાભારત જંગ

પ્રકરણ નવમું

મહાન શાહાનશાહ વલખશ પહેલો

પ્રકરણ દશમું

રોમનો સાથનું ત્રીજું મહાભારત જંગ

પ્રકરણ અગીઆરમુ

રોમ સાથનાં પાર્થ્યાનાં પાછલાં જંગો

પુરાતન ઈરાનનો ઇતિહાસ–ભાગ પાંચમો

પારસીઓની મહાભારત સાસાની શાહાનશાહત

પ્રકરણ પેહલું

મહાન શાહાનશાહ અર્તક્ષીરે પાપકાન

પ્રકરણ બીજું

પાર્થ્યા સાથ અર્દશીરનું જંગ

પ્રકરણ ત્રીજું

.અર્દશીરની મહાભારત ફત્તેહો

પ્રકરણ ચોથું

અર્દશીરના સુધારા

પ્રકરણ પાંચમું

મહાન શાહાનશાહ શાહપૂર ૧ લો

પ્રકરણ છઠ્ઠું

મહાન શાહપૂર ૧ લા ની રોમ ઉપરની યાદગાર ફત્તેહ

પ્રકરણ સાતમું

શાહપૂર ધ ગ્રેટ; તેના રાજ્યઅમલ આગમચના બનાવો

પ્રકરણ આઠમું

શાહપૂર ધી ગ્રેટની રોમ ઉપરની યાદગાર ફતેહ

પાનું

પ્રકરણ નવમું

શાહાનશાહ બેહરામગોર

પ્રકરણ દસમું

તખ્ત મેળવતાં બેહેરામગોરની જંજાળો

પ્રકરણ અગીઆરમું

દુશ્મનો સામે બેહરામગોરનો જબરો ધુજારો

પ્રકરણ બારમુ

શાહાનશાહ બેહરામગોરનું હિંદ સરજમીનમાં સાહસ

પ્રકરણ તેરમું

પારસી તવારીખનો એક કીમતી સફો

પ્રકરણ ચૌદમું

શાહનશાહ કોબાદ પહેલાની કારકોર્દી

પ્રકરણ પંદરમું

મહાન ખોસરો ધી ગ્રેટ

પાનું

પ્રકરણ સોળમું

તમામ દુન્યામાં જંગ મચાવતા પારસી વીરો

પ્રકરણ સત્તરમું

મિંગ્રેલીઆના મુલકમાં હેરતભર્યું પારસી સાહસકરમ

પ્રકરણ અઢારમું

મહાન નોશેરવાનની એશિઆની જબરી પ્રજાઓ ઉપર ફત્તેહો

પ્રકરણ ઓગણીસમું

રોમન શાહાનશાહત ઉપર જબરો પારસી કાબુ

પ્રકરણ વીસમું

પુરાતન ઇરાનનો મહાન ફિલસુફ બુઝોર્ગમહેર

પ્રકરણ એકવીસમું

મહાન ખોસરો નોશેરવાનના સુધારા

પ્રકરણ બાવીસમું

મહાન નોશેરવાનનું વિધ્યાજ્ઞાનને ઉત્તેજન

પ્રકરણ છવ્વીસમું

જાહોજલાલીનો ટોચે પહોંચી ગએલી ખોસરો પરવીઝની શાહાનશાહત

પ્રકરણ સતાવીસમું

ખોસરો પરવીઝ સામે જબરો બળવો

પ્રકરણ અઠાવીસમું

પ્રકરણ ઓગણત્રીસમું

શાહાનશાહ યઝદજર્દ શહરયાર

પુરાતન ઇરાનનો ઇતિહાસ

ભાગ ત્રીજો

દીબાચો

કયાનયન તારીખ બાબે હેરફેર મતો

આપણી કદીમ કોમની આગળી તવારીખમાં જે સાથી અગત્યનો બનાવ બન્યો હતો તે આપણા પાક પેગમ્બર અશો જરથોશ્ત સાહેબનો જન્મ હતો. એ મહાભારત બનાવ કેટલા વખત ઉપર બન્યો હતો તે માટે વિદ્વાનો એકમત થયા નથી. તોપણ એક બીના તદ્દનજ ચોક્કસ છે કે અશો જરથોશ્ત સાહેબે આપણો પાક દીન કયાની ટોળાના પાદશાહ કએવીશ્તાસ્પના રાજ્ય અમલમાં

જાહેર કીધી હતી. એ ઉપરથી દેખીતુંજ છે કે અશો જરથોશ્ત સાહેબનો સને જો માલમ પડે તો ક્યાની ટોળાનો જમાનોબી જણાઇ આવે; અથવા તો જો ક્યાની ટોળાનો સને જાણી શકાય તો અશો જરથોશ્ત સાહેબનો જમાનોબી નક્કી થઇ શકે.

એ બેમાંથી ફકત પાક જરથોશ્ત સાહેબના જમાના માટેનીજ હેરફેર શાહાદતો પાધરી રીતે મળી આવે છે. એ શાહાદતોમાં એટલો બધો તફાવત છે કે કોઇએ તેમને ઇસ્વી સનની પૂર્વે સાતમી સદીમાં લાવી મુકયા છે તો કોઇ તેમનો જમાનો છેક ઈ. પૂ. સાઠ સદીનીબી આગમચ લઇ જાય છે. સૌથી પુરાણી શહાદતો છેલ્લા પ્રકારની છે, એટલે તેઓ અશો જરથોસ્ત સાહેબનો જમાનો ઇ. પૂ. ૭ હજાર વરસ ઉપરનો જણાવે છે; તેમ હોય તો ક્યાન્યન ટોળાનો જમાનો પણ એટલોજ પુરાણો ગણાવો જોઇએ.

તવારીખમાં નોંધાયલી પશ્ચિમ એશિઆની પુરાણી બળવાન પ્રજાઓ

એ શાહાદતોમાંની જે છેક પાછલો જમાનો દર્શાવે છે તે ઘણી રીતે માની શકાય તેમ નથી,

કેમકે તે જમાનાની તવારીખમાં તે વિષે જરા-પણ એશારો મળતો નથી. પશ્ચિમ એશિઆમાં યુફ્રેતીસ અને તાઇગ્રીસ નદીવાળા મુલકમાં છેક ઈ. પૂ. ૭ હજાર વરસ ઉપર અકેદીઅન નામની તુરાની પ્રજા ઘણી મહોટાઇએ પહોંચેલી અને સુધારામાં આગળ વધેલી હતી. તેની પછી ખા-લ્દીઅન નામની સેમીટીક પ્રજા એ તરફના મુલકોમાં આવી વસી હતી. ઈ. પૂ. ચાર હજાર વર્ષો ઉપર તો તે ઘણી સુધરેલી હાલતમાં હતી. ખાલ્દીઅન પ્રજાનીજ આગેવાની હેઠળ ઇ. પૂ. ત્રણ હજાર વર્ષ ઉપર બેબિલોન્યન શાહાનશાહત બહોળી સત્તાએ ચઢી હતી, અને જાહોજલાલી અને સુધારા વધારામાં આગળ વધી હતી. એક બેબિલોન્ય શાહજાદાએ ઇ. પૂ. બે હજાર વરસ ઉપર એસીર્યન શાહાનશાહતનો પાયો નાખ્યો હતો.

એમાંની બેબિલોન્યન તથા એસીર્યન શાહાન-શાહતો કંઇ ચઢતી પડતી જોતી ઇ. પૂ. છઠી અને સાતમી સદી સુધી ટકી રહી હતી. તેમની તેમજ ખાલ્દીયન તેમજ અકેદીઅન તવારીખોની ઘણીએક નોંધો મળે છે, પણ તેમાં પેશદાદીઆન કે કયાન્યન

ટોળાને લગતા આપણને જણાયલા કોઇપણ પાદશાહ હની જે અશો જરથોશ્ત સાહેબને લગતી કશી તવારીખી નોંધ મલતી નથી. તેમજ આપણાં લખાણોમાં તે પ્રજાઓને લગતી પણ નોંધો મળતી નથી. જો અશો જરથોશ્તનો જમાનો ઘણો પાછળો હોય તો કયાન્યન અને પેશદાદીઆન ટોળાના જમાનાઓબી તેની લગોલગ મુકવા જોઇએ, અને તેમ હોય તો તેઓએ જે મોટી જાહોજલાલી જોઇ હતી તેની અસર જરૂર પશ્ચિમ એશિઆની મોટી પ્રજાઓને કોઇ રીતે પહોંચવી જોઇતી હતી. પણ એવા બનાવનો કશો પણ એશારો જણાતો નથી.

પશ્ચિમ એશિઆની તવારીખમાં નોંધાયલા જોરેમંદ ઇરાની ટોળાઓ

એટલું છતાં બીજા કોઇ ઇરાની ટોળાઓ એ અઇઆમમાં ઘણીએક મહોટાઇએ પહોંચ્યા હતા, એવી નોંધો મળે છે. કેટલાંક લખાણો મુજબ છેક ઇ. પુ. ૨૪ મી સદીમાં કોઇ જબરા ઇરાની ટોળાએ નામીચી બેબિલોન્યન શાહાનશાહત જીતી લીધી હતી અને ત્યાં છેક સવા બસો વર્ષ વેર રાજ્ય કીધું હતું. એ ટોળો કયો હતો તે બરાબર કહી

શકાતુ નથી. પણ તે પેશ્દાદીઆન કે કયાન્યન ટોળામાંનો કોઇ હોય એવો કશો સંભવ નથી.

બીજી એક એવી નોંધ મળે છે કે સેમીરેમીસ નામની એસીર્યાની એક રાણી અને તેણીના સરદાર અને ધણી નાઈનસે છેક બેકત્રીઆ યાને બલ્ખની નામીચી પ્રજાના કોઇ હુક્ષત્ર નામના પાદશાહને હાર આપી હતી. એવું કહેવાય છે કે જેમ એના ધણી નાઈનસે એસીર્યાનાં મહોટાં શેહર નીનીવેહની સ્થાપના કરી હતી, તેજ માફક સેમીરેમીસે બેબિલોન શેહેર સ્થાપ્યું હતું. એમજ હોય તો બેબિલોન શેહેર ઈ. પૂ. ૨૪ મી સદીની આગમચ સ્થપાયલું હતું, તેથી સેમીરેમીસ બી તે આગમચ થઇ ગયલી હોવી જોઇએ. પણ સાધારણ રીતે તો તેણી ઈ. પુ. ૨૧૮૦ ના સાલની આસપાસ થઇ ગયલી ગણાય છે. કોઇપણ રીતે ઇ. પૂ. ૨૨ મી સદીમાં યા તેની થોડુંક આગમચ બલ્ખમાં એક જબરૂં ઇરાની રાજ હતું એવું એ નોંધ ઉપરથી દિસે છે; અને દેખીતું છે કે તે કયાની ટોળાના આપણી જાણમાં આવેલા પાદશાહોની પાછળનું કોઇ રાજ હોવું જોઇએ; પણ કેટલું પાછળનું તે આપણાથી કહી શકાતું નથી.

એ ઉપરાંત બીજી એક નોંધ મળે છે કે ઈ. પૂ. ૧૬૦૦ નાં વર્ષની આસરે યાહુદીઓનો પેગમ્બર મોઝીસ થઇ ગએલો હતો, તેના વખતની ઘણું આગમચ પશ્ચિમ એશિઆની એક નામીચી નદીને "તિગ્રિશૂ" યા "તાઇગ્રીસ"નું નામ મળેલું હતું. મોઝીસના વખતમાં તે નામ બગડીને "દકલ" થઇ ગયું હતું, તેથી તેનું અસલ નામ તેને ઘણું આગમચનું મળેલું હોવૂં જોઇએ. એ નામ દેખીતું ઈરાની છે; પણ કઇ ઈરાની પ્રજાએ તેને એ નામ આપ્યું હતું તે જણાતું નથી. ઈ. પૂ. સત્તરમી સદીની આગમચ ત્યાં કોઇ ઈરાની પ્રજા વસી કે રાજ કરી ગયલી હોવી જોઇએ; મગર કેટલી આગમચ તે કહી શકાય એમ નથી.

બીજી એક નોંધ મલેછે કે ઈ. પૂ. નવમી સદીમાં એશિઆ માઇનરમાં આવેલા ટોરસના પહાડોની પૂર્વના મુલકમાં પારસી ટોળો વસ્તો જણાયો હતો. તે વખતે એસીર્યાના પાદશાહ શલ્મનેસર બીજાએ તે ટોળાને વશ કરેલો જણાવવામાં આવે છે. પાછળથી એજ વંશના પાદશાહ સેનાખરીબના વખતમાં તેઓ સુસીઆના અથવા ખુજીસ્તાનના પ્રાંતની

ઉત્તરે જઈ વસેલા જણાય છે. તે પછી તેઓએ સુસીઆનાનો મુલક જીતી લીધો હતો. અને આખરે ઇ. પૂ. છઠી સદીમાં તેઓ ઈરાનના પશ્ચિમ તરફના હેઠળા ભાગના પર્સીસના મુલકમાં ઠરીઠામ થયલા જણાયા હતા.

પારસી સલતનતનો પાયો ઇ. પૂ. સાતમી સદીમાં યા થોડુંક આગમચ, હખામનીશ નામના મહાન પુરૂષે નાખ્યો હતો, તેની પછી ચઇશપીશ, કમ્બાઇસીસ ૧ લો, સાઇરસ ૧ લો, કમ્બાઇસીસ ૨ જો એ નામના પાદશાહો થઇ ગયા હતા. કમ્બાઇસીસ ૨ જો મહાન પારસી શાહાનશાહ સાઇરસ ધ ગ્રેટનો પિતા થતો હતો. સાઇરસ ધ ગ્રેટની તવારીખ પાછળ આવતાં લખાણની શરૂઆતમાં આપણે જોઇશું.

વળી ઇ. પૂ. આઠમી સદીથી તે છઠી સદી સુધીના વખતમાં હાલનાં આઝરબાઇજાનવાળા મુલકમાં એક મીડ નામનો બીજો જબરો ઇરાની ટાળો આસ્તે આસ્તે મ્હોટી જાહોજલાલીએ પહોંચી વધ્યો હતો. આઠમી સદીની ઘણું આગમચ તે ત્યાં વસ્યો હોય. એ અરસામાં તે જબરી એસીર્યન

શાહાનશાહત સાથ વારંવાર અથડામણમાં આવ્યો હતો; પણ એસીર્યનો કદી એ ઇરાની ટોળાને પુરો જીતી શકયા ન હતા.

આગળા વખતમાં મીડ પ્રજાનો ઇરાની ટોળો નાના નાના સરદારો હેઠળ વેંહેચાઇ ગયલો હતો, પણ ઇ. પૂ. ૭૦૮ માં દયોકીસ નામના પાદશાહે તે સર્વે ટોળાને એકત્ર કરીને એક મોટું રાજ્ય સ્થાપન કીધું હતું. દયોકીસનો બેટો શાહાનશાહ ફ્રવર્તીશ ઇ. પૂ. ૬૫૫ માં તખ્તે આવ્યો હતો. પોતાનાં રાજ્યના પાછલા ભાગમાં તેણે પોતાના બેટા હુવક્ષત્રને સાથે લઇને એસીર્યાની જબરી શાહાનશાહત ઉપર ચહડાઇ કીધી હતી. પણ તે અરસામાં શાહાનશાહ ફ્રવર્તીશનું મરણ નીપજ્યું, અને ઇ. પૂ. ૬૩૩ માં શાહાનશાહ હુવક્ષત્ર, જેને સાધારણ રીતે કાયાક્ષરીસ નામે ઓળખવામાં આવે છે, તે તખ્તે બેઠો. એ શાહાનશાહે બેબીલોન્યન શાહાનશાહ સાથે દોસ્તી માંડીને ફરીથી એસીર્યન શાહાનશાહત ઉપર હુમલો કીધો અને ઇ. પૂ. ૬૦૬ માં તેણે તે જબરી શાહાનશાહત જીતી લીધી.

મ્હોટા મીડ શાહાનશાહ હુવક્ષત્રના વખતમાં મીડયન શાહાનશાહત ઘણીજ બહોળી હદે પુગી ગઇ. પકઠી તવારીખી શાહદતો ધરાવતા જમાનામાં પહેલી જાણીતી ઇરાની શાહાનશાહત તે એ મીડયન શાહાનશાહત હતી.

હુવક્ષત્ર પછી ઈ. પૂ. ૫૯૩ માં તેનો બેટો અસ્ટાઇજીસ મીડયન શાહાનશાહતનાં તખ્તે બેઠો. તે એ ટોળાનો છેલ્લો રાજ્યકર્તા હતો, કેમકે તેનું રાજ્ય પારસીઓના મહાવીર શાહાનશાહ સાઇરસ ધ ગ્રેટે ઇ. પૂ. ૫૫૮ માં જીતી લીધું હતું. એવું માનવામાં આવે છે કે છેલ્લો મીડયન શાહાનશાહ અસ્ટાઇજીસ સાઇરસ ધ ગ્રેટનો મમાવો થતો હતો. એની પણ કંઇક તવારીખ પહેલાં પ્રકરણમાં જોવામાં આવશે.*

---

* ઉપર જણાવેલા ટોળાઓ ઉપ્રાંત બીજાબી ટોળાઓ ક્યાન્યન અને હખામન્યન ટોળાઓની વચ્ચે થઇ ગયલા હોવા જોઇએ. દાખલા તરીકે આપણા એક વિદ્વાન એવી સુચના કરે છે કે આવાં યશ્તનાં ૧૩૦ મા ફકરામાં આવતો બોલ 'હુવાક્રિતો' પણ એવા એક ટોળાનું નામ રજુ કરે છે; અને તે સુચના માની શકાય એવી છે.

કયાન્યન તથા હખામન્યન તવારીખોમાં ઘોંટાળો

એ પારસી તેમજ મીડ ટોળાઓના પાદશાહોનાં તો શું પણ ખુદ એ ટોળાનાં પણ નામ આપણાં પુરાણાં લખાણોમાં મલતાં નથી. કયાન્યન ટોળાના પાદશાહ ગુશ્તાસ્પ અને તેના બેટા અસ્પંદીઆર સુધીનાં નામો ખુદ અવસ્તામાં મલે છે. પણ તે પછીનાં જે નામો પાછળાં લખાણોમાં મલે છે તેમાંનાં કોઇબી ખુદ કયાન્યન ટોળાનાંજ છે કે કેમ તે વિષે તવારીખનવેશોનાં મનમાં મજબુત શંકા છે; જ્યારે કોઈબી રીતે છેક છેલ્લાં નામો તો કયાની ટોળાના નથીજ, પણ છેક પાછળ ઉભી થયલી હખામન્યન શાહાનશાહતના પાછલા રાજ્યકર્તાઓનાં નામ કોઈ જબરી ગથલમથલથી કયાન્યન ટોળામાં જોડી દેવામાં આવ્યાં છે, એવું ખુલ્લું માલમ પડી આવ્યું છે.

કયાન્યન ટોળાના શાહાનશાહ વીશ્તાસ્પ પછી તેનો નબીરો બહમન અથવા અર્દશીર દરાજદસ્ત તખ્તે આવ્યો હતો, એવું લખાણ મળે છે. તેમજ તે પછી હોમાય, દારાબ, અને દારા તખ્તે આવેલાં

ગણાયાં છે. એમાંના દારાબ અને દારા તો વગર શકે અર્તક્ષત્ર ઓખસ અને દારાયસ કોદોમેનસ નામના હખામન્યન વંશના શાહાનશાહો છે. જ્યારે બંહમન તે એજ પાછલા ટોળાનો શાહાનશાહ અતક્ષત્ર લોંન્ગીમેનસ હતો, અને હોમાય તે એ પછી હખામન્યન રાજય કારોબારમાં ભારી માથું મારી ગયલી ખટપટી બાનુ પરીઝાતીશ હતી એવી પણ માન્યતા પાછળા તવારીખનવેશોએ જણાવી છે. એ પાછળી માન્યતા કબુલ રાખવું બીકટ છે; તેટલું છતાં કોઇપણ રીતે એ બે વંશના ભાગોને એક માની લેવાની કોશેશનાં પરિણામે એ બે ટોળાના સંબંધમાં ગભીર ગથલમથલ થઈ છે.

સેવટનું અનુમાન

એ સર્વે ગમે તેમ હોય પણ કોઇબી રીતે મીડ્યન અને પારસી શાહનશાહતો અને કયાન્યન શાહાનશાહતની વચ્ચે સદીઓ, બલ્કે હજારો વરસોનો ગાળો છે; જોકે એ બેની વચ્ચે કેટલા ટોળાઓ ઈરાનમાં રાજ કરી ગયા હશે તે આપણે કશું જાણતા નથી. તોપણ કયાન્યન ટોળાના વખતમાં ઇરાન તુરાની પ્રજા સાથે ચાલુ અથડામણમાં

આવતું હતું તે ઉપરથી એક તર્ક થઇ શકશે. કયાની જમાનાના ઇરાનીઓની નજદીક જો કોઈબી હરીફ પ્રજા વસ્તી હોય તો ફકત એ તુરાની પ્રજાજ હતી એવું અસલી લખાણો ઉપરથી જણાય છે, અને કોઇપણ પુરાતન વખતના તુરાની ટોળાની નોંધો આપણને બીજી રીતે મળતી હોય તો તે પશ્ચિમ એશિઆમાંના અકેદીઅન ટોળાની તવારીખ છે. એ એક તુરાની ટોળો હતો એટલુંજ નહિ પણ બુરી શકિતઓની આરાધનામાં અને ભૂત પલીતોમાં માનતી તે એક પ્રજા હતી એવું પણ જણાયલું છે. વળી આપણા એક વિદ્વાને એવી બી શાહદતો રજુ કીધી છે કે એ મુલકમાં પાછળ આવેલી બેબીલોન્યન અને એસીર્યન પ્રજાઓના ધર્મ ઉપર માઝદયસ્ની ધર્મની ઉંડી અસરો થયલી છે. જો એમજ હોય તો બનવાજોગ છે કે કયાન્યન ટોળો અકેદીઅન ટોળાના વખતમાં કે તેનીબી આગમચ હસ્તી ભોગવી ગયો હોય, એટલે ઇ. પૂ. ૭ હજાર વર્ષ ઉપર કે તેનીબી આગમચ તે થઈ ગયો હોય.

આપણામાં સાધારણ માન્યતા એવી છે કે તુરાની ટોળો ઉત્તર કે મધ્ય એશિયામાં વસ્તો હતો, અને તેજ ટોળો કયાન્યન ટોળા સાથે હરીફાઇમાં

ઉતરેલો હતો. એ ઉપરાંત એટલુંબી જાણ્યે છિએ કે એ તુરાનીઓ ઘણી રીતે સુધરેલા પણ, હતા. ત્યારે અરેઇઅન ટોળો જો એજ ટોળામાંથી ઉતરી પાછળથી પશ્ચિમ એશિઆમાં ગએલો હોય તો કયાન્યન ટોળો અરેઇઅન ટોળાનીબી આગમચ થઈ ગયલો મનાય.

છેલ્લે એક વધુ બાબદ ઉપર આપણે વિચાર કરવાનો છે. ઇ. પૂ. છઠી અને પાંચમી સદીઓના કેટલાંક લખાણો ઇરાનની તવારીખ, ધર્મ, વગેરેના સંબંધમાં મળે છે. તેમાં સૌથી અગત્યના તો મહાન શાહનશાહ દારાયસ હીસ્તાસ્પીસના પોતાના લેખો છે, બીજાં લખાણ યુનાની લખનારાઓનાં છે. જો તે જમાનાની થોડુંકજ આગમચ જરથોસ્ત સાહેબ થઈ ગયા હોય તો તેવણે નવી દીન જાહેર કરવાથી જે બોહળી ચળવળ દુન્યામાં થઈ હતી તેનો કંઇ ઈસારો પણ એ લખાણોમાં નહિ મળે એ બની શકે એમ નથી, અને તેથી તે પાછળા જમાના બાબેનું અનુમાન આપણને તદનજ ખોટું ગણવું પડે છે.

એ સરવે ઉપરથી એવો સાર નીકળે છે કે કયાન્યન અને હખામન્યન ટોળાઓની વચ્ચે કંઈ

સદીઓનોજ નહિ પણ હજારો વર્ષનો ગાળો હોય એ બનવા જોગ છે, અને તે અરસામાં ઇરાનની જે કંઈ તવારીખ હોય તેનો ફક્ત એશારોજ મજકુર પશ્ચિમ એશિઆની પુરાણી પ્રજાઓનાં લખાંણોમાં મળે છે તે સીવાય બીજું કશું આપણે જાણતા નથી.*

---

* ઉપલી બીનાઓ ઉપ્રાંત અવસ્તા અને હિંદુ સાહિત્યોની કેટલીક બાબતો વચ્ચે જે કંઈક સરખામણીઓ બતાવવાની કોશેશો થઇ છે તે ઉપર પણ આપણું ધ્યાન ખેંચાય છે. એ કોશેશો બધીજ ફતેહમંદ ઉતરી છે એવું કોઇથી કહી શકાશે નહિ. તોપણ કેટલીક મુખ્ય સરખામણીઓ કબુલતાંબી અવસ્તાનો જમાનો નક્કી કરવામાં તે કોઇ રીતે આપણને મદદ આવે એમ નથી : કેમકે અસ્લી હિંદુ સાહિત્યનો જમાનો આપણા જેટલોજ અચોક્કસ છે.

ભાગ ત્રીજો

પારસીઓની મહાભારત સલ્તનત
હખામન્યન શાહાનશાહત

પ્રકરણ પેહેલું

પારસીઓના મહાવીર શાહાનશાહ સાઈરસ ધી ગ્રેટનું બચપણ

સાઇરસની મહોટાઇ માટે આગાહી

પારસી નામને દુન્યામાં હંમેશનું નામીચું કરી જનાર મહાવીર શાહાનશાહ સાઇરસ હતો. તેણે દુન્યાની એક ઘણીજ મહાભારત શાહાનશાહત ઉભી કીધી હતી. તે ઉભી કરવામાં તેમજ તેના કારોબારમાં તેણે એવી અદભુત બાહોશી બતાવી, તથા એવી ભલાઇભરેલી રીતિઓ વાપરી, કે દુન્યાની પ્રજાઓએ

તેને મહાનપણાંનો એલ્કાબ આપ્યો તેમજ દુન્યાંની તવારીખમાં તેને ઘણીજ ઝલકતી અને અમર જગ્યા મળી.

એની મ્હોટાઇ અને ભલાઈની જે ઘણીએક વાતો કહેવામાં આવેલી છે તેમાં તેનાં બચપણુની એક વાત આપણું ખાસ ધ્યાન ખેંચે છે. એ વાતપરથી માલમ પડેછે કે મહાન સાઇરસમાં છેક બચપણુથીજ અસાધારણ ગુણો ખીલેલા હતા.

એવું કહેછે કે સાઈરિસની માતા મહોટા મીડયન શાહાનશાહ એસ્ટાઇજીસની બેટી થતી હતી. મીડયન લોકો પારસી પ્રજાના પિત્રાઇઓ થતા હતા, અને પારસીઓ સાથે તેમને થોડો સંબંધ હતો. આપણા એ ખેશીઓએ નામીચી એસિર્યન શાહાનશાહત જીતી લેવામાં આગેવાન ભાગ બજાવ્યો હતો, અને તેઓ એક મહાન શાહાનશાહતના માલેક થઇ પડયા હતા.*

* આપણી આગલી કયાની શાહાનશાહત ક્યારે નાશ પામી તે નક્કીપણે જણાયલું નથી પણ એવું માનવામાં આવે છે કે તેના નાશ પછી સદીઓ બલકે હજારો વર્ષ ગુજરવા પછી આસરે ઈ. પૂ. આઠમી સદીમાં મીડયન શાહાનશાહત સ્થાપન થઈ હતી, અને તે અરસામાં બેબિલોન અને એસિર્યાની સલતનતો બોહોલો ફેલાવો પામી હતી. એસિર્યન શાહાનશાહત જીતી લેવામાં મોટા મીડયન શાહાનશાહો ફ્રવર્તીશ અને હુવક્ષત્રએ અગત્યનો ભાગ બજાવ્યો હતો, જ્યારે બેબિલોન્યન શાહાનશાહત ખુદ સાઇરસે જીતી લીધી હતી.

શાહાનશાહ એસ્ટાઇજીસે પોતાની બેટી અને સાઇરસની માતા મન્દાનેના સંબંધમાં એક સ્વપ્નો જોયો હતો. અસલનાં લોકોમાં સ્વપ્નાનાં ખુરાંપણાં માટે વિશ્વાસ હતો, અને તેથી તેની તેને એવી તાસીર મળી હતી કે એ શાહાનશાહઝાદીનું બાળક એશિયા ખંડનો માલેક થશે અને તેનાથી મીડયાની શાહાનશાહતને હરકત પહોંચશે. આ તાસીરથી એસ્ટાઈજીસને ચિંતા પેદા થઇ હતી; અને તેથી મન્દાનેનાં બાળકનો નાશ કરવાની યુક્તિ તેણે રચી.

સાઇરસનો જનમ અને બચાવ

શાહાનશાહઝાદી મન્દાને પર્સીસ અને અન્સનના પારસી પાદશાહ કમ્બોજીય સાથે પરણેલી હતી. પણ જ્યારે તેણી હમેલદાર હતી ત્યારે કોઈ તદબીરથી એસ્ટાઇજીસે તેને પોતાને ત્યાં બોલાવી રાખી. તેને એક રોશન ચેહરાનો બેટો અવતર્યો, તેવોજ તેનો નાશ કરવા માટે શાહાનશાહે તેને પોતાના વજીર હર્પેગસને સ્વાધીન કીધો. આવું ક્રૂર કામ પોતાને હાથે કરવા માટે હર્પેગસ ઘણોજ નાખુશ હતો. તેથી તેણે તે કામ શાહાનશાહી જાનવરખાતાના વડા અમલદાર મિથ્રિદાતીસને સોંપ્યું.

આવું ખુબસૂરત અને આસુદું બાળક જોઇને મિથ્રિદાતીસનું દીલ તેની તરફ આકર્ષાઈ રહયું, અને

તેની ઉપરની આફ્ત કેમ ટાળવી તે માટે તેને ભારી અંદેશો થયો. તે તેને પોતાનાં મકાન તરફ લઇ ગયો, અને ત્યાં જોય છે તો તેની બાનુએ અજબ સંજોગથી એક તુરતનાંજ મુવેલાં બાળકનો જન્મ આપ્યો હતો.

આવો બનાવ જોતાં સાથેજ મિથ્રિદાતીસને એક સાદી યુક્તિ સુજી આવી. તેણે શાહાનશાહી બાળકને પોતાનાં તરીકે બદલી લીધું, અને પોતાનાં મુવેલાં બાળકને મરણ પામેલાં શાહાનશાહી બાળક તરીકે વજીર આગળ જાહેર કીધું.

એ બખ્તાવર બાળકનું નામ કુરૈશ પાડવામાં આવ્યું; પણ સાધારણ રીતે તેને કાઇરસ યા સાઇરસ એ નામે ઓળખવામાં આવે છે. મિથ્રિદાતીસે તેની નસલ છૂપીજ રાખી, અને તેને પોતાનાં બાળક તરીકે ઘણાંજ જતનથી ઉછેર્યો. એ બાળકમાં બુદ્ધિ અને સદગુણનું જોર પેહેલ્લેથીજ એટલું બધું હતું કે બચપણથીજ તે બુદ્ધિમાન અને સદગુણી જણાવા લાગ્યો.

સાઇરસની માનીતી રમત; અને તેની બુલંદ નસલની પીછાન

મિથ્રિદાતીસ શાહાનશાહી અમલદાર હોવાથી તે શાહજાદાઓ તથા અમીર ઉમરાવો સાથે ચાલુ સંબંધમાં

આવતો હતો પણ તેનો દરજ્જો તો અલબત તેઓથી ઘણો ઉતરતો ગણાતો. એટલું છતાં આ સંબંધને લીધે સાઇરસ નાહના શાહઝાદાઓ તથા અમીરઉમ-રાવોના બેટાઓ સાથે સેહેલાઇથી ભળી શકતો, અને તેઓ સાથે રમત ગમતમાં જોડાતો.

જોર, હિમ્મત, બહાદૂરી, ચબરાકી, ઓલીદરાજી, ઇન્સાફી વર્તણુક, ખાલેશ દીલ, અને મન જીતી લે એવી નરમાશ વિગેરે સદગુણો નાનકડા સાઇરસમાં તેનાં ઉંચાં તોખમને લીધે ઘણા પ્રગટી નીકળેલા હતા, અને તેથી તેની દેખીતી ઉતરતી સ્થિતિ છતાં, પોતાના સોબતીઓમાં તે આગેવાની મેળવી શકયો. હરેક રમતગમતમાં તે મુખ્ય ભાગ લેતો. તેની સર્વે સુચનાઓ એવી ડાહી અને વાજબી હતી, કે તે મુજબજ ચાલવામાં તેઓને ખરી ગમત મળવા લાગી; અને તેથી તેની આગેવાની હેઠળજ રેહવાનો જાણે તેઓને મહાવરો પડી ગયો.

એઓની માનીતી રમત પાદશાહી દાવની હતી. એ રમતમાં એક જણ પાદશાહ થતો અને બીજાઓ વજીરો તથા જુદાજુદા ઓદ્ધેદારો થતા, અને પાદશાહ જે જે હુકમો આપે તે મુજબ બીજાઓ અમલ કરતા. સાઇરસની બાહોશી અને છટાથી સર્વે એવા છક થતા અને તેની ચબરાકીથી તેઓ એવા ખુશ થઇ જતા કે એ

રમતમાં સૌ સાઈરિસનેજ પાદશાહ બનાવતા, અને સાઈરિસ જે જે ઓધ્ધાઓ તેઓને આપતો તે તેઓ લેતા અને તેના હુકમો બજા લાવતા. એ રમતમાં સાઇરસ પોતાના ઓદ્ધાની ફર્જો ગોયા એક ખરા પાદ-શાહનાજ રોબ અને દમામથી બજા લાવતો; અને જેમ પાદશાહના હુકમનો કોઈથી અનાદર થઇ ન શકતો, તેમજ પોતાના હુકમો એવા દ્રઢ પણ વાજબી રીતે આપતો કે તે બજા લાવ્યા વગર બીજાઓને છુટક રહેતો નહિ.

તેઓ એક દીવસે એ રમત રમતા હતા ત્યારે એક એ ઉમરાવઝાદાનાં મનમાં ગુમાન આવ્યું કે એક નાના અમલદારના બેટાના હુકમોને તેણે તાબે થવું નહિ અને તેથી તેણે સાઈરિસના એક હુકમનો અનાદર કીધો. એથી ડરવાને બદલે સાઈરિસે દ્રઢ મને પોતાના એક બીજા અમલદારને હોકમ કીધો કે પાદશાહી ફરમાન તોડવા માટે પેલા એ ઉમરાવઝાદાને સજા કરવી; અને તુરતજ તે સજા અમલમાં મુકવામાં આવી.

એ ઉમરાવઝાદાએ પોતાના બાપને એ વિષે ફર્યાદ કરવાથી, શાહાનશાહે સાઇરસને પકડી મંગાવ્યો, પણ જે હિમ્મત અને બાહોશીથી સાઈરિસે પોતાનાં કામનાં વાજબીપણાંનો બચાવ કીધો તેથી તો શાહાનશાહ હેરત થઈ ગયો. તેને કાંઇ કુદરતી વ્હેમ પડયો,

એને તલાસ કરતાં સાઇરસની નસલ જણાઇ આવી. આ જોઈ દરબારીઓ ઘણુાજ ખુશી થયા, અને શાહાનશાહને સમજાવી લીધો કે સાઇરસ રમતમાં પાદશાહી કરી ચુકયો હતો તેથી તેને માટે ચિંતા કરવી નહિ અને તેને જીવવા દેવો. શાહાનશાહે તેમ માનીને સાઇરસને પોતાના આરશામાં લીધો.

પ્રકરણ બીજું

મહાવીર સાઇરસની હેરત-ભરેલી ફતેહો

મીડયન શાહાનશાહતની જીત

હખામન્યન શાહાનશાહતની સ્થાપના

એવું કહે છે કે જ્યારથી સાઇરસ શાહાનશાહ એસ્ટાઇજીસની આગળ હતો, ત્યારથીજ તેણે લડાઈનાં મેદાનમાં જીપલાવા માંડયું હતું. અને શાહાનશાહના દુશ્મનોને જેર કરવામાં તેણે અસાધારણ બાહોશી બતાવી હતી. લશ્કર ઉપર તેનો કાબુ અદભુત જેવો હતો, અને જીતની ખુમારીમાં પણ તે પોતાના લશ્કરને પૂરેપૂરા અંકોશમાં રાખતો. વળી દુશ્મનો સાથે તે ઘણીજ ઉમ્દા ભલમનસાઇથી વરતતો, તેમજ તેઓના જાનમાલ બચાવી લેવાની કાળજી દેખાડતો. અણઘટતી લુટફાટ કે કાપાકાપી તે કદી ચાલવા દેતો નહિ.

પાછળથી સાઇરસ પોતાને વતન પર્સીસ જઇ રહેલો હોવો જોઇએ એમ જણાય છે અને વળી એવું કેહવામાં આવે છે, કે તે વખતે કોઇ કારણને લીધે મીડયન શાહાનશાહે પર્સીસ ઉપર ચ્હડાઇ કીધી હતી.

પોતાના મુલકના બચાવ માટે મુખ્ય ભાગ સાઇરસે લીધો, અને પોતાના બાપ કેમ્બાઇસીસ સાથે લશ્કરની સરદારી લઇને તે મીડયનોને સામે મળવા સરહદ તરફ જઇ પહોંચ્યો. ત્યાંના કિલ્લાનો બચાવ કરવા પાદશાહ કેમ્બાઇસીસ રહ્યો, અને સાઇરસ ખુલ્લાં મેદાનમાં લડવા બહાર નીકળ્યો. મિડયનો અને પારસીઓએ ભારી ટક્કર લીધી, પણ આખરે કીલ્લા-માંના પારસીઓની હાર થઇ, અને ઘણીજ બહાદૂરીથી લડતાં પાદશાહ કેમ્બાઇસીસ મરણતોલ જખ્મી થયો. એથી પારસીઓ પાછળ હઠયા અને પોતાના મુલકમાં દાખલ થવાનો પહાડી માર્ગ રોકી ઉભા.

મીડયન શાહાનશાહે લડાયક કુનેહ વાપરીને બીજે માર્ગે પોતાનાં લશ્કરને પહાડોની પેલી પાર ઉતારી દીધું. તેથી પારસીઓને પોતાનાં શેહેર અને કિલ્લાના બચાવ માટે દોડી જવું પડયું.

મીડયનો બહાદૂર સિપાહો અને ઠરેલ લડનાર હતા, તે છતાં શેહેર આગળના પહાડો ઉપરથી પારસીઓએ તેઓ ઉપર એવો સખત મારો ચલાવ્યો કે તેઓને ફરીફરીથી હઠી જવું પડયું. પણ મીડયન શાહાનશાહની દ્રઢતાથી આયંદે પારસીઓને છેક પહાડોને મથાળે આશરો લેવો પડયો, મગર ત્યાં તો પારસી-ઓએ બચાવ માટે પોતાનાં બચ્ચાં છોકરાંઓને લઇ જઇ રાખેલાં હોવાથી એમ નાસી આવવા માટે

પારસી બાનુઓ તેઓ ઉપર ઘણીજ ગુસ્સામાં આવીને ફીટકાર વરસાવવા લાગી. એથી પારસીઓ ઉપર ભારી અસર થઇ, અને તેઓએ દુશ્મનો ઉપર એવો તો જબરો ધસારો કીધો કે તેઓની ગમે એવી કોશેશો છતાં તેમને હઠી જવાની ફરજ પડી.

આથી ડરી નહિં જતાં શૂરા મીડયનોએ પારસી કીલ્લા પર હુમલો કીધો; પણ ત્યાં વટીક ઉસ્કેરાયલા પારસીઓએ તેઓને મારી ક્હાડયા.

હવે એક મહાન તક, પોતાને હાથ આવેલી સાઇરસે જોઇ લીધી. તે તક જતી નહિ દેવા તેણે પોતાના પારસીઓને સમજાવ્યું, અને નાસતા મીડયનોની મજબૂત પૂઠ પકડી તેમને લડાઇમાં રોકયા. પારસીઓએ ભારી શુરવીરપણા અને જબરાં જોર સાથે પોતાના જવાન સરદારની અસાધારણ બાહોશીથી મીડયનોનાં મહાન લશ્કર પર પૂરેપૂરી જીત મેળવી અને મીઠયન શાહાનશાહને તેના મોહોટા સરદારો સાથે કેદ પકડયો.

આવી માહાભારત જીત મેળવવા છતાં સાઇરસ દુશ્મનો સાથે ઘણીજ ઉમ્દા રીતે વરત્યો. બુઝોર્ગ શાહનશાહને ભારી ઇજત આપી અને તેનાં સુખ સગવડની સર્વે ગોઠવણ કીધી. કેદ પકડાયલા મીડયનોને છૂટાપણું બક્ષી દીધું, અને તેઓને ખાતરી આપી કે પારસીઓને

પોતાના દુશ્મનો ગણવાનું તેમને કશું પણ કારણ ન હતું; તેઓ તો તેમના ખેશીઓજ હતા, અને જે હકો પારસી પ્રજા ભોગવતી હતી તેવાજ હકો મીડયન પ્રજાને પણ આપવામાં આવનાર હતા, અને બન્ને પ્રજાઓએ નવી શાહાનશાહતને સરખી રીતે પોતાની તરીકે માની લેવાની હતી. એ નવી શાહાનશાહતને સાઇરસના માનવંત વડીલ હખામનીશનાં નામ ઉપરથી 'હખામનીઅન' શહાનશાહત કહેવામાં આવી છે.

એશિઆનાં બીજાં રાજ્યો પર ફતેહ

મીડયન શાહાનશાહત દુન્યાની ઘણીજ મહાન અને નામીચી શાહાનશાહત ગણાતી હતી; તેનો અંત એક પારસી જેવી નાનકડી પ્રજાને હાથે એવો અચબુચ આવવાથી તમામ દુન્યા દંગ બની ગઇ અને સર્વે પ્રજાઓમાં એ વાત એક ચમત્કાર તરીકે ફેલાઇ ગઇ.

ઘણાંએક રાજ્યોમાં એથી ભારી દલગીરી અને ચિંતા પેદા થઇ; ખાસકરી લીડયાના બળવાન પાદશાહ ક્રીસસને ઘણોજ ગભરાટ અને ગુસ્સો પેદા થયો, કેમકે મીડયન શાહાનશાહ એસ્ટાઇજીસ તેનો બનેવી થતો હતો. તેણે ઇજીપ્ટના શાહ તથા બેબિલોનના બાદશાહ સાથે કોલકરારો કીધા, અને સાઇરસને કચડી નાખવાની ગોઠવણો કરવા માંડી.

લીડયનો એક બળવાન પ્રજા હતી. તેણે આગલા વખતમાં મીડયન શાહાનશાહ હુવક્ષત્ર સાથે ભારી ટક્કર લીધીં હતી, અને તેના હાલના પાદશાહે ભૂમધ્ય સમુદ્રના એશિઆના કાંઠાપરની સર્વે પ્રજાઓ અને શેહેરો જીતી લીધાં હતાં. એ રીતે એશિઆ અને યુરોપ વચ્ચેનો વેપાર લીડયનોના હાથોમાં આવ્યાથી લીડયાનાં રાજને મહોટી આમદાની થતી હતી, અને ક્રીસસની ગંજાવર દોલતની વાત દુન્યામાં થવા લાગી હતી.

ક્રીસસે એક જબરૂં લશ્કર લઇને ઇરાની મુલકો ઉપર ચહુડાઇ કીધી. સાઇરસે તેને સરહદના મુલકો પર રોકયો, અને કેટલીક લડાઇઓ પછી તેનાં પાય-તખ્ત સાર્દીસના કિલ્લામાંથી તેને કેદ પકડયો. લડાઇ પહેલાં સાઇરસે પોતાનાં લશ્કરને તાકીદ આપી હતી કે કોઇએબી ક્રીસસના જાનને અલવલ આવવા દેવી નહિ પણ જો તે પકડાય તો તેને પોતાની આગળ લઈ આવવો. ભલા પારસી શાહનશાહે ક્રીસસ તરફ ઘણી માયા મમતા બતાવી અને લીડયન પ્રજાને પણ કશું દુ:ખ દીધું નહિ.

લીડયાનાં રાજને પારસી શાહાનશાહત સાથ જોડી દેવામાં આવ્યું; અને આજુબાજુની પ્રજાઓને જીત-વાનું કામ નામીચા સરદાર હાર્પેગસને સોંપવામાં આવ્યું. તે બહાદુર નરે યુનાની, ઇઓલ્યન અને બીજી પ્રજા-

એને તાબે કીધી અને છેક એશિયાની પેલી પારના ટાપુઓ ઉપર પણ મહાન શાહનો અમલ ફેલાવ્યો.

છેક પૂર્વ તેમજ ઉત્તરમાં પણ ફતેહો મેળવવામાં આવી. બેકટ્રીયઃ અને હીંદના મુલકો જીતી લેવામાં આવ્યા, અને ઉત્તરમાંના તુરાની સ્કીથ્યનો જેઓ પાંચ લાખ માણસોની ફોજ લઇ સામા આવ્યા તેમને પણ જીતી લેવામાં આવ્યા અને તેમના પાદશાહને કેદ પકડવામાં આવ્યો, મગર શાહનશાહ સાઇરસે તેને ઇજત આપી છૂટાપણું બક્ષ્યું.

બેબલોન ઉપર ચહડાઈ

હવે એશિઆમાં એકજ મહાન રાજ જીતવાનું રહેલું હતું. તે બેબિલોનની પુરાણી શાહાનશાહત હતી. ત્યાંના પાદશાહે તેમજ ઇજીપ્ટના શાહે લીડયાના રાજા સાથે સાઇરસના નાશ માટે ગોઠવણો કીધી હતી; પણ ક્રીસસની હાર પછી તેઓએ મિત્રાચારી કબુલવાથી તેઓને સાઇરસે છેડયા ન હતા.

એમ છતાં બેબિલોનના પાદશાહ નબોનેટસે સાઇરસ તરફ વિશ્વાસથી જોયું નહિ અને આઠ વરસો સૂધી લડાયક તૈયારીઓ કીધી. આખરે કોઇ કારણ મળવાથી શાહાનશાહ સાઇરસ બેબિલોન ઉપર ચ્હડાઈ લઇ ગયો અને જબરી લડાઇમાં બેબિલોન્યનોને

પૂરેપૂરી હાર આપી. એથી તેઓનો રાજા નદીની પેલી પારનાં બોર્સીપાનાં શેહેરમાં બચાવ કરી ભરાયો અને બેબિલોનના નામીચા કીલ્લાનો બચાવ કરવા તેનો બેટો બેલશાઝર રહયો.

બેબિલોન અસલી દુન્યાંનું એક પ્રખ્યાત અને જબરૂં ચોખંડ શેહેર હતું. તે આસરે બાર માઇલ લાંબુ અને લગભગ તેટલુંજ પહોળું હતું. તેની આસપાસ પાણીથી ભરેલી ખાઇ હતી, તેમજ એક ઘણીજ ગંજાવર મજબૂત ફરતી દેવાલ, બાંધી લીધેલી હતી. તે દેવાલની લંબાઇ આસરે પચાસ માઇલિ હતી, ઉંચાઇ દોઢસો ફીટ અને જાડાઇ પચાસ ફીટ હતી. શેહેરની વચ્ચેથી યુફ્રેતીસ નદી પસાર થતી હતી પણ તે તરફ પણ બાંધકામો કરીને પીતલના દરવાજા ગોઠવેલા હતા. આખાં શેહેરને સો પીતલના દરવાજા હતા. એ ઉપરાંત અંદરથી વળી એક બીજી એવીજ મજબૂત દેવાલ હતી. આખું શેહેર સુંદર અને બુલંદ દેવળો, મેહેલો, અને બગીચાઓથી ભરેલું હતું, અને વીસ વરસ સુધી ચાલે એટલી ખોરાકી તેમાં ભરી રાખેલી હતી.

આવા મહાભારત બચાવવાળું શેહેર સાઇરસને જીતવાનું હતું. અને તેની અદભૂત બાહોશીએ તે શેહેર જીતવાનો ઇલાજ યોજી મુકયો હતો. તેણે શેહેરને ઘેરો નાખ્યો અને જે તરફથી યુફ્રેટીસ નદી શેહેરમાં દાખલ

થતી હતી તે બાજુએ શેહેરથી કેટલેક દૂર નદીના બન્ને કીનારા પર સંખ્યાબંધ ઉંડી ખાઇઓ ખોદાવી અને તેની મટોડીમાંથી પોતાનાં લશ્કરને વાસ્તે બૂરજો બંધાવ્યા. ત્યાર બાદ તે કેટલાક દીવસ સુધી થોભ્યો. એટલામાં બેબિલોન્યનોનો એક મ્હોટો તહેવાર આવી પુગ્યો, અને પોતાના કિલ્લાને તદનજ અજીત અને સલામત ધારીને બેબિલોન્યનોએ તે તેહેવાર રંગ રાગ અને મોજમજાહમાં પસાર કીધો.

એ તેહવારને છેડે ઘેરો ઘાલી પડેલાં લશ્કરને સાઇરસે ચેતાવ્યું કે થોડાક વખતમાં શેહરમાંથી જતી નદી ખાલી થઈ જશે માટે ખાલી થયલી નદીને માર્ગે તેઓએ શેહેરમાં ધસી જવાની તૈયારીમાં રહેવું. એ પછી તેણે આગળ ખોદાવેલી ખાઇઓમાં નદીનો રોહ ઉતારી મુકવાનો તાકીદનો હુકમ આપ્યો અને તેમ કરવાથી ખરેખર નદીનો માર્ગ ખાલી થઇ ગયો. પારસી લશ્કર તે અજીત ગણાતાં શેહેરમાં તુરત ધસી ગયું અને તુરત તેને જીતી લીધું.

આવી એક કુદરતસર્જીત લડવૈયાની બાહોશી જોઇને બેબિલોનનો પાદશાહ રાજીખુશીથી સાઇરસને તાબે થઈ ગયો, અને પારસી શાહાનશાહે તેને ઇજ્જત આપીને એક મુલકનો વડો હાકેમ બનાવ્યો.

એ પછી ઇજીપ્ટના રાજા એમેસીસેબી ખંડણી આપવા કબુલ્યું.

પ્રકરણ ત્રીજું

સાઇરસની મહાન કારકીર્દી તથા તેના ઉત્તમ સદગુણો

તેનું અદભુત સાહસ કર્મ

મહાન શાહાનશાહ સાઇરસનો સ્વભાવ સહાસીકપણાંથી એટલો બધો તો ભરપૂર હતો કે મહાભારત સાહસ કર્મોમાંજ તેણે પોતાનો આખો ભવ રોકી રાખ્યો. છેક બુઝોર્ગીના અયામમાંબી બુલન્દ અને ઉત્તમ કામો કરવાની ઉલટ તેણે ઓછી થવાં દીધી નહિ. સાઇબીર્યાની દક્ષિણ તરફ વસ્તી મસગેટી એટલે મ્હોટા ગોથ લોકોની જબરી અને ધાસ્તી ભરેલી પ્રજાને વશ કરવામાં તેણે પોતાના છેલ્લા દિવસો રોકયા; અને જ્યારે એ સાહસમાં તે રોકાયલો હતો તે વખતે એ મહાવીરનું મરણ નીપજ્યું.

બુલન્દ પારસી શાહાનશાહતનાં તખ્ત ઉપર તે ઇ૦ પૂ૦ ૫૫૮ માં બેઠો હતો, અને ઇ૦ પૂ૦ ૫૨૯ માં તેની જીંદગી ખતમ થઇ. પણ એ ટુંક અરસામાં તેણે જે કાંઈ કરી બતાવ્યું તેથી કોઇથી પણ હેરત થયા

વઝીર રહેવાનું નથી. દુન્યાની તવારીખના ઝળકતામાં ઝળકતા સફાઓ ફેરવીશું તોબી મહાન સાઇરસના જેવી ઝલકતી મરકીરદી કદાચજ નજર આવશે.' જે કાંઇ સાઇરસને કરી બજાવવાનું હતું તે તો અલેકઝા-ન્ડરનાં કામો કરતાંબી વધારે બીકટ હતું. અલેકઝાંડરને તો કજીઆ કંકાસ અને અસંતોષથી નબળી પડેલી ફક્ત એકજ મ્હોટી શાહાનશાહતમાં અને એકજ મ્હોટા હરીફ સાથે ટક્કર લડીને એક નાકેથી બીજે નાકે ધસ્યા જવાનું હતું. તેને કાંઇ જવાનીનાં જોશમાં ટકતી અને બળવાન પ્રજાઓને એક પછી એક તાબે કરવાની નહિ હતી, મગર સાઇરસને જે પ્રજાઓ સાથે ટક્કર લેવાની હતી તેઓ તો સર્વે ખરેખરી જબરદસ્ત અને સ્વતંત્ર મહાન પ્રજાઓ હતી.

લીડયન પ્રજાએ યુનાની પ્રજાઓને તાબે કરીને પોતાનું ભારી જોમ તુરતનુંજ સાબેત કીધેલું હતું; મીડયન અને બેબિલોન્યન શાહાનશાહતોએ થોડાક વખત ઉપરજ પુરાણી અને મહાભારત એસીર્યન શાહાનશાહત તોડી પાડી હતી; જબરી બેકટ્રીયન પ્રજાને તો લગભગ હજાર વર્ષો સુધી કોઇએ છેડવાની પણ હિમ્મત કીધી ન હતી; સ્કીથ્યન પ્રજાઓ તો જ્યારે પોતાનું જોમ બતાવતી ત્યારે જાણે આખી દુન્યાજ ગરક કરી જતી; અને અફઘાનીસ્તાન અને

પંજાબમાં વસ્તી શૂરી પ્રજાઓને તાબે કરવી એ તો આજે પણ એક બીકટમાં બીકટ કામ ગણાય છે. મગર એઓ ઉપરાંત તો બીજી સંખ્યાબંધ જબરી અને જનુની પ્રજાઓને મહાવીર સાઇરસે વશ કીધી હતી, અને એ સાહસ ખચ્ચીત્તજ મહાભારત હતું.

મહાન સાઈરસના ઉત્તમ સદ્દગુણો

પણ પારસીઓને જેટલું સાઇરસની મહાભારત ફત્તેહો માટે મગરૂર થવાનું છે તેથી ઘણે દરજ્જે વધુ તેના ઉત્તમ સદ્દગુણો માટે તેમને મગરૂર થવાનું છે. જે વર્ગનો મહાવીર એ થઇ ગયો છે તે પ્રકારના મહાવીરોમાં એના જેવો સદ્દગુણી કોઇકજ થયો હશે.

એના સદ્દગુણોમાં મુખ્ય એનું માયાળુપણું અને તેની ગ્રહસ્થાઇ છે. બીજા અજીત લડવૈયાઓમાં ઘાતકી જનુન અને તુન્દિ થોડાં ઘણાંબી ખીલેલાં જણાતાં. પણ રૂડા સાઇરસમાં તેનો જરા પણ અંશ ન હતો. જીતેલી પ્રજાઓ સાથે તે બાપનાં જેવાં વ્હાલથી વર્તતો અને પોતાના દુશ્મનો સાથની તેની વર્તણુંક તો ખરે ખરજ ઉમ્દા હતી. પોતાના સિપાહોને તેની સખત તાકીદ હતી કે જે કોઈ લોકો લડાઇનાં મેદાનમાં સામે આવે તે સીવાય બીજા કોઇને પણ હેરાન કરવાં નહિ, તેમજ પોતાના હરીફોને જીવતાજ પકડવાના તેના સખ્ત હુકમો હતા.

લડાઇમાં પકડાયલા માનવંત હરીફો ઉપર ભારીમાં ભારી આજાબો પાડવાનો તે જમાનામાં તો રીવાજજ હતો. કમકમાટ છૂટે એવાં દુઃખો પાડવાનો તે વખતમાં તો રવૈઓજ હતો. તેથી પોતાના હરીફો ઉપર સાઇરસે જો જુલમ વરસાવ્યો હતે તો પોતાના જમાનાથી તે ઉલટો ગયલો નહિ કહેવાતે, મગર સાઇરસ કાંઈ તે જમાનાના બરનો ન હતો. તે તો હાલના જમાનાને પણ શોભા આપે એવો ઉમ્દા ખવાસનો મહાવીર હતો. તેના વખતની ઘણીએક ભુંડી રસમો માણુસાઇ ખવાસથી તેને ઉલટી જણાઇ. અને મહોટા દરજ્જાના દુશ્મનો સાથની વર્તણુક તેણે તો તદનજ ઉલટાવી નાખી. તેઓપર આજાબો તો શું ગુજારવા પણ તેઓને જરાબી અપમાન કરવું તે તેને ઘણુંજ ક્રૂર લાગ્યું. તેઓને તેઓના અસલ દરજ્જા બરાબરનુંજ માન ચાલુ આપવાના તાકીદના હુકમો તેણે આપેલા હતા. તે ઉપરાંત તેઓનું દુઃખ વીસરાવવાના અને તેઓનાં પૂરેપૂરાં સુખ સગવડના તેણે ઇલાજો લીધા, તથા તે પોતે તેઓ તરફ એટલી બધી માયા, નરમાશ અને ઈજ્જતથી વરત્યો કે તેઓ ઘણા અજબ થઇ ગયા. તેઓએ એટલી બધી ભલાઇની આશા તો કદી પણ રાખી ન હતી, અને આવા ઉમ્દા ખવાસના નરને તેઓએ એક ખરેખરા મહાવીર તરીકે પીછાની લીધો અને

તેની તરફની દુશ્મનાઈના ખ્યાલો પોતાનાં મનમાંથી તદનજ કહાડી નાખ્યા.

જીતાયલી પ્રજાઓ તરફ સાઇરસની રૂડી વર્તણુંક

એજ મુજબ જીતાયલી પ્રજાઓ તરફની તેની વર્તણુક ખરેખરી વખાણવા લાયક હતી. બીજા અજીત લડવૈઆઓ તો પોતાના ખુનપર ચ્હડેલા સિપાહોને જીતાયલી પ્રજાઓપર વરૂઓ માફક ટુટી પડવા, લુટવા અને જુલમ ગુજારવા છોડી મેલતા. પણ એ ભુંડી રસમ ભલા સાઇરસે જરાણી ચાલવા દીધી નહિ. તેઓ ઉપર કશો પણ જુલમ ગુજરે નહિ તેની તેણે તાકીદ કીધી. તેઓનાં સુખ સગવડ સાચવવાની અને તેઓને ઇન્સાફ આપવાની તેણે ગોઠવણો કીધી. જેઓ-પર આગળાં રાજ્યમાં આજાબ ગુજરતો હતો તે બંધ પાડીને તેઓને ઘટતો બદલો આપ્યો. તેનો એકજ દાખલો અત્રે આપીશું :—

જે વખતે સાઇરસે બેબિલોન ઉપર મહાભારત ફતેહ મેળવી હતી તે વખતે ત્યાં બીચારી યાહુદી પ્રજા દેશવટો ભોગવતી હતી. બેબિલોનના એક આગળા બાદશાહે તેને જીતીને કેદ પકડી હતી. સીત્તેર વરસ સુધી તે દેશવટો અને મહા દુઃખો ખમી હતી. તેની વિપત્તિ જોઈને સાઈરસે તેની તરફ ઘણીજ

શ્હેમદીલી બતાવી. તે પ્રજાના સર્વે કોઇને તેણે બક્ષેસો આપી, અને પોતાને સ્વદેશ પાછા જવાની રજા આપી; એટલુંજ નહિ પણ શાહાનશાહી ખજાનચી મિથ્રિદાતીસને તેણે ફરમાન આપ્યું. કે જેરૂસલમનાં પ્રખ્યાત દેવલમાંથી બેબિલોન્યનોએ જે કાંઇ ખજાનો લુટેલો હતો તે પાછો આપવો, તેમજ તે દેવળ પાછું બાંધવાનો ખરચ પુરો પાડવો. આવી ભલાઇ માટે યાહુદી પ્રજાએ આ મહાન શાહનો ઘણો આભાર માન્યો અને તે તેની ઉપર એટલી કુરબાન થઇ કે પોતાનાં પવિત્ર પુસ્તક બાઇબલમાં તેને ભારીમાં ભારી ઇજતો આપી: તેને "પરવરદેગારની ખાસ પસંદગી પામેલો" કહેવામાં આવ્યો; અને "મસાયાહ"નો એલ્કાબ જે પાછળથી ખ્રિસ્તીઓના પાક પેગામ્બરને આપ્યો હતો તે પહેલ્લે એને આપવામાં આવ્યો.

પોતાની તરેહવાર પ્રજાઓના ધર્મોને તેણે કોઇબી રીતનું અપમાન કીધું નહિ; એટલુંજ નહિ બલકે તે ધર્મોને તેઓના જેટલુંજ તેણે માન આપ્યું; અને બેબિલોન્યન તથા યાહુદી વિગેરે પ્રજાઓનાં દેવળો બાંધવામાં મ્હોટી મદદો આપી. તેના જેવા ઘણાજ ચઢતા પ્રકારની મનશક્તિના નરને સમજવું સહેલું પડેલું હોવું જોઇએ કે સૌ કોઇ પોતાની કાયનાત મુજબ ખુદાને જૂદી જૂદી રીતે પીછાનતાં હતાં, ત્યારે તેઓના એક પિતા તરીકે તેની ફર્જ હતી કે

તેઓના ધર્મો તરફ તેણે ઇજ્જતથી વર્તવું, અને તેથી તેણે તેમજ કીધું.

સાઇરસે જે મહાન શાહાનશાહત ઉભી કીધી હતી તેની આગળ તો આગલા જમાનાઓની મ્હોટામાં મ્હોટી શાહાનશાહત પણ કુચ બીશાતમાં ન હતી. તેથી એ મહાભારત શાહાનશાહતમાં વસ્તી તરેહવાર પ્રજાઓના બંદોબસ્ત માટે મજબૂત ગોઠવણો કરવાની હતી. તે સર્વે પ્રજાઓને ઇન્સાફી અને રૂડા રાજ-અમલ હેઠળ તેણે મુકી. અને પારસીઓના કાયદાઓને અસરકારક રીતે અમલમાં આવતા કરવામાં તે એટલો ફતેહમંદ થયો કે તમામ દુન્યામાં તે કાયદાઓ "મીડ અને પર્શીયનોના નહિ ફરે એવા કાયદાઓ" કહેવાવા લાગ્યા.

દુન્યાઇ દોલતનો સાઇરસે કીધેલો સદ-ઉપયોગ અને તેની ખરી કિમ્મતની તેણે કીધેલી પીછાન

પોતાની બુલન્દ ફતેહો મેળવતાં કાંઇ જમાના-ઓના સંઘરેલા ખજાનાઓ અને કાંઈ અબજોની દોલત સાઇરસને હાથ આવી હતી, પણ તેને પાછી સંઘરી મુકવાને બદલે તેણે તો તેનો સદઉપયોગ કરવામાં તે ખરચી નાખી: તેની હકદાર માલેક પ્રજાઓને

પાછી આપવામાં, લોકોનાં ભલાં માટેનાં કામો કરવામાં, હુન્નરમંદ, બુલન્દ અને સુંદર બાંધકામો ઉભાં કરવામાં, તથા પોતાના વફાદાર સરદારો તથા દોસ્તોને બક્ષેશ આપવામાં તેણે તે વાપરી દીધી.

એમ હાથ આવેલી દોલત ખરચી નાખવા માટે ક્રીસસે એક દીવસે અજાયબી બતાવી, તે ઉપરથી સાઇરસે પોતાના અમીર ઉમરાવોને બોલાવ્યા, અને કહ્યું કે એક બહોળી યોજના માટે તેને મહોટા ખજાનાની જરૂર હતી, તેથી તેઓએ તેને તેમાં મદદ કરવી. એ ખાહેશ સમજતાં વારજ તેઓએ તેની સન્મુખ ખજાનાનો એવો તો ડુંગર લાવી મેલ્યો કે ક્રીસસ હેરત થઇ ગયો. તે ઉપરથી સાઇરસે કહયું: "મારા મિત્ર! મારી પ્રજાઓનું દિલ અને તેઓનો ચાહ એમાંજ મારી ખરી દોલત સમાયલી છે." એવું કહીને તેણે તે ખજાનો લાવનારાઓને શાબાશી આપી, અને સર્વેને તેઓની દોલત પાછી આપી.

બાકી લોભ લાલચોના આએ જમાનામાં યાદ રાખવું જોઇએ કે દુન્યાઈ દોલત અને દુન્યાઇ મહોટાઇથી સાઇરસ જરા પણ છલકાયો નહિ, એટલુંજ નહિ પણ તે સર્વે એક દીવસે ફના થવાનાં હતાં એવું તે સારી રવેશે સમજતો હતો; અને તેથી તેણે પોતાના અસ્તોદાન ઉપર એવો લેખ કોતરાવ્યો હતો કે: "ઓ

શખ્સ! હું ઇરાનની શાહાનશાહત ઉભી કરનાર એશિઆ ખંડનો માલેક સાઈરસ છું, તેથી જે આ થોડીક મીટી મારાં હાડકાંને ઢાંકે છે તેની તું અદેખાઈ ના કરતો.” જ્યારે ફતેહમંદ અલેકઝાન્ડર સાઈરસનાં અસ્તોદાનની મુલાકાત લેવા આવ્યો ત્યારે એ લેખ વાંચતાં તેની લાગણીઓ ઘણી ઉશ્કેરાઇ આવી, અને તેને એવું લાગ્યું કે સાઇરસ જેવા મહાન વીરને કોઈથીબી પૂરેપૂરૂં માન અપાવાનું નથી; અને પોતાને માથેનું તાજ ઉતારીને તેણે સાઇરસનાં અસ્તોદાન ઉપર તેના તરફનાં બેહદ માનની ઇધાણી દાખલ તે મુકયું.

પ્રકરણુ ચોથું

મહાન શાહાનશાહ કમ્બાઇસીસ

આફ્રીકા ઉપર પહેલી પારસી ચહડાઇ

મહાન સાઇરસનાં તખ્ત ઉપર તેનો બેટો કમ્બોજીય અથવા કમ્બાઈસીસ ઇ. પૂ. ૫૨૯ માં બેઠો. તેનાં વખતમાં ઇજીપ્ટના રાજાએ ખંડણી આપવાનું બંધ કીધું તેથી પોતાના બાપનાં સાહસ કરમો આગળ વધારવાની તેને એક તક મળી અને આફ્રીકા ઉપર ચ્હડાઇ લઇ જવાનો તેણે કસદ કીધો.

થોડાંક વરસ પછી તેણે એ કામ હાથ ધર્યું, અને માર્ગમાં જબરી ફીનીશ્યન પ્રજાને તાબે કીધી તથા સાઇપ્રસનો મોટો ટાપુ જીતી લીધો. વળી તેણે આરબ લોકોના મોહટા શેખને લડાઇનો અસબાબ ઇજીપ્ટની સરહદ તરફ લઈ જવા તથા પાણીનો બંદોબસ્ત કરી રાખવા હોકમ મોકલ્યો. શેખે તે હોકમ કાળજીથી બજાવ્યો, અને પનાળો બાંધીને તથા પખાલો મારફતે લશ્કરને પાણી પહોંચતું કરવાની ગોઠવણુ તેણે કરી રાખી.

કમ્બાઈસીસ ઇજીપ્ટ ઉપર સહેલાઇથી કુચ કરી ગયો, અને પેલ્યુસીયમ નામની જગ્યા ઉપર ભારી જંગ થયું, જેનાં પરિણામમાં ઇજીપ્શયનોને જબરી હાર મળી. ઇજીપ્શયનોની મદદે હજારો ગ્રીક સિપાહો હતા,

મગર પારસીઓનાં જબરાં જોર આગળ તેઓ તદ્દનજ લાચાર થઈ ગયા હતા. તે ખબર જ્યારે તેઓના યુરોપ્યન એશીઓને થઇ ત્યારે તેઓને ભારી ધાસ્તી પેદા થઇ.

ઇજીપ્ટનો પાદશાહ સેમેટીકસ હાર ખાઇને મેમ્ફીસનાં મહોટાં શેહેરમાં જઈ ભરાયો; પણ તે શેહેરને ઘેરો નાખીને કમ્બાઈસીસે સપાટામાં જીતી લીધું અને રાજા સેમેટીકસને કેદ પકડયો.

ઇજીપ્ટની જીત પછી લાઇબ્યાની યાને સાહરાના રણમાના મુલકની પ્રજા તથા બારકા અને સાઇરીનેની યાને ત્રિપોલીની ગ્રીક પ્રજાઓ તાબે થઇ. ત્યાર પછી ઇજીપ્ટની સરહદપર આવેલી એબીસીનીયાની જબરી ઇથિયોપ્યન પ્રજાને પણ કમ્બાઇસીસે તાબે કીધી. કમ્બાઇસીસનો વિચાર કાર્થેજના નામીચા મુલક ઉપર પણ ચ્હડાઈ લઇ જવાનો હતો, પણ ત્યાંના લોકો તેની વફાદાર ફીનીશ્યન પ્રજાના એશીઓ થતા હતા તેથી તેણે તે વિચાર જતો મુક્યો. એટલું છતાં ઇજીપ્ટ અને તેની આસપાસના મુલકો સર કરીને કમ્બાઇસીસે આફ્રીકામાં પારસીઓની સર્વોપરી સત્તા સ્થાપી, અને એક મહાન જીતનાર તરીકેની તવારીખમાં જગ્યા મેળવી.

સખત દીલ પીગળાવવાની એક યુકિત; નરમ પડેલા હરીફોનાં દુઃખો માટે પારસી સરદારોનાં આંસુઓ

એવું કહેછે કે કમ્બાઇસીસે ઇજીપ્ટ ઉપર સવારી કીધી ત્યારે તેની સાથે એક ફાનીસ નામનો યુનાની

સરદાર હતો. તે અસલ ઇજીપ્ટના રાજાની નોકરીમાં હતો પણ તેના જુલમથી કંટળાઇને પારસી દરબારમાં જઇ રહયો હતો. જ્યારે ઇજીપ્શ્યન અને પારસી લશ્કરો પહેલવહેલાં સામાં થયાં, ત્યારે ફાનીસ ઉપર વેર લેવા ઇજીપ્શ્યન લશ્કરે તેનાં નિર્દોષ બચ્ચાંઓને પારસી લશ્કર જોઇ શકે તેમ સામાં ઉભાં કીધાં, અને તેઓનાં ગળાં કાપીને તેઓનું લોહી વાસણોમાં એકઠું કીધું તથા તેમાં શરાબ અને પાણી ભેળીને તેઓ પી ગયા. આવું હેવાન્યતભરેલું કામ જોઇને પારસીઓનાં દીલ ઘણાંજ કમકમ્યાં, અને તેઓએ ઇજીપ્શ્યનોને એની પૂરી સજા કરવાનો ઠરાવ કીધો.

એ ઉપરાંત વળી જ્યારે પારસી લશ્કરે મેમ્ફીસ ઉપર ઘેરો નાખ્યો હતો ત્યારે ત્યાંનાં લશ્કરને તાબે થવાની માગણી કરવા પોતાનાં માણસોને કમ્બાઇસીસે મોકલ્યાં હતાં, પણ લડાઇના તરીકાનો ભંગ કરીને તે માણસોને ઇજીપ્શ્યનોએ ઘાતકી રીતે મારી નાખ્યા હતા.

ઇજીપ્ટના રાજા તથા તેના મદદગારોનાં આવાં કર્પીણ કામો માટે કેટલાક ખાન્દાની જવાન ઇજીપ્શ્યનોને મોતની સજા કરવામાં આવી અને તેઓમાં તે રાજાનો બેટો પણ હતો. વળી રાજાને તથા તેના ઉમરાવોને શેહેર બહાર લઇ જઇ રાખવામાં આવ્યા, અને તેઓ ઉપર તપાસ રાખતા અમલદારોને ફરમાવવામાં આવ્યું કે રાજા ઉપર દુઃખની કાંઇણી અસર થાય તો શાહાનશાહને જણાવવું.

રાજાની દીકરીને તેમજ બીજી શાહજાદીઓ તથા ઉમરાવજાદીઓને તેઓની સન્મુખ હલકા પોશાકમાં પાણી ભરવા મોકલવામાં આવી, અને તે પછી રાજાના બેટાને તેમજ બીજા ખાન્દાની ઈજીપ્શ્યનોને તેઓની નજર સામે સજા ભોગવવા લઇ જવામાં આવ્યા. એ અપમાન અને દુઃખ જોઇ બીજાઓ રડવા લાગ્યા, પણ રાજા બન્ને વખત મુંગો બેસી રહ્યો. આખરે જ્યારે તેના એક બુઝોર્ગ અને માનીતા મિત્રને તેઓ સન્મુખ ભીખ માંગતો મોકલવામાં આવ્યો, ત્યારે સેમેટીકસથી થોભાયું નહિ, અને તે ઝારબેઝાર રડવા મંડયો. આ જોતાં વાર શાહાનશાહને ખબર પહોંચાડવામાં આવી. તુરતજ તેણે સેમેટીકસને તેડી મંગાવ્યો, અને પુછયું કે તે પોતાનાં બચ્ચાંનું અપમાન થતું ખમી શકયો અને પોતાના બેટાને મોતની સજા ખમવા જતો મુગે મહોડે જોઇ શકયો, ત્યારે પેલા બુઝોર્ગ શખસનેજ જોઇને કાંય રડયો? તેણે કહ્યું કે "મારૂં દુઃખ એટલું બધું હતું કે તેથી આંસુંબી પાડી શકાતાં ન હતાં; પણ મારા બુઝોર્ગ મિત્રને તેની મહોટાઇપરથી એકદમ પડી ભાંગેલો જાણ્યો, અને તેને ભીખ માંગતો જોયો ત્યારે તેનાં કમનસીબ માટે મારી દુઃખી લાગણીઓ ઉભરાઈ આવી, અને મારાં આંસુઓએ વેહેવા માંડયું."

તે એવાં દુઃખી દીલથી બોલ્યો કે લીડયાના

માંજી બાદશાહ ક્રીસસની અને ઇરાની સરદારોની આંખોમાં પાણી આવી ગયાં, અને શાહાનશાહાનું દીલ ઘણું રંજીદા થયું. સેમેટીકસ સાથ શાહાનશાહ માયાથી વર્ત્યો, તુરતજ તેના શાહઝાદાની સજા તેણે માફ કીધી, તેનાં કુટુંબને ઇજતથી રાખવાનો હુકમ આપ્યો, અને તેને ઇજીપ્ટનો વાઇસરોય નેમ્યો.

દુઃખીઓનાં દુઃખમાં ભાગ લેવો, અને જેઓ પસ્તાય તેઓને બનતી રીતે તેઓની આગલી હાલતે પહોંચાડવા એ મહોટાં દીલના ઇરાનીઓનો સદગુણજ હતો.

પ્રકરણ પાંચમું

મહાન શાહાનશાહ દારાયસ.

હીસ્તાસ્પીસ ધી ગ્રેટ

તેનાં સાહસ કરમો

પુરાતન શાહાનશાહુતોને જીતવું જેટલું કઠણ હતું તે કરતાં તેઓને જાળવવું વધારે બીકટ હતું, પણ પારસી શાહાનશાહતનાં સારાં નસીબે શરૂઆતમાંજ એવા ત્રણ મહાવીરો તેનાં તખ્ત ઉપર બેસી ગયા, કે તેઓનાં સામટાં કામથી પારસીઓની મહાન હખા- મનીયન શાહાનશાહતને મજબુતાઇ મળી ગઈ.

શાહાનશાહ કમ્બાઈસીસનાં મરણ વખતે એશિયામાં એક ઘણોજ ગંભીર બનાવ બન્યો હતો. કમ્બાઈસીસના ભાઇ શાહાનશાહઝાદા બર્દીય અથવા બાર્દીસનાં નામ હેઠળ એક ઠગારાએ શાહાનશાહી તખ્ત પચાવી પાડયું હતું. બર્દીયનું તો કોઇ શક ઉપરથી છુપું ખુન કરવામાં આવેલું હતું તે કમ્બાઇસીસને માલમ હતું, મગર તે એશિઆમાં આવી પહોંચે અને તે ઠગારાને જાહેર કરીને મારી કહાડે તે આગમચ તો એક અકસ્માતથી તેનું મરણ નીપજ્યું.

બાર્દીસનાં ખુનની વાતની રૈયતને ખબર ન હતી, અને કમ્બાઇસીસને કંઇ છોકરાં નહિ હતાં તેથી રાજગાદી ઉપરૂ તેની પછી બાર્દીસનોજ હક હતો; એટલે કમ્બાઇસીસનાં મરણ પછી બાર્દીસને નામે તખતે બેસનારની સામે થવાનું કોઇએ વાજબી ધાર્યું નહિ. એટલું છતાં થોડા વારમાંજ અફવા ઉડવા માંડી કે તખ્તે બેસનાર નર બાર્દીસ નહિ હતો, પણ કોઇ ઠગારો હતો.

એ ઠગારો મગવ નામના ધર્મગુરૂઓની કોમનો ગૌમાત નામનો એક નર હતો. તે બાર્દીસનાં ખુનથી જાણીતો હતો, અને તેનો ચેહેરો બાર્દીસને ઘણે દરજ્જે મળતો આવતો હતો, તેથી તેણે તખ્ત પચાવી પાડવાનો દાવ માંડયો હતો. મગર તેનાં કેટલાંક કામો ઉપરથી તેની ઠગાઇ જણાઇ આવી.

કેટલાક મહોટા પારસી ઉમરાવોએ એ બાબદ ઘણીજ સંભાળભરેલી તલાસ કીધી; અને જ્યારે ઠગાઇ થવાની તેઓની ખાતરી થઇ ત્યારે ૭ નામીચા અને બળવાન પારસી ઉમરાવોએ તે ઠગાઇ કચડી નાખવાનો ઠરાવ કીધો. પણ તેઓ કંઇબી પગલાં ભરે તે આગમચ તેઓએ શાહાનશાહતનો નવો માલેક ચુંટી કહાડવાની સંભાળ લીધી. મહાન સાઇરસનાં ખાનદાન સાથે પીત્રાઈપણાંની સગાઇ ધરાવનાર બીજાં બાદશાહી ખાનદાનના શાહજાદા દારાયસ હીસ્તાસ્પીસ

ઉપર તેઓની પસંદગી ઉતરી. એ શાહઝાદો ખરેખરો બાહોશ શૂરવીર નીવડયો.

દારાયસે પેલા છ મોટા ઉમરાવોની મદદથી ઠગારા ગૌમાતનો નાશ કીધો, અને ઈ. પૂ. ૫૨૧ માં નામીચી હખામનીશી શાહાનશાહાતનાં તખ્તપર તે બેઠો; પણ મહાન સાઇરસનાં નામની જાદૂઇ અસર તેના તખ્તે આવ્યાથી તુટી ગઇ, અને મહોટા આગના શોળાઓ મીસાલે આખી શાહાનશાહતમાં ખુદ પાર્સ સુધાં જગેજગ ગંજાવર અને ગંભીર બળવાઓ જાગી ઉઠયા. એવા ભયંકાર મામલાને પહોંચી વળવા માટે ઘણાંજ અસાધારણ ઠરેલપણાં અને મકકમ સ્વભાવ સાથની બાહદુરી તથા બાહોશીની જરૂર હતી, અને એ સર્વે મહોટા ગુણો મહાન દારાયસમાં હતા.

દારાયસે પોતાની અસાધારણ હીમ્મતથી અને પારસીઓનાં જબરાં જોરની મદદથી એ સઘળા બળવાઓ દાબી દીધા. તેણે અને તેના બાહોશ સરદારોએ **ઓગણીસ** મહોટી લડાઈઓ લડીને **નવ** બળવાખોર રાજાઓ તથા સરદારોને કેદ પકડયા અને આખી શાહાનશાહતમાં મજબૂત હાથે સુલેહ પાથરી દીધી.

પૂર્વના મુલકો ઉપર પારસી સવારી

શાહાનશાહતમાં સુલેહ ફેલાવ્યા પછી દારાયસે પૂર્વના મુલકો ઉપર સવારી કીધી. ત્યાં તેણે મહાભારત

જીતો મેળવી; અને જે પ્રજાના વંશજોએ એલેકઝાન્ડ-રને આટલી બધી તોબા પોકરાવી હતી, અને પાછળથી બ્રીટીશ લશ્કરો સાથે રોમન લડવૈયાઓને જેબ આપે તેવી બહાદુરીથી ટક્કર લીધી હતી તે પ્રજાને તેણે જીતી લીધી. તેનો પંજાબનો મુલક તથા તેની પાસેનો સીંધનો મુલક પારસી શાહાનશાહતમાં જોડી દેવામાં આવ્યા. એ ઉપરાંત હિંદના છેક માહેલાં રાજ્યો પાસે ખંડણીની કબુલાત લેવામાં આવી, અને પારસી શૂરાતનની અસર છેક ટીબેટના મુલક સુધી પૂગી ગઈ.

પારસી રાજનો છાયો હિંદુસ્થાનને ઘણો સુખી નીવડયો. જે પાછલા જીતનારાઓએ હિંદુસ્થાન ઉપર આફતો વરસાવી, તેમજ તેના ધર્મને અપમાન કરીને પ્રજાનાં અંતઃકરણ દુઃખવ્યાં, અને ધર્મ છોડવા જુલમ ગુજાર્યો, તેવી કશી વર્તણુક પારસીઓએ ચલાવી નહિ; પણ હિંદુઓ તરફ તેઓએ એવી ભાઇબંધી દેખાડી કે તેઓ પારસીઓના ખરા બંધુઓ થઇ પડયા, અને પારસી શાહાનશાહતની વફાદાર રૈયત તરીકે પારસી લશ્કરમાં માનભર્યા મરતબા પામ્યા, તેમજ પારસી સુધારાઓ હિંદમાં દાખલ કરવા મંડયા.

યુરોપ ઉપર પહેલી પારસી ચ્હડાઈ

એશિઆ અને આફ્રીકામાં પારસીઓની સર્વો-પરી સત્તા નક્કી થયા પછી, દારાયસનું ધ્યાન યુરોપ તરફ પહોંચ્યું. તેણે યુરોપંના મુલકોની સંભાળથી

તલાસ લીધી, અને એવું ઠરાવ્યું કે હાલના રશીઆના મુલકમાં વસ્તી સ્કીથ્યન પ્રજાઓ ઉપર પહેલો હુમલો લઇ જવો.

બોસ્ફરસની નામીચી સામુદ્રધુની ઉપર બોટોનો પૂલ બાંધીને શાહાનશાહ યુરોપમાં દાખલ થયો, અને યુરોપના ઉપલા ભાગો તરફ કુચ કરી ગયો; માર્ગમાં મળતી સર્વે નાની મોટી પ્રજાઓને તાબે કરવામાં આવી, અને ડેન્યુબ નદી ઉપર મહાન પારસી ફોજ આવી પ્હુડી. એ તરફ જબરી ગોથ પ્રજા વસતી હતી. તેણે પાછળથી રોમન શાહાનશાહતને ધ્રુજાવી મુકીને યુરોપમાં મોટું રાજ્ય કીધું હતું. તે બળવાન પ્રજાને સખત હાર આપીને દારાયસે જીતી લીધી.

એ પછી ડેન્યુબ નદી ઉપર પૂલ નાખીને પારસી લશ્કર રશીઆના મુલકમાં દાખલ થયું. ત્યાંની સ્કીથ્યન પ્રજાઓ જબરા ભરવાડી ટોળાઓની બનેલી હતી અને ઘણી લડાયક અને જનુની હતી. તેઓને પારસી ચ્હડાઇની ખબર પડી ગએલી હતી તેથી તેઓએ સામે થવાની ગોઠવણો કરી મુકી હતી. ત્યાંના પાદશાહે પોતાનો દેશ ઉજડ કરીને દારાયસની નેમ નિષ્ફળ કરવાની કોશેશ કીધી, પણ પારસી લશ્કરે સ્કીથ્યનોની જબરી પૂઠ પકડીને તેઓને ખૂબ માર મારી નસાડયા; અને છેક ડોન નદી સુધી તે લશ્કર ધસી ગયું. ત્યાંથી તેણે ઉત્તર તરફ રશીઆનાં ભીત્તરમાં ધસારો કીધો

અને સ્કીથ્યનોનું મોટું મથક ગેલોનસ જીતી લીધું. અને આખરે સ્કીથ્યનો હાર ખાઇને શાહાનશાહુને તાબે થયા.

જે રશીયન મુલકો ઉપર દારાયસે ફતેહ મેળવી હતી, તે ઘણાજ ધાસ્તીભર્યા મુલકો હતા અને તે મુલકોમાં નેપોલ્યન જેવા મહાન લડવૈઆનાં લશ્કરો ફના થઇ ગયાં હતાં. તે મુલકો આસાનીથી જીતવામાં મહાન દારાયસે અસાધારણ બાહોશી દેખાડેલી હોવી જોઇએ.

એ પછી દારાયસ એશિઆમાં પાછો ફર્યો, અને યુરોપની પારસી સલતનતમાં વધારો કરવાનું કામ બઘબઓક્ષ અથવા મગબાઇઝિસ નામના નામીચા પારસી સરદારને સોંપ્યું. એ બાહોશ શૂરવીરે દાન્યુબ નદીની હેઠળનો તમામ મુલક વશ કીધો, ત્યાં વસતી અઢાર પ્રજાઓને તાબે કીધી તથા બીજી અંદરના ભાગોમાં વસતી પ્રજાઓનેબી જીતી લીધી. અને મેસીડોનના પાદશાહુ એમીન્ટાસને તાબે કરીને તેની પાસે ખંડણી કબુલાવી.

એ ઉપરાંત બીજા પારસી સરદાર હુતન અથવા ઓતાનીસે બાઇઝેન્શ્યમ, ચાલસીડોન, એન્ટેન્ડ્સ અને લેમ્પાન્યમનાં મ્હોટાં શેહેરો તથા લેમ્નોસ અને ઇમ્બ્રસના ટાપુઓ જીતી લીધા.

એ મુજબ હાલના રશીઆના હેઠલા ભાગો ઉપરાંત રોમાન્યા, બલગેર્યા વગેરે દેશો તથા હાલની તર્કીશ શાહાનશાહતના મુખ્ય મુલકો પારસી શાહાનશાહતમાં આવ્યા, અને એ રીતે યુરોપ ઉપરની પહેલી મહાન પારસી લ્હડાઈ પૂરેપૂરી ફતેહમંદ નીવડી.

પ્રકરણ ૭ મું

દારાયસના મહાભારત સુધારાઓ

બુલંદ પારસી શાહાનશાહતનું પ્રખ્યાત રાજ્યબંધારણ

મહાન શાહાનશાહ દારાયસે એ પ્રમાણે નામીચી અને બુલંદ ફતેહો મેળવી, અને એશિયા, આફ્રીકા, અને યુરોપની તે વખતે જણાયલી તમામ દુન્યામાં પારસી સત્તા ફેલાવી મુકી. હવે એ મહાભારત શાહાનશાહતને મજબૂત પાયા ઉપર મુકવાની ગોઠવણો તેણે કરવાની હતી. તે કામ પાર પાડવામાં મહાન દારાયસે જે બાહોશી વાપરી તે ઉંચામાં ઉંચી અને ઘણુંજ અદભુત પ્રકારની હતી.

દારાયસે પોતાની શાહાનશાહત ત્રીસ મોટાં રાજ્યોમાં વહેંચી નાખી, અને દરેક રાજ્યમાં ત્રણ પહેલા દરજ્જાના અમલદારો નેમ્યા. એક તો ક્ષત્રપાવન્ અથવા યુરોપનાં લોકો કહે છે તેમ 'સેટ્રેપ' એટલે વાઇસરૉય હતો. તે તેને સોંપવામાં આવેલાં રાજ્યમાં શાહાનશાહ તરફથી સર્વે રાજકારોબાર ચલાવતો; તેને એક પાદશાહ તરીકેના સર્વે હકો આપવામાં આવ્યા હતા, અને એક ઈન્સાફી પાદશાહ તરીકેની

સર્વે ફરજો તેણે બજાવવાની હતી, પણ રાજ્યનાં લશ્કર ઉપર તેનું કશું ચલણ ન હતું. રાજ્યની આમદોમાંથી તેને રાજ્યને લગતો સર્વે ખરચ કરવાનો હતો, તેમજ રાજ્યમાં રાખવામાં આવેલાં શાહાનશાહી લશ્કરનો સર્વે લવાજમ તથા અસ્બાબ તેણે પુરો પાડવાનો હતો. એ ઉપરાંત તેના હસ્તકનાં રાજ્ય માટે જે રકમ નેમવામાં આવેલી હોય તે રકમ ખંડણી યા ફાજલ પૂરાંત તરીકે શાહાનશાહી તીજોરીમાં તેણે ભરી દેવાની હતી, તેમજ તેનાં રાજ્યમાં જે કાંઇ ઉત્તમ પેદાયશો થતી હોય તેનો નેમેલો જથ્થો, તેણે પાયતખ્ત ખાતે મોકલી આપવાનો હતો. એ સર્વે ગોઠવણો એવી પક્કી ગણત્રીથી કરવામાં આવેલી હતી કે તે પાર પાડતાં રૈયત ઉપર કશોબી ખાસ બોજો પડતો હતો નહિ.

બીજો મોટો અમલદાર રાજ્યમાં રાખવામાં આવેલાં લશ્કરનો વડો સપાહસાલાર હતો. તેણે તેના હસ્તકનાં રાજ્યમાં ઉભા થતા સર્વે ટંટા ફેસાદો દાબી દેવાના હતા. તેમજ રાજ્યની સલામતીના ઉપાયો લેવાના હતા. તેને વાઇસરોયનાં કામની આડે આવવાનો કશો હક ન હતો, તેમજ વાઇસરોયથી તેનાં કામની આડે આવી શકાતું ન હતું. મગર લશ્કરને લગતા સર્વે અસ્બાબ અને ખરચ તેણે વાઇસરોય પાસે મેળવવાનો હતો.

ત્રીજો મોટો અમલદાર શાહાનશાહી સેક્રેટરી હતો. તેનું કામ તેના હસ્તકનાં રાજ્યમાં ચાલતાં કામોપર બારીક નજર રાખવાનું હતું. અને વાઇસરૉય તથા સેપાહસાલારનાં કામોના ચાલુ રીપોર્ટો ગુપચુપ શાહાનશાહ ઉપર તેણે મોકલી આપવાના હતા.

પારસી શાહાનશાહતનો મહાન અદાલત

મહાભારત પારસી શાહાનશાહતમાં દુન્યાંની તરેહવાર નામીચી, જબરી તથા સુધારા વધારામાં હરોલમાં આવેલી પ્રજાઓ વસતી હતી, અને તેને હસ્તક દુન્યાંનાં લગભગ સઘળાં નામીચાં અને મોટાં શેહેરો આવેલાં હતાં. તે સર્વે ઉપર કારોબાર ચલાવવો એ એક ઘણુંજ બીકટ કામ હતું, પણ તે કામને ઉપલાં રાજ્ય-બંધારણથી ઘણે દરજ્જે સહેલું કરી નાખવામાં આવ્યું હતું. એટલું છતાં તેને હસ્તકનાં ત્રીસ મોટાં રાજ્યોના જબરા અમલદારો તેઓની રૈયતો સાથ ગેરવર્ત્તણુંક ચલાવે એ બનવા જોગ હતું. અને તેથી એવી કોઇ આડી ચાલમાં અટકાવ નાખવાના પણ દાનેશમંદી ભરેલા ઉપાયો લેવામાં આવેલા હતા.

એવો નિયમ રાખવામાં આવેલો હતો કે દર વરસે એક બાહોશ શાહજાદાને એક લશ્કર આપીને કોઇ એક રાજ્યમાં અચબુચ મોકલવામાં આવતો. તેણે તે રાજ્યમાં સંભાળથી તલાસ કરવાની હતી કે ત્યાંના

વાઇસરૉય યા કોઇ બીજા અમલદારે રૈયત ઉપર કોઇ પણ પ્રકારનો જુલમ ગુજાર્યો હતો કે? જો તેવો જુલમ ગુજરેલો જણાય યા રૈયતને કોઇબી તરેહની ફર્યાદ હોય તો તે સાંભળીને તેનો રીપોર્ટ શાહઝાદા તરફથી શાહાનશાહ ઉપર કરવામાં આવતો. જો કોઇ ઉતરતા દરજ્જાના અમલદારોનો વાંક જણાતો તો તુરત તેની તપાસ કરીને તેને સજા કરવામાં આવતી. પણ જો વાઇસરોય યા એવા કોઇ મોટા અમલદારોનો વાંક જણાતો તો તેની તપાસ માટે એક ખાસ શાહાનશાહી અદાલત નેમવામાં આવતી. તે મહાન અદાલતમાં ઘણાજ નામીચા જડજો બેસતા, અને વાજબી ઈન્સાફથી તોલ કરીને ચુકાદો આપતા; અને તે ચુકાદા મુજબ અમલ કરવામાં આવતો. એ અદાલતના કાયદાઓ એવા સખત હતા કે જો કોઇબી જડજ લાંચ રૂસ્વતથી ઇન્સાફની નેમ ઉંધી વાળતો પકડાય તો તેને માટે કાયદામાં મોતની સજા ફરમાવેલી હતી.

પારસી શાહાનશાહતમાં ઉભું કરેલું દુન્યાનું પહેલવહેલું ટપાલખાતું

બોહોળી પારસી શાહાનશાહતનો વિસ્તાર એટલો બધો ફેલાઇ ગયો હતો, કે તેનાં સંખ્યાબંધ રાજ્યો અને શેહેરોની ખબરો ચાલુ રીતે અને ઘણીજ ઝડપે પાયતખ્તમાં મળે એવો બંદોબસ્ત કરવાનું ઘણુજ

અગત્યનું થઇ પડ્યું હતું, કેમકે નહિ તો છેક દૂરનાં રાજ્યોની ખબરો મહીનાઓ થતાંબી મળે નહિ; અને ત્યાં કંઈબી થઇ જતું હોય તે વખતસર માલમ પડે નહિ. એ મુશ્કેલીનો ઇલાજ કરવા બાહોશ દારાયસે દૂન્યાનું પહેલવહેલું શાહાનશાહી ટપાલખાતું સ્થાપ્યું.

પારસી શાહાનશાહતના અતિ બહોળા વિસ્તારને અનુસરીને તેનાં પાયતખ્તો તરીકે પર્સીપોલીસ, સુસા અને સાર્ડીસના નામીચાં ત્રણ શેહેરોને ઠેરવવામાં આવ્યાં હતાં. શાહાનશાહુતનાં એ ત્રણે પાયતખ્તોને સઘળાં જુદાં જુદાં રાજ્યોનાં શેહરો સાથે જોડવા માટે મોટા રસ્તાઓ બનાવવામાં આવ્યા. રસ્તામાં આવતાં નાળાંઓ ઉપર પુલો નાખવામાં આવ્યા, અને મોટી નદીઓ ઉપર બોટોનો ચાલુ વહેવાર રાખવામાં આવ્યો. એ રસ્તાઓ ઉપર ચોદ ચોદ માઇલોના ટપ્પાઓ બનાવવામાં આવ્યા, અને ત્યાં આશાયશની જગ્યાઓ તથા કુવાઓ બાંધવામાં આવ્યા.

દરેક ટપ્પે એક સવાર તેજી ઘોડા સાથે તૈયાર ઉભો રહેતો, અને આગલે ટપ્પેથી આવેલા સવારનો ટપાલનો કોથલો લઇને તુરત દોડતો જતો, અને બીજા ટપ્પા આગળ તૈયાર ઉભેલા સવારને તે આપી દેતો, કે જે સવાર એજ મુજબ તે કોથલો લઇ આગળ દોડતો જતો. એ માફક જુદાં જુદાં રાજ્યોનાં

શેહરોથી પાયતખ્ત તરફ અને પાયતખ્તથી તે શેહરો તરફ સામસામા ટપાલો ચાલુ દોડતા રહેતા. સર્વે ઠેકાણે એવો સખત બંદોબસ્ત હતો, અને એ કામ એવું નિયમસર બજા લાવવામાં આવતું કે એક ઠેકાણેથી બીજે ઠેકાણે ટપાલ ઉડતી ઝડપે આવજા કરતો.

તમામ દુન્યામાં માન પામેલા પારસી શાહાનશાહતના સીક્કાઓ

પારસી સલતનતના બોહોળા મુલકોની સંખ્યાબંધ રૈયતોના વેપારવણજ તથા પૈસા વેહવારની સગવડને વાસ્તે સોના નાણાં તથા રૂપાં નાણાંનાં ચલણો ઘણી સંભાળથી ગોઠવવામાં આવેલાં હતાં. તેમાં સોનાનાં ચલણના સીક્કાઓ આખી દુન્યામાં ખાસ વિખ્યાતિ પામ્યા હતા. તેઓ મહાવીર દારાયસનાં નામ ઉપરથી 'ડેરીક'ને નામે ઓળખાતા હતા, અને ઘાટમાં લંબગોળ હતા. તેઓમાં વપરાતું સોનું એવું ચોખા પ્રકારનું અને એવાં સરખાં માપનું હતું કે એ સીક્કાઓ દુન્યાનાં સર્વે બજારોમાં અને દુન્યાની તમામ પ્રજાઓમાં જરાબી આંચકી વગર કબુલ રખાતા હતા.

શાહાનશાહ દારાયસનાં મહાભારત બાંધકામો

ગંજાવર અને દબદબાભરેલા મેહેલો

બુલન્દ પારસી સલતનતનાં શ્રેષ્ટ બંધારણથી તથા તેના ઉત્તમ કારોબારથી શાહાનશાહતમાં

દોલતની રેલછેલ થઇ રહી. અને તેની આમદાનીનો અડસટ્ટો કરવો અશક્ય થઇ પડે છે. જે કરોડો રૂપીયાની રકમો શાહાનશાહી તીજોરીઓમાં દર વર્ષે ભરી દેવામાં આવતી તે ગોયા આવકમાંથી ખરચ બાદ કરતાં નક્કી વધેલી ફાજલ પૂરાંત જેવી હતી. એ દરેક રાજ્યને માથે મુકરર કરવામાં આવેલી નક્કી રકમો ઉપરાંત બીજી તરેહવાર આવકો શાહાનશાહતને ઉપજતી; અને સોનું, જવાહીર, હાથીદાંત, અબનુસ, ખુશ્બો, ઘોડા વગેરે ઉમ્દા ભેટો દર વર્ષે જુદાં જુદાં રાજ્યો તરફથી પાયતખ્ત ખાતે ચાલ્યાં આવતાં. વળી શાહાનશાહત માંહેલી નેહેરો, કીમતી પથ્થરો, ધાતુઓ તથા જવાહીરોની ખાણો અને જંગલો વગેરેમાંથી પણ રાજ્યને ભારી આમદાની થતી.

એ આમદાનીની રેલછેલથી મહાન પારસી સલતનત અજાયબીમાં ગરકાવ કરી નાખનારી જાહોજલાલી ભોગવવા પામી. તેનો એવો ડહાપણભરેલી રીતે ઉપયોગ કરવામાં આવ્યો કે પારસી શાહાનશાહની દરબારોનો દેખાવ તમામ દુન્યામાં બીજે કેથેબી નહિ હોય એવો દમામદાર, દબદબાભરેલો અને આંખને છક કરી નાખે એવો સુંદર થઇ પડયો.

એવું માનવામાં આવે છે કે જે હેરતભરેલાં બાંધકામો મહાન શાહાનશાહ ક્ષર્ક્ષીસના વખતમાં

પૂરાં થયાં હતાં તેની શરૂઆત તો તેના મહાન પિતા-થીજ થયલી હોવી જોઇએ. પારસીઓની દરબારનાં દીવાનખાનાંઓના દબદબા, સુંદરતા અને બુલંદી આગળ તો પૂરાતન દુન્યાંનાં સર્વે બાંધકામો જંખવાણાં પડી ગયાં. તે દરબારનાં દીવાનખાનાંઓ અને મેહેલો તો આર્યન પ્રજાનાં બાંધકામોની મગરૂરીજ થઇ પડયા, અને તેઓની મહોટાઇથી તો હાલની સુધરેલી અને મહોટી પ્રજાઓ બી હેરત થઇ ગઇ.

સુએજ કનાલ

પોતાની શાહાનશાહતની શોભા વધારનારાં બાંધકામો ઉપરાંત તેના ઉપયોગનાંબી ગંજાવર બાંધ-કામો મહાન દારાયસે ઉભાં કીધાં હતાં. તેણે પોતાની મહાભારત સલતનતમાં મહોટા રસ્તાઓ અને પૂલો બંધાવ્યા હતા, કુવાઓ અને તલાવો ખોદાવ્યાં હતાં, મુસાફરખાનાંઓ ઉભાં કરાવ્યાં હતાં, અને એ ઉપરાંત જાહેર ઉપયોગનાં તરેહવાર કામો પાર પાડયાં હતાં. તે મહોટાં કામોની સંપૂર્ણ ટીપ તો બચવા પામી નથી, પણ થોડાંક કામોની નીશાનોપરથી તેઓની હસ્તી માલમ પડી છે.

ઇજીપ્ટના એક આગલા પાદશાહે રાતા સમુદ્રને નાઇલ નદી સાથે જોડી કહાડવા એક ગંજાવર નેહેર બાંધવાનું ઉભું કીધું હતું, પણ તે કામ એવું ભારી

જણાયું કે તેને તે પડતું મુકવું પડયું. એટલું છતાં પારસીઓના મહાન શાહાનશાહે એ બીકટ કામ પાછું હાથ ધર્યું, અને તે બોહોળું સાહસ ફતેહમંદીથી પાર ઉતાર્યું, અને અસલી સુએઝની કનાલ બંધાવી.

હુન્નરમંદી અને ડહાપણભરેલી રીતે તૈયાર કીધેલા મહાભારત લેખો

મહાન પારસી સલતનતની પોતાના વખતની તવારીખની મુખ્ય નોંધો જાળવી રાખવાનાબી માહાન દારાયસે ડહાપણભરેલા ઈલાજો લીધા હતા. શાહાનશાહતના મહોટા રસ્તાઓ પાસે આવેલા બુલંદ પહાડોને પોતાનાં કામ માટે તેણે પસંદ કીધા. પોતાની તવારીખની મુખ્ય નોંધો તેણે 'બગસ્તાન' અથવા 'બહીસ્તાન'ના પવિત્ર, નામીચા અને ૧,૭૦૦ ફીટ ઉંચા પહાડ ઉપર કોતરાવી. હેઠળ આવેલાં મેદાનથી છેક ૪૦૦ ફીટની બુલંદીએ તેણે પહાડનું પાસું સાફ કરાવ્યું. તેને ઘણીજ જતન અને હુન્નરમંદીથી તદન સીધું કરવામાં આવ્યું, અને જાણે છેક આસમાનમાં લટકતા રહીને ચુન્દા કારીગરોએ મહોટા પણ ઘણાજ બીકટ ખીલારોકી હરફોની લગભગ બે હજાર લાઇનો ત્રણ ભાષાઓમાં કોતરી કહાડી. એ સર્વ કોતરકામ ઉપર છેલ્લે ઘણી સંભાળભરેલી રીતે એક કાચના

જેવું પડ કરી લેવામાં આવ્યું. એટલું કામ કરવા પાછળ ગંજાવર મહેનત અને જંગી ખરચ લાગેલાં હોવાં જોઇએ; કેમકે લેખનીલંબાઇ, સફાઈ અને બારીક કારીગરીમાં તો તમામ પુરાતન દુન્યામાં બહીસ્તાનના લેખથી કોઈ પણ ચઢતો લેખ જાણવામાં આવ્યો નથી.

પ્રકરણ સાતમું

દારાયસનું મહોટાઈ અને પરહે-ઝગારીભરેલું વસીયતનામું

બહીસ્તાનના લેખ ઉપરાંત દારાયસે બીજા ઘણાક લેખો કોતરાવ્યા હતા. તેઓમાં મુખ્ય નક્ષે રૂસ્તમ નામના નવસો ફીટ ઉંચા પહાડ ઉપર કોતરાવેલું તેનું વસીયતનામું છે. તેનો અર્થ નીચે મુજબ છેઃ—

અહુરમઝદની પાક દીલની સેતાયશ; અને શાહાનશાહ દારાયસની ઓળખ

"અહુરમઝદ (તે) મહાન સાહેબ છે કે જેણે આ દુન્યા પેદા કીધી, જેણે પેલું આસ્માન પેદા કીધું, જેણે ઇન્સાનને સરજયું, જેણે ઇન્સાનને વાસ્તે નવાજેશો પેદા કીધી, જેણે હું દારયવહુશને શાહ બનાવ્યોઃ ઘણાએક શાહોનો એકલો શાહ, ઘણાએક ફરમાદારોનો એકલો ફરમાદાર.

"હું (છું) દારયવહુશ, મહાન શાહ, શાહોનો શાહ, સર્વ તરેહના લોકોના મુલકોનો શાહ, છેક દૂર વેરની આ બોહોળી ભૂમીનો શાહ, વીશ્તાસ્પનો પુત્ર, હખામનીશી ખાન્દાનનો, પારસી, પારસી નસલનો, આર્ય, આર્ય તોખમનો.

મહાન પારસી સલતનતનાં ત્રીસ રાજ્યો

" "દારયવહુશ શાહ કહે છે કે અહુરમઝદની મેહરથી (૧) **પાર્સ** ઉપ્રાંત નીચલા દેશોને મેં કબજે કીધા, તેઓ ઉપર મેં રાજ્ય કીધું, તેઓ મારે માટે ખંડણી લાવ્યા, તેઓને મારા તરફથી જે કાંઇ ફરમાવવામાં આવ્યું તે તેઓ બજા લાવ્યા, અને તેઓમાં મારો કાયદો ચાલ્યો:—(૨) મીડયા, (૩) સુસ્યાના, (૪) પાર્થ્યા, (૫) આર્યા, (૬) બેકટ્રીઆ, (૭) સોગ્ડીઆના, (૮) ખોરેઝમીઆ, (૯) ડ્રેન્જયાના, (૧૦) એરેખોશીઆ, (૧૧) થતગુશ, (૧૨) કન્દાર, (૧૩) હિંદ, (૧૪) સ્કીથ્યા હોમાવર્કા, (૧૫) સ્કીથ્યા તિગ્રખુદા, (૧૬) બેબિલોન, (૧૭) એસીર્યા, (૧૮) અરેબ્યા, (૧૯) ઈજીપ્ટ, (૨૦) આર્મીન્યા, (૨૧) કેપેડાસ્યા, (૨૨) સ્પર્દ, (૨૩) આયોન્યા, (૨૪) દર્યાની પેલે પારનો (યુરોપીયન) સ્કીથ્યા, (૨૫) સ્કુદ્ર, (૨૬) લાંબા બાલવાળા (યુરોપીયન) યુનાનીઓનો મુલક, (૨૭) પુતિઆ, (૨૮) કુશિઆ, (૨૯) મચિઆ (અને) (૩૦) કર્કા.

અહુરમઝદનો ઉપકાર અને પારસી વીરની મહાભારત દલેરીની યાદ

"દારયવહુશ શાહ કહે છે કે અહુરમઝદે જ્યારે આ દુન્યાને (મુશ્કેલીમાં) જોઇ, ત્યારે તે મને

સોંપી, અને મને શાહ બનાવ્યો. અહુરમઝદનીજ મેહેરબાનીથી હું શાહ છું.

"મેં તેમાં રાજયો સ્થાપ્યાં; જે કાંઇ મેં તેઓને ફરમાવ્યું તે મારી ખાહેશ મુજબ તેઓ બજા લાવ્યાં.

"જો તું કવચિત વિચારે કે 'શું આટલા બધા દેશો દારયવહુશ શાહ ધરાવતો હતો?' તો જે (પ્રજા)ઓ આ ચીતારમાં મારૂં તખ્ત ઉંચકી ઉભી છે તેઓ તરફ તું જો કે તેઓને તું ઓળખી કાઢશે; ત્યારે તારી ખાતરી થશે કે પારસી વીરનો ભાલો છેક દૂર વેર પહોંચી ગયો હતો; ત્યારે તારી ખાતરી થશે કે પારસી વીરે પાર્સથી છેક દૂર વેર લડાઇઓ જીતી હતી.

અહુરમઝદને નમનતાઇભરેલી અરજ અને ઇનસાનોને ભલી નસીઅત

"દારયવહુશ શાહ કહે છે કે જે કાંઈ મેં કીધું તે સર્વે અહુરમઝદની મેહેરથી કીધું. અહુરમઝદે મને મદદ કીધી તેથી મારૂં કામ હું બજા લાવ્યો. અહુરમઝદ મારો, મારી કોમનો, અને મારી શાહનશાહતનો બચાવનાર થાઓ! અહુરમઝદને આ મારી નમનતાઇભરેલી જે અરજ છે તે અહુરમઝદ બક્ષો!

"ઓ ઇન્સાન! જે કાંઇ અહુરમઝદનાં ફર્માનો છે તે તારી નજરે ખુલ્લાં થાઓ! સચ્ચાઇનો રસ્તો તું મા છોડતો! આડો મા ચાલતો! પાપ મા કરતો!"

પ્રકરણ આઠમું

મહાન શાહાનશાહ ક્ષર્ક્ષીસ

યુરોપ ઉપર બીજી પારસી ચ્હડાઇ

જે વખતે મહાન પારસી સલતનતની હદો જગેજગ વધતીજ ચાલતી હતી તે વખતે યુરોપમાં આવેલા ગ્રીસના મુલકમાં ઘણીજ ચંચળ અને બળવાન પ્રજાઓ વસતી હતી. તેઓ પારસી પ્રજાનાં સાહાસકર્મોની વાત રાત દીવસ સાંભળતાં ધ્રુજતી હતી, કેમકે મોડે વહેલે તે મહાન પ્રજા તેઓ સામે પણ ધસારો લાવશે એવો તેમને ધાસ્કો પડતો હતો. વળી હાલ સુધી જ્યાં જ્યાંબી ગ્રીક સિપાહો પારસી શૂરવીરો સામા મળ્યા હતા ત્યાં તેઓ પારસી મરદાનગી આગળ કશુંજ કરી શકયા ન હતા, તેથી તેમની ચિંતા વધી પડી હતી. લીડ્યનોનાં લશ્કરમાં તેઓ પારસી સિપાહો સામા લડેલા હોવા જોઇએ, કેમકે લીડ્યન પાદશાહના તેઓ મિત્રો થતા હતા. વળી એશિઆના કાંઠા ઉપર વસતા તેઓના બળવાન ખેશીઓ તો પારસી બળથી આજેઝ થઇ ગએલા હતા, અને ઇજીપ્ટનાં લશ્કરમાં હજારો ગ્રીક સિપાહો હતા તેઓબી મહાન કમ્બાઇ-સીસનાં બળ સામે તો તદનજ નાચાર થઇ પડયા હતા.

સાઇપ્રસ, કાઇરીને તથા બાર્કાની ગ્રીક પ્રજાઓને તો પારસીઓને તાબે થવા સીવાય છૂટકોજ રહ્યો ન હતો, અને થ્રેસ તથા મેસીડોનની બળવાન પ્રજાઓને પણ પારસીઓએ વર્ષો થયાં તાબે કરી લીધેલી હતી. છેલ્લે યુનાનના બળવામાં પારસીઓએ ગ્રીકોને સખત હાર આપી હતી. તેથી જો મહાન પાર્સી લશ્કર ગ્રીસમાં ધસ્યું આવે તો તેની સામે ગ્રીકો બચાવ કરી શકશે કે નહિ તેની મોટી ફીકર તેઓને થતી.

ગ્રીક પ્રજાઓનું લડાયક બળ

એ સઘળું છતાં આખાં ગ્રીસની એકત્ર થયલી પ્રજાઓને જીતવી ઘણુંજ બીકટ કામ હતું. તેઓ ઘણીજ પુરાણી, ચંચળ, જોરેમંદ, તાલીમ પામેલી, અને ઉત્તમ લડાયક સાજથી સજ્જ થયલી પ્રજાઓ હતી. ખુદ ગ્રીસમાંજ તેઓની વસ્તી આખી પારસી પ્રજા કરતાં બી લગભગ બેવડી હતી. એ ઉપરાંત તેઓની વસ્તી એટલી બધી તો વધી પડેલી હતી કે એશિઆ, આફ્રિકા અને યુરોપના છેક દૂરના કાંઠાઓ ઉપર ગ્રીક પ્રજાઓનાં મોટાં સંસ્થાનો અને રાજ્યો સંખ્યાં-બંધ ઉભાં થઈ ગએલાં હતાં.

ગ્રીક સિપાહો પગથી માથાં સુધી તમામ પીતળનાં બખ્તરોમાં સજ્જ થતા. તેઓનાં હથિયારો

ઘણાંજ ઉત્તમ પ્રકારનાં હતાં; અને તેઓના ભાલા ઘણાંજ જોરેમંદ અને લાંબા હતા. વળી જે લડાયક તાલીમ તેઓને મળતી તે ઘણીજ હેરતભરેલી હતી. તે સર્વેમાં સ્પાર્ટન પ્રજાની લડાયક કેળવણી ઘણીજ પ્રખ્યાત થયલી હતી. એ પ્રજાનાં દરેક નબળાં બાળકનો નાશ કરવામાં આવતો, બાકીનાંઓમાંથી છોકરાઓને સાત વર્ષના થતાંજ જાહેર શાળાઓમાં મુકવામાં આવતા. તેઓને ઉઘાડે પગે ફરવું પડતું હતું, અને સખત શિયાળામાંબી આંગ ઉપર ફકત એકજ કપડું રાખવામાં આવતું; તેઓનો ખોરાક તેઓનેજ પકાવવો પડતો; રાતે ઘાસપાલાની પથારી ઉપર તેઓને સુવું પડતું; અને થોડા પણ વાંક માટે તેઓને ચાબુકોનો માર પડતો. આવી કેળવણીમાં ઉધરતી પ્રજા ખચ્ચીતજ એક જબરી પ્રજા નીવડવી જોઇએ.

એ સર્વે ઉપરાંત ગ્રીસનો મુલક ઘણોજ પહાડી હતો, તેમજ તેના કુદ્રતી બચાવો ઘણાજ મજબૂત હતા. વળી તે ત્રણ બાજુએ ઘણાજ તોફાની દરીઆથી ઘેરાયલો હતો. અને જ્યારે એથીન્યનોના જેવી તેની મુખ્ય પ્રજાઓ ઘણાજ બળવાન દર્યાઈ કાફલાઓ ધરાવતી હતી, ત્યારે ખુદ પારસી પ્રજામાં તો એક પણ દર્યાઇ સિપાહ ન હતો, અને તેથી દરીઆઇ કામો માટે પારસીઓને પોતાની ફીનીશ્યન અને યુનાની રૈયતોના કાફલાઓની મદદ લેવી પડતી.

એ સઘળું છતાં પારસીઓનાં બળથી ગ્રીક પ્રજાઓ ઘણીજ હેબતાઇ ગઇ હતી, અને પારસીઓ દુન્યાના બીજા ભાગોમાં રોકાયલા રહે અને ગ્રીસ તરફ ધસારો નહિ લાવે તેવી મકસદથી આફ્રિકા અને એશિઆમાં તેઓએ પારસી સલતનત સામે ઉસ્કેરણીઓ ચલાવી ફેસાદો ઉભા કીધા હતા. તે ઉપરથી મહાન દારાયસે ગ્રીસનો મુલક જીતી લેવાનો વિચાર કીધો હતો, પણ મેરેથોનની જંગભૂમી આગળ એથીન્યનોએ તેના સરદારોને ગ્રીસમાં દાખલ થતાં અટકાવ્યા હતા. બાહોશ દારાયસે જોઇ લીધું હતું કે એ પ્રજાને જીતવા માટે ખાસ કોશેશો કરવાની હતી. તેથી તેણે પોતે ગ્રીસ ઉપર ચ્હડાઇ લઇ જવાનો કુસદ કીધો, પણ એટલામાં તો તે પારસી મહાવીરનું ઇ. પૂ. ૪૮૬ માં મરણ નીપજ્યું.

મહાન પારસી ફોજની કુચ

શાહાનશાહ દારાયસનાં મોતથી તેણે ધારેલાં મ્હોટાં સાહસને ભારી ખોટ ગઇ. તે સાહસ પાર ઉતારવા તો તેના જેવા મહાન અને કસાયલા તેમજ બાહોશ લડવૈયાની ખાસ જરૂર હતી. એટલું છતાં તેની પછી ગાદીએ આવનાર તેના બેટા શાહાનશાહ ક્ષયાર્શા અથવા ક્ષર્ક્ષીસે તે સાહસ પાર ઉતારવાનો ઠરાવ કીધો. તે એક ખૂબસુરત, દમામદાર, તથા બહાદૂર જવાન

હતો. પણ તેની બાહોશી તેના મહાન પિતાની બાહોશીને કોઇ પણ રીતે પૂગી વળે એવી ન હતી; તેમજ અનુભવનું ઉમ્દા શિક્ષણ તેને મળેલું ન હતું.

ક્ષર્ક્ષીસે તખ્તે આવતાંજ ઇજીપ્ટમાં જાગેલો મ્હોટો બળવો દાબી દીધો. તે કામથી પરવારીને પોતાની તમામ શાહનશાહતમાં વસતી તરેહવાર પ્રજાઓના લડવૈયાઓનો એક મહાન જમેલો એકઠો કીધો અને તેને લઇને યુરોપ ઉપરની બીજી પારસી સવારી માટે કુચ ચાલુ કીધી. દુન્યાની તવારીખમાં તેમાં વસ્તી તરેહવાર પ્રજાઓના આટલા બધા પ્રતિનિધિઓ જવલેજ સાથે મળ્યા હશે. તેઓમાં જેમ દુન્યાની સઘળી સુધરેલી પ્રજાઓના લડવૈયાઓ હતા તેમજ ઘણીએક જંગલી પ્રજાઓના લડનારાઓ પણ પોતાના વિચિત્ર સાજ સાથે આવેલા હતા. એવાં લોક ધારેલાં કામ માટે કશાબી કામના ન હતા બલકે તેમાં હરકત જેવા થઇ પડે એમ હતું. મગર ક્ષર્ક્ષીસની મતલબ પોતાની મહાભારત શાહાનશાહતની સેંકડો પ્રજાઓના પ્રતિનિધિઓનું એક મહોટું સરઘસ મેળવીને તેઓને નજરે જોવાની હોય, અને તેઓ સન્મુખ મ્હોટી ક્રિયાઓ કરીને પોતાનાં સાહસમાં જીપલાવવાની તેની ધારણા હોય, એમ લાગે છે

રાજ્યભક્તિનો એક નમુનો

જ્યારે શાહનશાહ ફ્રીજયામાં આવી પહોંચ્યો તે વખતે ત્યાં એક નામીચું કરોડપતિ કુટુંબ વસતું હતું. તેના વડાએ શાહનશાહત તરફ ઘણીએક વફાદારી બતાવી. શાહાનશાહને અને તેનાં લશ્કરને મ્હોટી જ્યાફ્ત આપી, અને પોતાની કરોડોની દોલત પોતાના સાહસમાં ખરચવા શાહાનશાહને નજર કીધી. ક્ષર્ક્ષીસ તે મ્હોટાં દીલના નરની વફાદારીથી ઘણો ખુશી થયો, તેમે મ્હોટી શાબાશી આપી, અને સામાં મ્હોટાં ઇનામો આપીને તેનો તમામ ખજાનો તેને પાછો સપુરદ કીધો. એજ નરના પિતાએ મહાન દારાયસને એક એવી ઉમ્દા ભેટ કીધી હતી કે જે તમામ દુન્યાની એક નવાઈ ગણાતી. તે એક દ્રાક્ષનો બનાવટી વેલો હતો. તે તમામ ઘણુંજ ઉમદા જવાહીરોમાંથી બનાવેલો હતો અને એક બેકીમતી અને હુન્નરમંદીભરેલી ચીજ હતી.

હેલેસ્પોન્ટનો મ્હોટો પૂલ, અને એથોનીસ નેહેર

ક્ષર્ક્ષીસની મહાન સેનાને દર્યાપાર ઉતારવા માટે હેલેસ્પોન્ટની નામીચી ખાડી ઉપર મ્હોટાં વહાણોનો એક પુલ બાંધી લેવામાં આવ્યો. તે વહાણો ઉપર

પાટીઆં જડી લેવામાં આવ્યાં. તેઓ ઉપર નહાની ડાંખળીઓ બીછાવવામાં આવી, અને તેની ઉપર મટોડું પાથરીને આખા પુલને એક ગંજાવર રસ્તાનું રૂપ આપવામાં આવ્યું, અને તે પરથી ચાલતાં ઉંટ તથા ઘોડાઓ ભડકે નહિ કરીને તે પૂલની બન્ને બાજુએ પાટીઆંઓની મોટી દેવાલો કરી લેવામાં આવી. એ ગંજાવર પૂલ ખાસ્સો એક માઇલ લાંબો હતો.

આગળ ચાલતાં એથોસની ભૂશિર આગળ દર્યો ઘણોજ તોફાની હતો. ત્યાં આજે પણ વહાણો સલામતીથી ફરી શકતાં નથી. તેથી ત્યાં આગળના લાંબા જમીનના ફાંકાને કાપી કહાડવામાં આવ્યો અને વહાણોના સલામત માર્ગ માટે આસરે દોઢ માઇલ લાંબી નેહર ખોદી નાખવામાં આવી. તે એવી પહોળી હતી કે તેમાંથી આમનસામન વહાણો સહેલાઈથી હંકાર્યાં જાય. તેની નીશાનો આજ સુધીબી મોજુદ છે.

ગ્રીસમાં ધસારો; અને ક્ષર્ક્ષીનું એથન્સમાં દાખલ થવું

છેક થર્મોપાઇલી નામના સાંકડા પહાડી માર્ગ સુધી ક્ષર્ક્ષીસ ફતેહમંદીથી કુચ કરી ગયો. રસ્તે મળતી ઘણી પ્રજાઓ આપમેળે તાબે આવી, અને જેઓ સામે થઈ તેઓને સહેલાઇથી જીતી લેવામાં આવી, પણ થર્મોપાઈલીના પહાડી માર્ગ આગળ

સ્પાર્ટાનો રાજા લીઓનીડસ આસરે દસ હજાર સિપાહોને લઇને તેના બચાવ માટે ઉભો હતો. તે માર્ગ ઘણો સાંકડો હતો અને એક બાજુએ દરીઓ અને બીજી બાજુએ ઉંચો પહાડ આવેલો હતો. અને જ્યાં માર્ગ ઘણો સાંકડો થતો હતો ત્યાં એક મજબૂત દેવાલ બાંધેલી હતી. તેની પાછળ બચાવ લઇને લીઓનીડસ ઉભો હતો. અને પાછળથી પારસીઓના મહાવીર આર્યોબૂર્ઝીને જેમ સીકંદરને છેક પાંચ દીવસો સુધી 'સુસિયન ગેટસ્' નામના પહાડી માર્ગ આગળ રોકી રાખ્યો હતો, તેમ લીઓનીડસે ક્ષર્ક્ષીસને બે દીવસો સુધી તે માર્ગ આગળ રોકી રાખ્યો. પણ આખરે દસ હજાર પારસી સિપાહોની એક ફોજને એક પહાડી માર્ગને રસ્તે ગ્રીક લશ્કરની પીઠે ઉતારી મુકવામાં આવી. અને તે યોદ્ધાઓને હાથે લીઓનીડસ તેનાં લશ્કરના મ્હોટા ભાગ સાથે માર્યો ગયો.

એ પછી પારસીઓની ફોજનો ધસારો વધતોજ ગયો. અને રસ્તે આવતી સર્વે પ્રજાઓને તાબે કરવામાં આવી. એથીન્યન પ્રજાએ જોઈ લીધું કે આવાં મહાન લશ્કરને સામે થવું સર્યામ હેમકાઇ થઇ પડે તેથી તે પ્રજા પોતાનો એટીકાનો મુલક અને એથન્સનું નામીચું શેહેર ખાલી કરી ગઇ. બીનલશ્કરી લોકોએ સેલેમીસના ટાપુ ઉપર આશરો લીધો અને લશ્કરીઓ

પોતાના કાફલા ઉપર સવાર થયા. એટલું છતાં કેટલાક જનુની લોકો અથેન્સના બચાવ વાસ્તે રહેલા હતા. તેઓને મારી કહાડવામાં આવ્યા અને શાહાનશાહે એથન્સના નામીચાં શેહેરનો કબજો લીધો. યુનાનના મોટા બળવા વખતે એથીન્યનોએ સાર્ડીસનાં શેહેરના નાશમાં ભાગ લીધો હતો. તેની સજા કરવા એથન્સનો નાશ કરવામાં આવ્યો.

લ્હડાઇનું છેવટ; પારસી યોદ્ધાઓનું ભારી શૂરાતન

એટલે સુધી તો ક્ષર્ક્ષીસે સંપૂર્ણ ફતેહ મેળવી હતી. પણ તેને તેના કાફલાની મદદની ખાસ જરૂર હતી. મગર ખુદ પારસી પ્રજાનો કશો દરિયાઇ કાફલો ન હતો. તેનો કાફલો તો પોતાના તાબાની યુનાની અને ફીનીશ્યન પ્રજાઓનો મુખ્ય કરીને બનેલો હતો. યુનાનીઓ ગ્રીક પ્રજાના ખેશીઓ થતા હતા. તેથી આ લ્હડાઈ માટે તેઓ નારાજ હતા. અને વળી ગ્રીક પ્રજાએ દરીઆ કાંઠે આવેલા પોતાના પાહાડો ઉપર મહોટા લેખો લખાવ્યા હતા, અને તેમાં પોતાના યુનાની ખેશીઓને પોતાનાં કુટુંબીઓનો નાશ નહિ કરવાની અરજ કરવામાં આવી હતી, તેથી યુનાનીઓના કાફલાએ પોતાનું કામ ઘણુંજ બેદિલીથી કીધું. વળી દરીયાઈ

તોફાનોએબી શાહાનશાહતના કાફલાને ઘણું નુકસાન પહોંચાડયું એટલું છતાં તે પણ લશ્કરની સાથે સાથેજ આગળ ધસ્યો આવ્યો હતો અને ઈયુબોઇઆનો મ્હોટો ટાપુ વગેરે સર કરી લીધાં હતાં.

શાહાનશાહની એ ફતેહોથી ગ્રીક પ્રજા નાસીપાસ થઈ ગઈ. અને એથીન્યન પ્રજાએ તો દૂરના મુલકો તરફ નાસી જવાનું બી મન કીધું. ક્ષર્ક્ષીસે જો સબૂરી રાખી હતે તો તેનું કામ આસાનીથી પાર પડતે પણ તે દુશ્મનોના નાશ માટે ઉતાવળો થઇ ગયો. અને તેઓ રખે નાશી જાય કરી સેલેમીસના સાંકડા દરીઆમાં તેઓને ઘેર્યા. ત્યાંની દરીઆઈ લડાઇ એવી બેદરકારીથી કરવામાં આવી કે શાહાનશાહી કાફલાની મોટી સંખ્યા ત્યાં કશી કામ આવી નહિ અને ગ્રીક પ્રજાનો કાફલો બચી ગયો.

આટલું થયા પછી કોઈ અડચણ ઉભી થયાથી ક્ષર્ક્ષીસને એશિયા તરફ પાછું ફરવું પડયું અને તેથી ગ્રીસને છેવટનું તાબે કરવાનું કામ શૂરા સપાહસાલાર મરદોન્યસને સોંપી પોતે એશિઆ પાછો ફર્યો.

પણ ક્ષર્ક્ષીસના પાછા ફરવાથી ગ્રીક પ્રજાને હીમ્મત આવી. અને તેણે સખ્તાઇથી મર્દોન્યસની સામે થવા ઠરાવ કીધો. મર્દોન્યસ એક મોસમ ગ્રીસના ઉપલા ભાગમાં થોભ્યો અને તે પછી પાછો હેઠળ

ઉતરી આવીને એથન્સનો બીજી વખતે તેણે કબજો લીધો. તેની સામે થવા ગ્રીકોનું મ્હોટું લશ્કર એકઠું મળ્યું પણ પારસી લશ્કરથી તેને ઘણી હેરાનગતી પોંહોચી, અને સામે આવવાની તેની હીમ્મત ચાલી નહિ ત્યારે કોઇ સલામત જગ્યાએ નીકલી જવા તેણે છૂપી કુચ ચાલુ કરી દીધી. એ ખબર મળવાથી મર્દોન્યસબી ઉતાવળો થઇ ગયો, અને પોતાનાં લશ્કરને બરાબર ગોઠવ્યા વગર દુશ્મનોની પઠે એકદમ દોડયો, અને તેથી પ્લેટીઆ નામની જગ્યા આગળ લડાઈ થઇ. તે એવી ગડબડ ઘોંટાળાની થઇ કે તેમાં શૂરો પારસી સરદાર જ્યારે અસાધારણ હીમ્મતથી લડતો હતો ત્યારે તેની ઉપર એક ગંજાવર પથ્થર આવી પડયો અને તેથી તેનું મરણ નીપજયું. લડાઇમાં જ્યારેબી પોતાનો સરદાર માર્યો જાય ત્યારે તે લડાઈ હાર્યા એમ સમજવાની પારસીઓમાં ખોટી રસમ હતી, તેથી બીજો પારસી સરદાર અર્તબાઇઝિસ બાકીનાં લશ્કરને લઇને હેલેસ્પોન્ટ તરફ કુચ કરી ગયો.

ગ્રીસ ઉપરના હુમલા વખતે પારસી યોધ્ધાઓએ અસાધારણ શૂરાતન બતાવ્યું હતું. ડેલ્ફાઈનાં પવિત્ર શેહેર આગળ થયલી જનુની લડાઇ તેઓ એવી સખત રીતે લડયા હતા કે ગ્રીક લોકોને લાગ્યું કે તેમના જેવા શુરવીરો સામે તો તેઓના દેવતાઓજ

લટેલા હોવા જોઇએ. વળી જે જે લડાઇઓમાં ગ્રીકોના લાંબા ભાલાઓ ભારી નુકસાન કરતા જણાયા તે લડાઇઓમાં પારસી શૂરવીરો પહોળા હાથો કરીને દુશ્મનોની સફો સામે બેધડક ધસી જતા, અને પોતાની જોરેમંદ બાજુઓમાં દુશ્મનોના સંખ્યાબંધ ભાલાઓ જડફી લઇ, અને તેઓની નોકો પોતાની છાતીમાં ભોકી દેતા, અને પોતાના સાથીઓને દુશ્મનોની સફોમાં દાખલ થવાની સગવડ કરી આપતા.

પ્રકરણ નવમું

યુરોપ અને પારસીઓ

યુરોપ ઉપરની બીજી પારસી લ્હડાઇની જાથુકની અસરો

યુરોપ ઉપરની બીજી લ્હડાઈનું દેખીતું પરિણામ ગમે તે આવ્યું હોય તોપણ તેની રૂડી અસરો તો જાથુકનીજ થઇ. પહેલું તો પારસી પ્રજાના સદગુણોએ ગ્રીક પ્રજા ઉપર ઘણી ઉંડી અસર કીધી. અને પારસીઓના સદગુણોની ઉત્તમતા આગળ તો તે પ્રજા પોતાને જંખવાણી પડી ગએલી લાગી. તેણે પારસીઓને એક 'ઉમ્દા ખવાસના લોકો' કરીને કહયા.

વળી પારસીઓ અને ઈરાનીઓનાં ડહાપણ માટે તે પ્રજામાં ઘણી આતુરતા પથરાઈ. અને તે માટે જે ઈરાની ધર્મગુરૂઓ અને ફિલ્સુફો પારસી લશ્કર સાથે હતા તેઓમાં તેઓએ કાળજીભરેલી પરપુછ કીધી. તેઓનું જ્ઞાન શીખી લેવાની તેઓને ઉલટ આવી, અને પારસીઓના ફીલસૂફો પોતાનું જ્ઞાન શીખવવા ગ્રીસમાં રહયા તેમજ તે શીખવા ગ્રીક ફિલ્સુફો પૂર્વના મુલકો તરફ ગયા. અને તેથી પાછળ થયલા ગ્રીકોના મ્હોટા ફિલ્સુફો સોક્રેટીસ, પ્લેટો, અને એરિસ્ટોટલ

વગેરેનાં શિક્ષણોમાં ઇરાની વિચારોની હારમાળાઓ જણાવા લાગી.

એજ મુજબ પારસીઓના સુધારાઓની મહોટાઈ જોઇને ગ્રીક પ્રજા ચકીત થઈ ગઇ. તેઓના ઉમ્દા અને હુન્નરમંદીભરેલા સાજે તે પ્રજાનું મન હરી લીધું. તેઓના દમામદાર તંબુઓના તથા રાચરચીલાંના દિલજીત ભપકાથી તેઓ છક થઈ ગયા. અને પોતાની ચકોર આંખોએ તે સર્વે હુન્નરમંદી જોઈ લીધી, અને તે હુન્નરમંદી તેઓએ પોતાના દેશમાં તુરતજ દાખલ કરવા માંડી. મહાન ક્ષર્ક્ષીસની ન્હડાઇ આગમચ ગ્રીસની બાંધકામોની હુન્નરમંદી તો સાધારાણ પ્રકારનીજ હતી. પણ તે ઉપર પણ એ ન્હડાઇથી આડકતરી અસર થઈ. ગ્રીક પ્રજાનું એક સૌથી ચુનન્દુ દેવળ શાહાનશાહ ક્ષર્ક્ષીસના દમામદાર તંબુની ફક્ત નકલજ ગણાઇ છે, અને વળી ખચ્ચીતજ નામીચાં પાર્થીનોનનો દેખાવ પણ એક દમામદાર તંબુના જેવોજ છે.

એ મુજબ જેમ યહુદી કોમ ઉપર પારસીઓના ધર્મમતોની અસરો થવાથી યુરોપનાં ધર્મમત ઉપર પણ પારસી અસર થઈ છે, તેજ માફક ગ્રીસ ઉપર વિદ્યાહુન્નરમાં થયલી પારસી અસરથી તે અસર પણ યુરોપ ઉપર ઉતરેલી છે.

પારસી શાહાનશાહત સાથે ગ્રીક લોકોનો જાથુકનો સંબંધ

યુરોપ ઉપરની બીજી પારસી ચ્હડાઈનું પરિણામ કાંઈ કહેવા જેટલું ગંભીર આવેલું લાગતું નથી. શાહાનશાહતના કાફલાની નિષ્ફલતાથી હીમ્મત પકડીને તેના કોશ્ટાઓ ઉપર એથીન્યનોએ કાંઈક તોફાનો જગાડયાં હતાં. મગર જે હુડીસો વહાણોનો મ્હોટો કાફલો ઇજીપ્ટના બળવામાં મદદ કરવા માટે તેઓએ ઇ. પૂ. ૪૫૪ માં મોકલ્યો હતો તેનો તેમજ બળવાખોર ઇજીપ્ટનાં આખાં લશ્કરનો શૂરા પારસી વાઇસરોય મગબાઈઝસે સહેલાઈથી નાશ કરી નાખ્યો, ત્યારે તેઓનાં મન ખાટાં થયાં.

એટલું છતાં ક્ષર્ક્ષીસની ચ્હડાઇ પછી ગ્રીક પ્રજાઓ પોતાની માંહોમાંહેની ફર્યાદો પારસી શાહાન-શાહને કરવા લાગી. ક્ષર્ક્ષીસની પછી તખ્તે આવ-નાર શાહાનશાહ અર્તક્ષત્રને એવી ફર્યાદો એથીન્યન તથા સ્પાર્ટન પ્રજાઓએ કીધી હતી, અને એક બીજા સામે મદદ માગી હતી, તેમજ નામીચા એથીન્યન સરદાર થેમિસ્ટોકલીસને એથન્સે દેશનીકાલ કીધો ત્યારે તે પણ એ શાહાનશાહનો આશરો શોધતો આવ્યો હતો.

એથીન્યન અને સ્પાર્ટન પ્રજાઓને સજા

એ પછીના શાહનશાહ દારાયસ બીજાના વખતમાં સરહદપરના વાઇસરોયોએ ગ્રીસના માંહેલા બનાવોમાં ચાલુ ભાગો લીધા, અને એથીન્યનોએ શાહાનશાહત સામે વારંવાર આડી ચાલ ચલાવી હતી, અને શાહાનશાહતના દુશ્મનોને મદદ આપ્યા કીધી હતી. તેથી તે પ્રજાને સખત સજા કરવાનું કામ શાહનશાહે પોતાના ચંચલ બેટા સાઇરસને સોંપ્યું. એ શાહનશાહઝાદાએ સ્પાર્ટન લોકોને સાથે લઇને એથીન્યનોને ઇ. પૂ. ૪૦૪ માં પૂરેપૂરી શિક્ષા કીધી.

સાઇરસની ભુંડી માતા પરીઝાતીશના કાવાદાવા અને લાગવગથી તેણે તખ્ત મેળવવાનો લોભ કીધો; અને ઘણીએક પ્રજાઓને તથા ઘણાએક વાઇસરોયોને તે પોતાની સંફમાં ખેંચી શકયો, અને જ્યારે તેનો વડો ભાઇ અર્તક્ષત્ર નીમન શાહનશાહ થયો ત્યારે તેણે મ્હોટો બળવો જગાડયો. તેમાં ગ્રીક લોકોએ તેને મ્હોટી મદદ કીધી, પણ ઇ. પૂ. ૪૦૧ માં કુનકસાની લડાઇમાં તે માર્યો ગયો, અને તેની મદદે આવેલાં ગ્રીક લશ્કરને સાઇરસનો પારસી સરદાર આર્યઓશ પોતાના મિત્રોની મદદથી સલામત નહસાડી ગયો, તોબી વફાદાર વાઇસરૅાય તીસફર્નીસે તે લશ્કરને ઘણું હેરાન કીધું.

આથી સાઇરસના મદદગારોને ઘણી ધાસ્તી પેદા થઇ અને સ્પાર્ટાના રાજા એગેસીલેઅસની સરદારી હેઠળ શાહાનશાહત તરફ બેવફા થયલી પ્રજાઓએ પશ્ચિમના કાંઠાઓ ઉપર મ્હોટું તોફાન જગાડયું, તેમાં બળવાખોર ઇજીપ્ટે તેઓને મ્હોટી અને સંગીન મદદ આપી, અને તે તરફના પારસી વાઇસરૉયો તીસફર્નીસ અને ફર્નબાઇઝસને હેરાન કીધા. મગર હેલેસ્પોન્ટના ચંચલ પારસી વાઇસરૉય ફર્નબાઇઝસે એથીન્યનોને સાથે લઈને સ્પાર્ટન પ્રજાને ઈ. પૂ. ૩૯૪માં ભારી સજાઓ કીધી.

ગ્રીક પ્રજાઓની પુરેપુરી તાબેદારી

આખરે ગ્રીક પ્રજાઓની માંહોમાહેની ફરીઆદોનો છેડો લાવવા શાહાનશાહ અર્તક્ષત્ર નીમને લીડ્યાના પારસી વાઇસરૉય તીરીબાઈઝસને ફરમાવ્યું, અને તીરીબાઇઝસે સર્વે ગ્રીક પ્રજાઓ ઉપર હોકમો મોકલ્યા કે સાર્દીસનાં નામીચાં શેહેરમાં તેઓ સર્વેએ પોતાના પ્રતિનિધિઓ સુલેહ કરવા મોકલી આપવા. સઘળી પ્રજાઓ એ હુકમને તાબે થઈ અને દરેકે દરેક પ્રજાના પ્રતિનિધિઓની મ્હોટી કોનગ્રેસ વાઇસરૉય તીરીબાઇઝસના પ્રમુખપણા હેઠળ સાર્દીસમાં ઇ. પૂ. ૩૮૭ માં મળી, અને શાહાનશાહે ઠરાવેલી સરતોનાં લખત ઉપર સર્વે પ્રતિનિધિઓએ સહી કીધી.

તેઓ સર્વને શાહાનશાહી હોકમ વાંચી સંભળાવવામાં આવ્યો કે જે કોઈ પ્રજા એ સુલેહ મુજબ ચાલવા ના પાડશે તેઓના મુલકો ઉપર જમીન તેમંજ દરીઆ માર્ગે હુમલા કરીને તેઓને શિક્ષા કરવામાં આવશે. તેથી સર્વે પ્રજાઓ એ સરતોને માન આપીનેજ ચાલવા લાગી. અને પારસી શાહાનશાહને પોતાનો વડીલ સમજીને પોતાની સર્વે ફર્યાદો હવે વધુ છુટથી ગ્રીક પ્રજાઓ તેની સન્મુખ લાવવા લાગી.

નીમન પછીના જંગ બહાદુર પણ ઘાતકી શાહાનશાહ અર્તક્ષત્ર હુખુશ અથવા ઓખસનાં વખતમાં ઉપલા વાઇસરૉય તીરીબાઇઝશે બળવો જગાડયો, અને તેને એથીન્યનોએ મદદ પહોંચાડી, ત્યારે એથીન્યનો ઉપર શાહાનશાહે ધમકીનો એવો ધુજારો કીધો કે તેઓએ એકદમ માફ માગી.

ગ્રીકોની શાહનશાહત તરફ વફાદારી

જ્યારે એ મહાન પારસી શાહાનશાહે ઈ. પૂ. ૩૪૬ માં આફ્રીકા ઉપરની ચોથી પારસી ચ્હડાઇ કીધી ત્યારે કેટલીક ગ્રીક પ્રજાઓએ પોતાનાં લશ્કરો તેની મદદે મોકલી આપ્યાં. અને ઇજીપ્શ્યનો પાસે મ્હોટું લશ્કર અને વીસ હજાર ગ્રીક સિપાહો હોવા છતાં એ મહાન શાહાનશાહે ઇજીપ્ટ પાછું જીતી લીધું.

મહાન શાહાનશાહ ઓખસ જ્યારે ગંજાવર બળવાઓ દાબી દેવાનાં તથા ઈજીપ્ટને પાછું જીતી લેવાનાં સહાસોમાં જોડાયલો હતો, ત્યારે મેસીડોનનો પાદશાહ ફિલિપ પોતાના મુલકના પહાડી અને જબરા લોકોને ચુનન્દી લશ્કરી તાલીમ આપીને ઉત્તમ લડાયક સાજથી તૈયાર કરતો હતો. ગ્રીસને તાબે કરીને યા તો સમજાવી લઇને તેનીબી મદદ લેવાની બલકે તેને પોતાના સાહસમાં હરકત નાખતાં અટકાવવાની તેણે બાજી રચી હતી, અને ઇરાનનાં શાહાનશાહી કુટુંબના કંકાસથી તથા ત્યાંનાં રાજદ્વારી બખેડાઓનો લાભ લઇને તે તરફ ધસારો લઇ જવાની તેણે ઉમેદ બાંધી હતી. મગર ગ્રીક પ્રજામાંના ઘણાકોને ફિલિપનું જોર વધે તે જોવાનું પસંદ ન હતું, અને તેના કરતાં પારસી શાહાનશાહત ટકે તે જોવા તેઓ વધારે રાજી હતા. અને જ્યારે તેના બેટા અલેકઝાન્ડરે શાહનશાહત ઉપર હુમલો કીધો હતો, ત્યારે તેનોજ નાશ થાય એવું તેઓએ ઇચ્છયું હતું. ઘણાકોએ શાહનશાહતના બચાવમાં પોતાનું લોહી વફાદારીથી રેડયું હતું, અને સ્પાર્ટાના રાજા એગીસના વડપણ હેઠળ અલેકઝાન્ડર સામે યુરોપમાં તોફાન જગાડવાની તેઓએ મહેનત લીધી હતી.

પ્રકરણ દસમું

મહાન શાહાનશાહ અર્તક્ષર્ક્ષીસ નીમન

તેના સદ્‌ગુણો

શાહાનશાહ દારાયસ બીજાની પછી તેનો બેટો અર્તક્ષર્ક્ષીસ ઈ. પૂ. ૪૦૫ માં પારસી શાહાનશાહતનાં તખ્ત ઉપર આવ્યો હતો. પણ તે અરસામે તેના બાહોશ પણ લોભી નાહના ભાઇ સાઇરસે તેની ભુંડી માતા પરીઝાતીશની ઉશ્કેરણીથી તખ્ત મેળવવા માટે જંગી બળવો જગાડયો હતો તે વિષે આપણે ઉપર વાંચી ગયા છીએ. જોકે એ નવો શાહાનશાહ કુદરતથીજ નરમ સ્વભાવનો હતો તે છતાં તખ્ત મળતાં પોતાની ફરજ તે બરાબર સમજતો હતો, અને તે વખ-તથી અસાધારણ મક્કમપણું અને સહનશક્તિ તે બતાવી શકતો હતો. પોતાના ભાઇના મ્હોટા બળવા વખતે તેણે પોતાનાં લશ્કરોને ખંતથી દોરવ્યાં હતાં. તેઓ સાથે મહાભારત અને બીકટ કુચો તેણે કીધી હતી. મ્હોટા અને મુશ્કેલ પહાડી માર્ગોની લાંબી મંજલો તેણે ભારી બખ્તરોમાં અને પાઉંપ્યાદા કાપી હતી. તે સાધારણ રીતે નાજુક જીંદગી ગુજારતો જણાતો

હતો. તેથી લોકોને કદી એવી આશા ન હતી કે તે આટલી જંજાલો અને થાક ખમી શકશે. પણ જ્યારે તેણે કશી પણ અડચણ જણાવ્યા વગર ભારી સંકટો માથે ઉઠાવી લીધાં, ત્યારે નામીચો ગ્રીક લખનાર પ્લુટાર્ક તેનાથી ખુશ થઇ જઇને લખે છે કે ઉમદા ખવાસનું લોહી કઢંગા સંજોગોમાં આવી પડયું હોય તે વખતે પોતાની ખુબી બતાવી શકતું નથી, પણ જ્યારે ઘટતા સંજોગો આવી પહોંચે છે ત્યારે તે પોતાની ઉમદા અસરો જણાવ્યા વગર રહેતું નથી.

અર્તક્ષર્ક્ષીસ એટલો તો ઉંચો અને ઉમદા ખવાસ ધરાવતો હતો કે જો તેના લોભી ભાઇએ બળવો જગાડી તેનાં કામમાં હરકત નાખી નહિ હતે, અને દ્રઢ પણ પાપી ખવાસની તેની માતા પરીઝાતીશે પોતાના કાવાદાવા અને ભુંડાં કાર્યોથી તેની જીંદગી કડવાસભરી બનાવી નાખી ન હતે, તો તે એક ઘણોજ ફતેહમંદ શાહાનશાહ થઇ પડતે એટલુંજ નહિ પણ બુલંદ પારસી સલતનતને તે પોતાના રૂડા સ્વભાવથી વધુ અખંડ અને સંગીન બનાવી શકતે.

તે જેટલો ભલો તેટલોજ સહનશીલ પણ હતો. તે દુન્યાની સૌથી મહાભારત સલતનતનો માલેક હતો તોપણ કદી તે મનમાં તુમાખ લાવતો નહતો, કે કદી પોતે ગુસ્સાને વશ થઈ જતો ન હતો. તેના એ

સદ્દગુણોના કેટલાક દાખલા જણાયેલા છે. તેની એ ભલાઇનો લાભ ઘણાક જણુ લેવા માગતા, મગર તેઓને તે ગુસ્સાથી નહિ પણુ ડહાપણુથી વશ કરતો હતો. એક દીવસે એક સ્પાર્ટન સરદાર તેની દરબારમાં આવ્યો હતો, તે ત્યાં ઘણીએક તુમાખી વાતો કરતો હતો. તે સઘળું તે ડાહ્યા શાહાનશાહે ચુપ બેસીને સમજ્યા કીધું. પણુ જ્યારે તે સરદાર બોલી રહયો ત્યારે તેણે દરબારીઓને ફરમાવ્યું કે "એને કહો કે મહાન શાહ ફક્ત બોલીજ શકતો નથી પણ તે પોતાનું બોલેલું બજાવી બી શકે છે." તેના એ તાણાથી તે સ્પાર્ટન ખસીઆણો પડી ચુપ રહ્યો.

તે પોતાના એવા સદ્દગુણો ઉપરાંત એટલી તો હેરતભરી યાદદાસ્ત શક્તિ ધરાવતો હતો કે તે વખતના સર્વે લોકો તેથી અચંબો પામતા. કોઇપણુ વાત, કશું પણુ સમજેલું કે હરકોઈ બનાવ તે બોલેબોલ યાદ રાખી શકતો. એ ગુણે લોકોનાં મન ઉપર એટલી તો અસર કીધી હતી કે તેઓએ તેને "અદભુત યાદદાસ્ત ધરાવનાર" એવો એલ્કાબ આપ્યો હતો. એનો "નીમન"નો એલકાબ એજ અર્થ ધરાવે છે, અને તે ગ્રીક પ્રજાઓએ આપેલો હતો.

માતપિતા જેવાં હેતીલાં રાજ્ય કરતાઓ

એ રૂડા શાહનશાહને તેનાં દુ:ખોમાં રાહત

આપવા માટે પરવરદેગારે એક કરમ બક્ષેશ કીધી હતી. અને તે તેની રૂડી, ડાહી અને હેતીલી શાહનશાહબાનુ સ્ટેતીરા હતી. તે ગુણવંતી બાનુનું દીલ માયાથી ઉછળ્યા કરતું હતું, અને તેનાં દયાળુ દીલનો ઉભરો તેનાં પોતાનાં કે પારકાં, નાહનાં કે મોટાં, ગરીબ કે તવંગર સરવે તરફ એક સરખો વહયા કરતો હતો. તેના પોતાના દુઃખોથી તે નેક બાનું વધારે દયાળુ બની હતી. તેની રઇયતનાં દુઃખથી તેનું દીલ જલતું હતું. અને તેમને સુખી જોઇને તે મગન થતી. તેની ભુંડી સઃસુ પરીઝાતીશનાં કાવતરાંથી તે કંટાળતી અને કચવાતી, તે હલકી ઓરતના કરતુકોથી તે કમકમતી, અને જે કોઇ તેનાં ભોગ થઈ પડતાં તેઓ માટે તે અફસોસ કરતી. પણ જે ગુણે એ કાવત્રાંબાજ ઓરત સામે તેના નેક ધણીને લાચાર કરી મુકયો હતો તેજ ગુણ એ પાક બાનુ પણ ધરાવતી હતી. તે અસાધારણ નરમ હૈયાની હતી. અને દ્રઢ અને ઠરાવ ભરેલાં મનની પરીઝાતીશ જે કરતી હતી તેથી તેને વારવાની જેટલી અર્તક્ષર્ક્ષીસની જીકર ચાલતી નહતી તેટલીજ તેની રૂડી શાહનશાહબાનુ સ્ટેતીરાની પણ ચાલતી ન હતી. વળી તેઓ બન્ને એવાં નમાનાં હતાં કે તે હલકી ઓરતને પોતાની વડીલ સમજી જે ઈજત આપવા શીખેલાં હતાં તે તેઓએ તેની આવી નાલાયકી છતાં બી ચાલુ રાખેલી હતી.

એ બન્ને ભલાં રાજ્યકર્તાઓનું હેત તેમની રૈયત તરફ કેટલું બધું હતું, અને તેમની રૈયત પણ તેમને કેટલાં અખુટ વહાલથી ચાહતી હતી તેના બેજ દાખલા આપેલા અતરે બસ થઇ પડશે. રૂડી શાહાનશાહબાનુ સ્ટેતીરાનો સંસાર તો ભુંડી પરીઝાતીશે કંગાળ બનાવી મુકયો હતો, તેથી તેમાં તેને કશો કરાર ન હતો, અને તે હંમેશ બહાર ખુલ્લી હવામાં રાજ્યગાડીમાં ફરવા નીકળી પડતી. ત્યાં તે પોતાનાં મનને શાંત કરતી, પોતાની રૈયતનાં સુખ દુઃખની ખબર મેળવતી. તેમનાં દુઃખનું નીવારણ કરવાની તે કોશેશ કરતી. પોતાની ગરીબમાં ગરીબ રૈયતને પણ પોતાનો પવિત્ર હાથ ચુંબન માટે આપતી, અને તેની તેટલીજ હેતીલી રૈયત તેની ઉપર કુરબાન થઇ જતી.

ભલા અતક્ષર્ક્ષીસની રૈયત તરફની માયા પણ એવીજ હતી. અને રૈયત પણ તેનો તેને બદલો વાળી આપતી હતી. એક દીને તેની સવારી રાજ્યમાં ફરવા નીકળી હતી. ત્યાં તે એક ઇરાની ખેડુતનાં ખેતર આગળ આવી પહોંચ્યો ત્યારે તે ખેડુત એવા તો હરખમાં આવી ગયો કે પોતાના શાહાનશાહને કંઇ નજર કરવાનું લેવા દોડયો પણ તે ઘરથી દૂર અને ખેતરમાં હોવાથી તેને કંઇ મળ્યું નહિ, ત્યારે તેનાં ખેતરનાં નાળાંમાંથી તેણે પોતાના હાથોમાં પાણી લીધું, અને તે તેણે પોતા તરફની નજર તરીકે તે મહાન શાહ સન્મુખ ધર્યું. તે રૈયતની એવી જાનફેશાનીથી

શાહાનશાહ ઘણોજ મગન થયો, તેની ભેટ તેણે હેતથી સ્વીકારી, અને તે પાણીને પોતાનો હાથ લગાડી તેનાં ટીપાં પોતાના હોઠો ઉપર મુકયાં. અને તે ખેડુતની જાનફેશાની વાસ્તે તેણે ઘટતી કદર બુજીને પોતાની સાથના ઓને તેણે કહ્યું કે તે ભલા માણસની ભેટ એક લખે તો ખરચીતજ બેકીમ્મતી હતી, તોપણ તેની સાધારણ કીમ્મત ગણવા છતાં બી જે લાગણી સાથે તેણે તે નજર કીધી હતી તેથી તે ખાસ બેકીમતી ઠરતી હતી.

એ રૂડાં જોડાંનો સંસાર કમબખ્ત પરીઆતીશે કડવો તો કરીજ મુકયો હતો; પણ તેથી બી નહિ ધરાતાં. જ્યારે તે શાહાનશાહી જોડાંને એકબીજામાં સુખ માણુતાં તેણીએ જોયાં ત્યારે તે કંગાળ ઓરતે તેનો પણ છેડો લાવવાનું કાવત્રું રચ્યું, અને તે અશોં બાનુનું છુપી રીતે ઝેર આપીને તેણે ખુન કરાવ્યું.

આ ફટકો અર્તક્ષર્ક્ષીસથી ખમાયો નહિ. તેનું દીલ અસહ્ય દુઃખથી તુટી ગયું. તે ગમખાર બની જઈ રાજ્ય કારોબારપર ધ્યાન આપી શકયો નહિ, અને તેનો લાભ લઇ બુરી નેયતની પરીઆતીશે પોતાનું સુજયું કરી રૈયતને દુઃખ દેવામાં કશું બાકી રાખ્યું નહિ. પણ તે ઓરતનાં આવાં કર્પાણુ કામો છતાં તે તેની માતા હતી તે તે વીસારી શકયો નહિ. તે સર્વે તેણે માફ કીધું, અને સર્વે તેણે સહન કીધું. એવાં નેક માણસો પણ પોતાની એવી ભલાઇથી દુન્યાને ઘણીવાર આડકતરૂં નુકસાન પહોંચાડે છે.

પ્રકરણ અગીઆરમું

મહાન હખામન્યન શાહાનશાહતના અંતની શરૂઆત

અંતનાં કારણો

પારસીઓની હખામન્યન ટોળાની શાહાનશાહત એવી મહાભારત હતી, તે એટલું બધું કુદ્રતી જોમ ધરાવતી હતી, અને તેનું રાજ્યબંધારણ એવું તો ઉમ્દા હતું, કે જો તેનો કારોબાર સુલેહસંપ ભરેલી રીતેજ ચાલ્યો હોતે, તે જરા કાળજીભરેલી રીતે કરવામાં આવ્યો હતે, અને કેટલીક ખામીઓ થોડીક દરકારથી દૂર કરવામાં આવી હતે, અને તેની સલામતી માટે જે ચાલુ ચોંપ ઘટતી હતી તે રાખવામાં આવેલી હતે, તો બીજી સદીઓ સુધી ટકી રહેવાની તેનામાં લાયકાત હતી. પણ કુસંપ અને ગફલતી ગમે એવાં જોરનેબી નબળું કરી નાંખે, અને ગમે એવી લાયકાતબી રદ કરે. એ ઉપરાંત વળી ઘણી વાર કુદ્રતી સંજોગો એવા ઉભા થાય છે કે તેઓ આગળ માણસનું ડહાપણ કશું ચાલતું નથી, અને માણસાઇ જોમ રદ થઇ પડે છે. તેમજ પારસીઓની મહાન શાહાનશાહતના બાબમાંબી થયું.

કંકાસો.

મહાન શાહાનશાહ ક્ષર્શીસનું ખુન થયું ત્યારથી શાહાનશાહી કુટુંબમાં કજીઆ કંકાસો શરૂ થયા હતા. અને તે જમાનામાં તો રાજ્યકર્તાઓ ઉપર એટલો બધો આધાર રહેતો હતો કે તેઓનું દુઃખ તે તમામ રાજ્યનું દુઃખ અને તેઓનું સુખ તે તમામ રાજ્યનું સુખ થઇ પડતું. તેથી એવા કુટુંબી કંકાસોથી શાહનશાહત ઉપર ગંભીર અસરો થતી રહી. એ ઉપરાંત વળી નાહના સાઇરસના બળવાથી જે કુસંપ અને ફાટફુટ ઉભી થઇ તે કદી પુરાઇ નહિ. તેમાં જે જે મહોટાં કુટુંબો અને ખાન્દાનો સંડોવાયાં હતા તેઓ ઉપર આવી પડેલી શિક્ષાથી તેઓને શાહાન-શાહી ખાન્દાન સામે જે કડવાસની લાગણી પેદા થઈ તે કદી સમૂળગી જતી રહી નહિ. તેમજ વળી જે વફાદાર નરોએ તે બળવો કચડી નાખવામાં મહોટો ભાગ બજાવ્યો હતો તેઓ ઉપર સાઇરસની ભુંડી માતા પરીઝાતીશે પોતાનો લાગવગ વાપરીને જે ઘાતકી વેરો લીધાં હતાં તેનો કડવાસ પણ તદન ઘટી ગયો ન હતો. વળી છેક છેલ્લે છેલ્લેબી મહાન અને શૂરા પણ ઘણાજ કરડા શાહનશાહ અર્તક્ષત્ર હુખુશનાં સંગદિલપણાંથી જેમ પારસી અને ઈરાની અમલદારોમાંના ઘણાએક બેદિલ થઇ ગયા હતા, તેમજ

વળી ઘણીએક વફાદાર પ્રજાઓ અસંતોષી બની રહી હતી, અને સઘળું જાણે ઓછું હોય તેમ એ મહાન શાહાનશાહના તથા તેના ચંચલ બેટા શાહાનશાહ અર્ષનાં ખૂનો થવાથી આફતનો પાયો પુરો થવા આવ્યો. આખરે જે ભલા, દિલસોઝ, શૂરા, અને લાયકીવાળા પણ ભોળા અને કમનસીબ નરને માંથે શાહાનશાહતનું તાજ છેલ્લું મેલાયું તેના હક માટે પ્રજાનાં મનમાં શક અને હગદગો રહી ગયો, અને વળી અલેકસાન્ડર તો મહાન્ શાહાનશાહ અર્તક્ષત્ર હુખુશનોજ બેટો હતો એવી વાતો ફેલાઇ રહી ત્યારે તો પારસીઓની મહાન શાહાનશાહતની પાયમાલીનો પાયો જાણે ભરપુર થઇ ગયો.

રાજ્યકારોબાર ચલાવવામાં તથા લશ્કરો દોરવવામાં વપરાયલી ખામીઓ

વળી પારસી શાહાનશાહતનું બંધારણ જેમ ઘણું ઉમ્દા હતું તેમ તેને ચલાવવા માટે પણ સારી બાહોશી જોઇતી હતી, પણ છેલ્લે છેલ્લે તેમાં પણ ઘણી ગફલતી ચાલી હતી. વાઈસરૉયોને કેટલીક વાર ખાસ રીતે અનઘટતી છુટ આપવામાં આવતી, તો કોઇ વાર તેઓને ખાસ કાબુમાં રાખવામાં આવતા. તેથી વારંવાર મ્હોટા વાઇસરૅાયો બળવો જગાડતા, તેમજ સર્વે એકદિલથી કામ કરી શકતા ન હતા.

વળી લશ્કરી બંધારણ અને ગોઠવણોમાં પણ કેટલીક ગંભીર ખામીઓ હતી. પારસી સિપાહોનાં ભારી જોરને લીધે તેમજ જે કુદ્રત સરજીત લડવૈઆ-ઓએ વારંવાર તેઓની સરદારી લીધી હતી તેઓની બાહોશીને લીધે તેઓએ મહાભારત સાહસ કરમો કરી દેખાડયાં હતાં. અને ખુદ અલેક્સાન્ડર સામે લડતાં પણ પોતાનાં અજીત બળના એકથી વધુ પુરાવા આપ્યા હતા; મગર લશ્કરની તરબીયત તથા લશ્કરના કાયદાઓમાં કેટલીક એવી ગંભીર ખામીઓ હતી કે તેથી ખરાબીભરેલાં પરિણામો નીપજ્યા વગર રહે નહિ. જો લશ્કરનો વડો માર્યો જાય તો લશ્કર પોતાની હાર થયલી સમજતું, પછી તે ગમે એવી ફતેહથી લડાઇ કેમ કરતું નહિ હોય. જો કોઇ ગંભીર દુશ્મન ગણવામાં આવતો હોય તો તેની સામે જતાં લશ્કરની સરદારી ખુદ શાહાનશાહ લેતો હતો, પછી તેને લશ્કર દોરવવાની ખરી આવડ હોય કે નહિ હોય. લશ્કર ગમે એવું મહોટું હોય તોપણ તેને વહેંચી નાખીને દુશ્મનો ઉપર જુદી જુદી રીતે હુમલા લઇ જવા ઘટે તેમ ખાસ કાયદાની રીતે કરવામાં ન આવતું. લડા-ઇનાં મેદાનમાંબી સાધારણ રીતે તો એકજ નિર્માણ કીધેલી રીત પ્રમાણે લશ્કર ગોઠવવામાં આવતું, પછી લડાઇની જગ્યા ગમે તેવી કાં ન હોય. મગર લડાઇનાં મેદાનમાંબી લશ્કરને ખાસ બાહોશીથી વહેંચી નાખ-

વાની જરૂર હતી. અલબત પારસીઓના મહાન સરદારો તો પોતાની કુદરતી બાહોશીથી જે ઘટતી ગોઠવણો કરવાની હતી તે કરતા, પણ સાધારણ શક્તિના સરદારોની મદદ માટે જે લશ્કરી તરબીયતની અને કાયદાઓની જરૂર હતી તેમાં ગંભીર ખામીઓ હતી, અને તે સર્વે ખામીઓ શાહાનશાહતના નાશ વખતે ખુલ્લે ખુલ્લી જણાઇ આવી.

વીરૂધ્ધ ગએલા કુદરતી સંજોગો

એ બધાં ઉપરાંત કુદરતી સંજોગોબી ઘણા વિરૂધ્ધ ગયા હતા. જે વખતે શાહાનશાહતની પશ્ચિમની હદો ઉપર ગંભીર વાદળો ઉભાં થતાં હતાં, તેજ વખતે એક કરડો પણ મહાન નર પારસીઓની શાહાનશાહતનો માલેક થએલો હતો. પૂર્વના લખનારાઓ નોંધ લે છે કે મેસીડોનના પાદશાહે શાહનશાહતને ખંડણી આપવાનું બંધ કીધું તેથી શાહાનશાહ ઓખસ અથવા તેઓના જણાવવા મુજબ દારાબે ફીલીપ ઉપર એવો ધડક ખુજારો કીધો કે તેને માફ માગવાની ફરજ પડી. ખંડણી ઉપરાંત ઉમ્દા ભેટો તેણે શાહાનશાહ માટે મોકલી અને પોતાની બેટીને તેની સાથે શાદીમાં આપી. એજ લખનારાઓ વળી એકમતિથી જણાવે છે કે એજ શાહજાદીને પેટે અલેકસાન્ડર અવતર્યો હતો

તેથી પારસી શાહાનશાહતનો તે હકદાર વારસ હતો. મગર તેની વખતના હમેલને ભૈયામે તેની માતાને કોઈ અપમાન સાથે શાહાનશાહે તેના બાપને ત્યાં મોકલી આપી હતી, તેથી અલેકસાન્ડરનો જનમ મેસીડોનમાં થયો હતો અને તે ત્યાંજ ઉછર્યો હતો. મગર તે પોતાના હકની રૂએજ પોતાના બાપનું તખ્ત લેવા આવ્યો હતો તેથીજ ઘણાએક મ્હોટા પારસીઓએ તેની તરફદારી કીધી હતી. તેથીજ શાહાનશાહત મેળવ્યા પછી તેણે પારસીઓની રાહરસમો અખ્ત્યાર કીધી હતી, પારસીઓની શાહનશાહઝાદી સાથેજ શાદી કીધી હતી અને પારસીઓનું નવું લશ્કર ઉભું કીધું હતું. એટલું છતાં યુરોપના લખનારાઓ તો તેને ફિલિપનોજ બેટો ગણી ગયા છે.

એ ઉપરાંતબી એ શાહાનશાહે પાછળથી મેસીડોનને એક સખત ફટકો માર્યો હતો; મગર મેસીડોનની યુરોપમાંની ભારી હીલચાલો વખતે તો તે ઇજીપ્ટને પાછું જીતી લેવાનાં તેમજ બીજા ગંજાવર બળવાઓ દાબી દેવાનાં મ્હોટાં સાહસોમાં રોકાયલો હતો, તેથી તેનાથી તે તરફ ધ્યાન આપી શકાયું ન હતું. નહિ તો તે એવો ચતુર અને બળવાન નર હતો કે તેણે મેસીડોનને તુરતજ કચડી નાખ્યું હતે, અને દુન્યાની તવારીખ કાંઈ જુદીજ બની હતે.

નવાં મેસીડોનને શાહાનશાહત તરફના ફટકાઓ

એટલું છતાં જ્યારે પોતાની એશિઆ અને આફ્રિકામાંની મ્હોટી રોકાણોમાંથી શાહનશાહ પરવાર્યો તેવીજ તેને ખબર મળી કે થ્રેસના બાદશાહ કરસોબ્લેપ્તીસના મુલક ઉપર ફિલિપ પોતાનાં ચુનંદાં અને મ્હોટી સંખ્યાનાં લશ્કર સાથે ધુજારો ચલાવતો હતો. એ સમજતાં વાર તુરતજ થ્રેસના પાદશાહને મદદ કરવાના તાકીદના હુકમો પશ્ચિમના મુલકોના પારસી વાઇસરૉય ઉપર તેણે મોકલ્યા; અને તેથી થ્રેસના પાદશાહને એવી અસરકારક મદદ આપવામાં આવી કે ફિલિપને સખત હારો ખમવી પડી અને થ્રેસના મુલકમાંથી તુરતજ તેને હઠી જવું પડયું. વળી ફિલિપે કેટલાક બળવાખોર સરદારોને આશરો આપ્યો હતો તેથી પણ તેની સામે તેણે ધુજારો કીધો, પણ ફિલિપ એકદમ નમી ગયો, અને તેણે શાહાનશાહનું મન મનાવી લીધું.

ઉપલા બનાવ પછી ચાર પાંચ વરસોમાંજ અલેકસાન્ડરે શાહાનશાહતમાં ધસારો કીધો હતો. વાસ્તે જો તેની કુદ્રતી જીંદગીએ તેને જીવવા દેવામાં આવ્યો હતે તો એ વખતે તો તે ધસારાને અટકાવવાને અને કચડી નાખવાને મહાન શાહનશાહ ચોખસ

હૈયાત રહેલો હતે, મગર તે આફતકારક બનાવની ત્રણુજ વરસ આગમચ તો તે મહાન શાહને ઝેર આપીને તેનું ખુન કરવામાં આવ્યું. તેની પછી થોડા વારમાંજ તેના બાહોશ અને હીમ્મતવાન બેટા અર્ષનો પણુ જાન લેવાયો, અને એક શકમંદ હકવાળા નરને શાહાનશાહતનું તખ્ત આપવામાં આવ્યું. એ બધાંથી આવા ગંભીર વખતેજ શાહાનશાહાતમાં એવા ઘોંટાળા ઉભા થયા કે પશ્ચિમ તરફ બનતા બનાવો તરફ કોઇથી ધ્યાન આપી શકાયું નહિ.

પ્રકરણ બારમું

શાહાનશાહતનો અંત

મહાન પણ કમ તાલેનો દારાયસ કોદોમેનસ

શાહાનશાહતનો નવો માલેક દારાયસ કોદોમેનસ હતો. એક નામીચા તવારીખનવેસ મુજબ તે એક શૂરો નર હતો. તે સીધાં અને બુલંદ કદનો હતો, અને મન હરણ કરી લે એવો ખુબસૂરત હતો. સ્વભાવે તે દિલજીત અને ઘણોજ માયાળુ હતો, અને ગંજાવર મહેનત ઉઠાવી લે તેવો અને સહનશીલ હતો. તેમજ કેટલીક લડાયક બુદ્ધિ પણ ધરાવતો હતો. પણ તે વખતે શાહાનશાહતમાં એવા ગડબડ ઘોંટાળા થઇ રહેલા હતા અને નાફરમાની એટલી વધી ગએલી હતી કે એ કમનસીબ શાહાનશાહના ભલા અને નરમ ખવાસે તો જાણે શાહાનશાહતને દગો દીધો. એ વખત તો એવો થઇ પડેલો હતો કે તે વખતે એક કરડા શાહાનશાહનીજ જરૂર હતી.

જે વખતે દારાયસ તખ્તે બેઠો તેજ વખતે ફિલિપનું ખુન થયું હતું. પણ જ્યારે શાહાનશાહ હુખુશનાં ખુને ઈરાનને માથેથી એક મહાન અને તે

ઐયામને પૂરો પડે એવો મહાવીર ખુંચવી લીધો હતો, અને તેને બદલે તે ઐયામને જરા પણ કામ ન આવે એવા નરને તેને માથે બેસાડી દીધો હતો, ત્યારે ફિલિપનાં ખુંને તો તેના કરતાંબી એક ચ્હડતી ઝેનના અને ચહડતા લોભના નરને મેસીડોનને માથે મુકી દીધો હતો.

ફિલિપનાં ખુનથી દારાયસ જરા નચીંત થયો, મગર અલેકસાન્ડરની ધરપચ જેવી જણાવા લાગી કે તુરતજ તેની સામે ચાંપતા ઉપાયો લેવાવા માંડયા, અને અલેક્સાન્ડરના ચુનન્દા સરદાર પારમીન્યોને તેમજ બીજા સરદાર કેલાસને શાહાનશાહતના સરદારોએ ઘણીજ સહેલાઇથી સખત હારો આપી. પણ એવી જીતો તો સામી પાયામાલીનું કારણ થઇ પડી, કેમકે જો તેને બદલે પારસી લશ્કરોએ પેહેલે હારોજ ખમી હતે તો દુશ્મનો સામે વધુ ચોંપ રખાતે. મગર તેઓને શરૂઆતમાં સહેલો માર પડયો ત્યારે પારસીઓ નચીંત અને બેફિકર થઇ ગયા. અને તે બેફિકરાઈથી તેઓએ શરૂઆતમાં કેટલીક એવી ગંભીર બેદરકારી કીધી કે તેનાં પરિણામો માટે જમાનાઓનો ઠપકો તેઓએ હોરી લીધો.

અલેકસાન્ડરનું શાહાનશાહતમાં દાખલ થવું; ગફલતી અને બેદિલીથી તેનું ફાવી જવું

ઇ. પૃ. ૩૩૪ નાં વરસની બાહારની ફસલમાં ફિલિપે ઉભાં કીધેલાં ચુનન્દાં અને કસાયલાં

લશ્કરની સરદારી લઇને અલેકસાન્ડરે હેલેસ્પોન્ટ તરફ કુચ ચાલુ કીધી, અને શાહાનશાહતના અમલદારો તરફના કશાબી અટકાવ વગર તે એશિઆમાં દાખલ થયો. આ એક ગંભીર ભૂલ યા ગફલતી હતી. શાહાનશાહત પાસે દુન્યાનો સર્વોપરી દરિઆઇ કાફલો હતો. તેને વખતસર હેલેસ્પોન્ટની સામુદ્રધુની સંભાળવા રાખેલો હતે તો અલેકસાન્ડરથી એશિઆમાં દાખલ થવાતે નહિ. પણ તેમ કરવામાં આવ્યું નહિ. અને આવી નહાની જણાતી ભુલ યા ગફલતી દેખાડવાથી સૌથી ગંભીર પ્રકારનાં પરિણામો નીપજ્યાં.

ખરૂં કહીએ તો શાહાનશાહતના અમલદારોએ અલેકસાન્ડરના હુમલાની કશીજ ગંભીરતા જોઇ નહિ. આગળના યુરોપના સરદારોએ જે સરહદ ઉપર તોફાનો જગાડયાં હતાં અને આખરે તેઓને તેમાં જે શાહનશાહત તરફનો માર પડયો હતો, તેના જેવોજ આ પણ એક બનાવ બનતો હતો એવું તે અમલદારોને લાગ્યું. વળી મહાન શાહાનશાહ ઓખસના વખતથી મેસીડોન્યન લશ્કરોને શાહાનશાહી ફોજોએ સેહલો માર માર્યો હતો, અને છેક છેલ્લે છેલ્લેબી નામીચા મેસીડોન્યન સરદારો પાર્મિન્યો અને કેલાસને પારસી સરદારોએ સખ્ખ્ત હારો આપી હતી, એટલે તેઓને થાપ ખાવાન ખાસ કારણો પણ મળ્યાં.

એટલું છતાં શાહાનશાહતના થોડાક અમલદારોએ એ બનાવની ગંભીરતા થોડીઘણીબી જોયલી હતી. તેઓમાં મુખ્ય મેન્ટોર અને મેમ્નોન નામના રહોડયન ચુનાની સરદારો હતા. તેઓ એશિયા માઈનરના પારસી વાઈસરોય અર્તબાઇઝસના ખેશીઓ થતા હતા, અને પારસી શાહાનશાહાતના ઘણાજ ચુનન્દા અને વફાદાર અમલદારો હતા. તેઓ અલેકસાન્ડરનાં ગ્રીસમાંનાં કામોથી સારી રીતે માહીતગાર થએલા હતા. તેથી તેઓએ તો તેના હુમલાની ગંભીરતા જોઇ લીધી હતી, અને તેથી તેની સામે થવાના અને તેને નિષ્ફળ કરવાના જે એકલા અને ખરેખરા ઇલાજો હતા તે તેઓએ લેવાની ગોઠવણ કરવા માંડી. મગર બીજાં કારણો સાથે કુદ્રતી કારણોબી શાહાનશાહતની સામે ગયાં અને તે ઇલાજો અમલમાં મુકાતા અટકયા.

જ્યારે અલેકસાન્ડર એશિયામાં દાખલ થયો ત્યારે તેની પાસે આસરે પીસ્તાલીસ હજાર ઘણાજ ચુનન્દા સિપાહો હતા, મગર તે વખતે શાહાનશાહતમાં એટલો બધો ઘોટાળો અને ગેરબંદોબસ્ત થઇ રહેલો હતો, કે તેને સામે થવા માટે ફ્રિજ્યા, કેપેડોકીઆ અને લીડયાના પારસી વાઇસરોયો અર્પાત, મિત્રોબર્ઝેનીસ, અને સ્પિથ્રિદાતીસ મારકુટે ફકત ત્રીસ કે પાંત્રીસ હજારનું નાનું લશકર ઉભું કરી શક્યા.

એ વખતે પારસી લશ્કર સાથે નામીચો યુનાની સરદાર મેન્ટોર પણ હતો. તેણે ઘણીજ ડાહી સલાહ આપી કે દુશ્મન સામે ઘણીજ સંભાળથી કામ લેવું, લશ્કરમાં ધરખમ વધારો થાય ત્યાં તલક તેની સાથે લડાઇમાં ઉતરવું નહિ, આજુબાજુનો તમામ મુલક વેરાન કરી નાંખવો, અને નજદીકનાં શેહેરો પણ ખાળી નાખવાં, અને લશ્કરે દૂરના દૂર રહીને દુશ્મનોને બને એટલી નુકસાની પહોંચાડવી. તેઓને અસ્બાબ પહોંચતો અટકાવવો, તેમજ તેઓમાંના જે સપડાય તેઓનો નાશ કરવો. વળી એથીબી આગળ તેણે સલાહ આપી કે દરિઆઇ કાફલાને તાકીદે કામમાં લેવો, તેની ઉપર એક મજબૂત લશ્કર ચ્હડાવી દેવું અને તેને યુરોપમાં ઉતારી દઇને લડાઈનું મથક એશિઆમાંથી યુરોપમાં બદલી નાખવું.

ઉપલા પારસી વાઇસરૉયો ઘણાજ બાહોશ શૂરવીરો હતા; તેજ સાથે ઉંચામાં ઉંચા ગૃહસ્થપણાંના ગુણો તેઓ ધરાવતા હતા. તેથી દરિઆઇ કાફલાની મદદથી લડાઇનું મથક યુરોપમાં ફેરવી નાખવાની સલાહ તેઓએ એકદમ કબુલી, પણ આગલી સલાહ મુજબ ચાલવું તેમને ઘણું હલકું લાગ્યું. એક દુશ્મન છેક તેઓને બારણે આવી ચ્હડયો તો હિમતથી તેની સામા નહિ થવું, અને બીજા ઉપાયો લગાડી તેને

હેશન કરવા માટે પોતાની રૈયતને મુશ્કેલીમાં નાખવી એ તેઓ ઘણું નાલાયક સમજ્યા. પોતાનાં નાનાં લશ્કર છતાં તેઓ સીધી લડાઇ લડવા એકદમ તૈયાર થયા અને દુશ્મનને રોકવા ધસ્યા ગયા.

ગ્રેનાઇકસની લડાઇ; પારસી શૂરવીરોનું ભારી યુદ્ધ

પ્રોપોન્ટીસ યાને મારમોરાના દરીઆથી ફક્ત દસ માઇલ દુર ગ્રેનાઇકિસ નામની નદી આગળ પારસી લશ્કર અલેકસાન્ડરનો માર્ગ રોકી ઉભું. અને ઘોડેસ્વારો કાંઠાનો કબજો લઇ ઉભા. અલેકસાન્ડરે થોભ્યા વગર પોતાનાં લશ્કરને નદીમાં ઉતાર્યું. એમીન્ટાસ અને ટોલેમી નામના ચુનન્દા મેસીડોન્યન સરદારોનાં લશ્કરો પહેલવહેલાં સામાં આવ્યાં. પણ તેઓ ઉપર પારસી સરદારોએ એવો તો ભારી ધુજારો ચાલુ કીધો કે સખત માર ખાઇ તેમને પાછા હઠવું પડ્યું. આ ઉપ-રથી અલેકસાન્ડરે પારસી લશ્કર સામે પાછો જનુની ધસારો કીધો, અને તે વખતના લડાઇના કાનુનોથી ઉલ્ટા ચાલીને તેણે સામેના સિપાહોનાં તથા ઘોડાઓનાં મ્હોડાં ઉપર જખમો કરવા પોતાના સિપાહોને હુકમ આપ્યો. આવી જાતની લડાઇથી તેમજ દુશ્મનોના ઘણાજ લાંબા ભાલાથી પારસી લશ્કર ઘણુંજ મુશ્કેલીમાં

આવી પડયું, ત્યારે પારસી અમલદારો અને ઉમરાઓ ઘણાજ ઉશ્કેરાઇ ગયા અને એકદમ અલેકસાન્ડરનાં આંગ ઉપર ધસી ગયા. એક ઉમરાવે તેની કોલાહનાં એક ઝટકે ફાડચાં કરી નાખ્યાં. બીજા ઉમરાવ વાઇ-સરૉય સ્પિથ્રિદાતીસે તેનો જાન લેવા હાથ ઉગામ્યો તેટલામાંજ એક મેસીડોન્યન અમલદારે તેનોજ જાન લીધો. એ મુજબ પોતાના જાનની જરાબી કાળજી વગર પારસી શૂરવીરો દુશ્મનો સામે ધસ્યા જઇને પોતાના કીમતી જાનો ખોઇ બેઠા; અને આખરે મેસીડોન્યનોની જીત થઈ.

આ લડાઇથી ખુદ લશ્કરની સંખ્યામાં જે કાંઈ ખુવારી થઇ તે જીવ જેવી ન હતી, પણ જે ભારી અને નહિ પૂરાય તેવી ખોટ શાહાનશાહતને થઇ તે તો તે લડાઈમાં રેડાયલાં કીમતીમાં કીમતી લોહીની હતી. લગભગ દરેક પારસી અમલદારે મેદાન છોડવાને બદલે પોતાનો જાન આપ્યો હતો. અને ત્રણે સેટ્રેપોમાંથી ફકત ફ્રિજ્યાનો પારસી હાકમ અર્શીત એ લડાઇમાંથી બચવા પામ્યો હતો. તેને એ હારથી એટલું બધું ખરાબ લાગ્યું કે તેણે બીજેજ દીને પોતાનો જાન કબજ કીધો. તે વખતના ખાન્દાની પારસીઓમાં ઇજ્જત આબરૂ અને નામવરીના ખ્યાલો કેવા ઉંચા પ્રકારના હતા, તેનો એ ઉપરથી કાંઇક ખ્યાલ આવે છે.

એથીબી મ્હોટું નુકસાન તો એ થયું કે છેક પશ્ચિમના ત્રણુ મોટા મુલકોના હાકમો માર્યા જવાથી ત્યાં એવો ગેરબંદોબસ્ત થઇ પડયો કે અલેકસાન્ડરની વધુ સામે થવા કોઇ પણુ ત્યાં રહ્યુ નહિ, અને કશીબી વધુ મુશ્કેલી વગર તે મુલકો તેને હાથ આવી ગયા.

એથીબી ચહડતું નુકસાન એ થયું કે જે જે હાકમો અને પ્રજાઓ શાહાનશાહત તરફ બેદિલ થઇ રહેલાં હતાં તે સર્વે રાજીખુશીથી અલેકસાન્ડરને તાબે આવ્યાં. લીડયા, આયોન્યા, કેરીઆ, લાઇસીઆ, પેમ્ફીલ્યા, પીસીડયા, ફ્રિજયા, વગેરે સર્વે મુલકો અને ફક્ત માઇલીટસ અને હેલીકારનાસસ સીવાયનાં એશિઆ માઇનરનાં મ્હોટાં શહેરો કશીબી વિરૂદ્ધતા બતાવ્યા વગર તાબે થઇ ગયાં.

ઇસ્સસની લડાઇ

ગ્રેનાઇકસની લડાઇ પછી તુરતજ અલેકસાન્ડર સામે ચાંપતા ઉપાયો કામે લગાડવા જોઇતા હતા. તેની સામે જૂદે જૂદે ઠેકાણેથી મજબૂત હુમલાઓ મોકલી આપવા જોઈતા હતા, અને તે સાથે સાથેજ યુરોપમાં ધુજારો લઈ જવો જોઈતો હતો તેને બદલે તો છેક એક વરસ પછી શાહાનશાહ એકદમ એક ગંજાવર ફોજ લઇને અલેકસાન્ડરને શોધતા એશિયા માઇનરમાં

આવ્યો, અને સીર્યાની છેક પશ્ચિમ તરફ ધસ્યો ગયો. દુશ્મનની નજદીક આવતાં તેણે પોતાની મ્હોટી ફોજને વહેંચી નાખીને દુશ્મન ઉપર જૂદે જૂદે ઠેકાણેથી હુમલા કરવા જોઈતા હતા તેમ તેણે નહિ કીધું, અને આખું લશ્કર પોતા સાથે રાખ્યું.

પહેલે તો પોતાનાં મ્હોટાં લશ્કરને ફાવે એવું મેદાન દારાયસે પસંદ કીધું અને ત્યાં અલેકસાન્ડર માટે થોભ્યો. મગર અલેકસાન્ડરે સામા આવવાની ઢીલ કર્યા કીધી, ત્યારે તેણે તેની સામે કુચ ચાલુ કીધી, અને તે ઇસ્સસ નામની ઘણીજ સાંકડી અને અગવડભરી જગ્યા આગળ આવી ઉભો ત્યારે અલે-કસાન્ડર તેને સામો મળ્યો.

આવી જગ્યામાં લડાઇ કરવામાં દારાયસે ઘણીજ ગંભીર ભુલ કીધી. તે એટલી સાંકડી હતી કે ફક્ત ચાર હજાર સિપાહોની સફ તેમાં ગોઠવાઈ શકે; અને એક્કી વેળા ત્રીસ હજારથી વધુ સિપાહો લડી શકે નહિ. એટલે દારાયસનું મ્હોટું લશ્કર તો નકામું જેવું થઇ પડયું, બલકે તે સામું નુકસાનકારક થઇ પડયું, કેમકે લશ્કરની હીલચાલમાં તે ભારી હરકત જેવું માલમ પડયું.

એટલું છતાં જે લડાઈ થઇ તે ઘણીજ શૂરાતનથી લડવામાં આવી. અલેકસાન્ડરના થેસેલ્યન ઘોડેસ્વારોને

ખુબ હંફાવવામાં આવ્યા, અને પાર્મીન્યોને અડચણમાં લાવી નાખવામાં આવ્યો. શાહાનશાહના ગ્રીક સિપાહો ઘણી ઠરેલ રીતે લડતા હતા, અને ખુદ શાહાનશાહ ભારી યુધ્ધમાં રોકાઇ ગયો હતો, અને કોઈ લખનાર મુજબ તેણે ખુદ અલેકસાન્ડરને જખમ પણ કીધો હતો. એટલામાં દારાયસની રથના ઘોડાઓએ જનુની તોફાન કીધું, તેથી તેને ઘોડેસવાર થવું પડયું. મગર એ પગલાંથી તો લડાઇનું છેવટ આવી ગયું. શાહાનશાહી રથ ખાલી જોઇને બુમ ઉરાડવામાં આવી કે શાહાનશાંહ તો માર્યો ગયો. એ બુમાટાથી એવો ઘોંટાળો થઇ રહયો કે શાહનશાહનો જાન જોખમમાં આવી પડયો અને તેને ત્યાંથી ઉતાવળે લઇ જવામાં આવ્યો, અને તમામ લશ્કર પરાગંદે થઇ ગયું.

એ કમનસીબ પરિણામથી અલેકસાન્ડરના હાથમાં શાહાનશાહનું કુટુંબ અને મહોટો ખજાનો આવી પડયો, અને ફકત ગાઝાનાં શેહેર સીવાય સીર્યા, ફીનીશ્યા, પેલેસ્ટાઈન, ઇડયુમીઆ અને ઇજીપ્ટ રાજી-ખુશીથી તેને તાબે થઈ ગયાં, શાહાનશાહતને તાબેનો તમામ દરિયાઇ કાફલો પણ તેને હાથ જઇ પડયો, અને યુરોપમાં લડાઇ જગાડવાનો સંભવ તદનજ ભાંગી પડયો.

અર્બેલાની લડાઈ

પોતાનું કુટુંબ દુશ્મનને હાથ જઇ પડવાથી દારાયસનું મન ઘણું ખાટું થઇ ગયું. તેની પર અલેકસાન્ડર રખેને કોઇ આજ્ઞાઓ પાડે તેની તેને ભારી ફીકરચિંતા થયા કીધી, અને તેથી તેની સામે તુરતજ વધુ પગલાં ભરવાને બદલે તેની સાથે સુલેહ કરવાની તેણે સુચનાઓ કીધી, પણ તે ઉપર અલેકસાન્ડરે કશુંજ ધ્યાન નહિ આપ્યું ત્યારે આખરે ઇસ્સસની લડાઇ પછી છેક લગભગ બે વરસે તેણે અલેકસાન્ડર સાથે બીજી લડાઈ કરવા નક્કી કીધું.

આ વખતે આગલી લડાઇ વખતે થયલી ભુલો સુધારવાની તેણે ખાસ કાળજી લીધી, અને લડાયક સાજ સુધારવામાં તેમજ લડાઇની જગ્યા પસંદ કરવામાં તેણે તેનાથી બન્યું એટલું કીધું.

બીજી લડાઇ પુરાણું નીનીવહેથી કેટલાક માઇલ દુર આવેલી અર્બેલા નામની જગ્યા પાસે થઇ. શરૂઆતનું જંગ હાથોહાથ અને ઘણુંજ જનુનથી થયું. અલેકસાન્ડરના થેસેલ્યન ઘોડેસવારોને દાબી દેવામાં આવ્યા, પાર્મીન્યોને પાછો મુશ્કેલીમાં લાવી નાખવામાં આવ્યો, અને સીર્યાનો શૂરો પારસી વાઇસરૉય મઝાયુશ દુશ્મનો સામે ભારો જંગ ઉઠાવી રહયો. એટલામાં એક ચોક્કસ પગલું લેવા શાહાનશાહી

લશ્કરની એક મ્હોટી ટુકડી છુટી પાડવામાં આવી, તેવોજ તેથી પડેલા ખાંચામાં અલેકસાન્ડર ઝનુનથી ધસી ગયો, અને છેક દારાયસના રથ આગળ પહોંચ્યો, અને તેના રથ હાંકનારને મારી નાખ્યો. પાછી બુમ ઉરાડવામાં આવી કે શાહાનશાહ માર્યો ગયો. અને તેથી ઇસ્સસની લડાઇના જેવુંજ પરિણામ આવ્યું. અને શૂરો વાઈસરૉય મઝાયુશ પોતાનું લશ્કર દલગીરી સાથે મેદાનમાંથી પાછું ખેંચી ગયો.

એ પરિણામ પછી બેબિલોન અને સુસાના મુલકો ત્યાં સંઘરેલા મ્હોટા ખજાના સાથે અલેકસા-ન્ડરના હાથમાં વગર હરકતે ગયા.

શાહાનશાહતનો નબળો બચાવ

મહાન પારસી શાહનશાહતના બચાવનાં સાધનો મજબુત અને પુષ્કળ હતાં, પણ ઘણું હેરતભરેલું છે કે શાહાનશાહતનાં ઘણાંજ પુરાણાં, માતબર, મજ-બૂત કીલ્લેબંધીવાળાં, અને દુન્યાની શાહાનશાહતનો બસો ઉપર વરસોનો એકઠો થયલો ખજાનો ધરાવનારાં સંખ્યાબંધ શેહેરો દુશ્મનોને રાજીખુશીથી તાબે થઈ ગયાં! એ શેહેરો ગમે એવા જીતનારનેબી તોબા પોકરાવતે અને તેની ખંત ખલાસ કરી નાખતે, મગર તેવું કશું કરવામાં આવ્યું નહિ. અને વળી શાહાન-શાહતમાં જગેજગ આવેલા પહાડી દરવાજાઓ કે

જેઓને ખાસ રીતે મજબુત કરવામાં આવેલા હતા ત્યાં પણ કશો બચાવ કરવામાં નહિ આવ્યો. એટલુંજ નહિ પણ થોડેક દરજ્જે પર્સેપોલીસ સીવાય ખુદ શાહાનશાહાતનાં પાયતખ્તોનેબી બચાવવાની કોશેશ પણ કરવામાં ન આવી! શું દગો, બેવફાઇ, અંટસ અને બેદિલી આટલી બધી હદે પહોંચી ગયાં હતાં? કે શું પૂર્વના લખનારાઓએ અલેકસાન્ડરને શાહાનશાહ દારા યાને ઓખસનો બેટો અને પારસી શાહાનશાહતનો હકદાર વારસ જણાવેલો છે તે વાતમાં કાંઇ સચ્ચાઈ હતી? યા તો તે વાત તે વખતે ખરી મનાઇ હતી? એટલું તો ખરૂં કે અલેકસાન્ડરે છેક પહેલ્લેથી છેલ્લે વેર પારસીઓ સાથે કેટલીક પતાવટથી અને ઘણીએક સમજુતીથી કામ લીધું હતું.

એટલું છતાં બે ત્રણ ઠેકાણે શાહનશાહતના બચાવો વફાદારીથી અને બહાદુરીથી કરવામાં આવ્યા. શાહાનશાહતનો નામીચો યુનાની સરદાર મેમ્નોન ગ્રેનાઈકસની લડાઇમાંથી છટકવા પામ્યો હતો. તેણે તુરતજ માઇલીટસનાં યુનાની શેહેરોનો બચાવ કીધો, અને જ્યારે ત્યાં ટકાયું નહિ ત્યારે હેલીકાર્નાસસનાં બીજાં યુનાની શેહેરના વફાદાર પાદશાહની મદદે શાહાનશાહાતનો દરિઆઇ કાફ્લો લઇને જઇ પહોંચ્યો. તેઓએ અલેકસાન્ડરને ઘણી તોબા પોકરાવી, તેનાં લશ્કરના વડાને મારી નાખ્યો, અને આખરે જ્યારે કીલ્લો

નબળો થતો ચાલ્યો ત્યારે ત્યાંના લશ્કરનો શૂરો એથી- ન્યન સરદાર બે હઝાર ચુનન્દા સિપાહો લઇને બહાર ધસી આવ્યો, અને એવી ખુનામરકી કરી મુકી કે અલેકસાન્ડરનું લશ્કર નાસવા લાગ્યું. અલેકસાન્ડરે મુશ્કેલીથી નાસતાં લશ્કરને કાબુમાં લીધું, અને આખરે તે બહાદુર સરદાર હિમ્મતથી લડાઇ કરતાં માર્યો ગયો. અને ત્યાંનાં લોકોને મેમ્નોન કાફલાપર ચહડાવીને શેહેર ખાલી કરી ગયો.

એ પછી મેમ્નોને ખીઓસ અને લેસ્બોસના ટાપુઓ જીર્તી લીધા અને ત્યાંના મેસીડોન્યન લશ્કરો હાંકી કહાડયાં; અને તે પછી સ્પાર્ટાના રાજા સાથે યુરોપમાં લડાઇ જગાડવાની ગોઠવણો કરવામાં તે રોકાઈ ગયો, તેટલામાં તે શૂરા અને બાહોશ નરનું મોત નીપજયું, અને શાહાનશાહાતને એક નહિ પુરાય એવી ખોટ ગઇ કેમકે તેની જગ્યા લેવા કોઈ રહયું નહિ. અને આખરે કાફલાપરનું લશ્કર પણ જમીન ઉપર ખેંચી લેવામાં આવ્યું.

એજ મુજબ ઇસ્સિસની લડાઇ પછી જયારે મુલકો પછી મુલકો અને શેહેરો પછી શેહેરો અલેકસાન્ડરને તાબે થતાં ચાલ્યાં ત્યારે ફકત ફીનીશ્યામાં આવેલાં ગાઝા નામનાં એકજ શેહેરના વફાદાર હાકમ બાતીસે તેનો કબજો આપવા ના પાડી, અને છેક ત્રણ મહી- નાઓ સુધી અલેકસાન્ડરને હંફાવ્યો, તેને જખમી

કીધો અને ઘણો હેરાન કીધો, પણ જ્યારે આખરે તેની ફોજ ઘણીજ બહાદુરીથી લડી મુઈ, અને તે ઉમ્દા અને શૂરવીર સરદાર ઘણો જખમી થઈને દુશ્મનના હાથમાં જઇ પડયો, ત્યારે અલેક્સાન્ડરે હલકાં મનથી તેને પોતાના રથ સાથે બાંધ્યો, અને તે મરણ પામ્યો ત્યાં સુધી તેને પાછળ ઘસડયો. જ્યાં પોતાની મતલબ સારવાની હોય ત્યાંજ અલેકસાન્ડર છુટથી વરતતો, મગર છેક તેની ગ્રીસની લડાઇઓથી તે તેના અંત સુધી તેણે વારંવાર ઘણોજ ઘાતકી સ્વભાવ દેખાડયો હતો.

હેલીકાર્નાસસ અને ગાઝા જેવાં શેહેરોએ જે જે કરી બતાવ્યું તે પરથી દીસે છે કે મ્હોટાં શેહેરોના હાકમોએ ચાહયું હતે તો તેઓ દુશ્મનના માર્ગમાં જોરાવર અટકાવ નાખી શકયા હતે.

પ્રકરણ તેરમું

છેલ્લાં મહાભારત યુદ્ધો

પારસી લશ્કરોનાં અજીત બળ અને તેના સરદારોની માહાભારત બાહાદુરીના થોડાક દાખલા

પારસી અમલદારોના શૂરાતનના દાખલા થેનાઇ-કસની લડાઇમાં અચુક રીતે જણાયા હતા, અને દારા-યસની લડાઇઓમાં જો હાર મળી હોય તો તે કઢંગા સંજોગોથી જેટલી મળી હતી તેટલી લશ્કરની કમજો-રીથી મળી ન હતી તેના ઇસારાઓ તે લડાઇનાં બ્યાનોમાં આપણે જોઇ ગયા છીએ, મગર તે ઉપરાંત બી નીચલા દાખલાઓ પરથી જણાશે કે શાહાનશાહતનાં લશ્કરોનાં અજીત બળને જોઇએ તેવી રીતે વાપરવામાં આવ્યું ન હતું, તેથીજ અલેકસાન્ડરને ફાવી જવાનું બન્યું હતું.

છેલ્લી અર્બેલાની લડાઈ વખતે બે એવા બનાવો બન્યા હતા, કે શાહાનશાહનાં લશ્કરમાં કેવાં ઉચાં ખમીરના અને મહાભારત લડાયક જેનના સિપાહો હતા તેનો તે ઉપરથી આપણને ખ્યાલ આવે છે.

એ લડાઇમાં જ્યારે મેસીડોન્યન સરદાર પાર્મીન્યો પારસી લશ્કરને હાથ ઘેરાઇ ગયો, અને મુશ્કેલીમાં આવી પડયો, ત્યારે અલેકસાન્ડરે તુરત એક લશ્કર છુટું પાડી તેની મદદે મોકલી આપ્યું, પણ તેથી જેવો તેનાં લશ્કરોમાં ખાંચો પડયો કે તુરતજ તેમાં મીડયન અને પારસી ઘોડેસવારોની એક ટુકડી ધસી ગઇ અને દુશ્મનો પર એવો તો સખત મારો ચલાવ્યો કે તેઓમાં ભારી ગભરાટ થઇ રહયો, એટલામાં તે ટુકડી દુશ્મનના અસબાબ પાસે આવી પહોંચી અને લડવાનું બાજુ મુકીને તે લુટવા મંડી ગઇ, અને તેવું ભુલભરેલું પગલું ભરીને દુશ્મનોને બચી જવા દીધા.

એજ લડાઇની આખેરીએ જ્યારે શાહાનશાહના માર્યા જવાની ખોટી બુમથી લશ્કર પરાગંદે થઇ જતું હતું, ત્યારે પાર્મીન્યો પાછો એટલો બધો સકંજામાં આવી પડયો હતો કે અલેકસાન્ડરને તુરતજ તેની મદદે દોડી જવું પડયું. મગર જ્યારે તે તે તરફ દોડયો જતો હતો ત્યારે પારસી, પાર્થયન, અને મીડયન ઘોડેસવારોની એક બીજી ટુકડી ભુલમાં તેની સન્મુખ આવી પડી, મગર તે વખતે ગભરાટમાં પડવા, નાસવા કે તાબે થવાને બદલે તે શૂરવીરોની ટુકડીએ અસાધારણ હિમ્મતથી અલેકસા-ન્ડરનાં અખંડ લશ્કર ઉપર છાપો માર્યો, તેની સફો તોડી નાખી તેની અંદર ધસી ગઇ, અને ત્યાં

એવું તો શૂરાતન અને એવી તો જોરમંદી તેણે કામે લગાડયાં કે તેઓના મારાથી અલેકસાન્ડરનાં લશ્કર ઉપર કતલનો વરસાદ વરસ્યો, તેનો પોતાનો જાન જોખમમાં આવી પડયો, તેના ખુદ અંગરક્ષકો ટપોટપ માર્યા ગયા, અને તેના જાની મિત્રો હેફીષ્યન, ક્રીનસ, અને મિનીડાસ પણ જખ્મી થઇ પડયા, અને એ ભારી ધુજારો ચાલુ રાખીને તે વિરલાઓની અજીત ટુકડી કતલ વરસાવતી અને ઓરવાયા વગર દુશ્મનોની આરપાર સલામત નીકળી ગઇ.

આવા શૂરવીરોની તો સંખ્યાબંધ ટુકડીઓ શાહાનશાહનાં લશ્કરમાં હતી. મગર તેઓને જે નહિ હઠે એવાં ઠરેલ મનથી અને દુશ્મનને દાબી નાખનારાં ડહાપણથી જેમ દોરવવી જોઇતી હતી તેમ દોરવવામાં આવી ન હતી અને બનવાજોગ છે કે તેઓમાંની ઘણીકોને તે કમનસીબ લડાઇઓમાં બરાબર લડવાની તક પણ મળેલી ન હતી.

મહાન હખામન્યન શાહાનશાહતનો છેલ્લો અને દિલ ઉશ્કેરનાર બચાવ

પુરાતન પારસીઓના છેલ્લા મહાવીર આર્યોબુર્ઝીન અને તેની સાથના પારસી વીરોનાં દિલ ધુજાવનારાં જંગો

આટલે સુધીનો શાહાનશાહતનો બચાવ કશો જીવ જેવો કરવામાં આવ્યો ન હતો. ફક્ત પહેલ્લી

ગ્રેનાઇકસની લડાઈમાંજ ઐકયતા અને મજબુત ઠરાવ બતાવવામાં આવ્યા હતા. ત્યાર પછી તો પ્રેદિસી અને બેવફાઈ ખુદ શાહાનશાહતના અમલદારોએ પણ ચાલુ બતાવ્યાં હતાં. અને તેઓ એક પછી એક એલેકસાન્ડરની સાથે જોડાતાજ ચાલ્યા હતા. તેથી ખુદ શાહાનશાહી પારસીઓનાં વ્હાલાં વતન પર્સીઅનાં બારણાં તલક અલેકસાન્ડર વગર મુશ્કેલીએ અને પોતાનાં સર્વોતમ જોર સાથે આવી રહ્ડયો.

ખુદ પારસી કોમનું લડાયક બળ તો તમામ પુરાતન દુન્યામાં પથરાઇ ગએલું હતું; અને આ વખતે તો તે તદનજ વેરવીખેર થઇ રહેલું હતું. વળી ખુદ પર્સીસમાંના કેટલાક મ્હોટા અમલદારો પણ અલેકસાન્ડરની તરફદારી કરી રહેલા હતા; એટલે ત્યાં પણ અલેકસાન્ડરના ધસારા સામે અટકાવ નાખવાનાં સાધનો નબળાંજ થઇ રહેલાં હતાં. એટલું છતાં પોતાની વ્હાલી જન્મભુમી પણ દુશ્મનને રાજીખુશીથી સોંપી દેવાના કલંકમાંથી પારસીઓને બચાવનાર એક મહાવીર તેઓમાં ઉભો થયો.

એ મહાન નર ખુદ પારસીઓની શાહાનશાહી કોમનું ઉમ્દા લોહી પૂરૂં પાડનારી નામીચી સરજમીન પર્સીસ અથવા પાર્સના મુલકનો વાઇસરૅાય આર્યોબર્ઝનીસ અથવા આર્યોબુર્ઝીન હતો. તે ઘણીજ ઉત્તમ મન-શકિત, ઉમદા ખવાસ, અને અસાધારણ શૂરાતન

ધરાવનાર મહાવીર હતા. તે જાણુતો હતો કે પારસી પ્રજાનું મહાન લડાયક બળ તો પરાગંદે થઇ ગયલું હતું, ખુદ તેની સાથના અમલદારોજ દુશ્મનને તાબે થઇ જવાની ગોઠવણો કરતા હતા, અને દુશ્મન પોતાનાં સંપૂર્ણ જોર સાથે ધસ્યો આવતો હતો, એટલે હવે બચાવ કરવાની કશી આશા કે સાધનો રહેલાં ન હતાં; એટલું છતાં પોતાની મહાન ભૂમી દુશ્મનને એમ વગર હરકતે સોંપી દેવા તેણે સાફ ના પાડી. જે મહાન કોમે પોતાનાં વ્હાલાં વતનની નામદારી ફેલાવવા પોતાનું ઉમ્દામાં ઉમ્દા લોહી દુન્યામાં ચારે બાજુ રેડ્યું હતું તેજ કોમ પોતાની વ્હાલી સરઝમીન દુશ્મનને વગર હરકતે સોંપી દેય એ શું કદી પણ બને? એવો ખ્યાલ કરીને પોતાના પ્યારા મુલકનાં નામને ખાતર પોતાનો જાન સદકે કરી નાખવાનો ઠરાવ મહાવીર આર્યોબુર્ઝાને કીધો.

દુન્યાની શાહાનશાહુતની માલેક કોમના છેક છેલ્લામાં છેલ્લા અને જુજ રહેલા શેરમર્દોને તેણે પોતા સાથે લીધા; અને અલેકસાન્ડર આવી પહોંચે તે આગમચ પર્સીસની સરહદપરના 'સુસ્યન ગેટસ' નામના પહાડી માર્ગનો તેણે કબજો લઇ લીધો. અને જ્યારે દુશ્મનોનું ફતેહમંદ અને જબરૂં લશ્કર ત્યાં આવી ચ્હડ્યું ત્યારે એ પારસી હીરાઓએ મહાભારત સાહસકરમ કરી દેખાડ્યું. તેઓએ દુશ્મનો ઉપર મહોટા પથ્થરો અને જોરેમંદ તીરોનો એવો તો

ભારી મારો ચલાવ્યો કે તેઓને જબરા કચડઘાણ સાથે હઠી જવું પડ્યું. દુશ્મનોના ફરી ફરીના હુમલાઓ તે શેરમર્દોની નહાની ટોળીએ માહા બળતવારીથી મારી કાહાડયા. એ નાની ટોળીને મારી કહાડવા છેક પાંચ દીવસો સુધી અલેકસાન્ડરે મહાભારત અને મથી મથીને કોશેસો કીધી, અને તેટલું છતાં તે મુઠીભર પારસી સિંહોને નહિ જીતી શકયો ત્યારે તેનું મન ઘણું ખાટું થઇ ગયું; અને તેને ભારી ચિંતા ઉપજી, મગર એટલામાં એક ગ્રીક ગુલામે લાલચને વશ થઈને એક છૂપો માર્ગ અલેકસાન્ડરને બતાવ્યો. તે નહિ ધારેલી મદદથી એક જબરાં લશ્કરને તે પારસી ટોળીની પીઠે ચ્હડાવી દેવામાં આવ્યું અને તેણે તે નામદાર શૂરવીરોને તદનજ ઘેરી લીધા. ત્યારે ઉશ્કેરાયલા સિંહો મીસાલે તેઓએ દુશ્મનોનાં જબરાં લશ્કર પર ધુજારો કીધો. તેઓએ મહાભારત જંગ ઉઠાવી દુશ્મનોને કચડી નાખતાં પોતાના કીમતી જાનો આપ્યા. આખરે મહાવીર આર્યોબુર્ઝીન થોડાક સાથીઓ સાથે દુશ્મનોના ટોળાઓમાંથી ધસીને બહાર નીકળી ગયો, અને પર્સેપોલીસનાં મહાન શેહેરના દરવાજા આગળ છેલ્લું યુદ્ધ કરવા દોડયો.

પર્સેપોલીસ પહોંચતાં વારજ રાજ્યનો ખજાનો તેને સપુરદ કરી દેવાની તેણે શાહાનશાહી ખજાન્ચી

તીરીદાતીસને અરજ કીધી કે તેની મદદથી તે બન્ને એટલી મહોટી ફોજ એકઠી કરીને દુશ્મનોને એક છેલ્લો અને મજબૂત ફટકો મારે, મગર તીરીદાતીસે તેમ કરવા સાફ ના પાડી. અને તે વાતની છૂપી ખબર અલેકસાન્ડરને પહોંચાડી, ત્યારે તેના અફસોસનો કાંઇ પાર રહયો નહિ. શું તેઓ તે મહાન કોમના વીરો ન હુતા, કે જેણે મહા સંકટો વેઠીને અને પોતાનું અમૂલ લોહી રેડીને દુન્યાની મહાન શાહાનશાહત ઉભી કીધી હતી, કે જેઓનાં મહાભારત બળે દુન્યાની મહાન શાહાનશાહતો વશ કરી નાંખી હતી, કે જેઓની અજીત જોરેમંદી આગળ દુન્યા ધ્રુજી હતી? મગર તે મહોટાઇ અને તે જાહોજલાલીનો છેલ્લો દિવસ હવે આવી પહોંચતો હતો ત્યારે તો તે દિવસને પોતાનાં મહાન સાહસકરમોથી છેલ્લી શોભા આપવા અને દેખીતાં મોત માટે વાર જોતો મહાન આર્યોબર્ઝીન પોતાના નામવર સાથીઓ સાથે થોભ્યો.

જ્યારે દુશ્મનો છેક પર્સેપોલીસના દરવાજા તક ચઢી આવ્યા ત્યારે ઇરાનની તવારીખના સૌથી દિલ ધ્રુજાવનારા બનાવો બન્યા. દુશ્મનો સામે પારસી વીરોએ ભારી યુદ્ધ મચાવ્યું અને જ્યારે દુશ્મનોનાં ભારી જોર અને શેહેર અંદરના દગાથી તે

વિરલાઓથી ટકાયું નહીં ત્યારે તે વીરો દુશ્મનો ઉપર તુટી પડયા. ઉશ્કેરાયલા શેરો મીસાલે તેઓએ દુશ્મનોં ઉપર તરાપ મારી. મહાભારત જંગ ઉઠાવી તેઓએ દુશ્મનોપર મારનો વરસાદ વરસાવ્યો. જેઓ શૂરા આર્યોબુર્ઝીનના ભાલા સામે આવી પહોંચ્યા તેઓ તો મોતથી ઘેરાઇનેજ આવ્યા. પણ દુશ્મનોનાં ટોળે ટોળાંએ તે મહાવીરને ઘેરી લીધો. લોહીલુહાણ થયલો તે વીર શરણે ન ગયો. અસંખ્ય જખમો ખાઈને છેક છેલ્લી ઘડી સુધી દુશ્મનો ઉપર પોતાના જોરેમંદ હાથો ઉગામતાં તે મહાવીરે પોતાનો અતિ ઉત્તમ જીવ પોતાના કીરતારને સ્વાધીન કીધો. ધન્ય છે શૂરા આર્યોબુર્ઝીનના અવતારને ! અને ધન્ય છે પારસીઓનાં છુટાપણુંના પ્યારને ખાતર જાન આપનાર પારસી વીરાઓના જનમને !

પ્રકરણ ચૌદમું

અલેકસાન્ડર અને પારસીઓ

મહાન હખામન્યન ટોળાના છેલ્લા શાહનશાહનું દુઃખદાયક મોત

અર્બેલાની લડાઇ પછી શાહાનશાહ મીડયા ગયો; અને ત્યાં બીજું લશ્કર ઉભું કરવાની તેણે કોશેશ કીધી. મગર તે લશ્કર જોઇએ એટલું મ્હોટું નહિ લાગવાથી તેના અમલદારોએ તેને લડવા દેવા ના પાડી, અને શાહાનશાહતના છેક દૂરના ભાગો તરફ તેને લઇ ચાલ્યા. અલેકસાન્ડરને એની ખબર પડી ત્યારે તે પુઠે દોડયો, મગર આવી નાસભાગથી કંટાળીને દુઃખી શાહાનશાહે આગળ વધવા સાફ ના પાડી, ત્યારે તે રખેને દુશ્મનને હાથ જઇ પડે તેવી ફીકરથી ઉશ્કેરાઇ જઇને તેના પિતરાઇ બેકટ્રીઆના મ્હોટા વાઇસરોય બેસ્સસે તેને કારી જખમ કીધો, અને એક ગાડીમાં તેને એકલો છોડીને સર્વે આગળ ધસ્યા ગયા.

તે ગાડી આગળ એક મેસીડોન્યન સિપાહ આવી પહોંચ્યો, અને તેમાંથી આવતો દુઃખભરેલો અવાજ સાંભળ્યો, ત્યારે તે તેની આગળ દોડી ગયો. ત્યાં તેણે તે

મહાન નરને છેક મોતની નજદીક અને ઘણીજ દુઃખદાયક હાલતમાં જોયો, ત્યારે તેની છેલ્લી ઘડીએ તેની સેવા બજાવવાની તેણે કાળજી કીધી. તેનો જીવ તરસથી ચુંથાતો હતો તેથી તેણે દોડતા જઇને તેને પાણી લાવી આપ્યું અને તેની તરસ છીપાવી; અને પછી તુરત અલેકસાન્ડરને એ વાતની તેણે ખબર કીધી.

જ્યારે અલેકસાન્ડરે દારાયસને તેની છેલ્લી ઘડીમાં જોયો, અને પોતાના લોભોને લીધે તે મહાન નરપર આવી પડેલી આફતોનો તેને ખ્યાલ થયો ત્યારે તેની લાગણીઓ ઘણીજ ઉસ્કેરાઇ આવી. મરતા શાહાનશાહ આગળ તે ગુઠણુમંદીએ પડયો, તેણે ખમેલાં દુઃખો વાસ્તે તે બેસબર રડયો, અને તેની છેલ્લી પળોએ તેના મનનું સમાધાન કરવાની તેણે કોશેશ કીધી. દારાયસે તેની સાથે દુઃખી અવાજે પણ નરમાસ અને સંતોષથી વાત કીધી. તેનાં દુઃખી કુટુંબ સાથે તેણે ચલાવેલી ભલી વર્તણુંક માટે તેનો તેણે ઉપકાર માન્યો, અને જ્યારે નસીબે તેને ફતેહમંદ કીધો હતો ત્યારે તો તેણે જે મેળવ્યું હતું તે સુખે ભોગવવાની તેણે તેને આશીશ દીધી. પારસી પ્રજા સાથે માયા અને મિત્રાચારીથી વર્તવાની તેણે તેને સલાહ આપી, તેની શાહાનશાહજાદી સાથે શાદી કરવાની તેને વસીયત કીધી, અને બીજી કેટલીક ડહાપણભરેલી

નસીહતો કહીને તે મહાન પણ કમ તાલેના નરે પોતાની દેહ છોડી.

અલેકસાન્ડરે પારસી પ્રજા સાથે બાંધેલી ગાડી મિત્રાચારી

મહાવીર આર્યોબુર્ઝીનનાં મોત પછી અલેકસાન્ડરના પારસી મિત્રોએ તેને પર્સેપોલીસમાં દાખલ કીધો. ત્યાં તેણે રામરનીની મીજલસ કીધી, અને જ્યારે શરાબમાં તે ચકચુર થયલો હતો ત્યારે હલકી ચાલની એક ગ્રીક ઓરતની ઉસ્કેરણીને શરણ થઇને ત્યાંના નામીચા મેહેલોને તેણે આગ લગાડી. જ્યારે તેની શુધ ઠેકાણે આવી ત્યારે તે પોતાનાં કામથી પસ્તાયો, મગર તેનાં એ નાલાયક કામ માટે તે તવારીખનવેશોના સખત ઠપકાને પાત્ર થઇ ગયો.

એટલું છતાં તેનાથી અજાણ્યું તો નહિજ હતું કે તેણે જે કાંઇ કરી બજાવ્યું હતું તે જેટલું સંજોગોની મદદથી કરી બજાવ્યું હતું તેટલુંજ શાહાનશાહી કુટુંબથી અસંતોષી બનેલા તેના મહોટા પારસી મિત્રોની મદદથી તથા પારસી પ્રજાના માંહોમાંહેના કંકાસથી તેણે બજાવ્યું હતું, અને તેથી કોઇબી રીતે ખુદ પારસી પ્રજાને છેડવી એ તો તેને ઘણુંજ જોખમ ભરેલું લાગ્યું. તેથી આખરે તો પારસીઓ સાથે ઘણીજ ગાડી મિત્રાચારીની ગાંઠો તેણે બાંધી.

શાહાનશાહનાં ખુન માટે કરડાં વેરા લઇને તેણે પારસી પ્રજાનું મન મનાવી લેવા માગ્યું, અને પારસીઓના મહાવીર શાહાનશાહ સાઇરસ ધી ગ્રેટના અસ્તોદાનને તેણે નમન કરીને અને તે ઉપર પોતાને માથેનું તાજ ઉતારી મુકીને તેણે પારસી પ્રજાની દીલસોજી ખેંચી. શાહાનશાહાતના મહોટા ઓદ્ધાઓ ઉપર પારસી અમલદારોને તેણે કાયમ રાખ્યા; પોતાની દરબાર પારસીઓથી તેણે ભરી; પારસી પ્રજામાંથી તેણે નવું લશ્કર ઉભું કીધું અને તેને સુધરેલી રીતની લડાયક તાલીમ આપવા માંડી; પારસીઓ અને યુરોપ્યનોને નહિ તુટે તેવી સગપણની મજબૂત ગાંઠોથી બાંધ્યા; પારસીઓની શાહનશાહઝાદી સાથે તે પરણ્યો; અને પારસીઓના શાહનશાહોની સર્વે રીતભાતો તેણે અખ્ત્યાર કીધી.

પારસીઓ સાથે તે એટલો બધો મળી ગયો કે તેઓની કુમક ઉપર સંતોષ પકડીને જ્યારે તેણે પોતાના યુરોપ્યન સિપાહોમાંના મહોટા ભાગને પાછા તેઓને મુલક મોકલી દેવા કહાડયા ત્યારે તેઓએ મહોટું બંડ જગાડયું; અને અલેકસાન્ડરને તેઓએ તાણો માર્યો કે જ્યારે તે પારસીઓથી એટલો બધો રાજી છે ત્યારે તો તેઓનાંજ લશ્કરો લઇને તેણે ભવિષ્યમાં લડવું અને બાકીના યુરોપ્યન સિપાહોને

બી તેઓને ઘરબારે મોકલી આપવા. આ ઉપરથી અલેકસાન્ડરે તેઓની સખત ઝાટકણી ક્હાડી નાખી કે છેક જંગલી હાલત ઉપરથી ફિલિપે અને તેણે તેઓને ઇજતની હાલતમાં લાવી નાખ્યા હતા તોબી તેઓ તેટલાંથી સંતોષ નહિ પામીને એવી અણઘટતી મ્હોટાઇ માંગતા હતા કે જેને તેઓ કોઈ બી રીતે લાયક ન હતા. જો તેઓ એવું માનતા હોય કે તેઓ વગર તેને નહિજ ચાલશે તો તેમાં તેઓની મ્હોટી ભુલ હતી. તેઓને ગમે ને તેઓ સર્વે પોતાને ઘર ચાલ્યા જાય તો તેની તેને લેશ ભાર પણ દરકાર ન હતી. તેનાં આવાં ઠરાવભરેલાં બોલવાથી તેઓ સર્વે દબાઈ ગયા, અને તેના ફરમાવવા મુજબ ચાલ્યા.

અલેકસાન્ડરની કારકીર્દીનો તોલ

અલેકસાન્ડરે ફિલિપ જેવા બાહોશ લડવૈયાની દેખરેખ હેઠળ ઉંચા પ્રકારની લડાયક કેળવણી લીધી હતી, અને એરિસ્ટોટલ જેવા મ્હોટા ફિલસુફના હાથ હેઠળ દુન્યાઈ ડાહાપણની ચુનન્દી તાલીમ મેળવી હતી, તો તેના જેવા ચંચળ જેહનના અને છેક જનુન ભરેલાં લડાયક ખમીરના જવાન ઉપર તે કેળવણીની ઉંડી અસરો તો થયલીજ હોવી જોઇએ. અને ખચ્ચીત્તજ પોતાની કારકીર્દીમાં તેણે કેટલીક રીતનું ડાહાપણ અને કુશળતા બતાવ્યાં હતાં.

મગર તેને એક યુરોપ્યન ગણીને યુરોપના લખનારાઓ તેને વાસ્તે ઘણી ખુશીમાં આવી જાય છે અને તેને હદથી જ્યાદા મહોટાઇ આપી જાયં છે, પણ પારસીઓના મહાન શાહાનશાહ દારાયસ હીસ્તા-સ્પીસની મહાભારત શાહાનશાહતની હદોથી તો તેણે મેળવેલી સલતનત નહાનીજ હતી કેમકે યુરોપ્યન સ્કીથ્યા અને તેની પાસેના મુલકો તેમજ છેક ઉત્તર તરફના પ્રદેશો તેણે કબજે કરેલા ન હતા, તેમજ ઇથ્યોપ્યા જેવા દેશો ઉપર તેણે કાબુ બેસાડેલો ન હતો.

વળી પારસીઓનાં મહાવીર શાહાનશાહ સાઇરસે જે જંગી પ્રજાઓને મહાબળતવારીથી અને ઉંચી બાહોશીથી મહાત કીધી હતી તે સાહસકરમ તેનાથી તો ઘણું ન્હુડતુંજ ગણાશે; અને જીતેલા દુશ્મનો તરફ જે માયા અને મહેરબાની તે ભલો શાહાનશાહ દેખાડી શકતો તેવો ઉમ્દા ખવાસ તે કાંઇ હંમેશ દેખાડી ન શકતો, બલકે ઘણાએક દાખલામાં તે ઘણીજ ઘાતકી રીતે વરત્યો હતો; અને મહોટાઈના આવેશમાં તેણે ઘણી વેળા પોતાનું મન છકાવી મેલ્યું હતું.

ગ્રીસમાંની તેની લડાઇઓમાં તેણે ઘણુંજ ઘાતકી ઝનુન બતાવ્યું હતું. બહાદૂર અને રૂડી થીબન પ્રજાનો તો તેણે નાશજ કરી નાખ્યો હતો. અને એજ માફક

ટાયરના બહાદુર લોકો, શાહાનશાહતના બચાવમાં લડેલા પારસીઓ અને ગ્રીકો, હિમ્મતવાન સોગડ્યન પ્રજા વગેરેનો એટલીજ ઘાતકી રીતે તેણે નાશ કીધો હતો. જ્યારે બાતિસ અને બેસ્સસ જેવા વિરલા અને મહોટા હરીફો સાથે તે એક જંગલી માણસના જેવી હેવાન્યતભરેલી ચાલ તેણે ચલાવી હતી; અને ખુદ તેનો જાન બચાવનાર અને તેના મદદગાર મેસીડોન્યન સરદારો કલાઇટિસ અને પાર્મીન્યોનું પણ તેણે ખુન રેડયું હતું; વળી તે જ્યારે ઇજીપ્ટમાં ગયો ત્યારે તેણે કશું મહાભારત તો કીધેલું નહિ હતું, તોબી તે એટલો હુલકાયો કે મોટા દેવતા ઝીયુસ-એમનનો બેટો પોતાને સમજવા લાગ્યો.

પ્રકરણ પંદરમું

પુરાતન જમાનાની મહાન પારસી પ્રજાની લડાયક કેળવણી

મહાન હખામન્યન શાહાનશાહતના જમાનાની ખુદ પારસી પ્રજાની ગણત્રી ફક્ત વીસ લાખ માણસોની કરવામાં આવેલી છે, અને તેમાંથી બચ્ચાંઓ, બાનુઓ અને અશક્તો બાદ કરીએ તો ઘણામાં ઘણા ફક્ત પાંચ લાખ માણસો લડવા લાયકના ગણાય, અને તેમાંના દરેકે દરેક સિપાહગીરીમાં જોડાય તોજ પારસી પ્રજાનું આખું લડાયક બળ પાંચ લાખ માણસોનું ગણાય. એટલું છતાં એવી નાનકડી પ્રજાએ જે હેરતભરેલાં સહાસ કરમો કરી દેખાડયાં તે કોઇને પણ છક કરે તેમાં નવાઇ નહિ. તે જમાનાની પારસી પ્રજા તો શેરમર્દી અને લડાયક ખમીરમાં દુન્યાની ઉત્તમમાં ઉત્તમ પ્રજાની બરોબરી કરે એવી હતી. તેનાં હિમ્મતભર્યાં સાહસ કરમો તો દુન્યાના ઝળકતામાં ઝળકતા બનાવોની સંફમાં જગ્યા લઈ બેઠાં છે. હિમ્મત, કશાંથીએ ન હઠે એવું જોશ, સાહસ, અને ચીવટપણાંથી તે એટલી તો ભરપૂર હતી કે તેને 'શેરમર્દીભરેલી અને મહોટાં મનની પ્રજા' કહેવામાં આવી.

એ પુરાતન પારસી પ્રજાએ જે હેરતભરેલાં સાહસો કરી બતાવ્યાં તે જેટલાં મિતાહાર અને

પવિત્ર જીંદગી ગુજારવાથી બતાવ્યાં તેટલાંજ તે પ્રજાની લડાયક કેળવણીથી બતાવ્યાં હતાં. એ ઉપર જાણીતા તવારીખનવેશ રૅાલીન્સને નીચલી ઘણી જાણવાજોગ નોંધો એકઠી કીધેલી છે:--

દરેક છોકરો પાંચ વરસનો થતાંજ એ કેળવણી શરૂ થતી. ઝઝકલું થાય તે આગમચ તેને ઉઠવાનું અને એક ચોકકસ જગ્યાએ હાજર થવાનું હતું. ત્યાં તેની ઉંમરના છોકરાઓ સાથે દોડવાની, ગોફણુ મારવાની, તીરઅંદાઝીની અને બરછી ફેંકવાની કસરતોમાં તે જોડાતો. સાત વરસની ઉમરે તે ઘોડેસવારી શીખતો, અને તુરતજ થોડા વખત પછી તેને શીકારગાહમાં જોડાવાની રજા મળતી.

ઘોડેસવારી ફક્ત ઘોડાને કાબુમાં રાખવાનું સમજવામાંજ સમાયલી ગણવામાં ન આવતી; મગર તે ઉપરાંત તે જ્યારે પુર ઝડપે દોડતો હોય તે વખતે તેની પીઠ પર કુદી બેસવું, તેમજ તેવી વખતે તેની પીઠ પરથી કુદી નીકળવું, અને જ્યારે તે ચારો પગે દોડયો જતો હોય ત્યારે નહિ ચુકે એવી નેમથી તીર મારવું કે બરછી ફેંકવી, એવી એવી ભારી કુશળતાઓ પણ દરેક પારસી છોકરાએ મેળવવાની હતી.

શીકારગાહની કસરતો ખાસ સરકારી અમલદારોની દેખરેખ હેઠળ થતી અને જંગનાં મેદાનોમાં જે જે

ગુણો કામ આવે તે સર્વે ખીલવવાની તે અમલદારો કાળજી કરતા. સખતમાં સખત ગરમી અને સખતમાં સખત થંડી ખમવાની પારસી છોકરાઓને ટેવ પાડવામાં આવતી. તેઓ પાસે લાંબી કુચો કરાવવામાં આવતી. પોતાનાં હથીઆરો જરા પણ ભીંજવવા વગર નદીઓ ઓળંગવાની કુશળતા શીખવવામાં આવતી. રાતે ખુલ્લી હવામાં સુવાની, બે દીવસો વચ્ચે ફકત એકજ ખાણાપર સબુરી પકડવાની, અને વખતોવખત ટેટા, જંગલી પેર, તરપેન્ટાઇનનાં ઝાડનાં ફળ જેવી જંગલી પેદાયશો પર ગુજારો કરવાની તેમને ટેવ પાડવામાં આવતી.

જે દીવસે શેકારગાહે નહિ જવાનું હોય તે દીવસે સ્હવારે તેઓને તાલીમભરેલી કસરતો કરવાની હતી, અને તીરંદાઝી અને બરછી ફેંકવાની એક બીજા સાથે હરીફાઇ કરવાની હતી. એટલું કીધા પછી તેઓને ઘંઉની રોટી, જવનાં નાન, અને નીમક મરી સાથે ભુજેલાં યા બાફેલાં ગોશ્તનું સાદું પણ પુષ્ટિકારક ખાણું આપવામાં આવતું અને પીવા માટે ચોખ્ખાં પાણી સીવાય કશું બીજું આપવામાં ન આવતું; બપોર પછી ઝાડો રોપવાં, મુંગો ખોદી કહાડવાં, વગેરે ખેતીવાડીને લગતાં કામોમાં તથા હથીઆરો અને શીકારગાહમાં કામ આવતાં ઓજારો બનાવવાનાં કામોમાં તેઓને ગુંથાયલા રાખવામાં આવતા.

એ ઉપરાંત તેઓને સદગુણી બનવાની પણ ખાસ

તાલીમ આપવામાં આવતી અને તેમાં હંમેશાં સાચું બોલવાની ખાસ તબેહુ પાડવામાં આવતી. વળી ધર્મ, નીતિ, અને તવારીખનું વહેવારૂ જ્ઞાન પણ તેમને આપવામાં આવતું. તે માટે જોડાયલી કવિતાઓ તેઓને સમજાવવામાં આવતી, અને તેઓની મતલબ તેઓને મોંઢે મ્હડાવવામાં આવતી.

એવી કેળવણી પંદર વરસ સુધી એટલે તેઓ વીસ વરસની ઉમરના થાય ત્યાં તલક આપવામાં આવતી. મગર પંદરથી તે પચાસ વરસ સુધીના દરેક પારસીને શાહાનશાહતનાં લશ્કરમાં દાખલ થએલો ગણવામાં આવતો, અને તેને જ્યારે પણ કહેવામાં આવે ત્યારે લડાઇમાં જોડાવું પડતું. એટલું છતાં જેઓ સાધારણ વખતે લશ્કરમાં જોડાવા ખુશી નહિ હોય તેઓને તેમની લાયકાત મુજબની સનદી જગ્યાઓ આપવામાં આવતી, અને બીજા ઘણાકો ગામોમાં ખેતીવાડીમાં રોકાયલા રહેતા.

એ મુજબ નાનકડી પારસી પ્રજાના લડવા લાયક પાંચ લાખ માણસોમાંના ઘણાકો તો લશ્કરની બહાર રોકાયલા હતા. અને તેટલું છતાં છેક દુન્યાની શરૂઆતથી તે હાલના જમાના સુધીમાં જે કોઇબી મહાભારત શાહાનશાહતો થઈ હોય તેઓમાંની ઉત્તમમાં ઉત્તમ અને મહાનમાં મહાન શાહાનશાહતથી ઘણી એક બાબદમાં ચઢતી નહિ તો કોઇ પણ રીતે તેની સાથે સરખી ઉતરે એવી અદભુત સલતનત ઉભી કરનાર અને સદીઓ સુધી ટકાવનાર મહાવીરોની તે પ્રજા હતી.

ભાગ ત્રીજાનો વધારો

પ્રકરણ પેહલું

યુરોપ ઉપર ત્રીજી પારસી ચ્હડાઇ

પોન્ટસના મહાન પારસી શાહાનશાહ મિથ્રિદાતીસ ધી ગ્રેટનાં હેરતભરેલા સાહસ કરમો.

પોતે મેળવેલી મહોટાઇથી અલેકઝાન્ડર ઘણું અભિમાનમાં ઉતરી પડયો; અને કુદ્રત સાંખી નહિ શકે એવી હુલ્લડાઈ તેણે બતાવવા માંડી; તેથી ભર-જવાન ઉમરે તેનું મોત આવી પહોંચ્યું, અને તેથી ફિલિપે અને તેણે બાંધેલી મહોટી ઉમેદોનો નાશ થઇ ગયો. તેની ઇરાની બાનુંને પેટે અવતરેલા તેના બાળક બેટાનો તેમજ બીજા વારસોનો તેના એક સરદારે નાશ કીધો. અને તેની શાહાનશાહત તેના લોભી સરદારોએ વહેંચી લીધી.

મહાન પારસી શાહાનશાહત એવી મહાભારત હતી કે તેના ભાંગી પડવાથી સંખ્યાબંધ રાજ્યો ઉભાં થયાં, અને નહાના મહોટા બસો ચાલીસ હાકમો તેમાં રાજ કરતા થયા. અને હજી શાહાનશાહતમાં પારસીઓનો એટલો બધો કાબુ રહેલો હતો કે પોન્ટસ, કેપેડોકિઆ, આઝરબાઈજાન, આર્મીન્યા, વગેરે જેવા મુલકોમાં મહોટાં પારસી રાજ્યો ટકેલાં હતાં. એઓ સર્વેની તવારીખ પારસીઓને તો ઘણીજ જાણવા લાયક છે. મગર એ સર્વેમાં પોન્ટસનાં નામીચાં પાદશાહી ખાન્દાનમાં એક એવો તો પારસી મહાવીર થઇ ગયો છે, અને યુરોપના પ્રખ્યાત લખનારાઓએ તેની જીંદગીના આપેલા હેવાલો એવા તો અદભુત છે, કે એક લખનાર કહે છે તેમ અરેબિયન નાઇટસના કે બીજા અજબ જેવા કહાણી કીસ્સાઓબી તેથી વધારે હેરત ભરેલા નહિ હશે.

પોન્ટસનું રાજ્ય છેક એશિઆ માઇનરને મથાળે અને કાળા સમુદ્રના કીનારા ઉપર આવેલું હતું. છેક હખામન્યન શાહાનશાહતના પાછલા વખતથી આર્યોબુર્ઝીનનાં સબકતાં નામના કેપેડોકીઆના પારસી શાહઝાદાએ તે સ્થાપેલું હતું; અને ત્રણસો વરસો સુધી તે ટકેલું હતું.

ઇ. પૂ. ૧૨૦ માં પોન્ટસના પાદશાહ મિથ્રિદાતીસ ૪ થાનું ખુન થયું, અને તેનાં તખ્ત ઉપર તેનો

બેટો મિથ્રિદાતીસ અથવા પાછલા ઉચ્ચાર મુજબ કહીએ તો મેહેરદાદ ૫ મો બેઠો.

એવું કહે છે કે એના જનમ વખતે હેરતભરેલા દેખાવો આસ્માનમાં જણાયા હતા, અને તે એક મહાન જીંદગી ગુજારશે એવા ચિન્હો જણાયાં હતાં. બાળ-અવસ્થામાંજ તેને મારી નાખવાની કોશેશો થઈ હતી, તે સર્વેને તેની અદભુત શક્તિએ વ્યર્થ કરી મુકી હતી. તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉમર ફકત બાર વરસની હતી; તે છતાં તેના દુશ્મનોએ છોડેલા ખુનીઓએ તેની પૂઠ પકડી ત્યારે છેક સાત વરસ સુધી ઘણીજ જંગલી અને જનુની પહાડી પ્રજાઓમાં તે બેફિકર ફર્યો; અને તેઓની રાહરસમનો તેણે બારીક અભ્યાસ કીધો; તથા તેઓમાંથી તેણે મહોટી અને બળવાન ફોજો ઉભી કીધી.

ઉંમરમાં આવતાંજ તેણે સર્વે કારોબાર પોતાના હાથમાં લઇ લીધો, અને નજદીક તેમજ દુરના મુલકો ઉપર સવારીઓ કરીને એક મહોટી, વસ્તીથી ભરપૂર અને અખુટ આમદાનીની શાહનશાહત ઉભી કરી દીધી. કાળા સમુદ્રની પૂર્વ તરફના ન્હાના આર્મીન્યા, કોકેશ્યા વગેરે તમામ મુલકો, અને યુરોપ્યન રશીઆમાંના ડોન, નીપર અને નીસ્ટર નદીઓવાળા ક્રીમ્યા સુધ્ધાંના મુલકો તેણે સર કરી લીધા હતા. એ ઉપરાંત ગેલેશ્યા

અને પેફ્લેગોન્યાની સરઝમીનોબી તે કબજે કીધી હતી, અને કેપેડાકીઆમાં પોતાનો લાગવગ વધારવામાં તે રોકાયલો હતો ત્યારે રોમન પ્રજા સાથે તને અથડામણુ થઇ, અને તેનાં પરિણામે તેણે રોમનો સામે એવાં મહાભારત યુદ્ધો કીધાં કે તેથી તમામ દુન્યા છક થઈ, અને રોમન પ્રજા રાત દીવસના ધડક ધુજારામાં પડી.

પહેલ્લી કોશેશોમાં રોમનો કેટલાક ફાવી ગયા; મગર મહાન મિથ્રિદાતીસે તમામ એશિઆ માઇનરના મુલકોમાંથી રોમન લશ્કરોને આખરે મારી કહાડયાં, અને પછી તેણે યુરોપમાં ધસારો કીધો, અને તેના સરદારોએ એથન્સનાં નામીચાં શેહેરનો કબજો લીધો. રોમન સરદાર મ્યુરીનાને તેણે મારી કહાડયો. રોમન કોન્સલ કોટ્ટાને ચાલ્સીડોનનાં શેહેર આગળ તેણે પૂરી હાર આપી, અને તેનો કાફ્લો ઇટલીનાં શેહેરોને ધાસ્તીમાં નાખવા મંડયો.

એ પછી પોમ્પીને હાથે અને રોમન કાવાદાવાથી તેને હેરાનગતી ખમવી પડી, ત્યારે ખુદ રોમ ઉપર લ્હડાઈ લઇ જવાનો તેણે મહાભારત વિચાર બાંધ્યો. પેન્ટીકેપીઅમ ખાતે તેણે મથક કીધું, અને ત્યાંથી રોમનો સામેની લ્હડાઈઓની ગોઠવા કીધી. જબરી ગોથ પ્રજા સાથે તે દોસ્તી માંડી, અને આખરે

રોમ ઉપર ધસારો લઇ જવા પોતાની મહાન ફોજને આલ્પ્સના પહાડોની પેલી પાર ઉતારી મૂકી.

આથી રોમન પ્રજામાં ભારી ધાસ્તી પેદા થઇ. મહાન મિથ્રિદાતીસની નામના એવી હતી કે તેની સામે પાધરી લડાઇમાં એકદમ ઉતરવાની તેમની હિમ્મત થઇ નહિ. તેથી તેઓએ પોતાની હંમેશની ચાલ મુજબ કાવાદાવા કામે લગાડયા, અને તેની અસર એવી થઇ કે તેના ભુંડા બેટા ફર્નકની સરદારી હેઠળ તેની ફોજે બંડ મચાવ્યું, અને બુઝોર્ગીના અઇઆમમાં એ બેટો રખેને તેને કાંઇ હીણું લગાડે એવા વિચારથી ઉસ્કેરાઇને તેણે પોતાનો જાન પોતાની મરજીથી કબજ કીધો.

— · · —

પ્રકરણ બીજું

મહાન મિથ્રીદાતીસની અદભુત શક્તિઓ અને હેરતભરેલી બાહોશી

મહાન મિથ્રિદાતીસની લડાયક હુન્નરમંદી એવી ચ્હડતા પ્રકારની હતી કે રોમનોના જાણીતા લખનાર જસ્ટીન મુજબ તો તે અલેકસાન્ડર કરતાંબી ચ્હડતી ઝેનનો લડવૈયો હતો. મગર એટલાંમાંજ તેની મહોટાઇ સમાયલી ન હતી. તેની તો સર્વે શક્તિઓ અદભુત હતી, અને તેની બાહોશી તો છેક અજબ પ્રકારની હતી.

તેનાં શરીરનું કદ અને તેનું જોર એટલું તો હેરતભરેલી હદ સુધીનું અસાધારણ હતું કે તેને ટકાવવા માટે ખોરાક પાણી તેને અસાધારણ જથ્થામાં લેવાં પડતાં. વળી હથીઆરો વાપરવામાં, ઘોડેસ્વારીમાં, શીકારગાહમાં, અને તનની કસરતોમાં તો તેની હુન્નરમંદી છેક છક ભરેલી હદ સુધી અજાયબ જેવી હતી, અને એ સર્વે ઉપ્રાંત તેની બહાદૂરી તો એવી મહાભારત હતી કે તેથીજ છેક બચ્ચાંની હાલતથી પડેલા અસંખ્ય અને ભારીમાં ભારી હાદેસાઓમાંથી તે સલામત અને બેફિકર તરી આવ્યો હતો. ખુનીઓનાં કાવત્રાંથી, જંગલી અને જનુની લોકોથી, કે કરડા દુશ્મનોથી કોઇથીબી તે ડરતો નહિ. વળીક

વેળા જબરામાં જબરા દુશ્મનોની છેક વચ્ચે તે જઇ પડયો હતો; પણ સર્વે આફતોમાં તેણે અદભુત હિમ્મત બતાવી, અને તે સર્વેમાંથી તે સલામત નીકળી ગયો. એક વખતે તેનું લશ્કર એવું પરાગંદે થઇ ગયું હતું કે તેની બાનુ અને ફકત એકજ સવાર સીવાય કોઇબી તેની સાથે રહેલું નહિ હતું, અને એવી હાલતમાં તે રોમન દુશ્મનો વચ્ચે સપડાઇ ગયો હતો. ત્યારે ડરવાને બદલે તેણે પોતાની જોરેમંદ શમશેર ખેંચી કહાડી અને તે મહાવીર પોતાની બાનુને અને તે સવારને સાથે લઇને દુશ્મનોનાં ટોળાંઓમાંથી એકલો ધસારો કરીને નીકળી ગયો.

તેની તનની હુન્નરમંદી સાથે તેનાં મનની શકિતઓબી કાંઇ અદભુત પ્રકારની ખીલેલી હતી. તેની બાહોશી એટલી બધી હતી કે ફકત વીસ વરસની ઉમરમાં તો તે પચીસ ભાષાઓ શીખી ગયો હતો, અને તેની દરબારમાં આવતા તરેહવાર પ્રજાઓના એલચીઓ સાથે તેઓનીજ ભાષામાં તે છટાશી વાતચીત કરતો.

ઘણાજ ઉંચા પ્રકારના વિદ્યા અભ્યાસનો તે એટલો તો શોકીન હતો કે પોતાની બોહોળી રોકાણો છતાં તે પોતાનો મહોટો વખત તો ઉંડા અને બારીક અભ્યાસોમાંજ રોકતો. ગ્રીક જેવી ફિલ્સુફીઓનો તો તે ચુનન્દો અભ્યાસી હતો; તરેહવાર જાતના છુપા અને

બીકટ હુન્નરોમાં તો તે મચેલોજ રહેતો, અને તેથી તેણે ખીલવેલી શક્તિઓ તલેસ્માતીક જેવી ગણાતી; અને હકીમાનો તે એવો તો મહાન અભ્યાસી હતો કે તેમાં તેણે અજબ જેવી શોધખોળો કીધી હતી, કાતેલમાં કાતેલ ઝેરોના ઉપાયો તેણે શોધી કહાડયા હતા, તથા હકીમાના હુન્નર ઉપર એક કીમતી કેતાબ તેણે લખી હતી.

વળી ચ્હડતા વિદ્યાઅભ્યાસનો તે જેટલો શોકીન હતો તેટલોજ તેની ઉદાર દિલની પીછાન કરનારબી તે હતો. પોતાની દરબાર ગ્રીક અને બીજા વિદ્વાનોથી તેણે ભરી નાખી હતી અને બીજા હુન્નરમંદો સાથે સૌથી સરસ કવિઓને તેણે ઇનામો આપવાની શરૂઆત કીધી હતી, અને તરેહવાર પ્રકારના હુન્નરમંદીના નમુનાઓ તથા અજાયબીઓનો તેણે સંગ્રહ કીધો હતો.

ટુંકમાં, તેની તનની તેમજ મનની શક્તિઓ એટલી ચપલ અને ઉંડી હતી કે પુરાણી દુન્યાના સૌથી ગંભીરમાં ગંભીર તવારીખનવેશોએબી જે જે તેને વિષે ખાતરીભરેલી રીતે લખેલું છે તે લગભગ નહિ માની શકાય એવું અજાયબ જેવું છે. એ સર્વે સાહસ કરમોનો હેવાલ મહાન મિથ્રિદાતીસે પોતાને હાથેબી લખેલો હતો, અને તે પાછળથી રોમનોને

હાથ ગયો હતો. ખચ્ચીતજ તમામ દુન્યાની તવારીખમાં મહાન મિથ્રિદાતીસના જેવી અદભુત શકિતવાળા થોડાજ મહાવીરો થઇ ગયા હશે. તેને મળેલા મહાનપણાંના એલ્કાબને તે સર્વે રીતે અને તદનજ લાયક હતો

પોતાની આર્વી તરેહવાર રોકાણો છતાં રાજ-કારોબારમાં તે એવો કુશળ હતો, અને મહોટાં માણસોનાં ટોળાંઓનેબી કચડી નાખે એવાં તોફાનોના વંટોળ્યામાં હંમેશનો તે સપડાયલો રહેવાથી કોઇવાર તે કરડો થઇ જતો તોબી, હંમેશ તો તે એવો મહેર-બાન અને માયાળુ રહેતા કે તેની રૈયતો તેની ઉપર કુરબાન કુરબાન થઇ જતી; અને એશિઆની રૈયતો તેની ઉપર એટલી મગન થયલી હતી કે તેઓ તેને "એશિઆનો તારનાર" કહેતી.

રોમનોનો તે ઘણોજ બળવાન હરીફ હતો. તેનાં નામની એવી જાદુઈ અસર થતી કે તે જયાંબી જતો ત્યાંના સાહસિક નરો તેની આસપાસ એકઠા મળતા, અને નરમમાં નરમ માણસોનેબી હિમ્મત આવી જતી. એનાં અચબુચ મોતથી પારસી નામનાને મહાભારત ખોટ ગઈ, અને દુનિયાની તવારીખના ઘણાજ ઝળકતા સફાઓ કેટલાક લખાતા રહી ગયા.

પુરાતન ઈરાનનો ઇતિહાસ

ભાગ ચોથો

ઈરાનની મહાભારત અર્ષકાની શાહાનશાહત

પ્રકરણ પહેલું

શરૂઆતની તવારીખ

મહાન અર્ષકાન્યન શાહાનશાહતની સ્થાપના

બુલંદ પારસી સલતનતના અંતને ફક્ત પાંણોસો વરસ થયાં એટલામાં તો વળી એક બીજી મહાભારત ઇરાની શાહાનશાહતનો પાયો નાખી દેવામાં

આવ્યો. એ નામીચી સલતનત એવા સબકતા વખતે સ્થાપવામાં આવી કે તે લગભગ પાંચસો વરસ સુધી ટકી રહી. તેણે પોતાની લાંબી હૈયાતીમાં સેલ્યુકસના ખાનદાન હસ્તકની એશિઆની સૌથી બળવાન સીર્યન શાહાનશાહતનો કચડઘાણ કાઢી નાખ્યો, સ્કીથ્યન પ્રજાઓના જબરા દરોડાઓને મારી કાઢયા, યુરોપના સૌથી પ્રખ્યાત લડવૈયા રોમનોને સખતમાં સખત શિકસ્તો આપીને ભારી નામોશીમાં નાખી દીધા, અને તેઓના લોભમાં નહિ હઠે એવો જબરો અટકાવ નાખીને દુન્યાંની શાહનશાહતમાં પોતાનો સરખો ભાગ પડાવ્યો.

અલેકઝાંડરનાં મોત પછી તેના સરદારો રાજ્ય માટે માંહોમાંહે લડયા, તેમાં આખરે એશિઆમાંનાં જે મુખ્ય રાજ્યો તેના એક સરદાર સેલ્યુકસને હસ્તક ગયાં, તમાં બેકત્રીઆ પણ એક હતું, અને ત્યાં સેલ્યુકસનો હાકમ તેની તરફથી રાજ્ય ચલાવતો હતો; મગર ત્યાંની પુરાણી અને નામીચી ઇરાની પ્રજાને એવી તાબેદારી રૂચી નહિ, તેથી સેલ્યુકસના બેટા એન્ટીઓખસના વખતમાં ત્યાંના ગ્રીક હાકમ ડાયોડોટસની સરદારી હેઠળ બંડ ઉઠાવીને તે સ્વતંત્ર થઇ, અને તે ગ્રીક હાકમને પોતાનો પાદશાહ ઠરાવ્યો.

એવું કહે છે કે બેકત્રીયન પ્રજાએ એક પરદેશીને પોતાનો પાદશાહ કબુલવાથી બે નામીચા

બેકટ્રીયન સરદારો અર્ષક અને તિરિદાતીસ યાને તિરદાદ નાખુશ થયા, અને પોતાના તાબાનાં ત્રીસ હજાર કુટુંબોને લઇને બેકટ્રીઆની પશ્ચિમ તરફ આવેલા પાર્થ્યાના મુલક તરફ તેઓ ચાલ્યા ગયા. ત્યાંના મેસીડોન્યન હાકમ સાથે ખાસ સરતો કરીને ત્યાં તેઓએ વસવાટ કીધો, અને પોતાના મોભા અને બહાદુરીથી પાર્થ્યન પ્રજામાં ઘણા માનીતા થઇ પડયા. એવામાં ત્યાંના હાકમ ફેરેકલીસે તેમનું કાંઇ અપમાન કીધું, ત્યારે તેઓએ પાર્થ્યન પ્રજાની અનજુમન તેડીને પોતાની ફર્યાદ તેઓને કહી, જે ઉપરથી પાર્થ્યનોએ બંડ ઉઠાવીને પોતાના હાકમનો નાશ કીધો, અને આસરે ઇ. પૂ. ૨૫૫ માં અર્ષકને પોતાનો સ્વતંત્ર પાદશાહ નેમ્યો, અને તેથી મહાન અર્ષકાન્યન શાહાનશાહતની સ્થાપ્ના થઇ.

અર્ષકાન્યનોએ સીર્યન શાહાનશાહતને આપેલો જબરી શિકસ્તો

અર્ષકે પોતાનો વખત પોતાનાં તખ્તને સાબેતી આપવામાં પૂરો કીધો, અને તેની પછી તેનાં તખ્ત ઉપર તેનો ભાઈ તિરિદાતીસ ઈ. પૂ. ૨૪૭ માં અર્ષક બીજાનું નામ ધારણ કરીને બેઠો. તે ઘણોજ બાહોશ નર હતો. તેણે પોતાનાં રાજ્યને વધુ મજબુતી આપવા જગેજગ લાયક ઠેકાણે કીલ્લાઓ બાંધ્યા, તેઓની

જાળવણી માટે અંદર લશ્કરો મુક્યાં, અને પોતાના પગ મજબુત કર્યા પછી રાજ્યની હદો વધારવા તે મંડયો, અને સીર્યન શાહાનશાહત હસ્તકનું હીર્કેન્યાનું રાજ્ય છીનવી લીધું.

એ ઉપરથી સીર્યન શાહાનશાહ સેલ્યુકસ બીજો એક જબરૂં લશ્કર લઇને પાર્થ્યા જીતવા આવ્યો. એશિઆની સૌથી બળવાન શાહાનશાહત જે કાંઈ સાધનો આપી શકે તે સર્વે તેની પાસે હતાં, અને તે ઉપરાંત તેનાં મહોટાં લશ્કરને ચુનન્દી મેસીડોન્યન તાલીમ મળેલી હતી, જ્યારે પાર્થ્યા તો ફકત એક નાનકડું રાજય હતું, તેના સિપાહો તો થોડાજ હતા, અને તેઓ પોતાની સ્વદેશી તરબીયતજ જાણતા હતા. એટલું છતાં તેઓ દુન્યાના કેવા મહાન સિપાહો હતા તેની તેઓએ તુરતજ સાબેતી આપી, કેમકે તેનાં મહાભારત જોર છતાં સીર્યન શાહાનશાહને શૂરા તિરિદાતીસે પુરેપુરી હાર આપી.

એ ઉપરથી સીર્યન શાહાનશાહને પાર્થ્યાનું સ્વતંત્રપણું કબુલવાની ફરજ પડી. એ બનાવ એવો અગત્યનો હતો કે એ ફતેહને દીને દર વરસે પાર્થ્યનો મહોટો તહેવાર પાળવા લાગ્યા.

એ પછી તિરિદાતીસ પોતાનાં રાજ્યની આબાદી વધારવામાં રોકાઈ ગયો; અને તેણે જગે જગ સંભાળથી

પસંદ કીધેલી જગ્યાઓ ઉપર મહોટાં શેહેરો બાંધ્યાં, જે સર્વેમાં દારાનું નામીચું શેહેર સૌથી મહોટું, આબાદ અને જબરૂં હતું.

તિરિદાતીસની પછી તેનો બેટો અર્તબાનુશ ૧લો અર્ષક ત્રીજાને નામે ગાદીએ બેઠો. તેણે મહોટા મીડયાનો મુલક સર કરી લીધો, તે ઉપરથી સીર્યન શાહાનશાહ એન્ટીઓખસ ધ ગ્રેટ મહોટી ફોજ લઈ પાર્થ્યા ઉપર ચડાઈ લાવ્યો, તેમાં અર્તબાનુશે ઘણીજ બાહોશી અને બાહાદુરીથી તેને એવો હંફાવ્યો કે તેને સુલેહ કરવાની ફરજ પડી અને તેણે પાર્થ્યાનું સ્વતંત્રપાણું ફરીથી સ્વીકાર્યું.

એ પછી પાંચમા અર્ષક ફ્રહાત પહેલાએ હર્કેન્યાની પાસે આવેલી બળવાન પ્રજા મર્દીને જીતી, અને પછી રએનો મુલક સર કરીને ત્યાં રએનાં પુરાતન શેહેરની પડોશમાંજ તે લોકોનું એક મહોટું શહેર વસાવ્યું.

ફ્રહાતને કેટલાક બેટાઓ હતા; તે છતાં તેનો ભાઇ મિથ્રિદાતીસ એટલો તો બુદ્ધિમાન અને શૂરવીર હતો અને તેની ઉપર તેને એટલું બધું તો વ્હાલ હતું કે પોતાનું તખ્ત પોતાના બેટાને આપવાને બદલે મિથ્રિદાતીસનેજ તે આપી ગયો.

મિથ્રિદાતીસ ઇ. પૂ. ૧૭૪ માં ગાદીએ બેઠો. તે એવો મહાન નર નીવડયો કે તેણે પોતાનાં રાજની હદો યુફ્રેતીસના કીનારાથી તે છેક હિંદ સરઝમીનની

અંદર સુધી ફેલાવી દીધી, અને પાર્થ્યાનાં રાજ્યને એક શાહાનશાહતમાં ફેરવી નાખ્યું. એ ઉપરથી સીર્યન શાહાનશાહ દિમેટ્રીયસ બીજાને પાર્થ્યા ઉપર પાછી મહોટી સવારી લાવવાની ફરજ પડી. તે તકનો લાભ લઇને પાર્થ્યા હસ્તકનાં યુનાની શેહેરોએ તેમજ બીજી બેદિલ બનેલી પ્રજાઓએ પાર્થ્યા સામે બંડ જગાડયાં અને દિમેટ્રીયસને જબરો ટેકો આપ્યો; તેથી મિથ્રિદાતીસને ઘણું ખમવું પડયું, પણ આખારે તેણે દુશ્મનો ઉપર અચબુચો એવો તો સખત છાપો માર્યો કે તેઓનું લશ્કર ફના થઇ ગયું અને દિમેટ્રીયસ કેદ પકડાયો.

શાહાનશાહે દિમેટ્રીયસને ઘણું માનથી રાખ્યો. તેના દરજ્જા લાયકનો એક મહેલ બક્ષ્યો અને બીજી તરેહનો પાદશાહી ખરચ તેને પુરો પાડી દુશ્મનો તરફની ઇરાનીઓની રૂડી વર્તણુકનો વધુ દાખલો આપ્યો.

એવું ધારવામાં આવ્યું છે કે મહાન મિથ્રદાતીસનો ઇરાદો ખુદ સીર્યન શાહાનશાહત ઉપર હુમલો લઇ જવાનો હતો. મગર એટલામાં તે મહાન નરનું મોત નીપજ્યું.

તેની ગાદીએ તેનો શૂરવીર બેટો ફ્રહાત બીજો ઇ. પૂ. ૧૩૬ માં બેઠો. તેણે પોતાની બેહેન રઓદોગુનેને માજી સીર્યન શાહાનશાહ દિમેટ્રીયસ સાથે શાદીમાં આપી, અને તેની સાથે સગાઇની મજબુત ગાંઠ

બાંધી. એટલામાં તો દિમેટ્રીયસનો ભાઇ એન્ટીઓખસ સાતમો ચાર લાખ માણસોની જબરી ફોજ લઇને પાર્થ્યા ઉપર ધસી આવ્યો. તેની સામે થવા ફ્રહાત પાસે તો સવા લાખથી વધુ ફોજ ન હતી, અને તેથી સીર્યનોએ કેટલીક જીતો મેળવી, મગર જ્યારે એન્ટી-ઓખસે શિયાળો ગાળી કહાડવા પોતાનાં લશ્કરને જુદાં જુદાં શેહેરોમાં વ્હેંચી નાખ્યું ત્યારે ફ્રહાત તો પોતાનાં લશ્કરનું જોર વધારતોજ રહ્યો, અને જ્યારે એન્ટીઓખસનાં લશ્કરથી કંટાળેલાં શેહેરોએ તેની મદદ માગી ત્યારે તે આપવા તેણે એકદમ કબુલ્યું. મગર તે પહેલાં સુલેહ કરવા તેણે એન્ટીઓખસને એલ્તેમાસ કીધી; પણ તેમાં તેણે એવી સખત સરતો કરવા માંગી કે ફ્રહાતે તે કબુલવા ના પાડી.

આખરે એક નેમેલે દિવસે સર્વે શેહરોએ બંડ જગાડયું તેવોજ ફ્રહાત દુશ્મનોનાં લશ્કર ઉપર તુટી પડયો, અને તેનો પૂરો નાશ કીધો. એન્ટીઓખસ માર્યો ગયો, અને તેનો નાનો બેટો સેલ્યુકસ અને તેની એક ભત્રીજી કેદ પકડાયાં. તે શાહજાદી સાથે તે પોતે પરણ્યો, અને શાહઝાદાને બ્હાલ તથા ઇજ્જતથી રાખીને તેની પાદશાહી બરદાસ્ત કરવા માંડી. એન્ટી-ઓખસની લાસને તેણે પાદશાહી માન આપ્યું, અને ચાંદીની કબરમાં મુકીને સીર્યા ખાતે અવલમંજલ પહોંચાડવા મોકલી આપી.

સીર્યન શાહાનશાહોની લ્હડાઇઓમાં આ છેલ્લી હતી. પાર્થ્યનોનાં શૂરાતનથી તેઓને જે જબરદસ્ત ફટકાઓ પડયા હતા તે એવા સખત હતા કે તેઓની તાકાત તેથી તદનજ તુટી ગઇ અને તેઓની શાહાન-શાહત એકદમ સંકોચાઇ છેકજ નાની થઇ ગઇ, અને આખરે ઇ. પૂ. ૬૫ માં તે રોમનોને હાથ નાશ પામી.

પ્રકરણ બીજું

મહાન શાહાનશાહ મિથ્રિદાતીસ પહેલો

તેનાં સાહસ કરમો

આપણે ઉપર જોઈ ગયા કે પાંચમો અર્ષક ફ્રહાત પોતાના ભાઇ મિથ્રિદાતીસની બાહોશી અને તેનાં શૂરવીરપણાંથી એટલો તો રાજી થયલો હતો કે પોતાના બેટાઓને રદ કરીને પાર્થ્યાનું તખ્ત તે મિથ્રિદાતીસને આપી ગયો, અને ફ્રહાતને પોતાના એ ભાઈ ઉપર એટલું બધું તો વ્હાલ હતું કે પોતાના સિક્કાઓ ઉપર તે 'ભાઇને ચાહનાર' એવા બોલો છપાવી ગયો.

ઈ. પૂ. ૧૭૪ માં મિથ્રિદાતીસ ૧ લો છઠા અર્ષક તરીકે પાર્થ્યાનાં તખ્ત ઉપર બેઠો. એ વખતે પાર્થ્યાનાં રાજ્યની પૂર્વે બેકટ્રીઆનું જબરૂં રાજ્ય આવેલું હતું, અને પશ્ચિમે મ્હોટી સીર્યન શાહુનશાહુત આવેલી હતી. એ બંને રાજ્યને માથે ચંચલ અને જોરેમંદ પાદશાહો હતા; મગર સીર્યામાં માહોમાહેનો ટંટો ચાલી રહયો હતો, અને બેકટ્રીઆનો પાદશાહ હિંદ તરફના મુલકો જીતવા પડયો હતો. તે તકનો લાભ

લઇને મિથ્રિદાતીસે બેકટ્રીઆનાં રાજ્ય ઉપર પહેલો હુમલો કીધો, અને તુરિયુઆ અને અસ્પિઓનુસ નામના તેના બે મુલકો પાર્થ્યા સાથે જોડી દીધી.

એ પછી મિથ્રિદાતીસે પશ્ચિમ તરફ નજર દોડાવી, અને મ્હોટા મીડયાના જે ભાગો તાબે કરવાના રહેલા હતા ત્યાં હુમલો કીધો. ત્યાંની બહાદુર ઇરાની પ્રજા ઘણુંજ શૂરાતનથી સામી થઈ. તે છતાં આખરે આખા મ્હોટા મીડયાનો મુલક અર્ષકાન્યન રાજ્ય સાથે જોડી દેવામાં આવ્યો.

એ પછી હિર્કેન્યાનો જબરો બળવો દાબી દઇને મિથ્રિદાતીસે સૂસીઆનાનો પુરાતન મુલક જીતી લીધો, પર્સીસને અર્ષકાન્યન પનાહ હેઠળ લઈ મુકયો, અને બેબીલોન્યાનું નામીચું અને દોલતમંદ રાજયબી સર કરી લીધું.

પશ્ચિમમાં એટલા મુલકો ઉપર બરાબર કાબુ બેસાડીને મિથ્રિદાતીસે પૂર્વ તરફ બેકટ્રીઆનાં રાજ્ય ઉપર પાછી સવારી કીધી, તેના મુલકો મ્હોટે ભાગે લઈ લીધા, અને હિંદની અંદર છેક હીદાસ્પીસ નદી સુધી ધસી ગયો.

એ મુજબ મહાન મિથ્રિદાતીસે પાર્થ્યાનું જોર એટલું તો વધારી દીધું કે આપણે ઉપર જોયું તેમ સીર્યન શાહાનશાહ ડીમેટ્રીયસ બીજો પાર્થ્યા ઉપર

મ્હોટી ચ્હડાઇ લઇ આવ્યો; પણ તેમાં મિથ્રિદાતીસે તેની ફોજનો નાશ કીધો અને તેને કેદ પકડયો, અને તેની સાથે ભલાઇ વાપરીને તેને હિર્કેન્યામાં પાદશાહી દરજ્જાથી અને માનઈજતથી રાખ્યો.

એ ઉપરાંતનાં બીજાં સાહસોમાં જીપલાવે તેટલામાં તો એ માહાન નરનું મોત આવી પહોંચ્યું. તેને પાર્થ્યાનો સૌથી મહાન શાહનશાહ કહીશું તો ચાલશે. તેણે પાર્થ્યાને એક માહાભારત શાહાનશાહતના દરજ્જામાં લાવી મૂકયું, અને તેમ કરતાં તેણે અસાધારણ સાહસ, શેરમર્દી, અને ડહાપણ બતાવ્યાં, અને પોતાની આખી કાર્કીર્દીમાં એવો ભલો ખવાસ બતાવ્યો કે તેની જીતોમાં કદીબી તેણે અણઘટતું લોહી રેડયું નહિ અને બળવાખોર પ્રજાઓ સાથેણી બળવો સમાવીને તે નરમાશથીજ વરત્યો. દુશ્મનો તરફની તેની રૂડી વર્તણુક તો દીમેટીયસ તરફ તેણે ચલાવેલી ભલી ચાલ ઉપરથી જણાઇ આવે છે. અને એ સર્વ ઉપરાંત તેના મહાન સુધારાઓથી પોતાની બુલંદ બાહોશી તેણે એવી બતાવી આપી કે ભવિષ્યના જમાનાઓએ તેને એકે અવાજે એક મહાવીર તરીકે કબુલ્યો.

મહાન મિથ્રિદાતીસ પેહેલાના સુધારાઓ.

પોતે મેળવેલી મ્હોટી શાહનશાહતને મિથ્રિદાતીસે સંખ્યાબંધ રાજયોમાં વહેંચી નાખી અને દરેક ઉપર એક વાઇસરોય મુકરર કીધો.

એવું કહે છે કે શાહાનશાહતના કારોબાર માટે તેણે સર્વે પ્રજાઓના કાયદાઓનો સંગ્રહ કરાવ્યો અને તેમાં જે જે ઉત્તમ કાનુનો હતા તે ઉપરથી અર્ષ-કાન્યન શાહાનશાહતના કાયદાઓ રચાવ્યા, અને તેમને અમલમાં મૂકયા.

છેક આગલા વખતથીજ પાર્થ્યન ઉમરાવો ઘણા જોરેમંદ હતા. તેઓ રાજ કારોબારમાં મહોટો ભાગ લેતા તેમજ પાદશાહ ઉપર અસરકારક કાબુ ધરાવતા, તથા તેઓનાં મહોટાં સૂરિન ખાનદાનનો વડોજ તેને માથે તાજ મુકતો. તેઓમાં એવી બાહોશી હતી કે જરૂરની વખતે સર્વે સાથે મળીને પોતાની મકસદ પાર પાડતા. તેઓની કુમકથીજ અર્ષકે પાર્થ્યામાંથી મેસીડોન્યન અમલ કાહડી નાખ્યો હતો; તેઓએજ અર્ષકને તખ્ત બક્ષ્યું હતું અને તેઓએજ આગલા પાદશાહોનાં મહોટાં સાહસોમાં હાથ આપ્યો હતો.

એટલું છતાં મિથ્રિદાતિસે જે કાંઇ મેળવ્યું હતું તેમાં તેની પોતાની શેરમર્દી અને બાહોશીનો મુખ્ય ભાગ હતો, તોપણ તે એવું ઉંડું ડહાપણ ધરાવતો હતો કે શાહનશાહતની હંમેશની કુમક માટે તેણે એક જોરેમંદ અને મહોટા હકો ધરાવતી રાજ્યસભા સ્થાપી. તે પુરાતન ઇરાનની નામીચી પાર્લિમેંત 'મગીસ્તાન' હતી. એ બોલનો અર્થ 'મહોટા અને

દાનેશમંદ લોકોની સભા' એવો થાય છે. તેમાં ઉમરાવો અને શાહજાદાઓ ઉપરાંત તમામ રૈયતના મુખ્ય લોકોને દાંખલ કરવામાં આવ્યા. મિથ્રિદાતીસનું એ કામ એવું મહાભારત હતું કે તેણે બીજું કાંઇ પણ કરી બજાવ્યું નહિ હતે તોબી 'મગીસ્તાન'ની સ્થાપનાથી તેને અમ્મર નામ મળ્યું હતે.

મિથ્રિદાતીસે વળી વાજબી રીતે પહેલવહેલું શાહાનશાહી પદ અખત્યાર કીધું, અને શાહાનશાહતના બુલંદ દરજ્જાને અનુસરતો સર્વે દબદબો દરબારમાં દાખલ કીધો. આગલાં સાદાં તાજને રૂખસદ આપવામાં આવી અને એક ઘણાંજ કીમતી અને રોબવંત તાજે તેની જગ્યા લીધી. એજ મુજબ દરબારની બીજી ચીજો, ગોઠવણો, અને રીતભાતોને મહોટાઇભરેલું રૂપ આપવામાં આવ્યું.

વળી મહાન પારસી શાહાનશાહોની રીતને અનુસરીને અર્ષકાન્યન દરબારને શાહાનશાહતનાં જુદાં જુદાં મહોટાં શેહેરોમાં ફરતી રાખવાનો નિયમ ઠરાવવામાં આવ્યો, જેથી રાજ્યની સલામતીને મહોટો ટેકો મળ્યો.

એ ઉપરાંત શાહાનશાહતને કાયમી અને દબદબો આપવાના બીજા એવા મજબૂત અને ડાહ્યા ઈલાજો મિથ્રિદાતીસે લીધા કે તેને 'ઘણોજ મહાન અને ઘણોજ માનવંત અર્ષક શાહોનો શાહ મિથ્રિદાતીસ' એવો એલ્કાબ આપવામાં આવ્યો.

પુરાતન ઈરાનની બુલંદ પાર્લિમેંટ 'મગીસ્તાન'

મગીસ્તાન બે સભાઓની બનેલી હતી. એકમાં રાજકુટુંબના સર્વે ઉમ્મરે પુગેલા શાહજાદાઓ અને ઉમરાવો બેસતા, જ્યારે બીજીમાં રૈયતના 'સોફી' એટલે 'ડાહ્યા વડીલો' અને 'મેગાઇ' એટલે 'મહોટા ધર્મગુરૂઓ' પોતાના દરજ્જા મુજબ બેસતા. તેઓની કાંઈ રાજ તરફથી નેમણુક કરવામાં ન આવતી. તેઓ તો સર્વે પોતાના દરજ્જાની રૂએ સભામાં બેઠક મેળવવાનો હકજ ધરાવતા, અને તેમાં તમને અટકાવવાનો અધિકાર કોઈનેબી ન હતો.

મગીસ્તાનનું કામ રાજ્યનો કારોબાર ચલાવવામાં, તેને ટકાવવામાં, અને તેની મહોટાઈ વધારવામાં શાહાનશાહને મદદ આપવાનું હતું, અને તે કામમાં તે ફાવે તે માટે તેને મહોટા હકો આપવામાં આવેલા હતા. તેમાં મુખ્ય હક અર્શકનાં નામીચાં ખાન્દાનમાંથી કોઈને બી પોતાની મરજી મુજબ શાહાનશાહતનો માલેક ચુંટી કહાડવાનો હતો, અને એ હક ફકત નામનોજ ન હતો, કેમકે મગીસ્તાને ઘણીએક વાર હકદાર વારસોને બાજુ મૂકીને બીજાઓને પોતાને વાજબી લાગવા મુજબ શાહાનશાહો નેમ્યા હતા, અને કેટલાકને તેઓની આડી ચાલ માટે તખ્તપરથી ઉઠાડીબી મૂકયા હતા.

મગીસ્તાનના સભાસદો પ્રજાના સર્વે મ્હોટા અને લાગવગવાળા લોકો હતા, એટલે કુદ્રતી રીતેજ તેઓનું જોર ભારી હતું. પણ તે જોર અને વસીલાને કાયદાપૂર્વક હકો અને કામો મળ્યાથી તેઓની અસર અસાધારણ દરજ્જે વધી ગઇ. મગીસ્તાનથી તેઓ સર્વેનાં જોર, વસીલો અને ડહાપણ એકત્ર થયાં, અને રાજ્ય-કારોબારમાં તેઓને જાતિ-લાભ મળવાથી શાહાનશાહી કામોમાં તેઓને કુદ્રતીજ ઉલટ આવી. ખચ્ચીતજ મ્હોટી અર્ષકાન્યન શાહાનશાહતે જે માહાભારત જોર અને ટકાઉપણું બતાવ્યાં તે જેટલાં મગીસ્તાનને આભારી હતાં તેટલાં બીજાં કશાંને ન હતાં.

પ્રકરણ ત્રીજું

બુલંદ ઇરાની સલતનતો

એકજ વખતે ચાલતી થયલી ત્રણ માઝદયસ્નની શાહાનશાહતોનો જમાનો

ઇ. પૂ. ની પહેલી સદીમાં એકદમ ત્રણ માઝદયસ્નની શાહાનશાહતો ઉભી થઇ ગઇ હતી. એક તો પાર્થ્યાની બુલન્દ અર્ષકાન્યન શાહાનશાહત હતી, બીજી તો પોન્ટસના મહાન પારસી શાહનશાહ મિથ્રિદાતીસ ધ ગ્રેટે ઉભી કરેલી શાહનશાહત હતી, અને ત્રીજી મિથ્રિદાતીસના જમાઇ અને આર્મીન્યાના પાદશાહ તીગ્રને જમાવેલી આર્મીન્યાની મ્હોટી સલતનત હતી.

પાર્થ્યા અને પોન્ટસ વિષે તો કાંઇક આગળ જાણ્યું છે. પાર્થ્યન શાહનશાહ મિથ્રિદાતીસ પહેલાની પશ્ચિમની જીતો પરથી ઉલટ પકડીને આર્મિન્યાએ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું, અને મિથ્રિદાતીસનીજ એસ્તેમાલથી એક અર્ષકાન્યન શાહઝાદાને ત્યાંનું તાજ મળ્યું હતું. એ વંશના ત્રીજા પાદશાહ અર્તવર્દ્દ-શિતશના વખતમાં પાર્થ્યામાં બીજો મિથ્રિદાતીસ ધ ગ્રેટ ઇ. પૂ. ૧૨૪ થી રાજ કરતો હતો. પાર્થ્યાને આફતમાં લાવી નાખનારા સ્કીથ્યન પ્રજાઓના જબરા

દરેશાઓને તેણે ફતેહમંદીથી મારી કાઢયા હતા. એટલુંજ નહિ પણ તે જબરી પ્રજાઓને સખત હારો આપીને તેઓના કેટલાક મુલકો તેણે છીનવી લીધા હતા. એ ઉપરાંત તેણે બીજીબી ઘણીક પ્રજાઓને તાબે કીધી હતી. તે સાથે તેણે આર્મિન્યા ઉપર હુમલો કરીને અર્તવદઈશ્તિશને તાબે આવવાની ફરજ પાડી હતી, અને તે ફરી નહિ જાય કરીને શાહઝાદા તિગ્રનીસ્ યાને તિગ્રનને પાર્થ્યા લઇ જઈ રાખ્યો હતો.

પાછળથી ઇ. પૂ. ૯૬ માં પાર્થ્યાએ તિગ્રનને આર્મિન્યાની ગાદી મેળવી આપી તેના બદલામાં તેની પાસેથી તેણે એક પ્રાંત લીધો હતો.

એટલામાં એશિઆની પશ્ચિમ તરફ એક ગંભીર વાદળ ઉભું થતું હતું, અને તે રોમનોનો એશિઆમાંનો પગપેસારો હતો. પોન્ટસના પારસી મહાવીર મિથ્રિદાતીસ ધ ગ્રેટે પોતાની તીક્ષ્ણ નજર અને બુલંદ બાહોશીથી તે વાદળની ગંભીરતા જોઇ લીધી હતી, અને રોમનોનાં વધ્યાં જતાં જોરને એકદમ દાબી દેવા વાસ્તે સર્વ માઝદયસ્ની રાજ્યોને એકત્ર કરવા તે ઘણોજ આતુર હતો. પોતાના જવાન પાડોશી તિગ્રનની અસાધારણ ચપળતા અને શૂરાતન જોઇને તેણે દૂરઅંદેશીથી તેને પોતાનો જમાઇ કીધો હતો, અને રોમનો સામે એકસંપીથી કામ કરવા તેની સાથે કબુલાત કીધી હતી.

મહાન મિથ્રિદાતીસે પાર્થીાને પણ એ એક-સંપીમાં ખેંચવા માટે ઘણું કીધું. પણ જવાન તિગ્રને પાર્થ્યાનેજ હેરાન કરવા માંડેલું હોવાથી પાર્થ્યાએ રોમનો સાથે દોરતી માંડીને એ મહાભારત માઝદયસ્ની શાહાનશાહતોના નાશનો પાયો ખોદયો; અને તેમ કરીને પોતાના ભવિષ્યના સૌથી જબરદસ્ત હરીફનેજ ટેકો આપ્યો.

જવાન અને શૂરા તિગ્રને આર્મિન્યાની ગાદી ઉપર ઠરીઠામ થયા પછી પાર્થ્યાને આપેલો પ્રાંત પાછો છીનવી લીધો. એટલુંજ નહિ પણ તેના ગોર્ડિઇને અને અદીઆબીનેના મુલકો પણ લઈ લીધા. એ ઉપરાંત નાના આર્મિન્યાના પાદશાહ અર્તનાસને જીતીને તેનો મુલક પણ નાબે કરી લીધો. વળી મીડયા આત્રોપતીનેનો અગત્યનો મુલક જે છેક અલેકઝાન્ડરના વખતથી સ્વતંત્ર થએલો હતો, તેના પાદશાહને પણ જીતી લીધો; અને એ પછી ઇ. પૂ. ૮૩ માં સાઈલીશિઆ, સીર્યા, અને ફિનીશિઆના પ્રદેશો પણ સર કરી લઈને પોતાને ત્યાંનો પાદશાહ જાહેર કીધો.

શૂરા તિગ્રને આટલાં સાહસકરમો પછી વાજબી રીતે શાહાનશાહનો દરજ્જો ધારણ કીધો. અને પોતાની શાહાનશાહાતના દબદબાને ખીલવવાને વાસ્તે તિગ્રનોકર્ત નામનું એક ઘણુંજ મહાભારત શેહેર મેસોપોટે-

મ્યાના ફળદ્રુપ મુલકમાં વસાવ્યું. તેની દેવાલો પોણોસો ફીટ ઉંચી હતી, અને તેનો વિસ્તાર ઘણોજ બહોળો હતો. સાઇલીશિઆ, કેપ્પેડોકીઆ, ગોર્ડિઇને, એસીરીઆ, અને અદીઆબીનેના દેશોમાંથી લખ્ખો માણસોને ત્યાં લાવી વસાવવામાં આવ્યા; તેમાં ફકત કેપ્પેડોકીઆમાંથીજ ત્રણ લાખ માણસો તો લાવવામાં આવેલા હતા.

એ મુજબ પોન્ટસની માફક આર્મીન્યાની પાદશાહત પણ ખૂબ ખીલી ગઇ હતી. અને બન્નેના જબરા શાહાનશાહોએ સાથે મળીને રોમનોને જબરી બૂમ પડાવા માંડી તેમાં મહાન મિથ્રિદાતીસના રોમનો સામેનાં મહાભારત યુદ્ધોમાં બંને બાજુથી પાર્થ્યાની મદદ માટે ઘણીજ આર્જુ દેખાડવામાં આવી હતી. મગર પાર્થ્યાએ કેટલુંક સુધી અખાડાજ કીધા. આખરે જ્યારે પોન્ટસ અને આર્મીન્યાનું જોર ઘણુંજ વધી ગયું ત્યારે રોમનોની સમજાવટમાં ઉતરી જઇને પાર્થ્યન શાહાનશાહ ફ્રેહાત ત્રીજાએ તેમને મદદ આપવા ઇ. પૂ. ૬૬માં કબુલ્યું, અને એવું ઠરાવવામાં આવ્યું કે જ્યારે પ્રખ્યાત રોમન સરદાર પોમ્પી મહાન મિથ્રિદાતીસ સાથે યુદ્ધમાં રોકાય ત્યારે ફ્રેહાતે આર્મીન્યા ઉપર ચ્હડાઇ લઇ જવી અને તેના બદલામાં આર્મીન્યાએ લઇ લીધેલા મુલકો પાર્થ્યાને પાછા વાળી આપવા. એમાં ફ્રેહાતે રોમનોને ઘણીજ

અસરકારક મદદ કીધી. મગર રોમન પ્રપંચોને અનુસરીને તેના પ્રાંતો પાછા મેળવી આપવાના પોમ્પીએ અખાડાજ કીધા. તે ઉપરથી ફ્રહાતે પોતાનો ભારી ક્રોધ દર્શાવ્યો અને અદીઆબીનેનો દેશ તો તેણે પોતાની મેળેજ કબજે કરી લીધો. અને થોડા વખતમાંજ તેની પછી તેના તખ્ત ઉપર આવનાર તેના બેટા મિથ્રિદાતીસ ત્રીજાએ ગોર્ડિઇનેનો દેશ પણ પાછો લઈ લીધો.

એ મુજબ પાર્થ્યાએ પોન્ટસ અને આર્મીન્યાનાં જોરને છૂટાં પાડીને રોમનોને એવું ફાવતું કરી આપ્યું કે તેથી તે રાજ્યોને ઘણું ખમવું પડયું અને રોમનોને આઇતું જોર મળી ગયું.

પ્રકરણ ચોથું

પાર્થીઆનો રોમ સાથનો શરૂઆતનો સંબંધ

દુશ્મનીની ચીંગારીઓ

છેક ઇ. પૂ. ૧૯૦ માં રોમનોએ સીર્યન શાહાનશાહ એન્ટીઓખસ ત્રીજા ઉપર મ્હોટી ફતેહ મેળવી હતી. તે છતાં તેઓએ એશિઆમાં કશો પગપેસારો કીધો ન હતો. મગર ઇ. પૂ. ની બીજી સદીની આખેરીએ તેમ કરવાનો તેઓએ વિચાર કીધો. અને પોન્ટસના પારસી પાદશાહ મિથ્રિદાતીસ ચોથાની મદદથી તેઓએ પર્ગામસનું રાજ્ય જીતી લીધું. એટલે રોમનોને એશિઆમાં પગપેસારો કરવામાં એક પારસીએજ મદદ આપી; અને વળી તે પારસી તેજ હતો કે જેનો મહાન બેટો મિથ્રિદાતીસ ધ ગ્રેટ તો રોમનોનો સૌથી જબરો હરીફ થઇ પડવાનો હતો.

રોમનો દાવપેચ અને કાવાદાવા રચનારા લોકો હતા, અને પોતાની મતલબ ચોકસાઈથી અને કશોબી હોહાકાર કર્યા વગર પણ પક્કી ગણત્રીથી કહાડી લેતા, અને પોતે એક મતલબ સાંધી તો તે પાર પાડવા જીવ પટકીને ખંત પકડતા. પણ જ્યાં તેઓની મત-

લબની વાત આવતી ત્યાં તેઓ વચન તોડવા, વિશ્વાસઘાત કરવા, જુઠું અથડાવવા કે ગમે એવું બી ઉંધું ચતું કરવાથી જરાબી અચકાતા નહિ. અને તેવી રીતે તે લોક ધીરે પણ મજબુત પગલે એશિઆમાં પગપેસારો કર્યા જતા હતા.

મગર તેઓની મતલબ અને તેઓનો નહિ ખુટે એવો લોભ જાણી લઇને પોન્ટસવાળા પારસી મહાવીર મિથ્રિદાતીસ ધ ગ્રેટે તેઓને જબરદસ્ત ફટકા મારવા માંડયા હતા, અને તેઓનું જોર તોડી નાખવા માટે મહાભારત યુદ્ધો મચાવ્યાં હતાં. તોપણ રોમન દાવપેચથી તે મહાવીરની મતલબ સરતી અટકી, અને રોમનો પોતાનું કામ આગળ ચલાવતાજ ગયા.

મિથ્રિદાતીસ સાથનાં મ્હોટાં જંગો વખતે પહેલેથીજ મિથ્રિદાતીસે તેમજ રોમનોએ બન્નેએ સરખીજ સરતોએ પાર્થ્યાની મદદ માંગી હતી; અને કેટલુંક સુધી તે મદદ આપવાના તેણે અખાડા કીધા હતા, પણ આખરે રોમનોની સમજાવટથી ફ્રેહાત ત્રીજાએ તેઓને સંગીન મદદ આપી હતી, તથા તેના બદલામાં રોમનોએ તેની સાથે વિશ્વાસઘાત કીધો હતો તે આપણે ઉપર જોયું. મગર એટલું કરી અટકવાને બદલે તો થોડુંકમાંજ રોમે પાર્થ્યાની શાહાનશાહત જીતી લેવાનો લોભ કીધો, પણ તેમાં તેનો એવો તો જબરો કચડઘાણ નીકળી ગયો, અને તેની ઉપર એવી તો મ્હોટી

આફ્ત આવી પડી કે તેથી આખી રોમન દુન્યા હેબતાઈ ગઈ.

ઈ. પૂ. ૬૦ માં પાર્થ્યન શાહાનશાહ ફ્રેહાત ત્રીજાનું ખુન થયું અને તેની જગ્યાએ તેનો બેટો મિથ્રિદાતીસ ત્રીજો તખ્તે બેઠો. તેણે તુરતજ આર્મીન્યા સામે જંગો કરીને તેને હસ્તક ગયલો સર્વે પાર્થ્યન મુલક પાછો જીતી લીધો. પણ તે પછી તેણે રાજ્ય કારોબારમાં એવું ઘાતકીપણું બતાવ્યું કે ઉમરાવોએ તેને ગાદીપરથી ઉઠાડી મુકયો અને તેઓના વડા સૂરિને એ શાહાનશાહતનું તાજ મિથ્રિદાતીસના ભાઇ ઓરોદીસ યાને હુરોદને માથે મુકર્યું, અને મિથ્રિદાતીસને મીડયાની ગાદી આપવામાં આવી; મગર ત્યાં પણ તેને પાદશાહ રાખવો દરૂસ્ત નહિ લાગ્યું તેથી ત્યાંથી પણ તેને તખ્ત ઉપરથી ઉઠાડી મુકવામાં આવ્યો, ત્યારે અસંતોષી બનીને તે એકદમ રોમનોની મદદ માંગવા ગયો. તે જાણી પાર્થ્યન પ્રજાને ભારી ક્રોધ ચ્હડયો.

રોમનોએ તેને મદદ આપવા કબુલ્યું. મગર તેઓ બીજી ગમ રોકાઈ ગયા, ત્યારે મિથ્રિદાતીસ પોતાનીજ કુમક ઉપર લડવા નીકળ્યો, મગર તેમાં તે નીષ્ફળ નીવડયો, અને તેથી નાસીપાસ થઇને પોતાના ભાઇનોજ આશરો માંગતો તાબે થયો. તે છતાં તેણે રોમનો જેવા દેશ-દુશ્મનોની દોસ્તી શોધી હતી તેથી તેને મોતની સજા ફરમાવવામાં આવી.

પ્રકરણ પાંચમું

રોમનો સાથનું પહેલું મહાભારત જંગ

શરૂઆતના બનાવો

હુરોદ ઇ. પૂ. ૫૫ માં પાર્થ્યન શાહાનશાહ થયો. એજ વરસમાં રોમન પ્રજાસત્તાક રાજ્યે પોતાના એક 'કોન્સલ' યાને વડા અધિકારી તરીકે ક્રેસસ નામના નરને મુકરર કીધો, તેમજ તેને પૂર્વના મુલકોમાં સર્વોપરી ઓહ્દો આપવામાં આવ્યો.

ક્રેસસે પોતાના ઓહ્દા ઉપર આવતાંજ પૂર્વમાં જીતો મેળવવાની મહોટી વાતો કરવા માંડી. યુફ્રેતીસ નદી ઓળંગીને પાર્થ્યાના મુલક ઉપર હુમલો લાવવાનો તેણે ઇરાદો જાહેર કીધો, એટલુંજ નહિ પણ છેક હિંદના મુલકમાં ધસી જઇને પૂર્વના સમુદ્ર સુધી રોમન ફતેહ ફેલાવી દેવાનો લોભ પણ તેણે જણાવી દીધો.

આવી મહોટી ઉમેદોને પૂરા પડવા માટે રોમનોએ ઉલટમંદ અને ગંજાવર તૈયારીઓ કીધી. અને તે માટે એક આખાં વરસની મુદત લેવામાં

આવી. અને તે પછી યુરોપમાં સર્વે ઠેકાણે ફતેહમંદ નીવડેલા અને ઘણાજ કસાએલા એક લાખ સિપાહો સાથે ક્રેસસે યુફ્રેતીસ નદી ઓળંગી અને પાર્થ્યન મુલકોમાં તે દાખલ થયો.

રોમનોની હીલચાલોથી પાર્થ્યનો સારી રવેશ વાકેફ થઇ ચુકેલા હતા, અને તેઓના હુમલાને પૂરા પડવાના ઘણાજ બાહોશીભરેલા ઇલાજો તેઓએ રચી રાખેલા હતા. સરહદ પરના પાદશાહોને પોતાની સંફમાં ખેંચી લેવામાં આવેલા હતા, અને તેઓએ કેવું કામ બજાવવું તે તેઓને સોંપી દેવામાં આવેલું હતું. શેહેરોને મજબૂત બનાવવામાં આવ્યાં હતાં; સિપાહોને ઘણાજ ચઢતા પ્રકારના સાજથી તૈયાર રાખવામાં આવ્યા હતા; લોકોનું દેશહીતકારી-પણું અને પોતા ઉપરનો ઇતબાર એટલાં બધાં હતાં કે આવી મહોટી ધમકીથી તેઓ જરા પણ ડગડગેલા ન હતા, બલકે દુશ્મનોને સખતમાં સખત માર મારવાની તેઓને ઉમેદ હતી એવું ક્રેસસ સાથની ઇરાની એલ્ચીની વાતચીતપરથી જણાઇ આવે છે.

રોમન 'પ્રોકોન્સલ' ક્રેસસ ઉપર શાહનશાહ હુરોદની 'ચેલેંજ'

ક્રેસસે પૂર્વના મુલકોની જીતોની મહોટી મહોટી વાતો તો કીધી હતી, તે છતાં એશિઆમાંના રોમન

મુલકોમાં આવ્યાને આખું વરસ વીતી જવા છતાં તેણે એકદમ પાર્થ્યન મુલકોમાં ધસારો કીધો નહિ. એટલી મુદત ગયા પછી પણ યુફ્રેટીસ નદીનો છેક પશ્ચિમ તરફનો ભાગ ફકત ઓળંગીને તે તરફના પાર્થ્યન પ્રદેશમાં તેણે ખરાબી પાથરવા માંગી. ત્યાંનાં નાહાનાં પાર્થ્યન લશ્કરને હાર આપીને તે તરફનાં ગ્રીક શેહેરોને તેણે પોતાને તાબે લીધાં અને ઝીનોડોટી-અમ નામનું જે એકજ ગ્રીક શહેર સામે થયું તેને ઘેરો નાખીને તેણે જીતી લીધું, અને પોતાનાં લશ્કર પાસે તેને લુટાવી દીધું, તથા ત્યાંના તમામ લોકોને ગુલામો તરીકે વેચી નાખ્યા. ખચ્ચીત્તજ પોતાના દુશ્મનો તરફની રોમનોની વર્તણુક ઘણી રીતે ઘાતકી હતી.

એ પછી પાર્થ્યન મુલકોમાં આગળ ધસવાને બદલે તો ક્રેસસ પાછો સીર્યા તરફ હઠી ગયો, અને તે તરફ પણ દેવળોના ખજાના ખુંચવી લેવામાં તે ગુંથાયો.

પાર્થ્યન શાહનશાહને આવી રીતથી ક્રેસસ માટે ઘણો હલકો વિચાર બેઠો. તે તો એવું ધારતો હતો કે ક્રેસસ પાધરો પાર્થ્યન મુલકોમાં ધસ્યો આવશે. અને તેથી તેણે પોતાની તમામ સેનાને પાયતખ્ત આગળ રોકી રાખી હતી કે ક્રેસસનો માર્ગ જણાય

તો પછીજ તેને અનુસરતી રીતે તેની સામે તે કુચ કરે. મગર ક્રેસસના પાછા ફરવાથી અને લુટફાટ કરવાથી તે લગભગ ગુસ્સામાં આવી ગયો, અને એક દમામદાર એલચી ખાતું રોમનો તરફ તેણે મોકલી આપ્યું. તે એલચીઓ મારફતે તેણે ઘણીજ થથરાવનારી 'ચેલેન્જ' મોકલી કે 'જો રોમ ખરેખરજ લડાઈ કરતું હોય તો તેણે છેક છેલ્લી હદ સુધી તે મચાવી લેવી જોઇએ. પણ તેઓને માનવાનું કારણ હતું તેમ રોમની ઇચ્છાની વિરૂદ્ધ જઇનેજ જો ક્રેસસે પાર્થ્યન મુલકો ઉપર હુમલો કીધો હોય અને પોતાના ખાનગી લોભને ખાતરજ જો તેણે પાર્થ્યન મુલક ઉપર ઝડફ મારી હોય ત્યારે તો અર્ષક તેની તરફ નરમાશથી વરતશેઃ તે રોમન પ્રોકોન્સલની મહોટી ઉમર ઉપર તે દયા લાવશે, અને તેના જે માણસોને મેસોપોટેમ્યામાં તપાસ માટે રાખેલા હતા, મગર જેઓ ઉપરજ હાલ તો જાણે પાર્થ્યનો તરફથીજ તપાસ રાખવામાં આવતી હતી, તે માણસોને તે પાછા આપી દેશે.'

એના જવાબમાં ક્રેસસે કહ્યું કે સેલ્યુકીઆનાં શેહેરમાં આવીને તે એલ્ચીઓને જવાબ આપશે. એટલે એવું કહેવાની તેની મતલબ એવી હતી, કે સેલ્યુકીઆનું નામીચું શહેર જે પાર્થ્યન શાહાનશાહતનું બીજું શહેર હતું તે કબજે કરીને ત્યાંજ તે અરસપરસની સરતો વિષે વાત કરશે, તેથી મુખ્ય ઇશાની એલચી

ઉવગિસીસ યાને હુવકસે ઘણુાજ જુસ્સાથી પોતાની હથેલી ઉપર આંગળાં મારીને કહ્યું કે 'ક્રેસસ! તું સેલ્યુકીઆ જોય તે આગમચ તો આએ જગ્યાએ બાલ ઉગી નીકળશે.' એટલે કે હથેલીમાં બાલ ઉગેબી નહિ અને ક્રેસસ સેલ્યુકીઆ જોવા પામેબી નહિ.

નામીચો શૂરવીર 'સૂરિન'

એલ્ચીઓના એ જવાબ ઉપરથી દીસે છે કે પોતાના દુશ્મનોને મારી કહાડવા માટે પાર્થ્યનો તદનજ ખાતરી રાખતા હતા. એટલું છતાં તેઓ પોતાની ગોઠવણો ઘણીજ સંભાળથી રચતા. અને સારે નસીબે તેઓની રાહબરી અને મદદ વાસ્તે એક ઘણોજ ચંચળ અને હિમ્મતી શેરમર્દ તેઓની અંદર હસ્તિ ધરાવતો હતો. તે મહાન નર પાર્થ્યન ઉમરાવોનાં ખાન્દાનોમાં 'સૂરિન' નો નામીચો એલ્કાબ ધરાવનારાં સોથી ચઢતાં ખાન્દાનનો વડો હતો. એજ ખાન્દાનના વડાઓને શાહાનશાહને માથે તાજ મુકવાનો હક હતો. અને તેથી ખચ્ચીત્તજ મહાન ઇરાની પાર્લિમેન્ટ મગીસ્તાનમાં તે ખાસ દરજ્જો ધરાવતો હોવો જોઇએ.

આપણો હાલનો સૂરિન પોતાના મોભ્ભા અને પોતાની નામવરીમાં ફકત શાહાનશાહથીજ ઉતરતો ગણાતો, જ્યારે શેરમર્દી અને બાહાદુરીમાં તો તે સર્વેથી ચઢતો હતો. જે વખતે સેલ્યુકીઆએ બળવો

કીધો હતો ત્યારે તેની ઉપરના હુમલા વખતે તેની દેવાલમાં જે ગાબડું પાડવામાં આવ્યું હતું તે ઉપર તે સૌથી પહેલો ચઢી ગયો હતો; અને પોતાનાં અસાધારણ શૂરાતનથી ત્યાંના સિપાહોને એવા ત્રાસમાં નાખી દીધા હતા કે તે શેહેર એકદમ તેના હાથમાં આવી પડયું હતું. અને હુરોદને દેશપાર કરવામાં આવેલો હતો ત્યાંથી તેને લાવીને તેણેજ શાહાનશાહતનું તાજ તેને માથે મુકયું હતું.

રોમન હુમલા વખતે તેની ઉંમર ત્રીસ વરસની પણ ન હતી, તોપણ તેનાં ડહાપણ અને તેની ઉંડી ચંચળાઇ ઉપર સૌને એટલો બધો ભરોસો હતો કે તેનેજ તમામ ઇરાની લશ્કરોનો વડો સપાહસાલાર નેમવામાં આવ્યો હતો.

તેની બાહોશી અને હિમ્મત ઉપરાંત તેનો દેખાવ પણ ઘણોજ દબદબા ભરેલો અને દિલજીત હતો. તેનું સીધું ઉંચું કદ અને તેનો ઘણોજ ખબસૂરત ચેહેરો સામા માણસનું મન આકર્ષી લેતો. અને તેના દરજ્જા મુજબનો તેનો દમામ પણ હમેશાં ભારીજ રહેતો. તે જ્યારે લડાઇપર જતો ત્યારે તમામ અને ચુનન્દાં બખ્તરમાં સજ્જ થયલા એક હજાર ઘોડેસવાર યોદ્ધાઓ અને તેથીબી વધુ સંખ્યાનાં હલકાં ઓજારો-વાળા બીજા લડવૈઆઓ તેના અંગરક્ષકો તરીકે તેની સેવામાં રહેતા. અને તેના ઘરખટલા અને

અસ્બાબને વાસ્તે એક હજાર ઉંટો અને બસો રથોનો મ્હોટો કાફલો કામે લાગી રહેતો.

લડાઈ માટેની ગોઠવણો

પાર્થ્યન શાહાનશાહ હુરોદે કેસસપર એલ્ચીઓ મોકલવા પછી પાર્થ્યનોએ મેસોપોટેમ્યામાંના જે જે શેહેરોમાં રોમન 'ગેરીસનો' હતાં તેઓ ઉપર હુમલા શરૂ કરી દીધા. એ સર્વે ઉપરથી કેસસને લડાઇ માટે આગળ પડવા વગર છૂટક રહ્યો નહિ.

આર્મિન્યાના પાદશાહ અર્તવદઇસ્તીશે કેસસની તરફેણ કરવાનું સલાહકારક માન્યું. તેથી તેણે કેસસને પચાસ હજાર સિપાહોની મદદ આપવાનું કહીને આર્મિન્યાને માર્ગે પાર્થ્યા ઉપર કુચ કરવા સમજાવ્યું. મગર મેસોપોટેમ્યામાં ઘણાક ચુનન્દા રોમન સિપાહો હોવાથી તેઓ વગર લડાઇપર જવાનું તેને ઠીક લાગ્યું નહિ, અને તેથી તેને મેસોપોટેમ્યાને માર્ગેજ કુચ કરવી પડી.

રોમનોની હીલચાલ સમજવા પછી હુરોદ અને સૂરિને પોતાની યોજના રચી દીધી. અને એવું ઠરાવવામાં આવ્યું કે ખુદ રોમનો સામે નામચીન યોદ્ધા સુરિને હુમલો લઇ જવો, જ્યારે શાહાનશાહે આર્મીન્યાપર સાથે સાથેજ ચ્હડાઈ લઇ જવી કે જેથી આર્મીન્યનો કોઇબી રીતની મદદ રોમનોને આપી શકે નહિ. આર્મિન્યાના પહાડી મુલકોને ખર આવે

કરીને શાહાનશાહે પોતા સાથે ફકત પાયદળ લશ્કરજ રાખ્યું, જ્યારે સૂરિન સાથે તમામ ઘોડેસવાર સેના રહી.

ઇરાની ઘોડેસવાર લશ્કર બે પ્રકારનું હતું. એકમાં ઘોડા તેમજ સવાર બન્ને તમામ બખ્તરમાં સજ્જ થયેલા હતા. અને મુખ્ય હથિયાર તરીકે પોતા પાસે ઘણાજ જોરેમંદ અને લાંબા ભાલા રાખતા હતા. જેથી તેઓ પોતાના દુશ્મનો સામે અટકાવી નહિ શકાય એવો ધસારો લઇ જતા, અને બચાવની વખતે લોખંડની દેવાલ માફક ટકાવ આપતા.

બીજી જાતનાં લશ્કરમાં ઘોડા કે સવાર કશુંબી બખ્તર પેહેરતા ન હતા અને એક અસાધારણ કદની કમાન અને મહોટા તીરોના ભારાથીજ ફકત સજ્જ થયેલા હતા. તેઓના ઘોડા અસાધારણ ચપળતા ધરાવતા અને તેઓ એવા તો ચુનન્દા સવારો હતા કે કશીબી રીતના ઘોડાના સાજ વગર તે ઉપર તદનજ આસાનીથી તેઓ બેશી શકતા, અને સ્થિર ઉભા રહીને કે ચારે પગે દોડયા જતાં, આગળ વધતાં કે પાછળ હઠતાં એક સરખી આસાનીથી અને અચુક નેમથી પોતાનું જોરેમંદ હથિયાર તેઓ વાપર્યા જતા. તેઓને માટે તીરોનો અખૂટ જથ્થો તથા તેઓનો અસ્બાબ ઉંટોના કાફલાઓ ઉપર લાધી લેવામાં આવતો, અને તેથી એ લશ્કરની ઝડપી હીલચાલોમાં કશો ખતરો પડી શકતો નહિ.

પ્રકરણ છઠ્ઠું

બેલીકની નદીનું મહાભારત જંગ

ઈરાની શૂરવીરોનું અચંબો પમાડનારૂં યુદ્ધ; મહાન રોમન સેનાનો તમામ નાશ, અને રોમન પ્રજાના વડા ક્રેસસનું મોત

પોતાની બળવાન ફોજ સાથે શૂરવીર સૂરિને દુશ્મનો માટે થોભ્યા વગર એકદમ તેઓ સામે ઝુકાવ્યું, જ્યારે મેસોપોટેમ્યાની છેક પશ્ચિમે આવેલા ઓસ્રહોઇનેના મુલકનો પાદશાહ અબગારસ રોમનોને તેના સખત પંજામાંજ સામો ખેંચી લાવતો હતો.

ક્રેસસે યુફ્રેતીસ નદી ઓળંગ્યાને ત્રણ ચાર દીવસ થયા કે સામી બાજુએ દૃષ્ટિમર્યાદા ઉપર ધૂળનું વાદળ ચઢતું જણાયું, અને રોમનોના ખબર લાવનાર માણુસોએ હાંફતા આવીને ક્રેસસને ખબર પહોંચાડી કે જબરી ઇરાની સેના ઘણીજ હિમ્મતથી તેની સામે ધસી આવતી હતી.

જ્યારે ઇરાની ફોજ તેની સામે આવી ચ્હડી ત્યારે ક્રેસસ બેલીક નદી ઉપર આવી પહોંચ્યો.

હતો. તેના સરદારોએ તેને તુરત થોભી જવાની અને બીજે દીને જંગમાં ઉતરવાની સલાહ આપી. મગર ક્રેસંસ પાસે ઘણાજ ચુનન્દા અને કાંઇ નહિ તો એક લાખ રોમન સિપાહો હતા, અને નામીચા રોમન લડવૈઆ જુલીયસ કએસર યાને સીઝરે તેની મદદ માટે જબરા ગૉલ ઘોડેસવારોનું એક લશ્કર ક્રેસસનાજ બેટા પૂબ્લીયસની સરદારી હેઠળ મોકલ્યું હતું તે પણ તેને આવી મળ્યું હતું. એટલે ક્રેસસ લડાઈ માટે અધીરો બન્યો, અને તુરતજ જંગમાં ઉતરવાનું તેણે નકકી કીધું.

રોમનો લડાઈમાં સામે આવી પહડે ત્યાં તલક સૂરિને પોતાનું લશ્કર ટેકરીઓવાળી જગ્યામાં અને ઝાડીઓ પાછળ ગોઠવી રાખ્યું હતું. મગર જેવા દુશ્મનો સામે આવી પહોંચ્યા કે તુરતજ તેણે પોતાની સેનાને જંગનાં મેદાનમાં ઉતારી.

પહેલાં હલકા સાજવાળા પણ ઘણાજ જોરેમંદ ઇરાની તીરંદાઝોને દુશ્મનો સામે કરવામાં આવ્યા. તેઓએ રોમનોના સૌથી બળવાન સિપાહો ઉપર તીરોનો મારો ચલાવ્યો, અને તેઓનાં તીર એવાં મહાભારત જોરથી ઉડી આવ્યાં કે તેઓએ દુશ્મનોની મજબૂત ઢાલ અને ચુનન્દાં બખ્તરો બન્નેને ચીરી નાખીને ઘણાજ ભયંકર જખમો

કરવા માંડયા. એ મારા વખતે તે જોરેમંદ તીરંદાજો દુશ્મનોની સફોથી એટલું સલામત અંતર રાખી શકતા કે દુશ્મનોથી તો કોઈ પણ રીતે તેઓ ઉપર મારો ચલાવી શકાતો નહિ. આવી હુન્નરમંદી અને આવું મહાભારત જોર જોઇને રોમન સિપાહો તો દંગ થઇ ગયા. તેઓએ ઘણીએક લડાઇઓ કીધી હતી, અને ઘણીએક બળવાન પ્રજાઓ સાથે બાથ ભીડી હતી, પણ આવાં ભારી તીરો અને આવા બળવાન તીરંદાજો તેઓએ કેઠે પણ જોયા ન હતા.

રોમનોનું જબરૂં પાયદળ આવા સકંજામાં આવી પડયું ત્યારે પોતાના છાપો મારનારા સિપાહોને તેઓએ ઇરાનીઓ સામે ધસી જવા સામા પાડયા, મગર ઇરાની શૂરવીરોએ તુરતજ તેઓને નાશી જવાની ફરજ પાડી, અને પાછું રોમન પાયદળ ઇરાની લશ્કરના મારમાં આવી પડયું. રોમનોએ ફરી ફરીથી ધસારા કીધા; પણ ફોકટ. પાર્થ્યન સિપાહો પોતાની અને દુશ્મનોની વચ્ચેનું અંતર કોઇ પણ રીતે ઘટવા દેતા નહિ. અને આગળ વધતાં કે પાછળ હઠતાં બન્ને વખતે એક સરખી અચુક નેમ અને એક સરખાં બુલંદ જોરથી પોતાનાં જોરેમંદ તીરો છોડયા જતા.

રોમનોએ આખરે ઉમેદ બાંધી કે પાર્થ્યનોનાં તીરો ખુટી રહેશે એટલે તેઓ સામે ધસારો લઇ

જઈ શકાશે; મગર તેવું પણ બન્યું નહિ. પાર્થ્યનો તો પાછળ ઉભેલા ઉટોના કાફલાઓપરના અખૂટ જથ્થામાંથી પોતાનાં તીરો ચાલુ ભરપાઇ કરતા. એવું જોયું ત્યારે દુશ્મનોથી થોભાયું નહિ. ક્રેસસે વિચાર્યું કે એમ સામો માર ખાવાને બદલે કોઇ બીજી યુક્તિ અજમાવવી જોઇએ; એટલા વારમાં તો તેના બેટા પૂબ્લીયસનેજ ઘેરી લેવાની તૈયારીમાં પાર્થ્યનો હતા તે ઉપરથી ક્રેસસે રોમનોના સૌથી ચુનંદા સિપાહો લઇને પાર્થ્યનો સામે ધસી જવા પોતાના બેટાને ફર્માવ્યું. તેવોજ શૂરો પૂબ્લીયસ પોતાના ગૅાલીક ઘોડે સવારો અને બીજું લશ્કર મળીને આશરે આઠ દસ હજાર સિપાહો લઇને પાર્થ્યનો ઉપર છાપો મારવા યાહોમ કરી ધસી આવ્યો.

પૂબ્લીયસે જેવો જનુની ધસારો કીધો તેવાજ પાર્થ્યનો ઉતાવળે પાછળ હઠતા ગયા; અને જ્યાં વેર પૂબ્લીયસ રોમનોનાં લશ્કરથી તદ્દનજ વિખુટો પડી ગયો ત્યાં વેર તેને તેઓ દૂરજ ખેંચતા ગયા, પણ તે પછી તેઓ થંબ ઉભા, અને પોતાના બખ્તરવાળા ઘોડે સવારોને દુશ્મનો સામે ઉભા કીધા, તેમજ હલકા સાજવાળા ઘોડેસવારોથી તેઓને તમામ ઘેરી લીધા. પરિણામમાં એક ઘણુંજ જનુની જંગ થયું અને તેમાં ઇરાની શૂરવીરોના પંજા એવી જોરેમંદીથી

ઠામે વળગ્યા કે થોડાકજ વખતમાં ફકત પાંચસો કેદ પકડાયલા રોમનો સીવાયનો દરેક માર્યો ગયો. અને એ પછી ઇરાની ફોજ પાછી રોમનોનાં મુખ્ય લશ્કર સામે ધસી આવી.

જ્યારે પૃબ્લીયસના ધસારા સામે ઇરાનીઓને હઠી જતા રોમનોએ જોયા ત્યારે તેઓને ભારી કરાર થયો, અને ફતેહ થવાનુંજ તેઓએ તો ચોકકસ માની લીધું. મગર જ્યારે પૃબ્લીયસને પાછા આવતાં વાર લાગી અને પછી સેના ધાસ્તીમાં આવી પટવાની ખબરો આવવા લાગી ત્યારે ક્રેસસ બીચારો ફીકરથી બેફામ જેવો થઇ ગયો. તેણે તુરતજ આખાં લશ્કરને કુચ કરવાનો હુકમ આપ્યો. તેટલામાં તો ફતેહમંદ ઇરાનીઓ સામા આવી ર્‌હડયા. તેઓએ પોતાના બખ્તરવાળા ઘોડે સવારોને રોમનોના સૌથી ચુનંદા સિપાહો સામે ઉભા કીધા, પોતાના જબરા ભાલાઓ ભારી બળ અને ઉલટ સાથે વાપરવા માંડયા, અને તેઓની પાછળ રહીને ઇરાની તીરંદાજો પોતાના બળવાન તીરો પાછળના રોમન સિપાહો ઉપર છોડતા ગયા. આવા જબરા મારા સામે રોમનો તો તદનજ લાચાર થઈ પડયા, અને તેઓનો જબરો નાશ થવા માંડયો. પણ આખરે રાત પડી ગઇ ત્યારે તેમનો થોડોક વાર છુટકો થયો.

રાતને વખતે દુશ્મનોથી દુર છાવણી નાખવાનો પાર્થ્યનોમાં રીવાજ હોવાથી તેનો લાભ લઇને રોમનો પોતાની છાવણી તેમજ પોતાના બીચારા જખમી થયલા સિપાહોને છોડીને રાતોરાત નાઠા, અને એક કીલ્લેબંધીવાળાં શેહેરમાં જઇને આશરો લીધો; પણ ત્યાં પણ તેઓને સલામતી જણાઇ નહિ ત્યારે રોમનો એ પોતાનાં લશ્કરને વ્હેંચી નાખ્યું, અને છૂટા છૂટા સરદારોએ નાસવા માંડયું.

પાર્થ્યનોએ સ્હવાર પડતાં ખરી બીના જાણી તેવાજ તેઓ રોમનોની પુઠે દોડયા. અને આખરે તેઓએ ક્રેસસને પકડી પાડયો. તેવોજ રોમન સરદાર ઓકટેવીયસ તેની મદદે દોડી આવ્યો. મગર સુરિને તેઓ સાથે સુલેહ કરવા મરજી જણાવી. અને તે માટે એવી માગણી કીધી કે બન્ને લશ્કરની વચ્ચે આવેલી જગ્યાએ બન્ને બાજુના સરદારોએ સરખી સંખ્યામાં મળીને સુલેહની સરતો નક્કી કરવી. ક્રેસસને એ પસંદ આવ્યું નહિ. પણ તેના માણસોએ દબાણ કીધું તેથી તેણે તેમ કરવા કબુલ્યું.

ક્રેસસ સાથે ઘટતાં માન સાથે વરતવામાં આવ્યું. અને સુલેહની સરતો નક્કી કરવામાં આવી. પણ સુરિને સરતો લખી લેવા માંગી, અને પોમ્પીએ પાર્થ્યનો સાથે રમેલા દગાની યાદથી જણાવ્યું કે 'તમો રોમનો

તમારાં વચનો યાદ રાખવાનું ભુલી જતા જણાવો છો.' લખાણુ કરવાની જગ્યાએ જવા વાસ્તે પાર્થ્યનોએ રોમનોને પોતાના ઘોડા આપ્યા, પણ જરા વારમાં રોમનોને કાંઇ વેહમ પડયો, તે પરથી ઓકટેવીયસે ક્રેસસનાં ઘોડો દોરવનારને મારી નાખ્યો; પણ તેના જવાબમાં તુરતજ તે લોથ થઇ પડયો. એ ઉપરથી જાગેલાં તોફાનમાં ક્રેસસ તથા તેની સાથના સર્વે રોમનો માર્યા ગયા. જે ઉપરથી તેની સાથનું તમામ રોમન લશ્કર પાર્થ્યનોને તાબે થયું. અને તે સિપાહોને શાહુનશાહતની છેક ઉત્તરે આયેલા માર્જીઆનાના મુલકમાં વસાવવામાં આવ્યા.

એ મહાભારત યુદ્ધમાં કાંઇ નહિ તો અરધો અરધ રોમન લશ્કર માર્યું ગયું. અને બાકીનામાંના નાસભાગમાં જે થોડાક છટકી નાઠા તે સીવાયના સર્વે કેદ પકડાયા.

પ્રકરણ સાતમું

રોમ સાથનાં પહેલાં જંગનાં પરિણામો

બહુલા ઇરાની રાજ્યકર્તાઓ

જ્યારે શૂરવીર સૂરિને રોમનો સામે આવી બુલંદ ફતેહ મેળવી હતી, ત્યારે શાહાનશાહ હુરોદે પણ આર્મીન્યામાં વગર લડવે ફતેહ મેળવી ત્યાંના ઇરાની પાદશાહ સાથે સુલેહ કીધી હતી, તેની બેહેન સાથે પોતાના બાહોશ અને શૂરા બેટા પકોરસની શાદી કરીને દોસ્તીની ગાંઠ મજબુત બનાવી હતી. અને બન્ને પાદશાહો કેટલાક દીવસો સુધી રામશ્નીની મજલેસો બનાવીને મોજ મેળવતા હતા.

જ્યારે ક્રેસસ ઉપરની સંપૂર્ણ ફતેહની ખબર આવી પહોંચી, ત્યારે તેઓ નામીચા ગ્રીક કવિ ઇયુરિપિડીસના 'બેકઝ્હી' નામના ખેલનો એક નામીચો દેખાવ ભજવાતો જોતા હતા. એ વખતે ઇરાનીઓમાં ગ્રીક સાહિત્યનો અચ્છો ફેલાવો થયેલો હતો. અને હુરોદ તેમજ અર્તવદદંશિતશ બન્ને ગ્રીક ભાષા તેમજ સાહિત્યથી ઘણા અચ્છી રીતે માહીતવગાર હતા. તેમાં અર્તવદઇશિતશ તો એટલી બધી બાહોશી ધરાવતો હતો

કે તેણે ગ્રીક ભાષામાં કેટલાંક તવારીખનાં તેમજ કરૂણારસિક નાટકનાં પુસ્તકો રચ્યાં હતાં. તે આર્મીન્યાના મહાન પાદશાહ તીગ્રનીસ ધ ગ્રેટનો બેટો હતો અને પોન્ટસના પારસી મહાવીર મિથ્રિદાતીશ ધ ગ્રેટની બેટીનો બેટો થતો હતો.

બેલીકની લડાઈનાં પરિણામો

પાર્થ્યનોની મહાભારત ફતેહથી આખા એશિઆમાં હોહોકાર થઇ રહ્યો. અને છટકી નાઠેલા સિપાહોએ પાર્થ્યનોનાં અદભુત બળ અને અચંબો પમાડનારી કળા વિષે રોમનોમાં એવા રસકસથી વાતો ફેલાવી કે તેથી તમામ રોમન દુન્યા ઘણીજ ધાસ્તી ખાઇ ગઇ. અને એશિઆખંડ હંમેશનો છોડવાની ફીકરમાં આવી પડી.

રોલીન્સન વાજબી રીતે જણાવે છે કે એ ફતેહનો લાભ લેવા જો મિથ્રિદાતીસ ધ ગ્રેટ કે તીગ્રનીસ ધ ગ્રેટ હૈયાત હતે, અથવા મહાન યોદ્ધા સુરિન જો પાર્થ્યાનો શાહાનશાહ હતે તો ખચ્ચીતજ રોમ આપદામાં આવી પડયું હતે. પણ હુરોદમાં એ કામ લાગકનો ઉમંગ ન હતો, અને તેને ઉમંગ આપનાર જે મહાન નર હતો તેણે તો પોતાની મહાભારત ફતેહથી એવી અદેખાઇ ખેંચી લીધી કે થોડાકજ વખતમાં તે દુશ્મનોનો ભોગ થઇને નાશ પામ્યો.

રોમન મુલકો ઉપર પાર્થ્યન ચ્હડાઈ

એટલું છતાં કેટલીક મુદ્દત વીત્યા પછી હુરોદે પોતાના શૂરા બેટા પકોરસને રોમન મુલકો ઉપર ચ્હડાઇ કરવા મોકલ્યો. તે ભલા શૂરવીરે એટલી બધી ફતેહ મેળવી કે રોમનોનો કોઇપણ રીતે તેની સામે થવાનો ચારો રહ્યો નહિ, ત્યારે હંમેશ મુજબ તેઓએ પોતાના કાવાદાવા શરૂ કરી દીધા, અને એવી બૂમ ઉરાડી કે પકોરસ તો રાજ્ય ગાદી મેળવવા ઉમેદવાર થઇ રહ્યો છે. કાચાકાનના હુરોદે એ વાત માની અને આવી ફતેહમંદ કારકીર્દીપરથી તેણે પકોરસને બોલાવી લીધો. તે ભલો બેટો પોતાના બાપના હુકમને તુરત તાબે થયો. પણ તેથી હુરોદે પાર્થ્યાને નહિ પૂરાય એવું નુકસાન કીધું.

એ પછી રોમન મુલકો ઉપરની ચ્હડાઇની વાત છેક નવ વરસ સુધી ખોરંબે પડી; અને તે મુદતમાં તો રોમનો પાછા એશિઆમાં પગભર થઇ પડયા. પણ એ પછી એ ચ્હડાઇ ઉપર પાછું મન લગાડવામાં આવ્યું; અને ઇ. પૂ. ૪૦ માં પકોરસને એ ચ્હડાઇ સોંપવામાં આવી. એ શૂરવીરે હરેક ઠેકાણે રોમનોને હાર આપીને પાર્થ્યન સત્તા છેક હેલેસ્પોન્ટની ખાડી સુધી ફેલાવી દીધી, અને કાંઇ નહિ તો એક વરસ સુધી રોમન પગદંડો એશિઆમાંથી લગભગ નાબુદ

કરી નાખ્યો. પણ તે પછી રોમનોએ પાછી ઉલટ પકડી જંગ જગાડયું તેમા શૂરો પકોરસ બળતવારીથી તેઓને પૂરો પડયો. પણ આખરે તેઓએ તે ભોળા નરને થાપ આપી એક સકંજાની જગ્યામાં લાવી નાખ્યો; ત્યાં થયેલાં જનુની જંગમાં કમનસીબે તેનું મરણ નીપજ્યું, અને તેથી તેની ફોજ હઠી ગઇ.

પોતાના નેક ખસ્લતના અને શેરમર્દ બેટાનાં મોતથી હુરોદ ઘણોજ રંજીદા થઇ ગયો. તેની થોડી ઘણી જે ઉલટ હતી તેબી તેણે છોડી દીધી, અને આખરે રાજપાટ પોતાનાં બીજા બેટા ફ્રહાતને ઇ. પૂ. ૩૭ માં તેણે સોંપી દીધું.

પ્રકરણ આઠમું

રોમનો સાથનું બીજું મહાભારત જંગ

નામીચા રોમન સરદાર માર્ક એન્ટનીની પાર્થ્યામાં સખત હાર

ફ્રહાદે પોતાનું તખ્ત પોતાના હૈયાત વડા બેટા ફ્રહાતને આપ્યું, મગર ફ્રહાતે એવો ઘાતકી સ્વભાવ બતાવ્યો અને એવો જુલમ ગુજારવા માંડયો કે સર્વે લોકો કંટાળી ગયા, અને નામીચા સરદારો દેશપાર જઈ રહ્યા; તેમાં કેટલાક મહોટા સરદારો રોમન સપાહસાલાર માર્ક એન્ટનીને જઈ મળ્યા ત્યારે ફ્રહાતની શુધ ઠેકાણે આવી, અને તેણે આખરે પોતાના સરદારોને સમજાવીને પાછા પોતાની તરફમાં ખેંચી લીધા.

એટલું છતાં એન્ટનીએ કોઈ મહોટા સાહસમાં નામના કહાડવાની ઉમેદ બાંધી હતી, અને પાર્થ્યનોમાં ચાલતા અસંતોષથી તે વાકેફગાર થયો હતો, તેથી પાર્થ્યા ઉપર બીજી રોમન ચ્હડાઈ લાવવાનો તેણે ઠરાવ કીધો.

આશરે સવા લાખ માણસોની મહોટી ફોજ લઇને ઈ. પૂ. ૩૭ માં એન્ટની પાર્થ્યા ઉપર ચ્હડાઈ

લાવ્યો. મગર બચાવની એવી સંપૂર્ણ તૈયારીઓ કીધેલી તેણે જોઈ કે તુરતજ તેને પાછું હઠી જવું પડયું, અને આર્મીન્યાને માર્ગે સવારી લાવવાનું તેણે ડહાપણ ભરેલું ગણ્યું.

પોતાના લશ્કરના તેણે બે ભાગો કરી નાખ્યા, અને તેમાંના એકને સર્વે અસ્બાબ તેમજ લડાયક સંજામ પાછળ લાવવાનું સોંપ્યું અને બીજું ચુનન્દુ લશ્કર લઇને તે આઝરબાઇજાનના મુલક ઉપર ધસારો લઇ ગયો અને તેના પાયતખ્ત પ્રાસ્પ ઉપર તેણે હુમલો કીધો.

મીડયનોનો પાદશાહ પાર્થ્યાની મદદે ગએલો હતો તે છતાં પ્રાસ્પના બહાદુર ઇરાની લોકોએ દુશ્મનોને કશુંબી મચક આપ્યું નહિ, અને તદનજ ફતેહમંદીથી પોતાનો બચાવ કીધો. મીડયન પાદશાહ પોતાના પાર્થ્યન મિત્રો સાથે પોતાનાં પાયતખ્તની મદદે દોડી આવ્યો. મગર જ્યારે તેઓએ શહેરને સલામત જોયું, અને તેનો બચાવ મજબૂત જાણ્યો, ત્યારે પાછળ આવતાં રોમન લશ્કર ઉપર તેઓ હુમલો લઇ ગયા; અને તેમાં તેઓએ એવી સંપૂર્ણ ફતેહ મેળવી કે દશ હજાર રોમન સિપાહિ પોતાના સરદાર સાથે માર્યા ગયા, અને રોમનોનો સર્વે અસ્બાબ પાર્થ્યનોના હાથમાં આવી પડયો.

આ શિકસ્તથી એન્ટનીને જબરી ધાસ્તી બેઠી, અને તેને ક્રેસસની વાત યાદ આવવા માંડી; ત્યારે તેણે પ્રાસ્પ ઉપર મથી મથીને હુમલા કીધા, મગર ત્યાંના લોકોએ તેને કશું મચક આપ્યું નહિ, અને સામો તેનેજ હેરાન કરવા માંડયો. એટલું છતાં પોતાની હાર કબુલવાનું તેને ભારી લાગ્યું અને પાર્થ્યનો તેની સાથે સુલેહ કરીને ક્રેસસના ઝુંડાઓ અને કેદ પકડાયલા રોમનોને આપી દેશે એવી વાહીઆત વાતો તેણે કરવા માંડી. મગર પાર્થ્યનોએ તે વાતો એકદમ હસી કહાડી, અને તેને ઘેરવાની ગોઠવણ કરવા માંડી; એટલે તેને નાસવા વગર છૂટકોજ રહ્યો નહિ. પાર્થ્યનોએ તેનો માર્ગ રોકી રાખ્યો હતો, તેથી તેને બીકટ માર્ગે નાસવું પડયું. પણ તેમાં તેને પાર્થ્યનોએ હરેક જગ્યાએ ઘેરીને માર્યો, અને જ્યારે તે ઘણીજ મુશ્કેલીએ આર્મીન્યા તરફ છટકી નાઠો ત્યારે કાંઇ નહિ તો તેના ચાળીસ હજાર સિપાહો માર્યા ગયા હતા.

એન્ટનીની હાર પછીના કેટલાક બનાવો

એન્ટનીના હરીફ ઓકટેવ્યને ફ્રહાત તરફ સારી લાગણી બતાવી, અને એક બળવાખોરે તેના શાહઝાદાને ઓકેટવ્યનને સપુરદ કીધો હતો, તેને ફ્રહાતની માગણી પરથી તેણે તેની ઉપર મોકલી આપ્યો. પાછળથી જ્યારે તેણે 'ઑગસ્ટસ' નામ ધારણ કીધું

હતું, ત્યારે તેની સાથની સારી લાગણી જાળવી રાખવા પાર્થ્યનોએ ક્રેસસ અને એન્ટની પાસેથી જીતી લીધેલા જુંડાઓ ફ્રહાતે તેની ઉપર મોકલી આપ્યા. તેની ઉપર ફ્રહાતને એટલો તો ઈત્બાર હતો કે જ્યારે તેને ધાસ્તી ઉપજી કે રખેને ઉમરાવો તેની સખ્તાઇથી કંટાળીને તેના કોઈ બેટાને તખ્ત આપીને તેને ઉઠાડી મુકે ત્યારે તેણે પોતાના ચાર બેટાઓને ઓગસ્ટસની દરબારમાં મોકલી આપ્યા, અને ત્યાંજ તેઓને ઘણુંજ માન અને ઈજ્જતથી રાખવામાં આવ્યા. તેમાંના કેટલાકને પાછળથી મગીસ્તાનની માગણી ઉપરથી પાર્થ્યા મોકલી આપવામાં આવ્યા હતા.

પ્રકરણ નવમું

મહાન શાહાનશાહ વલખશ પહેલો

પાર્થ્યન શાહાનશાહ અર્તબાનુશ ત્રીજાનો રોમનો સામે ધુજારો. શાહાનશાહ વલખશ પહેલાની રોમનો ઉપર યાદગાર ફતેહો

ફ્રેહાતના જે બેટાઓને તેણે રોમ મોકલી દીધા હતા, તેમાંના એક વોનોનીસ યાને વઓનુન (?) ને પાર્થ્યનોએ પાછળથી બોલાવીને તખ્ત આપ્યું હતું, પણ રોમનો તરફની તેની લાગણીથી કંટાળીને તેને ઉઠાડી મુકવામાં આવ્યો, અને ઈ. સ. ૧૬ માં પાર્થ્યાનું તખ્ત અર્તબાનુશ નામના અર્ષકાન્યન શાહઝાદાને આપવામાં આવ્યું.

વોનોનીસે રોમનોની મદદ શોધી, મગર અર્તબાનુશે રોમન શાહાનશાહ ટાઇબેર્યસ ઉપર એવો ધમકીનો ધુજારો કીધો કે રોમનો તેને કાંઈ પણ મદદ આપતા અચકયા.

પાછળથી અર્તબાનુશે રોમનો સામે ધસારો કીધો, ત્યારે લડવાને બદલે ટાઇબેર્યસે દાવ પેચ ચલાવ્યા અને અર્તબાનુશ સામે તખ્ત મેળવવા હરીફો ઉભા કરીને તેને હેરાન કરવા માંડયો. અર્તબાનુશને તેની આવી રીતથી એટલો ક્રોધ ચઢયો કે તેણે ટાઇબેર્યસ ઉપર તેની ચાલ માટે ફીટકાર નાખતું અને ઘણુંજ સખત નામું લખ્યું.

એટલું છતાં રોમનોએ પોતાના કાવાદાવા ચાલુ રાખ્યા; અને અર્તબાનુશને ઘણી રીતના દગા ફટકાથી તકલીફમાં ઉતાર્યો, ત્યારે કંટાળીને તેઓ સાથે તેણે સુલેહ કીધી.

પાછળથી ઈ. સ. ૫૧ માં નામીચો શાહાનશાહ વલખશ પહેલો પાર્થ્યાના તખ્ત ઉપર બેઠો. તેણે પોતાના એક ભાઇને મીડ્યાનું તખ્ત મેળવી આપ્યું અને બીજાને આર્મીન્યાની ગાદી અપાવી, તે ઉપરથી રોમ સામું થયું, પણ વલખશને તૈયાર જોઇને તે સમજુતી પર આવ્યું. એટલું છતાં પોતાની હંમેશની રીત મુજબ કાવાદાવા ચાલુ કરીને રોમનોએ હિર્કેન્યામાં ઉશ્કેરણી ફેલાવીને બળવો જગાડયો, અને આર્મીન્યામાં વલખશના ભાઈ તીરીદાતીસ ઉપર હુમલો કીધો. તીરીદાતીસ ત્રણ વરસ વેર બહાદુરીથી લડયો, પણ આખરે તેને હઠી જવું પડયું.

એ ઉપરથી વલખશે મંગીસ્તાન તેડીને રોમનોના કાવાદાવા સામે સખત ફર્યાદ કીધી, અને તેઓ ઉપર જબરો ધસારો લઈ જવા ઉમંગથી કામ લેવા જણાવ્યું. એ માગણી ઘણીજ ઉલટ સાથે કબુલ કરવામાં આવી.

શાહાનશાહ પહેલો આર્મીન્યા ઉપર હુમલો લઈ ગયો. તેને રોકવા રોમન સરદારે ત્રણ હજાર સિપાહોને ટોરસના પહાડોમાં મોકલ્યા, મગર તેઓને તુરત કાપી નાખવામાં આવ્યા; અને પાર્થ્યનોએ પોતાની ફતેહો આગળ વધારીને આર્મીન્યામાંનું તમામ રોમન લશ્કર ઘેરી લીધું, ત્યારે તે તાબે થયું. રોમનોએ પોતાનું સર્વે કાંઈ મુકીને ખાલી હાથે આર્મીન્યામાંથી ચાલ્યા જવા, તથા પોતાની હારની ઈંધાણીમાં યુક્રેતીસની એક શાખા ઉપર પુલ બાંધી આપવા કબુલ્યું.

એવી સરતોથી નામોશી લાગવાથી રોમે બીજું લશ્કર મોકલ્યું, પણ તેને પણ આગલીજ સરતો કબુલવી પડી, અને તીરીદાતીસને આર્મીન્યાનો પાદશાહ કબુલવો પડયો તથા એવું ઠરાવવામાં આવ્યું કે તીરીદાતીસે રોમ જઇને રોમન શાહાનશાહને હાથે તાજ પહેરવું તથા રોમન પ્રજાની મહેમાનદારી ચાખવી.

આર્મીન્યાના અર્ષકાન્યન પાદશાહની રોમ ખાતેની યાદગાર મુલાકાત

બે વરસ પછી તીરીદાતીસે રોમ જવાનું નકી કીધું. ત્રણ હજાર ચુનંદા સવારોના ઘણાજ દમામદાર

રેસાલાને લઇને તેણે પોતાની કુચ શરૂ કીધી. તેના પોતાના રોબ ભરેલા દેખાવથી તથા તેની ભપકાભરેલી કુચથી સર્વે પ્રજાઓ છક થઈ, અને તેના માનમાં તેના રસ્તામાં આવતાં હરેક રોમન શહેરને શણગારવામાં આવ્યું, અને આખે રસ્તે તેમજ સર્વે ઠેકાણે રોમન પ્રજાને ખરચે તેની ઘણીજ બાદશાહી પરોણાગત કરવામાં આવી. અને તેથી હરરોજ રોમે તેને માટે આશરે એક લાખ રૂપીઆનો લખલુટ ખરચ નવ મહીના તલક કીધો.

રોમન શાહાનશાહ નીરોની મુલાકાત વખતે પોતાની શમશેર છોડી જવા તીરીદાતીસને અરજ કરવામાં આવી, પણ તેમ કરવાનું હલકું સમજીને તેણે સાફ ના પાડી ત્યારે મ્યાન સાથે તલવારને જડી દઈને તે લઈ જવા દેવાની સમજુતી પર રોમનોને આવવું પડયું.

તાજપોશીની ક્રિયાની આગલી રાતે તમામ રોમને રોશની તેમજ તોરણ વાવટાથી શણગારવામાં આવ્યું; અને તે ક્રિયા ઘણાજ ઠાઠમાઠથી કરવામાં આવી. અને તે પછી નીરોએ તીરીદાતીસની મેહમાનદારી ઘણાજ દબદબાની રીતે કીધી.

વલખશની માઝદયસ્નો દીન વાસ્તેનો કાળજીઃ માઝદયસ્નો દીનમાં દાખલ થવાની રોમન શાહાનશાહની માંગણી.

વલખશે એ પ્રમાણે પોતાની મકસદ પોતાની દલેરીથી પાર પાડી. મગર તે જેટલો સુરવીર તેટલોજ

ધાર્મિક પણ હતો. પાક અવસ્તાનાં લખાણો જે અલેક-ઝાન્ડરના વખત પછી વેરવીખેર પડેલાં હતાં તેનો તેમજ અવસ્તાને લગતાં સર્વે પ્રકારનાં લખાણોનો તેણે સંગ્રહ કરાવ્યો; અને પાક માઝદયસ્ની દીનને સજીવન કરવાના સર્વે પ્રકારના ઉપાયો તેણે લીધા. એના ભાઈ તીરીદાતીસને પણ ધર્મ સાથે ઘાડો સબંધ હતો. કેમકે તે એક દસ્તુરનો દરજ્જો ધરાવતો હતો એમ જણાવવામાં આવેલું છે.

એવું કહે છે કે દીન સાથના તેના સંબંધ વિષે જાણીને રોમન શાહાનશાહ નીરોએ પોતાને માઝદયસ્ની દીનમાં લેવા તીરીદાતીસને અરજ કીધી હતી, મગર કોઈ કારણને સર તેણે તે અરજ નાકબુલ કીધી હતી.

પ્રકરણ દશમું

રોમનો સાથનું ત્રીજું મહાભારત જંગ

ત્રેજનની લ્હડાઈ અને આખરે તેનું નાસવું

ઈ. સ. ૧૦૮માં પાર્થ્યાનું તાજ પાર્થ્યન પાર્લિમેન્ટ મગીસ્તાને હુસ્રવને માથે મુકયું. આગલા શાહાનશાહનાં વખતમાં આર્મીન્યામાં પાર્થ્યાએ વાપરેલા લાગવગથી રોમે બહાનું પકડી કજીઓ જગાડયો હતો; અને તેથી રોમન શાહાનશાહ ત્રેજન પાર્થ્યા ઉપર એક મહાભારત લ્હડાઈ લઈ આવવા નીકળ્યો. હુસ્રવે સુલેહ કરવા ચાહ્યું, પણ ત્રેજને તે કબુલ્યું નહિ અને ઈ. સ. ૧૧૫ માં તેણે પાર્થ્યન મુલકો ઉપર હુમલો કીધો.

ત્રેજને શરૂઆતમાંજ એક ઘણુંજ દગાભરેલું અને ઘાતકી પગલું ભર્યું. આર્મીન્યાનું તખ્ત હુસ્રવે પોતાના ભત્રિજા પર્થમસિરિસને આપ્યું હતું તે રોમે કબુલ્યું ન હતું. મગર પર્થમસિરિસને રોમન છાવણીમાં આવવા લલચાવવામાં આવ્યો, અને તેને એવું સમજાવવામાં આવ્યું કે ત્યાં ત્રેજન તેને માથે આર્મીન્યાનું તાજ મુકશે. તે સમજાવટ ઉપર ભરૂંસો મુકીને તે નભરવસ શાહજાદો રોમન છાવણીમાં આવ્યો; પણ તેને

તુરતજ માલમ પડ્યું કે તે એક છટકાંમાં આવી પડ્યો હતો, અને તેને ત્યાં ઘેરી લેવામાં આવ્યો હતો. ત્યારે ડરી જવાને બદલે પોતાની શાહાનશાહી નસલને છાજતી રીતે તેણે ત્રેજનને હિમ્મતથી જણાવ્યું કે તેને કોઈપણ રીતની શિકસ્ત આપવામાં આવેલી ન હતી, કે કોઇબી રીતેં તેને કેદ પકડવામાં આવેલો ન હતો; તે તો પોતાની રાજી ખુશીથી રોમન સરદાર ઉપર વિશ્વાસ રાખીને તેની મુલાકાતે આવ્યો હતો, અને તે વખતે તેણે એવી ખાતરી રાખેલી હતી કે આર્મીન્યાનું તાજ તેને માથે મુકવામાં આવશે, તેને કોઈપણ રીતની હલાકી પહોંચાડવામાં આવશે નહિ, અને તેને સલામત પાછો જવા દેવામાં આવશે.

એ ઉપરથી તેને ગમે ત્યાં જવા ત્રેજને કહ્યું. મગર જ્યારે તે રોમન છાવણી છોડી જતો હતો ત્યારે તેની પુઠે સિપાહો છોડવામાં આવ્યા, અને જ્યારે તે જવાન શેરમર્દ સામે થયો, ત્યારે ઘાતકી દગાથી તેનું નિર્દોષ લોહી રેડવામાં આવ્યું.

એ પછી ત્રેજને કેટલીક ફતેહો હુસ્રવના સામા આવ્યા વગર મેળવી, અને આખરે નામીચું શહેર તેસીફોન પણ તેને તાબે થયું. મગર એટલામાં શાહાનશાહ હુસ્રવ તેની સામે ધસી આવ્યો, ત્યારે ત્રેજનની પીઠે આવેલાં મહોટાં શહેરોએ રોમનો સામે બંડ જગાડયાં.

તે ઉપરથી ત્રેજન ગભરાયો; અને જોકે તેણે તે બળવો દાબી દીધો, અને ત્યાંના લોકોને સમજાવી લેવાની તેણે કોશેશ કીધી, તોપણ તે રખેને પાર્થ્યનોથી ઘેરાઈ જાય એવી તેને ધાસ્તી લાગી, ત્યારે તે પાછો હઠવા લાગ્યો. રસ્તે તેણે હાત્રાનો પ્રખ્યાત કીલ્લો પાછો સર કરવા ચાહ્યું, પણ તેમાં તે નિષ્ફળ નીવડયો.

બીજા હાથ ઉપર હુસ્રવ રોમનોને માર મારી ને પોતાના શહેરોનો કબજો મેળવતો ધસ્યો આવતો હતો, તેથી ધાસ્તી ખાઇને ત્રેજન હાત્રાનો ઘેરો છોડી ચાલ્યો, પણ પાછળ હઠતાં ખોરાકી ખુટી જવાથી, તોફાનોથી તેમજ પાર્થ્યનોના હુમલાથી તે ઘણોજ હેરાન થયો, અને ઈ. સ. ૧૧૭ માં મરણ પામ્યો.

તેની પછીના શાહાનશાહ હેડ્રીયને હુસ્રવ તરફ મિત્રાચારી બતાવી, અને તેની સાથે સુલેહ કીધી.

પ્રકરણ અગીઆરમું

રોમ સાથનાં પાર્થીઓનાં પાછલાં જંગો

શાહાનશાહ અર્તબાનુશ ચોથો રોમન શાહાનશાહ કારાકેલ્લસનું ઘણુંજ ભુંડું કૃત્ય

ઇ. સ. ૧૪૮ માં પાર્થીઓનું તખ્ત વલખશ ત્રીજાને મળ્યું હતું. તેણે રોમન મુલકો ઉપર સવારી કીધી. તેના સરદાર હુઝ્રવે સામે આવતાં રોમન લશ્કરને તેના સરદાર સાથે કાપી નાખ્યું, અને સીર્યાામાં ધસી જઇને રોમન લશ્કરોને હાંકી કહાડયાં. એ ખબરથી રોમમાં ગભરાટ ફેલાઈ રહ્યો; અને શાહાનશાહ વીરસે દોડી આવીને પોતાના મુલકનો બચાવ કીધો.

પાછળથી રોમન શાહાનશાહ સીવેરસે પાર્થીઅન મુલકો ઉપર સવારી કીધી, અને ઘણુંજ જંગલી ઘાતકીપણું વાપરીને ત્યાં કેટલીક ખરાબી કીધી; પણ આખરે તેને હઠી જવું પડયું, અને જતાં જતાં હાત્રા જીતવા તેણે ચાહ્યું. પણ તે ફતેહ કરવામાં નિષ્ફળ નીવડવાની નામોશી પામીને તેને ચાલ્યું જવું પડયું.

એ પછી પાર્થ્યનોના છેલ્લા શાહાનશાહ અર્તબાનુશ ચોથાના વખતમાં રોમન શાહાનશાહ કારાકેલ્લસ પાર્થ્યા સાથે ઘણોજ નીચ દગો રમ્યો. પૂર્વના મુલકોમાં દગાફટકાથી ફતેહો મેળવવાના તેણે પ્રપંચો રચ્યા. ઓસ્રહોઇને તથા આર્મીન્યાના પાદશાહોને તેણે નીચ દગાથી કેદ કીધા, પણ બહાદુર આર્મીન્યનો મજબૂતીથી તેની સામે થયા અને કોઈપણ રીતે રોમનોને પોતાના મુલકમાં ફાવવા દીધા નહિ.

પાર્થ્યા સામે પણ કોઇ પ્રપંચથી કામ લેવા તેણે ઇચ્છયું પણ તે પ્રપંચ કોઇ અસાધારણ પ્રકારનો હોય તોજ ફાવે તેથી તેણે એક નીચ કાવત્રું રચ્યું. ઈ. સ. ૨૧૫ માં તેણે અર્તબાનુશ ઉપર ઘણીજ ઉમદા ભેટો સાથે એલ્ચીઓ મોકલ્યા, અને એક અસાધારણ માગણી કીધી. તેણે એવી ઇચ્છા જણાવી કે પોતાની પ્રજાનીજ કોઈ બાનુ સાથે તે શાદી કરે તેના કરતાં પાર્થ્યન શાહાનશાહની બેટી સાથે શાદી કરવી એ તેને વાસ્તે ઘણુંજ માન ભરેલું ગણાય; તેથી તેની બેટીને પોતાની સાથે શાદીમાં આપવા તેણે અર્તબાનુશને અરજ કીધી. વળી તેણે વધુ જણાવ્યું કે દુન્યાનાં બે સૌથી જબરાં રાજ્યોનાં એવાં ઘાડાં જોડાણથી તેઓ આસપાસના સર્વે મુલકો તાબે કરીને એક મહાભારત અને સુલેહ સંપવાળી સલતનત ઉભી કરી શકશે, અને દુન્યાના

વેપાર રોજગાર તેઓ હસ્તક આવી પડવાથી તેઓની શાહાનશાહતોમાં દોલતની પણ રેલારેલ થઇ રહેશે.

આ માગણીમાં અર્તબાનુશને કાંઇ દગાભરેલું જણાયું. મગર તેણે તે માગણી એવું સમજાવીને ના પાડી કે પાર્થ્યનો અને રોમનોની રીતભાતો ઘણી જુદા પ્રકારની હોવાથી એવાં લગન સુખી નીવડે નહિ. કારાકેલ્લસ એથી સંતોષ પામ્યો નહિ અને સોગંદથી જણાવ્યું કે પાર્થ્યન શાહાનશાહઝાદીને તે પોતાના ખરેખરાં જીગરથી ચહાતો હતો, તેથી તેઓ અસુખી થશે એવું અર્તબાનુશે ધારવું નહિ, અને પોતાનો વાંધો મુકી દેવો.

એવી ચાલુ માગણીથી અર્તબાનુશ છેતરાયો, તેણે આખરે તે કબુલ કીધી. અને શાદી કરવા તેસીફોન ખાતે આવવાનું કારાકેલ્લસને ઇજન કીધું.

એવા મહોટા બનાવ માટે ગંજાવર અને ધામધુમો ભરેલી તૈયારીઓ કરવામાં આવી. આખરે જ્યારે શાદીની મીજલસ મળી ત્યારે શાહનશાહતના સર્વે મહોટા અમલદારો અને પ્રજાના લોકો કશાંબી હથિયારો વગર અને લાંબા ભારી ઝભાઓમાં સજ્જ થઇને ત્યાં હાજર થયા. તે તકનો નીચ લાભ લઇને કારાકેલ્લસે તેઓ ઉપર તુટી પડવા પોતાના સિપાહોને ઇશારત કીધી.

એથી ભારી ખુવારી થઇ અને ઘણુંક નિર્દોષોના જાન ગયા. શાહાનશાહને તથા તેની બેટીને મ્હોટી મુશ્કેલીએ બચાવી લેવામાં આવ્યાં, અને ઘણીએક ખરાબી, લુટફાટ તથા ભાંજફોડ કરીને તે ખવીસ પાછો ફર્યો.

આવાં કાવત્રાંથી અર્તબાનુશના ગુસ્સાનો કાંઈ પાર રહ્યો નહિ, તેણે એકદમ એક જબરૂં લશ્કર જમા કીધું; અને રોમન મુલકો ઉપર તે ધસી ગયો. એટલામાં તો કારાકેલ્લસનું ખુન થયું. અને નવા રોમન શાહાનશાહે અર્તબાનુશના હુમલાથી ગભરાઇને કારાકેલ્લસે પકડેલા તમામ બંધવાઓ છોડી મુકીને સુલેહ કરવા માગી, મગર અર્તબાનુશે તે માગણી તુચ્છકારી કહાડી, અને એવી સખત સરતો કરવા માંગી કે નામોશીમાંથી બચવા ખાતર લડવા સીવાય રોમનો માટે કશો ચારો રહ્યો નહિ.

શૂરા અર્તબાનુશે રોમનો સામે જબરાં યુદ્ધ મચાવીને તેઓને સખત શિકસ્તો આપી, અને તેઓ ઉપર ભારી ખુનરેજી વરસાવીને તેઓનાં છેલ્લાં કર્તૂકો માટે તેઓને સજા કીધી. અને આખરે રોમન શાહાનશાહ મેક્રીનસને તેનાં તમામ લશ્કર સાથે તેણે ઘેર્યો, ત્યારે તેને ઈ. સ. ૨૧૭ માં સુલેહ કરવાની ફરજ પડી. તેથી તમામ પાર્થ્યન બંધવાઓને છોડી મેલવામાં

આવ્યા અને કારાકેલ્લસે નાશ કીધેલાં શેહરો, કીલ્લાઓ અને અસ્તોદાનો દરૂસ્ત કરવા માટે તેમજ શિક્ષા ખાતર કરોડોનો દંડ રોમનોએ આપ્યો અને સર્વે લુટેલો ખજાનો પાછો આપી દીધો.

એ મુજબ શૂરા અર્તબાનુશે રોમનો ઉપર એક નામીચી ફતેહ મેળવી. મગર એટલામાં તો તેની સામે ગંભીર વાદળ ઉભું થઈ આવ્યું.

પુરાતન ઇરાનનો ઇતિહાસ

ભાગ પાંચમો

પારસીઓની મહાભારત સાસાની શાહાનશાહત

પ્રકરણ પહેલું

મહાન શાહાનશાહ અર્તક્ષીરે પાપકાન

શાહાનશાહી યાદો ધરાવનારી પારસી કોમનું પાછું જાગી ઉઠવું

જે મહાન કોમનાં નામનો ઝલકાટ સબકતા મહાવીર શાહાનશાહ સાઇરસ ધ ગ્રેટ અને તેના મહોટા ખેશી શાહાનશાહ દારાયસ હીસ્તાસ્પીસે ઉભી કીધેલી

અદ્દભુત અને મહાભારત સલતનતના પ્રતાપથી દુન્યામાં પ્રકાશી રહ્યો હતો, તે નામ સાડાપાંચ સદીથી વધુ મુદત સુધી આપણે જંખવાણું પડેલું જોયું. ખચ્ચીતજ શૂરા પાર્થ્યનો તો પોતાને પારસીઓના ભાઈબંધોજ ગણતા હતા, એટલે તે શૂરવીરોનાં સાહસ કરમોથી પારસીઓને ઘણી રીતે સંતોષ હતો: તેઓનીજ એક ભાઈબંધ કોમે ઈરાનનાં નામને પાછું મહોટાઇએ ચ્હડાવ્યું હતું તેથી તેમના મનને ઘણી શાન્તિ મળી હતી; વળી પોતાના પ્રાંતમાં તો તેઓ સ્વતંત્ર જેવાજ હતા, અને પારસી પાદશાહના અમલ હેઠળજ તેઓ વસતા હતા, એટલે પાર્થ્યનોનાં વડપણ હેઠળ રહેવું તેઓને કશું ખાસ ભારી લાગ્યું નહિ.

એટલું છતાં પોતાની આગલી મહાભારત મહોટાઈની યાદો તેઓ કદીપણ વીસરી તો શક્યાજ ન હતા; અને જોકે મહાન વલખશ જેવા ચુસ્ત મઝદયસ્ની શાહનશાહો પાર્થ્યનો ધરાવતા હતા તોપણ સાધારણ રીતે તેઓ પારસીઓ જેટલા ચોખા દીનદાર ન હતા. તેઓએ ઘણીક રીતે પાક માઝદયસ્ની મઝહબમાં બીગાડો થવા દીધો હતો; તે ઉપરાંત તેઓ પારસીઓ જેટલા સુધરેલા વિચારો ધરાવનાર પણ ન હતા; તેટલા માટે પારસીઓ તેઓથી કાંઈ તદનજ રાજી ન હતા, અને જ્યારે નામીચાં હખામનીશી ખાન્દાનનો એક બખ્તાવર નબીરો

તેઓમાં જાહેર થયો, ત્યારે પોતાના સાહસિક અને નામવર વડીલોની યાદના ચાહને લીધે તેમજ પોતાની વ્હાલી દીનને ચોખ્ખાં રૂપમાં જાળવવાની તેઓની કાળજીને ખાતર તે નેકબખ્ત શાહાઝાદાની બાંહેધરી હેઠળ પોતાની આગલી જાહોજલાલી પાછી મેળવવા તેઓ ઉલટભેર જાગી ઉઠયા.

બીજી મહાભારત પારસી સલતનત ઉભી કરનાર મહાવીર અર્તક્ષત્રની શરૂઆતની જીંદગી

એવું કહે છે કે શાહાનશાહ અર્તબાનુશનાં વડપણ હેઠળ પાર્સના મુલકમાં પાપક અથવા બાબક નામનો પાદશાહ રાજ્ય ચલાવતો હતો. તે ઘણો બાહોશ અને દાનેશમંદ નર હતો. હખામનીશી શાહાનશાહી કુટુંબના એક શાહઝાદાએ પડતીના વખતમાં હિંદ તરફ જઈ વાસો કીધો હતો, તેનો સાસાન નામનો નબીરો પાપકની સેવામાં પોતાની નસલ છુપાવીને રહેલો હતો; પણ તે છુપી નસલથી વાકેફ થવાથી પાદશાહે તેની તરફ ઘણીક મેહરબાની બતાવી, અને તેને પોતાની બેટી શાદીમાં આપીને ઉંચો દરજ્જો આપ્યો. એ વાત પારસીઓને જણાતાં તેઓમાં મ્હોટી ઉલટ અને ઉમેદો ફેલાઇ. પાપકની શાહઝાદીને પેટે એક ચંચળ અને ખુબીવંતો બેટો જનમ્યો. તેનું નામ

અર્તક્ષત્ર અથવા અર્દશીર પાડ્યું. પાપકે તેને ઘણા વહાલથી તેમજ જતનથી ઉંચી કેળવણી આપીને ઉછેર્યો, અને તેને પેટે કોઈ બેટો ન હતો તેથી તેને પોતાનો બાળક કરી લીધો. એવા સંજોગો વચ્ચે જનમેલું બાળક પોતાના નામચીન ન્યાગાનોની દીલ ઉશ્કેરનાર તવારીખ અને બુલન્દ મોહટાઇથી ખાસ જાણીતો તો થવોજ જોઇએ. જાતે બાહોશ હોવાથી પોતાના ખાનદાનની પડતી માટે તેને ઘણી રીતે સંતાપ ઉપજેલો હોવો જોઇએ. અને તેથીજ પોતાના ખાનદાની નામને ઉંચી ટોંચે ચહડાવવાની છુપી ઉમેદો તેણે મનમાં બાંધી રાખી હતી; અને ઉત્તમ પ્રકાનું વિદ્યાજ્ઞાન, ચુનન્દી લશ્કરી તાલીમ તથા બીજા હુન્નરો એવી ઉલટથી અને ફતેહમંદીથી તેણે મેળવ્યાં હતાં કે તેની નામના તમામ દેશોમાં થવા માંડી હતી.

શાહાનશાહ અર્તબાનુશને પણ એ વિષે ખબર પડી, તેથી તેણે પાપક પર નામું લખીને પોતાની ઇચ્છા જણાવી કે: "હમોએ સાંભળ્યું છે કે તમારો બેટો સર્વ તાલીમ તર્બીયતમાં ચુનંદો થયેલો છે, તથા ડહાપણ અને બાહોશીમાં તે એકકો છે, તેમજ ઘોડેસવારી તથા જંગના પેહલવાની હુન્નરોમાં તે પ્રવીણ થયેલો છે. તેથી હમારી ખાહેશ છે કે તમો એ ડાહ્યા અને ભણેલા શાહ્જાદાને હમારી આગળ મોકલો તો હમો એની બાહોશી અને તરબીયતને અનુસતો

દરજ્જો આપીએ, અને હુમારી નજદીક તથા હુમારા શાહાઝાદાઓની સંગતમાં રાખીએ."

શાહાનશાહી બોલને માન આપવા પાપકે તુરત તૈયારી કીધી, અને અર્દશીરને કીમતી હદીઆ અને ઉમદા ભેટો સાથે પાયતખ્ત ખાતે મોકલી આપ્યો. ત્યાં અર્તબાનુશે તેને ઘણાં વહાલ અને ઇજતથી રાખ્યો. અને શાહાઝાદાઓ સાથે કૉલેજમાં અને શેકારગાહમાં જવાની તથા અસલી પોલોની પાદશાહી રમતમાં તેઓ સાથે ભાગ લેવાની રજા આપી; અને તેમાં પોતાની ભારી ચંચલાઇથી તે સર્વે કરતાં ચઢતો ઉતરવા લાગ્યો.

એક દીને અર્દશીર, શાહ્ઝાદાઓ સાથે શીકારે ગયો હતો. ત્યાં એક જાનવર તરફ એવી નેમ અને જોરથી તેણે પોતાનું તીર છોડયું કે તે છેક આખું તેનાં આંગમાં દાખલ થઈ ગયું. અર્તબાનુશ પણ થોડેજ છેટે આવતો હતો, તેણે એ જોયું, અને હેરત થઇને પુછયું કે "આહા! કોણે એવું સરસ તીર માર્યું?" જે ઉપરથી અર્દશીરે કહ્યું કે તે તીર તેણે માર્યું હતું, પણ અર્તબાનુશના શાહ્ઝાદાએ કહ્યું કે "નહિ એ તો મેં માર્યું છે." એ ઉપરથી ખફા થઇને કેટલાક ગુસ્સા ભરેલા બોલો અર્દશીરે તે શાહઝાદાને કહ્યા. શાહાનશાહની હજૂરમાં તોછડાઇથી બોલવું ઘણું અપમાન ભર્યું અને ગંભીર ગણાતું હતું તેથી, તેમજ પોતાના બેટા તરફ તુંદી બતાવવા માટે અર્તબાનુશ રંજીદા થયો તેથી, તેણે

અર્દશીરને તેના મોભાપરથી ઉતારી મુકયો, અને હલકી જગામાં રહેવા ફર્માવ્યું, તેમજ શાહઝાદાઓની સંગતથી દૂર રહેવા હોકમ કીધો.

એથી દુઃખી થઇને અર્દશીરે પાપક પર પોતાનો હેવાલ કહેવાડયો, પણ તે દૂરઅંદેશ શાહે જવાબ મોકલ્યો કે શાહાનશાહઝાદાનો વાંક હોય તે છતાં બુઝોર્ગોની હાજરીમાં તોછડાઈ અને અપમાનભરી રીતે બોલવામાં તેણે નાદાન્યતપણું વાપર્યું હતું, માટે શાહાન-શાહથી દરગુજર ચાહીને તેને રાજી રાખી રહેવું. એ સાથે તે ભલા પાદશાહે તેની ઉપર મોટી રકમ મોકલીને કહેવાડયું કે પોતાના ખરચ માટે તેણે કશો અંદેશો કરવો નહિ. તેની સરવે હાજતો તે પૂરી પાડશે.

એત્તફાક એવો બન્યો કે એક દીવસે અર્દશીર એકલોજ બેસીને ગાઇ બજાવી પોતાનાં દીલને રાહત આપતો હતો, તે વેળા શાહાનશાહી મહેલમાંની અતં-દોખ્ત અથવા બીજા લખનારાઓ મુજબ ગુલનાર નામની એક ખુબસૂરત અને બાહોશ શાહઝાદીનું ધ્યાન તેની ઉપર ખેંચાયું. તેણી ઘણીજ ચંચળ અને દાનેશમંદ હોવાથી તેણી ઉપર શાહાનશાહની ઘણી મહેરબાની હતી અને પાદશાહી ઘરખટલાના ખજાન્ચીનો મર્તબો તેણીને મળ્યો હતો. ગુલનારને અર્દશીર તરફ એટલી દીલસોજી ઉપજી કે તેઓ બન્ને આખરે લગનના કોલથી બંધાયાં.

પ્રકરણ બીજું

પાર્થ્યા સાથ અર્દશીરનું જંગ

પાર્થ્યા સામે અર્દશીરનો બળવો, પાર્થ્યન શાહાનશાહતનો અંત

બહાદૂર અર્તબાનુશે ઘણીક જંજાલોમાંથી રસ્તો લીધો હતો; તેથી પોતાના ભાઇ વલખશને પોતાની સંફમાં ખેંચીને તેમજ રોમનોને ધુજાવી હલકા પાડીને કદાચ કરારથી અમલ કરવાની તેણે ઉમેદ ધરાવી હશે, પણ તે હીમતવાન પણ કમનસીબ નરનાં બખ્તમાં તેવો કરાર નહિ હતો. માટે એક ન ધારેલે ઠેકાણેથી દુશ્મને ઉભરી આવીને એ શૂરા નરનો તેમજ મહાન પાર્થ્યન શાહાનશાહતનો અંત લાવી મુકયો.

હવે પાપક મરણ પામ્યો, તેથી તેની ગાદી અર્દશીરને મળવી જોઈતી હતી; પણ અર્તબાનુશે તે તેને લેવા દીધી નહિ, ત્યારે તેના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેણે ગુલનારની મદદથી તેને લઈ નાસી જવાનો કસદ કીધો, અને એક સારી તક મળતાંજ ચુનન્દા ઘોડાઓ અને કેટલીક ઉમદા ચીજો લઇને તેઓ પાર્સ તરફ જવાં નીકળી પડયાં. અર્તબાનુશને એ ખબર પડી તેવી તેને કાંઈ કુદરતી ધાસ્તી પેદા થઈ તેથી તે પુઠે દોડયો પણ અર્દશીર સલામત નીકળી ગયો.

પારસીઓ તો અર્દશીર ઉપર મ્હોટી ઉમેદો બાંધીજ બેઠેલા હતા, માટે જેવી ખબર પડી કે અર્દવાનના જાપંતામાંથી તે નાસીને પાર્સ તરફ આવે છે, તેવાજ ઘણાએક નામીચા અને શૂરા નરો તેને સામે મળવા દોડયા; તેઓએ પોતાનું સર્વસ્વ તેની હજૂર ધર્યું અને પારસી નામને પાછું બુલંદ ટોચે ચ્હડાવી દેવાનાં કામમાં પોતાની સેવા તેની સન્મુખ રજુ કીધી. અર્દશીર તેઓને ઉલટથી ભેટયો, અને તેઓની સેવા ખુશીથી સ્વીકારી. થોડેજ આગળ ચાલતાં બનાક નામનો મ્હોટા દરજ્જાનો અને બહાદૂર સરદાર પોતાના છ પહેલવાની બેટાઓ અને ઘણા શૂરા સિપાહો સાથે તેની સંગમાં જોડાયો. અને તેથી તેને એટલું કૌવત તથા ઉલટ પેદા થયાં કે આ મેળાપની જગાએ અર્દશીરે રામેશ્ને અર્દેક્ષીર નામનું શહેર વસાવ્યું; અને જ્યારે દર્યા કાંઠા તરફ તે સલામત જઈ પોંહચ્યો ત્યારે ઉપકારભરેલી લાગણીઓથી પાક પરવરદેગારની સેતાયશ કીધી, અને તેના શુકરાના માન્યા.

અર્દશીર સમજતો હતો કે અર્દબાનુશ તેને કચરી નાંખવાનાં ઉપાયો લેશે, માટે તેણે હવે બહાદુર બનાક સાથે લશ્કર જમાવ કરવા માંડયું. બુલંન્દ હુકામનીશી ખાન્દાનનાં બખતાવર નામની અસરથી તે મ્હોટી ફોજ એકઠી કરી શકયો. અને તેની ફતેહ

અને બહાદૂરી એવી હતી કે ત્રણ મ્હોટી લડાઇઓમાં શાહાનશાહને રોકીને છેલ્લીમાં હોરમઝનાં મેદાનમાં ઈ. સ. ૨૨૬ માં પાર્થ્યનોને તેણે તમામ હાર આપી. બહાદૂર અર્તબાનુશ માર્યો ગયો, તથા તેના બે બેટાઓ અને એક બેટી કેદ પકડાયાં.

પાર્થ્યન શાહાનશાહતનો અંત

તેણે ઇરાનની બજાવેલી મહાભારત સેવા

આ સેવટથી સબકતા અર્પકએ ઉભી કીધેલી મહાન પાર્થ્યન શાહાનશાહત સમાપ્ત થઇ. સ્કીથ્યનો જેવી મહાભારત કોમને તેણે દાબી દીધી હતી, જબરાં રોમને તેણે ઉપરાસાપરી અને સખત ફટકા માર્યા હતા, અને ઇરાની અને માઝદયસ્ની નામને છેક પાંચ સદીઓ સૂધી તેણે ઉંચું અને માન પામેલું રાખ્યું હતું. પણ શૂરા અર્પકનું ઉમદા લોહી શાહાનશાહી રગોમાં દોડતું બંધ થયું નહિ; જાણે કે ઈરાનના ઝુંડા હેઠળ આવી મળવાનું ઈજન કરીને પાર્થ્યનોની દીલસોજી ખેંચવા તેઓની શાહાનશાહઝાદી સાથે અર્દશીરે શાદી કીધી, અને પાર્થ્યન પ્રજા તરફ તે મિત્રાચારીથી વર્ત્યો અને પાર્થ્યન શાહાનશાહનાં શબ તરફ તેણે ઘણી ઈજ્જત બતાવી.

પ્રકરણ ત્રીજું

અર્દશીરની મહાભારત ફત્તેહો

શરૂઆતની મુશ્કેલીઓ

એ પછી ઘણાએક મુલકોના પાદશાહો સરકશ થયા હતા તેઓને મહાત કરવાનું કામ અર્દશીરે એક પછી એક હાથ ધર્યું. તેમાં મુખ્ય પહેલી તેની કુર્દીસ્તાન ઉપરની લ્હડાઈ હતી. તેમાં અવ્વલ ઘણીએક મુશ્કેલી અને ખોરાકની તંગીથી અર્દશીરને પાછું હઠવું પડયું. મગર પાછળથી ત્રણ ચાર હજાર સેપાહો લઇને રાતને વખતે હુમલો કરીને કુર્દ લોકોને તેણે શિકસ્ત આપી; અને તેઓના પાદશાહને, તેના કુટુંબને તથા ખજાનાને પાર્સ તરફ મોકલી દીધાં.

એ મોટો મુલક હાથ કીધા પછી, આઝરબાઇજાન તથા આર્મીન્યાના દેશોને સર કરવાનો તેણે ઇરાદો રાખ્યો હતો, તેટલામાં ખબર મળી કે માર્ગમાંના મુલકના હફ્તાનઓખ્ત નામના પાદશાહે પાર્સ તરફ ખજાનો લઇ જતાં અર્દશીરનાં માણસો ઉપર છાપો મારીને તે લુટી લીધો હતો, તેથી તેને સજા કરવા અર્દશીરે એક લશ્કર મોકલ્યું. પણ દુશ્મનોએ પહાડોમાં છુપી જગાઓમાં ભરાઇ બેશીને અચણુચ હુમલો કીધો, અને મોટાં નુકસાન સાથે તેને મારી

કાઢયું; ત્યારે અર્દશીર પોતે ત્યાં ગયો. હવે હફતાનબોખ્તના સાત બેટાઓ જુદી જુદી હાકમીઓમાં રોકાયલા હતા, તેઓ વખતસર મોટાં લશ્કર સાથે આવી પહોંચ્યા અને અર્દશીરને ખોરાકી અને પાણી વગર તથા બીજી રીતે હેરાન કરવા માંડયો. હજી જાણે આ અડચણો થોડી હોય તેમ એક મેહરક અનોશેબાદ નામના સરદારે અર્દશીરને મુશ્કેલીમાં પડેલો જોયો ત્યારે તે પણ તેનો ખજાનો લુટી ગયો. અર્દશીરે વિચાર્યું કે છેક પાર્સની નજદીકમાં એવો દુશ્મન સારો નહિ, તેથી તેને પહેલે મહાત કરવા તેણે ઇચ્છયું. અને તેણે પોતાનું લશ્કર પાછું ખેંચી લઇ જવા માંડયું પણ એ ઉપરથી દુશ્મનોએ તેને ઘેરવા માંડયો, ત્યારે તે એકલો નીકળી આવ્યો.

વફાદાર મદદગારો

એવી ચોતરફની જંજાળોથી અર્દશીરનું દીલ ખાટું થઈ ગયું હતું, પણ તે સલામત પોતાના મુલકમાં આવી પહોંચ્યો. અને રાતનો અધયામ થયાથી બોર્ઝેહ અને બોર્ઝઆદર નામના પરહેઝગાર જરથોસ્તી ભાઇઓના મકાનપર આવીને કહ્યું કે "બૂતપરસ્તો સામે લડતાં મુસીબતમાં આવી પડેલાં અર્દશીરનાં લશ્કરનો હું એક સવાર છું, અને મારાં લશ્કરની ખબર પડે તેટલો વખત મને થોડીક આસાયશ લેવા દેશો તો મહેરબાની થશે." એવું સાંભળીને તેઓ બોલ્યા કે,

"લાનત હોજો બૂશ આહરેમન ઉપર કે તેનાં બેંચાણુથી આસપાસના મુલકોના ઘણાંએક લોકો અહુરમઝદ અમેશાસ્પંદોની ભલી દીન છોડીને બૂતપરસ્ત થઇ રહ્યાં છે, અને એવાં ઝનુનથી લડે છે કે અર્દશીર જેવા મ્હોટા સાહેબને પણ તેઓએ શિકસ્ત આપી." એટલું કહીને તેઓએ અર્દશીરને ઇજતથી પોતાનાં મકાનમાં બોલાવ્યો, તેના ઘોડાને ઘાસદાણો આપ્યો, અને તેને માટે ખાણું તૈયાર કરીને પરવરદેગારની ન્યામતો માટે સેતાયશ કીધી અને તેને પણ અરજ કીધી કે હાથ મેં પાક કરીને બક્ષેશના આપનાર ખુદાની શુકરગુઝારી કરવી અને પોતાનું ભોજન લેવું અને મનમાંથી ફીકર અને રંજીંદગી દૂર કરવી, કારણ કે અશો દાદાર અહુરમઝદ એ જંજાળમાંથી બહાર નીકળવાનો રસ્તો જરૂરજ તેને દેખાડશે. એવી દિલસોજી જોઇને અર્દશીરે તેઓને પોતાનો ખરો ભેદ જણાવી દીધો. તે ઉપરથી તેઓએ તેની તરફ જાનફેશાની બતાવી, અને પોતાની સેવા તેની ખીદમતમાં રજુ કીધી.

બેબિલોનથી હિન્દુસ્થાન અને સ્કીથ્યન મુલકો સુધીનો રસ્તો

બોર્ઝેહ અને બોર્ઝઆદર જેવા ભલા અને બહાદુર નરોની કુમકથી અર્દશીરને ઘણો સંતોષ ઉપજ્યો, મેહરકને તુરત તાબે કરવામાં આવ્યો અને તેનાં માલ મિલ્કત જપત થયાં. અને મજકુર ભાઇઓની સલાહ

મુજબની કોઇ યુક્તિથી હક્તાનબોખ્ત પણ મહાત થયો. અને તે પછી કેરમાનનો મુલક જીતી લેવામાં આવ્યો. પછી બેબિલોન વગેરે શાહાનશાહતના તંમામ દેશોને તેણે હાથમાં લીધા તથા હિંદુસ્થાન અને સ્કીઅન મુલકો જીતીને સર્વે ઠેકાણે સમાધાની પાથરી દીધી, અને એવો બંદોબસ્ત કીધો કે ચાલુ લડાઇથી કંટાળી રહેલાં લોકોને રાહત મળી. અર્દશીરે હવે શાહાનશાહનો ખેતાબ ધારણ કીધો અને રોમ તરફ પોતાની નજર દોરવી.

રોમ મોકલેલું દમામદાર પારસા એલ્ચી ખાતું; રોમન શાહાનશાહપર ટેકદાર નામું

રોમ ઉપર ફત્તેહ

પોતાની અસલ અને મહાભારત નેમોમાં અર્દશીરે હવે ઘણે દરજ્જે ફત્તેહ મેળવી હતી. જે દમામ અને મ્હોટાઇ પાર્થ્યન શાહાનશાહો ભોગવતા હતા તે સર્વે તેણે મેળવી લીધાં હતાં. પણ રોમનોને હજી મહાત કરવાના હતા, તેથી તે વાસ્તેની તૈયારીઓ કરીને પહેલે એક ફરમાન આપીને તેણે એલ્ચીઓને મોકલ્યા. ચારસો ઘણાજ ઉંચા કદાવર અને ખુબસૂરત પારસીઓને ચુનન્દા સુંદર ઘોડાઓ, ઝકઝકતાં અને ઉમદા હથિયારો તથા ઘણાજ કીમતી અને છક કરે એવા

પોશાકોમાં સજ્યા; અને ભારી દમામ સાથે રોમન શાહાનશાહ અલેકસાન્ડર સીવેરસ ઉપર નામું લઇને મોકલ્યા. તેની ઉપર લખ્યું કે: "છેક પ્રોપોન્ટીસ અને ઈજીયન સમુદ્ર સૂધીના એશિયાના તમામ મુલકો મહાન સાઈરસે જીતી લીધા હતા, અને લાંબા વખત સુધી તેના વારસોના હાથમાં રહ્યા હતા, અને કેર્યા તથા યુનાનના મુલકો ઉપર પારસી સેટ્રૅપો હકુમત ચલાવતા હતા. જ્યારે છેક ઇથ્યોપ્યા સુધીના આફ્રીકાના દેશોએ તેઓની સાહેબી કબુલી હતી. એ સરઝમીનો ઉપરના પારસીઓના હકો ઉપર ત્રાપ પડી હતી પણ તેઓ કાંઈ નાશ પામ્યા નથી. અને જયારે શાહાનશાહી નસલની બરકતથી અને બાહાદુરી ભરેલી જીતોથી ઈરાનનું તાજ હમારે માથે બેઠું છે, ત્યારે હમારા દરજ્જાની પહેલી ફરજ એ છે કે હમારી સલતનતને તેના અસલ વિસ્તાર અને જાહોજલાલીએ હમો પહોંચાડીએ. તેટલા માટે હમો મહાન શાહનું આ ફરમાન છે કે રોમનોએ અસલી પારસી શાહાનશાહતના તમામ મુલકોમાંથી એકદમ ચાલ્યા જવું અને યુરોપમાંની પોતાની સલતનત ઉપર સંતોષ પકડવો."

અર્દશીરે પોતાનાં લશ્કરને ઉંચી તાલીમ આપવામાં કશું બાકાત રાખ્યું નહિ હતું, એટલે ઇરાનના લડાયક અમીર સાથે ચુનન્દુ લશ્કરી જ્ઞાન મળવાથી તેની

ફાૈજ એક નમુનેદાર સેના થઈ રહી. અલબત અર્દશીર સામે લડવાની રોમનો પોતાની ફરજ સમજ્યા પણ તેઓ સામે પોતાનું બહાદુર લશ્કર લઈને તે પોતે ગયો. અને હેરત કરે એવી ઝડપી કુચોથી, અને કશાંથી ન હઠે એવાં નિશ્ચય હુમલાઓથી તેઓને તમામ મહાત કીધા, અને એશિયા લગભગ છોડી જવાની ફરજ પાડી; એ ઉપ્રાંત આર્મીન્યાને પણ સર કરી લેવામાં આવ્યું.

પ્રકરણ ચોથું

અર્દશીરના સુધારા

જરથોસ્તી દીનને તાજી કરવાના તેમજ કેળવણીનો ફેલાવો કરવાના ઉપાયો

કેળવણીની પિછાન

અર્દશીરે સર્વે ઠેકાણે ઘણુએક સુધારા વધારા દાખલ કીધા. સર્વ પહેલાં, પવિત્ર જરથોસ્તી દિન ઝમાનાની ગર્દેશથી ચુંથાઈ જવા પામી હતી, તેને એક પરહેજગાર અને બાહોશ નર તન્સરની મદદથી પાછી તેનાં અસલ રૂપમાં લાવવાની ભલી કોશેશ તેણે કીધી, અને એકઠા કરેલા અવસ્તાનો પહલવી ઝબાનમાં તરજુમો અને શરેહ કરાવવા માંડયાં. દરેક જગ્યાએ સુંદર એબાદતખાનાંઓ બાંધ્યાં અને ત્યાં પુસ્તકખાનાંઓ સ્થાપ્યાં. તેજ સાથે અર્દાવીરાફ જેવા ઘણાજ પવિત્ર ધર્મગુરૂને તેણે આશરો અને ઉત્તેજન આપ્યાં, તેની અદભુત શકિતઓ જોવા જાણવાની લોકોને તક કરી આપી, અને તેમ કરીને લોકોની દીન ઉપરની આસ્થા વધારી.

દિનની જાળવણી અને ફેલાવા સાથે કેળવણીના પ્રસાર માટે પણ તેણે ઘણી કાળજી રાખી. સર્વે

શહેરો, કસ્બાઓ અને ગામોમાં સ્કુલો તથા અગત્યની જગ્યાઓએ મ્હોટી 'કોલેજો' તેણે સ્થાપી, ત્યાં વિદ્યાજ્ઞાન તેમજ હુન્નરો તથા કસરતની કેળવણી માટે ચુનન્દા ઉસ્તાદો તેણે નેમ્યા. લડાયક તાલીમ માટે પણ મનમાનતી ગોઠવણો તેણે કીધી. અને સર્વ મુલકોમાં બાહોશ પરીક્ષકો ફરતા રાખીને તેઓને ફર્માવ્યું કે જે કોઈ બાળકો વિદ્યાજ્ઞાનમાં, અક્કલબાહોશીમાં, તેમજ લડાયક તાલીમમાં ચુનન્દાં જણાય તેઓની સીફારસ લખીને શાહાનશાહને વાકેફ કરવો; કે તેથી દરેકને તેને લાયકની જગ્યા આપવાનું બની શકે.

પારસી સરકાર તરફના અમલદારો તરીકે ભણેલા નુરેનેજ નેમવામાં આવતા. તેઓને હંમેશ શીખામણ આપવામાં આવતી કે આ ફાની દુન્યાની લાલચોથી પોતાને હસ્તકની રૈયતને બેદાદીથી હેરાન નહિ કરવી, પણ તેઓનાં સુખ માટે દાદ ઇન્સાફથી મહેનત કરવામાં ખરૂં સુખ સમજવું, અને દુઃખીઓનાં દુઃખનો ઇલાજ કરવો. વળી તેજ સાથે એથી ઉલટા ચાલનારને વાસ્તે સખત સજા પણ મુકરર કરવામાં આવી.

બીજા સુધારા

લોક સુખાકારી તથા દેશની સારી હાલતને વાસ્તે પણ શાહાનશાહની ઘણી કાળજી હતી; વેપારની

સવળતાને વાસ્તે દરેક અગત્યની જગ્યાએ મ્હોટાં શહેરો સ્થાપવામાં આવ્યાં; દેશમાંની જમીનો ખરાબ હોય તેને સૂધારવા વાસ્તે વિદ્વાન અને માહીતગાર પુરૂષોને નેમવામાં આવ્યા; ભીનાસવાળી જગ્યાઓમાંથી પાણી કાઢી નાખવા તેમજ સુકકી જમીનોમાં નેહેરો, [illegible] પાણી પૂરું પાડવાની ગોઠવણો કરવામાં આવી; ગરીબ લાચાર ખેડુતોને પોતાની જમીન સૂધારવામાં સરકાર તરફની મદદ મળતી થઈ, અને તેઓને ખેતીનાં કામ માટેનાં હથિયારો, જાનવરો, વગેરે પૂરાં પાડવાનું ચાલુ કરવામાં આવ્યું.

લોકોને સુખી રાખવા અર્દશીર ઘણો આર્ઝુ-મંદ હતો. તેથી તે બામદાદથી બહાર નીકળી પડતો, અને મ્હોટાં ન્હાનાં કોઇપણ માણસની ફર્યાદ તે સાંભળતો, અને સર્વને ઘટતો ઇન્સાફ આપતો. વળી હાજતમંદોની ફર્યાદે પહોંચવા ખજાનો આપીને ધાર્મિક શખ્શોને તેઓની તંગી દૂર કરવા સર્વે મુલકોમાં તે મોકલતો.

લશ્કરમાં સુધારા કરીને તેને ચોકકસ તાલીમ અપાતી કરવામાં આવી હતી, અને લશ્કરી કાયદાઓ ઘડી તેથી કામ લેવામાં આવતું હતું. દરેક મુલકમાં લશ્કરની તપાસ માટે અમલદારો ફરતા, અને તેઓના રીપોર્ટ મુજબ સર્વને ઓધ્ધા તથા ઈનામ બક્ષેશો

આપવામાં આવતાં. દુશ્મનો સાથે લડાઈ કરવા આગમચ તેઓને પહેલે સુલેહ કરવાની તક આપવાની સખત તાકીદ હતી. લડાઇનાં હીંગામ ઉપર કોઈપણ ઈન્સાનને અણુઘટતી રીતે દુઃખ દેવા તથા લુટવાની મના કરવામાં આવી હતી; લડાઇમાં પીઠ ફેરવી નાસે તેને ગરદન મારવામાં આવતા; લશ્કરની છાવણીની આસ-પાસ ચાર માઇલ સૂધી તપાસ રાખવામાં આવતી; લશ્કરની સફ છોડી કોઇપણ સિપાહથી દૂર જવાતું નહિ; નાશતા દૂશ્મનની પુઠે સંભાળ વગર અને બેદરકારીથી દોડવા દેવામાં આવતું નહિ. ફત્તેહ માટે તેમજ પરવરદેગારના શુકરાના કરવા હમેશાં બંદગી થતી.

પરદેશોના એલ્ચીઓ, હાકમો યા પાદશાહો આવે તો તેઓના મુલકની રૈયતની વગેરે માહીતી મેળ-વવામાં આવતી, તેઓની સારી રીતે મહેમાનગીરી કરવામાં આવતી, અને તેઓના માનમાં શેહરગાહના વગેરે મેળાવડા કરવામાં આવતા.

અર્દશીરના દાનેશ ભર્યા સુખનો

અર્દશીરના નેક વિચારો આ મુજબના હતાંઃ નેકી સીવાય દુન્યામાં કશું પાછળ રહી શકતું નથી; દરેક મ્હોટાઈ ખુદાની મેહરબાનીનેજ આભારી છે; દરેક વચન માટે ઈન્સાન ખુદાને જવાબદાર છે; મ્હોટાઇ અને દરજ્જાથી

છકી જઇ કોઇ ઉપર સેતમ ગુજારવો નહિ; અક્કલ સર્વેથી ચઢતી ચીજ છે; દાનેશમંદોના સુખનો ઘણો જોરમંદ હોય છે; પાપ સર્વેથી બીહુવા જોગ ચીજ છે; હરેકે બનતો એલમ હાંસેલ કરવો; જુલમગાર અને રૈયતનાં સુખ માટે બેદરકાર પાદશાહ પાદશાહીને લાયક નથી; ગુસ્સાનું ફળ પશેમાની હોય છે; આજનું કામ કાલ પર ન રાખવું; દાનાવના કડવા બોલો મીઠા ગણવા; વગેરે.

પ્રકરણ પાચમું

મહાન શાહાનશાહ શાહપૂર ૧ લો

તેના જનમની કહાણી

શાહાનશાહ અર્દશીરની છેલ્લી મહાભારત ફત્તેહોમાં તેના બેટા શાહપૂરની તેને મોટી મદદ મળી હતી. એવું કહે છે કે એ શાહજાદો માજી પાર્થ્યન શાહાનશાહ અર્તબાનુશની બેટીથી અવતર્યો હતો. તે બાનુએ પોતાના દેશાવર પડેલા ભાઇઓનાં દુઃખી દીલે લખેલાં નામાંથી દોરવાઇ જઇને અર્દશીરને તેઓએજ મોકલેલાં ઝેરથી બેજાન કરવાની કોશેશ કીધી હતી. પણ તે જણાઇ આવતાં અર્દશીરે તેણીને મોતની સજા કરવા વડા વઝીરને સોંપી હતી. મગર એ વખતે તેણીને હમેલ હોવાથી અને શાહનશાહને કોઇ બેટો ન હોવાથી તે બાહોશ નરે દૂરઅંદેશી વાપરીને તેને બચાવી લઇ છુપી રાખી હતી, અને તેને પેટે અવતરેલા બેટાનું નામ શાહપૂર રાખી તેને ઘણુજ જતનથી મ્હોટો કીધો હતો. એક દિને પોતાની મ્હોટાઇ જાળવી રાખનારો તેનો કોઇ વારસ બેટો ન હતો એવું સમજીને જ્યારે અર્દશીર ઘણોજ રંજીદા થઇ રહ્યો હતો, ત્યારે શાહાનશાહબાનુ અને તેના બેટાને છુપાવી રાખવાની વાત તેણે જાહેર કીધી, અને તે વાસ્તે તેણે કરગુજર ચાહી.

એ ખબર સાંભળીને શાહાનશાહનું દીલ ઘણુંજ ખુશી થઈ ગયું; પણ એ બાબદની તપાસ કરવાની મકસદથી શાહપૂરને બીજા શાહઝાદાઓ તથા અમીર-ઝાદાઓ સાથે અસલી 'પોલો' રમવા ગુપચુપ મોકલવા તેને ફરમાવ્યું. એ રમતની હરીફાઇ તપાસવા અર્દશીર સાધારણ રીતે આવીને બેઠો. શાહપૂર ચુનન્દી રીતે મેદાનમાં પોતાનો ઘોડો દોડાવતો અને રમતમાં એવી તો આઝાદ દલેરી દેખાડતો કે અર્દશીરનું હૈયું હરખાઇ ગયું; પણ તે શાંત દેખાવે બેસી રહ્યો. એત્તફાક એવો બન્યો કે એક જવાને જોરથી મારેલો 'બોલ' છેક શાહાનશાહ નજદીક જઈ પડયો. જાણે કંઇ જાણતો ન હોય તેમ અર્દશીરે તો અખાડા કરીને તે 'બોલ' પડયો રહેવા દીધો. મગર શાહાનશાહનો રોબ એવો હતો કે કોઇ રમનારને તેની આગળ જવાની હિમ્મત આવી નહિ. પણ શાહપૂરે તો પોતાનાં ઉંચાં તોખમને અનુસરતી બેફીકરાઇથી તેની નજદીક દોડી જઇને તે 'બોલ' મેદાનમાં પાછો મોકલ્યો. એ જોઇને અર્દશીર ઘણો ખુશી થયો; અને તેણે વડા વજીરની નાફર્માની એકદમ માફ કીધી અને શાહઝાદાને તથા તેની માતાને ઇજતથી પોતા પાસે રાખ્યાં, અને શાહપૂર ઉમ્મરમાં આવતાંજ તેને પોતા સાથે રાજ્ય કારોબારમાં ભાગીગો કીધો.

તેનું તખ્તે આવવું; તેના મ્હોટા ગુણો

અર્દશીરનાં મરણથી તેનો બહાદુર બેટો શાહપૂર ઇ. સ. ૨૪૦ માં ઇરાનનો શાહનશાહ થયો. તે ઘણોજ ખૂબસૂર્ત, ઘણોજ હિમ્મતવાન, અને ઉમદા ખવાસનો તથા ખરાં પાદશાહી દીલનો શેરમર્દ હતો. મર્હુમ શાહાનશાહે તેને રાજકારોબારમાં પોતાનો હમશરીક બનાવ્યો હતો, તેથી રાજદ્વારી બાબતોની મુશ્કેલીઓથી તે પૂરો માહીતગાર થયલો હતો. તેણે તખ્તે બેસતાંજ બુઝોર્ગોની મ્હોટી અન્જુમન તેડીને દબદબાભરી દરબાર ભરી, અને અદલ ઇન્સાફથી, અક્કલ હુશીયારીથી, અને પરહેઝગારીથી ચાલવાનો તથા પોતાની રૈયતને સુખી અને આબાદ રાખવાનો તેણે કોલ આપ્યો; અને પોતાનાં કામમાં રૈયતના સર્વે દાનેશમંદ તથા શૂરવીર લોકોની મદદ માગી.

પ્રકરણ છઠ્ઠું

મહાન શાહાપૂર ૧ લાની રોમ ઉપરની યાદગાર ફત્તેહ

રોમન શાહાનશાહનું કેદ પકડાવું; પારસી શાહાનશાહે કીધેલી નવા રોમન શાહાન-શાહની નેમણુંક

શાહપૂર તખ્ત ઉપર આવતાંજ ઘણાક પાદશાહોએ તેનાથી સ્વતંત્ર થવા ચાહ્યું. પણ શાહપૂરે ઘણીજ બહાદુરીથી સર્વ અડચણો દૂર કરી દીધી, એટલુંજ નહિ પણ રોમને ઇરાન તરફનો બીજો એક એવો સખત ફટકો માર્યો, કે રોમ ઉપરની ઇરાનની સરસાઇ ફરીથી સાબેત થઇ, અને પારસી શૂરવીરો દુન્યાના સર્વોપરી યોધ્ધાઓ સાબેત થયા.

શરૂઆતમાં શાહપૂરે આર્મીન્યાનો બળવો દાબી દીધો, અને પછી હત્રા અથવા અલહદ્રના પ્રખ્યાત કીલ્લાને તાબે કીધો. તે તેજ કીલ્લો હતો કે જેણે ત્રેજન અને સીવેરસ જેવા રોમન શાહાનશાહોને જરાબી મચક દીધું ન હતું.

મહાન અર્દશીરે રોમનોને જબરી શિકસ્તો આપીને નસાડયા હતા; તોપણ તેઓનો પગદંડો એશિઆમાંથી

સમુળગો ગયો નહતો. તેથી હત્રાના બળવાન મુલકને સર કરીને પાછાં ફરતાં મેસોપોટેમ્યાનો ફળદ્રુપ મુલક શાહપૂરે જીતી લીધો, રોમન સપાહસાલારને સખત હારો આપી, ઘણાએક શહેરો તેની પાસેથી તેણે છીનવી લીધાં; અને મામલો એવો થઇ પડયો કે રોમનોને તેઓના પૂર્વનાં મુલકોમાંથી સદાની ઉઠાંગરી કરવી પડે, તેથી ગભરાટમાં પડીને રોમન શાહાનશાહ ગોર્ડયન તથા તેનો સસરો પોતાના સરદારની કુમકે દોડી આવ્યા. અને શાહાનશાહ શાહપૂરે જીતી લીધેલાં શહેરો પાછા લઇ લીધાં. એથી શાહપૂરના હાથમાંથી મેસોપોટેમ્યા જતું રહ્યું; પણ થોડાજ વખતમાં ગોર્ડયનનું ખુન થવાથી રોમનોએ શાહપૂર રાજી થાય એવા કોલકરારો કીધા.

એ પછી રોમમાં ભારી ફેરફારો થયા અને ચૌદ વરસમાં છ શાહાનશાહો આવી ગયા. પણ એ મુદત વીત્યા પછી જેવી તક મળી કે શાહપૂરે રોમન મુલકોમાં પાછો ધસારો કીધો. તેણે મેસોપોટેમ્યા લઇ લીધો અને યુફ્રેટીસ ઓળંગી જઇ સર્વ ઠેકાણે પોતાની ફતેહ ફેલાવી દીધી. રોમનોનું મ્હોટું શહેર એન્ટીઓક તેણે જીતી લીધું. એ વખતે વેલેર્યન નામનો સાઠની ભરતીમાં આવેલો ઘડાયલો સરદાર રોમન શાહાનશાહતનો માલેક હતો, તે પોતાના મુલકોના બચાવ માટે દોડી આવ્યો.

શાહાનશાહ શાહપૂરે રોમનોને હવે સખત ફટકો મારવાનો ઠરાવ કીધો. તેણે વેલેર્યનને એન્ટીઓક પાછું લેવા દીધું, પણ બીજી રીતે તેને તેનાં તમામ લશ્કર સાથે ઘેરવા માંડયો, અને તેમ કરતાં રોમનોમાં ભારી ખુવારી થઇ. જ્યારે પોતાની ધાસ્તી ભરી હાલત માટે વેલેર્યન સાવધ થયો ત્યારે તેણે બેશુમાર અને ઉમદા ભેટોથી શાહપૂરને આંજી નાખવાની કોશેશ કીધી; પણ શાહપૂરે તેપર કશું પણ ધ્યાન આપ્યા વગર વેલેર્યન પરનો જાપતો વધારીને તેને ઘેરી લીધો, અને ઘણીજ દલેરી વાપરીને ઇ. સ. ૨૬૦ માં તેને કેદ પકડયો.

પોતાના શાહાનશાહના કેદ પકડાવાથી રોમનો લાચાર થઇ ગયા. અને પારસી શાહાનશાહનું કહ્યું કીધા વગર હવે તેઓનો કશો છુટકો રહ્યા નહીં. શાહપૂરે એક મ્હોટી દરબાર ભરીને વેલેર્યનના બેટા તેમજ તેના હરીફ બન્નેને રોમના શાહાનશાહ તરીકે કબુલવા ના પાડી, અને પોતાની મરજીના શાહાનશાહને તાબે રહેવાનો રોમનોને હુકમ કીધો. તેણે ઘણીજ દબદબા ભરી ક્રિયા કરીને સિરિયેડીસ અથવા મિરિ-યેડીસ નામના ઇરાનના મિત્ર રોમન સરદારને માથે રોમનું તાજ મુકયું જે તેણે ઇરાનના તાબેદાર તરીકે પેહર્યું.

ઇરાનની આ ફત્તેહ કાંઇ જેવી તેવી નહતી. રોમનો યુરોપના મોટા ભાગોના, અને આફ્રીકા તથા

એશિયામાંના ઘણાક મુલકોના માલેકો હતા. તેઓને વારંવાર શર્મીંદગીમાં નાખવાનું મહાભારત કામ જાણે ઈરાન માટેજ સર્જાયલું હતું. અને હવે તો તે મોટી કોમને જાણે ઈરાનની તાબેદારી કબુલ કરવી પડી.

એ પછી મહાન શાહપૂરશાહે એન્ટીઓકનો પાછો કબજો લીધો, અને સાઇલીશ્યા તથા કેપ્પેડોકીઆના મુલકોમાં તે ધસ્યો ગયો. સેન્ટ પૉલની જન્મભૂમી ટાર્સસ જીતી લેવામાં આવી, ટોરસના પહાડી માર્ગોનો કબજો મેળવવામાં આવ્યો, અને તેમાંથી ધસી જઇને તે તરફનું ચાર લાખ માણુસોની વસ્તીવાળું સૌથી મ્હોટું શહેર સીઝરિયા મઝકા ફત્તેહ કરી લેવામાં આવ્યું; અને એ રીતે તમામ એશિઆ માઇનર તાબે કરવામાં આવ્યો.

એ પછી વેલેર્યનને લઇને શાહપૂર ઈરાન પાછો ફર્યો. અને એવું કહે છે કે વેલેર્યનની દેખરેખ હેઠળ કારૂન નદી ઉપર વીસ ફીટ પહોળો અને બારસો ફીટ લાંબો ઘડેલા પથ્થરનો ગંજાવર બંધ બંધાવવામાં આવ્યો. અને તેનું નામ 'બંદે કએસર' રાખવામાં આવ્યું

પેગમ્બરી દાવો કરનાર માની

શાહાંનશાહ શાહપૂરના વખતમાં માનીચ્યસ અથવા માની નામના બાહોશ પુરૂષે પેગમ્બરી દાવો કીધો હતો, પણ તેના વિચારો નુકસાનકારક હોવાથી તેને દેશ નિકાલ કરવામાં આવ્યો હતો. શાહ-

પૂર પછી તખ્તે આવનાર શાહાનશાહ હોરમઝદ ૧ લાએ દિલસોઝી બતાવી તેને આશરો આપ્યો હતો. પણ તેનાથી શાહાનશાહતને નુકસાન થતું જણાયું તેથી હોરમઝદની પછીના શાહાનશાહ બેહરામ ૧ લાના વખતમાં તેનો નાશ કરવામાં આવ્યો હતો.

પ્રકરણ સાતમું

શાહપૂર ધ ગ્રેટ

તેનાં રાજય અમલ આગમચના બનાવો

રશીયન પ્રજાને દુન્યામાં પહેલવહેલી બહાર પાડનાર પારસા શાહઝાદો

સાસાન્યન ટોળાનો સાતમો શાહાનશાહ નરસીહ હતો. તેની સામે તેના ભાઈ હોરમઝદે દાવો કીધો, અને પોતાની મદદે ઉત્તર તરફના જનુની લડવૈયાઓને તેમજ રશીયનોને તેણે લીધા, અને રશીયનોનું નામ પહેલવહેલું દુન્યાની જાણમાં તે લાવ્યો; તોપણ પારસીઓ નરસીહ તરફ હતા તેથી ઇ. સ. ૨૮૩ માં તેનીજ ફત્તેહ થઇ.

નરસીહ શાહપૂર પહેલાનો બેટો થતો હતો અને પોતાના પિતાનાં નામને જેબ આપનાર દલેર શાહાનશાહ તે નીવડયો. એણે તુરતજ રોમન મુલકો ઉપર સવારી કીધી, અને રોમનોને સખત લડાઇઓ પછી મ્હોટી હાર આપી તેમના સરદારને નસાડી મુકયો. તેણે આર્મીન્યા અને મેસોપોટેમ્યાના મુલકો લઇ લીધા, અને

રોમનોને સુલેહ કરવી પડી. પણ બીજે વરસે રોમન સરદારે દગો રમીને અને સુલેહના વાવટા હેઠળ રહેવાના ઢોંગ કરીને અચબુચ ઇરાનીઓપર હુમલો કીધો, અને આર્મીન્યા તેમજ મેસોપોટેમ્યાનો કેટલોક ભાગ પાછો છીનવી લીધો. તેથી નરસીહને માઠું લાગ્યું, અને તેણે ગાદી છોડી દઇને પોતાના બેટા હોરમઝદ બીજાને ઇ. સ. ૩૦૦ માં તાજ બક્ષ્યું.

હોરમઝદ ઘણોજ ઇન્સાફી અને ભલો શાહાનશાહ નીવડયો. તેણે લોક સુખાકારીનાં અને દેશને શોભા આપનારાં કામો કરીને સર્વેને ખુશ કીધાં.

જનમવા પહેલાં તખ્ત મેળવનાર સબકતો પારસી શાહાનશાહ શાહપૂર ૨ જો

હોરમઝદ બીજો આઠ વરસના અમલ પછી મરણ પામ્યો. તેનો એજ નામનો બેટો આ વખતે હૈયાત હતો, પણ તે યુનાની એલમ તથા રસમ તરફ ફીદા હોવાથી તેને તખ્ત આપવા પારસીઓએ ના પાડી, અને હમેલદાર શાહાનશાહબાનુ ઉપર ઇ. સ. ૩૦૯ માં તાજ પોશીની ક્રિયા કરવામાં આવી, એવી મતલબથી કે તેણીને અવતરનાર બાળકને રાજ્ય મળે.

સારે સંજોગે બેટો બાળક અવતર્યું, અને તે બખ્તાવર ન્હાના શાહાનશાહનું નામ શાહપૂર પાડવામાં આવ્યું. તે ચાલીશ દીવસનો થતાંજ તાજપોશીની દબદબા

ભરેલી ક્રિયા થઇ, અને વજીરાન વજીર શાહરૂઇએ શાહાનશાહ ઉમરમાં આવે ત્યાંસુધી રાજ્ય અમલ ચલાવવા કમ્મર કસી.

બાળક તરીકેજ શાહપૂર ઘણો ચંચલ જણાવા માંડયો. જ્યારે તે પાંચ વરસનો નાનકડો શાહનશાહ હતો ત્યારે એક નદીના બન્ને કીનારાના લોકોને એકજ પૂલ પરથી વહેવાર ચલાવતાં ઘણી અગવડ ખમતાં જોયાં ત્યારે તેણે ફર્માવ્યું કે બીજો પૂલ બાંધવો અને સામ સામે જતાં લોકો માટે એ જૂદા પૂલો રાખીને લોકની અડચણ દૂર કરવી. હજી જવાનીમાં ફૂટે તેટલામાં તો વિદ્યાજ્ઞાનમાં તથા લડાયક હુન્નરોમાં તે પ્રવીણ થયો અને નવા ઉપયોગી કાયદા ઘડવા માંડયા.

ફક્ત સોલ વરસની ઉમરમાં તેણે શરૂ કરી દીધેલી જગઆશ્કાર ફત્તેહો

એ દરનાં શાહાનશાહની બચગી જોઇને કેટલાએક દુશ્મનો ઉભા થયા. મેસોપોટેમ્યાના તાયર નામના પાદશાહે બંડ ઉઠાવ્યું, એટલુંજ નહિ પણ એક મોટું લશ્કર એકઠું કરીને શાહાનશાહતમાં તેણે કેટલીક ખરાબી કીધી. એ પછી આરબ લોકે પણ લુટફાટ કરવાની હીંમત કીધી. એટલું છતાં રાજના અમલદારો માંહોમાંહેના અંટસથી એ દુશ્મનોને દાબી શકયા નહિ. પણ જ્યારે શૂરો શાહપૂર સોળ વરસની ઉમરે પુગ્યો. ત્યારે તે ઇરાનને દુશ્મનોને હાથે એમ હેરાન થતું

જોઇ શકયો નહિ, માટે વજીરોની નામરજી છતાં ઇરાનના વેરીઓને 'શિક્ષા કરવા તે તૈયાર થયો.

પહેલે સરહદ ઉપર હુલ્લો લઇ જઇને ત્યાંના મુલકો અને કીલ્લાઓ જે દુશ્મનો પચાવી બેઠા હતા તે તેણે છીનવી લીધા અને તેઓને સખત માર મારી નસાડયા. અને પછી મેસોપોટેમ્યા પર ધસારો લઇ જઇને ત્યાંના બળવાખોર પાદશાહને તેણે કેદ પકડયો, અને શાહનશાહત ઉપર દરોરો લાવવા માટે તેને મોતની સજા કરવામાં આવી. એ પછી આરબ લોકો કે જેઓ ઘણી હલકા પ્રકારની જીંદગી ગુજારતા હતા તેઓએ પણ ઇરાન સામે માથું ઉંચકયું હતું, માટે શાહપૂરશાહે અર્બસ્તાન ઉપર ચ્હડાઇ કીધી, અને ત્યાંના જંગલી લોકોમાં ત્રાસ બેસાડવા જોગ સખત સજા કીધી તેથી તેઓમાં એવી ધાસ્તી બેસી ગઇ કે તેની દલેરીથી કાંપીને તેને 'ઝુલ અકતાફ' એટલે "ખભાં ભાંગનાર મ્હોટો સાહેબ" એવાં નામે તેઓ ઓળખવા લાગ્યા.

પ્રકરણ આઠમું

શાહપુર ધ ગ્રેટની રોમ ઉપરની યાદગાર ફતેહ.

ખ્રીસ્તી ધર્મનો ઈરાનમાં ધાસ્તી ઉપજાવનારો પગપેસારો

રોમ સાથની દુશ્મનીનું એક વધેલું કારણ

આ વખતે રોમન શાહાનશાહ કોન્સ્ટેન્ટાઇને ખ્રિસ્તી ધર્મ કબુલ્યો હતો. જોકે આગળથીજ એ ધર્મે ઇરાનમાં પગપેસારો કરવા માંડયો હતો, તોપણ મજકુર કુમકથી હવે તે કેટલેક દરજ્જે ધાસ્તી ઉપજાવનારો થઈ પડયો. ઇરાની શાહાનશાહતનો ધારો હતો કે તેની પનાહમાં રહેનારી સર્વે પ્રજાઓને પોતાની દિન પોતાનાં યકીન મુજબ છુટથી પાળવા દેવી. પણ ખ્રિસ્તી ધરમ શરૂઆતનો ફેલાતો હોવાથી નવાં જનુનથી તેના નવા પાળનારાઓ આવી છુટનો ગેરલાભ લેતા હતા, તેથી તેઓ સાથે શાહાનશાહ શાહપૂરને કરડાઈથી કામ લેવું પડયું. અને હવે ખ્રિસ્તીઓની તરફદારી રોમન શાહાનશાહે લીધેલી હોવાથી ઈરાન અને રોમ વચ્ચેની દુશ્મનાઈનું એક કારણ વધ્યું.

કોન્સ્ટેન્ટાઇને નમનતાઇથી ઇરાની શાહાનશાહને અરજ કીધી કે ખ્રિસ્તીઓપર મહેરબાની રાખી વર્તવું; પણ શાહપૂરે તે બાબદ બાજુ મુકીને તેના બપાવા નરસી પાસેથી રોમનોએ દગા ભરેલી રીતે છીનવી લીધેલા મુલકો ઇરાનને પાછા હવાલે કરી દેવાને તેઓને ફરમાવ્યું. રોમનોએ એ વાતના અખાડાજ કીધા. મગર શાહપૂરનો વડો ભાઇ હોરમઝદ બંદીખાનામાંથી છુટી જઇને રોમનોને આશરે જઈ રહ્યો હતો માટે તેને ઉભો કરી ઇરાનમાં રોમનો કાંઈ કંકાસ જગાડે તેની બીકથી શાહપૂરથી કાંઇ પગલાં લઇ શકાયાં નહિ. એટલું છતાં શાહપૂરે મ્હોટાં દિલથી હોરમઝદની બાનુને તેની આગળ મોકલી આપી.

આથી રોમન શાહાનશાહને હીંમત આવી, અને તેણે ઇરાન સામે લ્હડાઇ લાવવાની ગોઠવણ કરવા માંડી, પણ તેટલામાં તેનું મરણ નીપજ્યું. હવે રોમન શાહાનશાહતના ભાગલા થઇ ગયા. રોમન શાહાનશાહના વડા બેટાને હસ્તક રૂમી સલતનતના પૂર્વના ભાગો આવ્યા. અને તે નવી પાદશાહતનાં પાયતખ્ત તરીકે માજી શાહાનશાહનાં નામ ઉપરથી કોન્સ્ટેન્ટીનોપલ નામનું નવું શહેર રોમ ઢબની ઉપર બાંધવામાં આવ્યું.

શાહાનશાહ શાહપૂરે હવે થોભવામાં સાર જોયો નહીં, માટે પહેલે રોમનોને તાબે જઇ રહેલાં આર્મી-

ન્યાને દમ આપીને ત્યાંના પાદશાહ ખુસ્રુઓને આઝરબાઇજાનનો મુલક ઇરાનને આપી દેવા અને ઇરાનને તાબે રહેવાની ફરજ પાડી. બીજે વર્ષે તેણે રોમનોને કેટલીક શિકસ્તો આપીને સીંગારાની લડાઈમાં એક ઘણી મજબુત ફત્તેહ મેળવી, અને આર્મીન્યાનો ફરીથી કબજો લીધો. એટલામાં ઇરાનની તવારીખમાં વારંવાર નજર આવતાં ઉત્તર તરફનાં સ્કીથ્યન તથા ટારટાર પ્રજાઓનાં અગણિત ટોળાંઓએ ફરીથી દેખાવ દીધો, માટે તેઓના ધસારાને હડસેલી કહાડવા શાહપૂરને જવું પડયું. શાહપૂરે એ પ્રજાઓને તાબે કરીને પાછો રોમન મુલકોમાં દેખાવ દીધો, રોમનોને અમીડાની નામીચી લડાઇમાં હરાવ્યા અને તેઓનો કેટલોક મુલક તથા સીંગારાનું શહેર જીતી લીધાં. પણ આ હારોનું વેર લેવા રોમન શાહાનશાહ જુલ્યન જાગૃત થયો. તેણે ઇરાનપરની એક વધુ ચ્હડાઇ માટે ગંજાવર તૈયારીઓ કીધી; અને એક ઉલટમંદ મ્હોટું લશ્કર લઇને એશિઆમાં દાખલ થયો.

રોમનોની આ ચ્હડાઈ મહાભારત પાયા ઉપર હતી માટે તેઓની સામગ્રી તથા હીલચાલોની ભરોસેદાર ખબરો મેળવવામાં આવી. પારસી શાહાનશાહ ઘણોજ હીમતવાન અને દલેર હતો, મગર એ વખતે તે કોઇ મોટી રોકાણોમાં ગુંથાયો અને દુશ્મનો સામે તેની કશી ધનનસલ જણાઇ નહિ, તેથી જુલ્યનને

ઉલટ આવી. તેણે ખુદ તેસીફોન અથવા મદાયનનાં નામીચાં ઇરાની પાયતખ્ત શહેર ઉપર ધસારો લઇ જઇને તેને જીતી લેવાનો કસદ કીધો. તેણે રસ્તે કેટલાંક શહેરો ઉપર ઘેરો નાખ્યો, એકને દગાથી લીધું, બીજાંપર ઘાતકીપણું વરસાવ્યું, અને ધસારો આગળ ચાલુ રાખ્યો. પણ શાહાનશાહ શાહપૂર તો હજી જણાયો નહિ. તે છતાં જ્યારે દુશ્મનો છેક મદાયન ઉપર ધસી આવ્યા ત્યારે પારસીઓ દલેરીથી સામે થયા, પણ આખરે તેઓને શહેરનો આશરો લેવાની ફરજ પડી. શાહપૂર આવે કે ન આવે તો પણ રોમનો સામે શૂરથી લડવાનો તેઓએ ઠરાવ કીધો. પણ એવામાં જુલ્યનને ગુપચુપ પાછું નાહસવા માંડયું.

સમારાનું મહાભારત જંગ: તેનાં પરિણામો

હવે એજ વખતે દક્ષિણ તરફની હદ્દીમર્યાદા ઉપર ધૂળનું વાદળ ચ્હડતું જણાયું, અને દીવસ વધતાં તેબી વધતુંજ ગયું. અને તેથી રોમનોને કુદ્રતીજ ધાસ્તી પેદા થઇ. કોઇએ કહ્યું કે એ તો જંગલી જાનવરોનાં ટોળાંઓના ધસારાથી ધૂળ ઉડતી હતી, કોઇએ કહ્યું કે એ તો રોમનોના સેરેસન મિત્રો આવતા હતા; પણ જુલ્યન સમજી ગયો કે એ તો જબરી પારસી સેના આવી ચઢતી હતી. તેથી તેણે તુરતજ બચાવના ચાંપતા ઇલાજો કામે લગાડવા

દોડધામ કરી મુકી અને આશરાની જગ્યા ઉપર મજબૂત છાવણી બનાવી.

સ્હવાર પડતાં તો મહાન પારસી ફોજની તૈયાર ઉભેલી સફોનાં ઝકઝકતાં બખ્તરોનો ચળકાટ રોમન લશ્કરની સામે નજરે પડ્યો. તેથી હવે બનતી ઝડપે ઇરાની મુલકોમાંથી બહાર નીકળી જવાની રોમનોએ ઉતાવળ કીધી. પણ મહાન શાહપૂરશાહે તેઓને એમ છટકી જવા દીધા નહી. તેણે તેઓની પૂઠ પકડીને તેઓને મેરંગાની લડાઇમાં હરાવ્યા, અને ફકત આસરે દશ હજાર ચુનન્દા સવારો લઇને સમારા આગળ એક સકંજા ભરી જગ્યામાં તેઓ ઉપર એવો અચબુચ છાપો માર્યો કે રોમનોના ગભરાટનો કાંઇ પાર રહ્યો નહિ. તેઓ ભારી ગુંચવણમાં પડી જઇને કપાઈ જવા માંડયા. ઇરાની સલતનત ઉપર તેઓથી ગુજારેલા સિતમના વિચારથી બહાદૂર ઇરાની સિપાહો ઘણા ઉશ્કેરાઇ ગયા હતા. તેઓએ એવી ઝપાઝપ શમશેર ફેરવવા માંડી અને ભાલાઓથી એવો અચુક ધસારો કીધો કે ઘણા એક રોમનો માર્યા ગયા, અને ખુદ શાહાનશાહ જુલ્યન પણ મરણ તોલ જખમી થઇ પડયો. એ નામોશીભરી હારથી રોમનો તદન લાચાર થઇ ગયા. નવા શાહનશાહ જોવ્યને ઇરાન તરફ નમનતાઇ બતાવી, ઉમદા ભેટ સોગાદો મોકલી, અને ઇરાનની મ્હોં માગી સરતો કબુલ કીધી. શાહનશાહ નરસીએ રોમનો પાસેથી

જીતેલા મુલકો ઉપરાંત જે મુલકો તેને પાછળથી રોમનોને આપી દેવા પડયા હતા તે તથા ત્રણ નામીચા કીલ્લાઓ ત્યાંની તમામ મિલ્કતો, ખજાનાઓ વગેરે સાથે ઇરાનને સ્વાધીન કરી દેવામાં આવ્યા; અને આર્મીન્યામાં ઇરાનનાં કામની વચ્ચે ન આવવાની કબુલાત આપવામાં આવી.

બીજે વરસે જોવ્યન મરણ પામ્યો ત્યારે નવા શાહાનશાહ વેલન્સે રોમને લાગેલી નામોશી ધોઇ નાખવાની કોશેશ કીધી, પણ તેમાં તે કશો ફાવ્યો નહિ, પણ છ કરોડ સોનાના દીનાર દંડ તરીકે ઇરાનને તેને ભરી દેવા પડયા.

એ પછી તેણે આર્મીન્યાનો બળવો દાબી દીધો, અને છેક કાલા સમુદ્રના કીનારાપર આવેલા આઇબીર્યાના મુલકમાં સુલેહનો કાબુ બેસાડયો, અને તમામ શાહનશાહતમાં શાંતિ પાથરીને પોતાની બુઝોર્ગીનાં વરસો દલેર શાહપૂરશાહે પૂરાં કીધાં અને તેનાં સાહસકરમોથી તેને મહાનપણાનો ખેતાબ મળ્યો. લડાઇના હુન્નરોમાં તેનું શૂરાતન અને તેની બાહોશી એવાં અસાધારણ પ્રકારનાં હતાં કે કોઇપણ લડાઇમાં તેણે હાર મેળવી ન હતી. પોતાના જનમ આગમચથીજ શાહાનશાહી પદ પામીને એ ભાગ્યવંતા મહાવીરે સીતેર વરસ રાજ કીધું, અને ઇરાનની તવારીખના સૌથી ઝલકતા સફાઓ પોતાનાં નામવર સાહસોથી ભરીને ઈ. સ. ૩૭૯ માં તે મરણ પામ્યો.

પ્રકરણ નવમું

શાહાનશાહ બેહરામગોર

તેનો કરડો પિતા યઝદજર્દ
રોમન શાહાનશાહતનો વાલી

સાસાન્યન વંશનો તેરમો શાહાનશાહ યઝદજર્દ પહેલો ઇ. સ. ૩૯૯ માં પારસી સલતનતનો માલેક થયો. એ શાહાનશાહ કરડા ખવાસનો અને અસ્થિર મનનો હતો તેથી એના અમલમાં ઈરાન કેટલીક રીતે હેરાન થયું. એટલું છતાં રોમન શાહાનશાહ આર્કેડયસને તેની ઉપર એટલો બધો ઇત્બાર હતો કે પોતાનાં મરણ વખતે પોતાના બેટા થીઓડોશ્યસનો વાલી થવાની તેણે યઝદેજર્દને પોતાના વસ્યતનામામાં અરજ કીધી; અને તેની તરફની પોતાની સારી લાગણી દેખાડવા એક હજાર વજન સોનું તેને તે ભેટ આપી ગયો.

યઝદજર્દે એ અરજ તુરત બહાલ રાખી, અને રોમન સેનેટ ઉપર એક નામું લખ્યું, અને તેને ચેતાવી કે જો તેનાં રક્ષણ હેઠળ મેલાયલા ન્હાના શાહાનશાહ સામે કશી પણ કોશેશ કરવામાં આવશે તો તે માટે તે સખતમાં સખત સજા ફરમાવશે. એ સાથે વળી રોમન શાહાનશાહની સલાહ અને રક્ષણ

માટે તેણે એક ભણેલા અમલદારને કોન્સ્ટેન્ટીનોપલ ખાતે મોકલી આપ્યો, અને તે ત્યાં વરસો સૂધી તે ઓહ્દા પર રહ્યો.

થીઓડોશ્યસ સાથના પોતાના સંબંધને લીધે યઝ્‌દજર્દ ખ્રિસ્તીઓ તરફ દિલસોજીથી વરત્યો. તે ઉપરથી ખ્રિસ્તીઓ તુમાખી બની ગયા; અને તેઓએ હુલ્લડ મચાવીને કેટલાંક જરથોશ્તી એબાદતખાનાઓનો નાશ કીધો. પણ જ્યારે તેઓએ હદ કરવા માંડી ત્યારે યઝ્‌દજર્દનું ધ્યાન ઠેકાણે આવ્યું, અને તેઓને જબરે હાથે દાબી દેવામાં આવ્યા. એવી અસ્થિર વર્તણુકોથી ઘણું લોહી રેડાયું.

બેહરામગોરની કેળવણી; તેની બાહોશી, તેના લડાયક હુન્નરો, અને તેનું સાહસિકપણું.

યઝ્‌દજર્દથી ઈરાની ઉમરાવો એટલા કંટાળેલા હતા કે જ્યારે તેનો વારસ બેટો બેહરામ જનમ્યો ત્યારે તેઓએ વિચાર્યું કે તેની સંગતમાં જો તે ઉઘરશે તો બગડી જશે; તેથી તેને કોઇ લાયક ઉસ્તાદની બાંહેધરી હેઠળ મુકવા શાહાનશાહને સમજાવ્યો, ત્યારે સેરેસન લોકોના નોઅમાન નામના બાહોશ અને ચુનન્દા સરદારની તાલીમ હેઠળ તેને મુકવામાં આવ્યો. બેહરામ ઘણું ચંચળ બાળક જણાવા લાગ્યો, અને તે ચાર વરસનો થતાંજ તેને ત્રણ ચુનન્દા શિક્ષકોના હાથ નીચે મૂકવામાં આવ્યો. તેઓએ તેને વિદ્યા જ્ઞાન, શેહસ-

બાજી, તથા અસલી 'પોલો' 'હોકી'ના જેવી પહેલવાની ઇરાની રમતો તેમજ લડાયક હુન્નરોમાં તાલીમ આપવા માંડી. બેહરામ ભલા ખવાસનો અને સર્વેને ખુશ કરે એવો હોવાથી નોઅમાન તેમજ તેના બાપ તે સેરેસનોના પાદશાહ મંજરનું દીલ તેના ઉપર પોતાનાં બચ્ચાં જેવું બાઝી ગયું. તેઓએ તેની કેળવણી તથા બરદાશ્ત માટે કશી કચાસ રાખી નહિ. પહેલવાની હુન્નરો સાથે તેને ફારસી, અરબી, અને ગ્રીક ભાષાઓનું જ્ઞાન આપવામાં આવ્યું. તેનામાં વળી કવિતાઇ શક્તિ પણ જણાઈ અને તેણે લખેલી કેટલીક કવિતાઓ અરબ લખનારાઓએ જાળવી રાખી. ખચીતજ તે એવો બાહોશ જણાયો કે પોતાને મળેલાં શિક્ષણનો તેણે તમામ લાભ લીધો, અને તેની મદદથી પોતાની કુદરતી ઉમદા શક્તિ હેરત ભરી હદ સુધી તેણે ખીલવી નાખી.

તે એવો બેફીકર અને હીંમતવાન હતો કે જંગલી અને જનુની આરબોના ટોળાંઓમાં તે એકલો ઘોડો દપકાવતો. અને તીરઅંદાઝીમાં તો આખી દુન્યામાં તેનો કોઇ જોડીયો ન હતો. એક વેળાએ શિકારગાહમાં કોઇ જાનવરને વાઘ વળગી પડેલો જોયો ત્યારે તેણે એક તીર એવાં આબાદ જોરથી ફેંકયું કે બેઉ સાથે સીવાઇ ગયાં. તે એક તીર એવું ફેંકતો કે શિકારના કાનને જરાક અથડીને જતું રહે, પણ જેવો તે શિકાર કાન ખવડવા

પગ ઉંચકે કે તુરત બીજું તીર ફેંકી તેનાં પગ અને ગરદન તે સીવી શકતો. તે સંખ્યાબંધ શિકારો ઉપર એવાં તીરો ફેંકતો કે એક જગા ઉપરજ જરાપણ ગફલતી વગર ત્રણ ચાર તીરો એકએક ઉપર તે પેવસકરી શકતો.

શાહાનશાહઝાદાની એવી હેરત ભરી કળાના ખુલાસેવાર હેવાલો મંજરે યઝદજર્દ ઉપર મોકલ્યા, તે ઉપરથી તેને મળવાની ખાહેશ કરીને યઝદજર્દે તેને દરબારમાં તેડાવ્યો. પણ સેરેસનોની દરબારમાં તમામ છુટ સાથે ઉધરેલા બેહરામને માટે ઇરાની દરબાર તો ઘણી સખત જણાઇ. ત્યાં તો અદબઅંદાજાની રસમો એવી સખત હતી કે શાહાનશાહની હાજરીમાં શાહજાદાઓને ખડા ઉભું રહેવું પડતું. બીચારો બેહરામ તો તેનેબી તાબે થયો. પણ એક રાતે લાંબો વખત એમ ઉભો રહ્યો ત્યારે તેને ફકત જોંકા ખાતો જોવાથી યઝદજર્દનો મીજાજ ગયો, અને તેને બંદીખાને નાખ્યો. બેહરામે દુઃખી થઇને મંજરપર ફર્યાદ લખી, પણ પોતાના શાહાનશાહી બાપનાં ફર્માનને તાબે રહેવાની તે દૂર અંદેશ પાદશાહે તેને સલાહ આપી, તેની ઉપર ભેટ સોગાદો તથા નાણાની મોટી મદદ મોકલી આપી, અને પ્રીતથી કહેવાડયું કે તેને જે કાંઈ બી જોઇએ તે બેલાશક તેણે મંગાવવું. આખરે રોમન એલચીની અરજ પરથી બેહરામ છુટો થયો, તેવોજ તે મંજર આગળ જઈ રહ્યો.

પ્રકરણ દશમું

તખ્ત મેળવતાં બેહેરામગોરની જંજાળો

શાહાનશાહની ચુંટણી

યઝદજર્દના મરણ વખતે તેનો એક બેટો શાહપૂર પાયતખ્તમાં હતો. તેણે તખ્ત માટે દાવો ઉઠાવ્યો, પણ તેનું છુપું ખુન થયું. ખરો હકદાર તો બેહેરામ હતો; પણ ઉમરાઓએ વિચાર્યું કે બાપનો અંશ કાંઈ તેનામાં ઉતરવા વગર રહ્યો નહિ હોય, તેમજ આરબોના મુલકમાં વસીને તેઓની રીતભાતો તેણે અખત્યાર કરી હશે, વાસ્તે તેને શાહાનશાહ કબુલ કરવા તેઓએ ના પાડી.

મગર તાજ કોણને બક્ષવું તેની ગુંચવણ ચાલતી હતી, તેટલામાં ખોસરો નામના દૂરના શાહઝાદાએ દાવો કીધો. રાજ્યની હાલત એવી ગંભીર થઇ પડી હતી કે તેને શાહનશાહ કબુલ કરી લેવો પડયો, કારણ કે એ વખતે તારતાર પ્રજાઓએ ખોતન તરફથી, હિંદીઓએ તથા મકરાનીઓએ પૂર્વ તરફથી તેમજ રોમનોએ પશ્ચિમથી ઝગડા જગાડયા હતા; એટલુંજ નહિ પણ બેહરામને ગેરઇન્સાફ થયલો જોઇને તેને નામે એક

મોટું લશ્કર ઉભું કરીને મંજરના બેટા નોઅમાને કેટલીક ખરાબી કીધી. પોતા માટે થતું જંગ બેહરામ બેસીને જોયા કરે નહિ માટે તેણે નોઅમાન સાથના લશ્કરમાં ઘણી દલેરી બતાવી.

એથી ગભરાઇને ઇરાની ઉમરાવોએ એક બાહોશ એલચીને મંજરને શાહાનશાહત તરફ વફાદાર રહેવા સમજાવવા મોકલ્યો, જેણે તે એલચીને બેહરામ આગળ મોકલી આપ્યો. બેહરામની બાહોશી અને તેનો પાદશાહી ટેક જોઇને એલચી અજબ થયો. તેને લાગ્યું કે ઈરાની ઉમરાઓ ઘણી ગેરસમજુતીથી વર્તતા હતા. તેથી તેણે સૂચવ્યું કે બેઉ બાજુની ભુલો દૂર બેઠા બેઠા વહેવાર ચલાવ્યાથી ભાંગે નહિ વાસ્તે મંજરે બેહરામને લઇને ઇરાન તરફ આવવું.

ઉપલી સલાહ મુજબ અમલ કરીને બેહરામ અને મંજર ઇરાન આવ્યા અને એક મોટી અંજુમન બોલાવીને બેહરામે પોતાનાં બાપદાદાનાં તાજ માટે માગણી કીધી. ઈરાનીઓએ જવાબ આપ્યો કે પાદશાહી રૈયતનાં સુખને વાસ્તે છે, માટે કોઇ પાદશાહથી લોકને દુ:ખ ઉપજવાનો સંભવ હોય તો તેને તખ્ત ન આપવામાં તેઓ વાજબી હતા. તે ઉપરથી બેહરામના વખાણનારાઓએ તેની સીફત અને શાહનશાહી લાયકાત લોકોને સમજાવી; પણ સરદારો તેની નેમ-

ઝુંઠ સામે થયા. આખરે પાદશાહ ચુંટી કાઢવાની ગોઠવણ કરવામાં આવી.

શાહાનશાહી ખાનદાનના નબીરાઓમાંથી પેહેલે સો ઉમેદવારો ચુંટી કાઢવામાં આવ્યા. તેઓમાંથી પચાસ અને પચાસમાંથી ત્રીસ એમ ચુટણી વધુ ચાળીને કરવામાં આવી; પણ તે સરવે વખતે બેહરામનું નામ પહેલું આવ્યું. આખરે સલતનતના ડાહ્યા શખ્સોએ ત્રીસમાંથી ચાર ચુંટી કાઢીને તેઓમાંથી બેહરામને પાદશાહી લાયકનો ઠેરવ્યો. પણ એ પરિણામ જોઇને સરદારો પાછા ફરી બેઠા; બેહરામ પાધરો ચાલશે એવી તેઓને ખાતરી આવી નહિ.

તખ્તની માલેકી નક્કી કરવા એક બીકટ શરત; બેહરામગોરની ફત્તેહ

એવું કહે છે કે રૈયતનાં સુખ માટે તેને કેવી કાળજી હતી તે તેઓને સમજાવીને બેહરામે આખરે સૂચવ્યું કે જંગલમાંથી બે જનુની સિંહો મંગાવી મેદાનમાં તેઓને સાંકળે બાંધવા અને તે બેની વચ્ચે ઇરાનનું તખ્ત અને તાજ મુકવાં. જે શાહઝાદો તે જંગલી જાનવરોમા ધસારા છતાં તાજ ઉચકી લાવે તેને શાહાનશાહ નેમવો. એ ગોઠવણ પસંદ કરવામાં આવી. ત્યારે ખોસરોએ જણાવ્યું કે તે તો પાદશાહી ભોગવતોજ હતો, એટલે દાવો ઉઠાવનાર તરીકે તાજ ઉઠાવી

લાવવાની હામ બેહરામેજ ભીડવી જોઇએ. બેહરામ તે ઉપરથી હાથમાં મજબુત ગોરજ લઇને એ પહેલવાની ભર્યાં કામ માટે ચાલ્યો. પણ દસ્તુરાન દસ્તુરને લાગ્યું કે એ નવ જવાન શાહજાદો તાજની લાલચે એવાં હુજજતભરેલાં કામથી જરૂર પોતાનો જીવ ખોશે, માટે તેને વારવાની તેણે કોશેશ કીધી. મગર તેણે જોયું કે તેણે તો એવો હિમ્મતવાન ઠરાવજ કીધો હતો, ત્યારે તેણે તેને આશીશ દીધી, અને સલાહ આપી કે તેણે તન અને મન પાક કરવું, ગુનાહની તોબેશ કરવી, અને નેક દુવા ચાહીને પોતાનું કામ શરૂ કરવું, તેથી બેહરામે એ મુજબ કરીને પરવરદેગારને અરજ ગુજારી કે "ઓ મહાશક્તિવાન ખુદા! હું એવું ચાહું છું કે મને આ મારાં કામમાં ફત્તેહ મળે, અને દુન્યામાં ચાલતી ખરાબી તોડવાની મારી મોટી ઉમેદ છે તે હું બર લાવું."

એ પ્રમાણે ચોખ્ખા દિલની હિમ્મત સાથે બેહરામ પેલાં તખ્ત તરફ ચાલ્યો, ત્યારે ભેગી મળેલી પ્રજાઓની અગણિત આંખો તે દલેર શાહાનશાહજાદા તરફ ટીકાઇ રહી. તેઓ સર્વની દિલસોઝી તેની તરફ ઉશ્કેરાઇ અને પોતાની મકસદમાં તે ફત્તેહ પામે એવું તેઓ ચાહવા લાગ્યા.

બેહરામને એમ એકલો તખ્ત તરફ આવતો જોયો ત્યારે ઉશ્કેરાઇ રહેલા સિંહોમાંના એકે જોર કરીને

સાંકળ તોડી નાખી, અને બેહરામ ઉપર ધસારો કીધો. એ દેખાવ જોઇને લોકો ઘણુજ ફીકરમંદ થઈ ગયા, પણ શૂરો બેહરામ જરાબી ડર્યો નહિ. તે એ વિકરાળ જાનવરની સામે ગયો અને એવાં જોર અને નેમથી તેનાં સર ઉપર ગુરજનો ફટકો માર્યો કે તુરત તેનું ભેજું ચીરાઈ ગયું અને તે જબરૂં હેવાન ખાકમાં પડ્યું; એટલામાં બીજા સિંહે પણ છુટી આવીને તેને ચીરી નાખવા ચાહ્યું, પણ હવે શૂરપર આવેલા બેહરામે તેને પલક વારમાં કચડી નાખીને ખાકમાં નાખ્યો. એવો દેખાવ જોઇને તમામ રૈયત ખુશાલીમાં આવી ગઇ. તેઓએ તેને હરખના પોકારોથી વધાવી લીધો. અને ઇ. સ. ૪૨૦ ના વરસમાં તે મેદાનમાં મુકેલું તાજ બેહરામે પોતાને માથે મુકયું અને ત્યાં મુકેલાં તખ્તપર તે બેઠો, ત્યારે તમામ અંજુમન તેને નમન કરવા સામી ગઇ. ખોસરોનું દીલ પણ બેહરામની દલેરી જોઇને પીગળી ગયું. તેણે બેહરામને શાહાનશાહ તરીકે સલામ કરીને આફ્રીન કીધી, અને કહ્યું કે ઇરાનના તખ્ત ઉપર તેના જેવા શેરમરદનું બેસવું સગનવંતું નીવડો.

છેક એટલી હદ સુધી સરદારોએ બેહરામને મુશ્કેલીમાં ઉતાર્યો હતો, તે છતાં તેણે મ્હોટાં દીલથી સર્વેને માફ કીધું. ખુસરોને પાદશાહી દરજાથી રાખ્યો. મંજર અને નોઅમાનને ફુલ્લી રીતે નવાજ્યા, દરેક

લાયકને બદલો આપ્યો અને બહાદુરી અને અદલ ઈન્સાફથી રાજ કરવાનું શરૂ કીધું, અને તે સાથેજ તાબેદાર પાદશાહ અને હાકમો ઉપર નીકળતી ૭ અબજ દેરમની મહેસુલ માફ કરી તેઓને રૈયતનાં સુખ માટે કોશેશ કરવાનું ફરમાવ્યું.

પ્રકરણ અગીઆરમું

દુશ્મનો સામે બેહરામગોરનો જબરો ધુજારો

રોમનો અને ખાકાનસાથનાભારી જંગો

પહેલે ઇરાન ઉપર દરોરો લાવેલા દુશ્મનોને મારી કાઢવાના હતા; તેથી પોતાના ભાઇ નરસીહને સપાહ-સાલાર બનાવીને મેસોપોટેમ્યામાં રોમનો સામે લડવા મોકલ્યો. તેણે ત્યાં એવું જંગ મચાવ્યું કે આર્મીન્યામાં પેઠેલા રોમનોને પણ ત્યાં દોડી આવવું પડ્યું; પણ બેહરામ પોતાના ભાઇની કુમકે જઇ લાગવાથી તેઓનું કશું વળ્યું નહિ અને સલાહ કરવાની તેઓને ફરજ પડી.

હવે બીજી ગમથી ચીનનો ખાકાન તારતાર ટોળાઓનું અસંખ્ય લશ્કર લઇને ઇરાનપર ઉતરી પડયો. બેહરામે તેને સામે થવા સર્વ રીતની ચુનન્દી ગોઠવણ કરીને લશ્કરની સરદારી નરસીહને આપી, અને તેના હાથ હેઠળ અજમાયશ મેળવેલા શૂરા સરદા-રોને નેમ્યા; અને પોતે થોડાક હજાર સવારો લઇને કેથે ચાલ્યો ગયો. સરદારોએ વિચાર્યું કે રાજ્ય ઉપર

વરસતી આફતોથી કંટાળીને તે કેથે ચાલી ગયો માટે ખાકાનની ગંજાવર ફોજથી હેરાન થવાને બદલે તેને દંડ આપીને સમજાવી લેવા તેઓએ ઠરાવ્યું. એવું હીનપસ્તી ભર્યું કામ કરવાથી તેઓને નરસીહે ઘણા વાર્યા અને ઇરાનનાં નામને ખાતર લડવાનો આગ્રહ કીધો. પણ તેનું કાંઇ વળ્યું નહિ અને ખાકાન ઉપર એલચી મોકલવામાં આવ્યા.

એ ખબર બેહરામને પડી તેવો તે દોડતો આવી લાગ્યો. તે હીમતવાન શાહ ખાકાનની મહાન ફોજ અને તેના બંદોબસ્તની તપાસ કરવા છુપો તેની તરફ ગયો હતો. તેણે ખાકાન ઉપર અચબુચ એવો ધસારો કીધો કે તેની ફોજને તમામ શિકસ્ત આપીને તેને, ગીલાનના પાદશાહને, તેમજ ત્રણસો મોટા સરદારોને તેણે કેદ પકડયા; એટલુંજ નહિ પણ દુશ્મનોના મુલકોમાં ધસી જઇને તેઓના હુમલા માટે તેઓને સખત સજા કીધી. અને ખાકાનનો હાથ આવેલો ખજાનો બેહરામે લોક સુખાકારી તેમજ સખાવતી કામોમાં ખરચ્યો.

પ્રકરણ બારમું

શાહાનશાહ બેહરામગોરનું હિંદ સરઝમીનમાં સાહસ

એલ્ચીના વેશમાં તેનું હિંદ જવું

એ પછી કહે છે કે એ ચેનવગરના અને સાહસિક શાહાનશાહને વગર લડાઇ લડવે હિંદમાં ફત્તેહો મેળવવાનું મન થઇ આવ્યું. આગલી પારસી શાહાનશાહતના વખતમાં તેમજ ત્યાર પછી કેટલીક વાર હિંદ ઇરાનને તાબે હતું, અને ખંડણી આપતું હતું. મગર હાલ લાંબો વખત સુધી તેણે તેમ કરવું મોકુફ કરી દીધું હતું; તેટલા માટે બેહરામે ઇરાનની મ્હોટાઇ કબુલી ખંડણી આપવાની માગણી કરતું એક નામું તેના પાદશાહ ઉપર લખાવ્યું, અને ઇરાનના જોર માટે ખ્યાલ આપવા ખાકાનનાં અગણિત લશ્કરનો તેને હાથે જે નાશ થયો હતો તેની યાદ આપી. એ પછી કેટલાક બહાદુર અને ચુનન્દા સવારો લઇને પોતે બરજોરનું નામ ધારણ કરી એલચી તરીકે હિંદ જવા છુપે વેશે નીકળી પડયો.

એ વખતે હિંદનો શાહાનશાહ શંકલ અથવા શંકર નામનો નર હતો. તેનું પાયતખ્ત અસલી

કનોજનું નામીચું શહેર હતું. તેણેઇરાનના એલચીને ઇજ્જતથી બેસાડીને નામું વંચાવ્યું. પણ જ્યારે તેણે તેની બાબદ જાણી ત્યારે તેના ગુસ્સાનો પાર રહ્યો નહી. તેણે કહ્યું કે, "એ મીસાલ ઇરાનને હિંદનાં જંગીપણાં માટે કશો વિચારજ નથી. હું એવો શાહાનશાહ છું કે હેંસી પાદશાહો મારી મ્હોટાઇ કબુલ કરે છે; મારી પાસે હથિયારોના અખુટ જથ્થાઓ અને ભંડારો છે; મારી પ્રજા ન ગણાય એટલી બધી અને મારૂં લશ્કર અસંખ્ય છે; અને મારાં ઝવેરાતના ઢગલાઓ પહાડ જેવા છે. મારાં શેહેરોમાં અંબર કસ્તુરી અને ઉંચા તેજાના તથા એજમતી વનસ્પતીઓની રેલારેલ છે. અને એ સાથે હમારા દેશને પહાડો તથા દર્યાથી કુદરતી બચાવ છે. ચીન સુધીના પાદશાહો મારી મ્હોટાઇ કબુલ કરે છે. માટે ઇરાનની આ માગણીથી મને એવું અપમાન થયું છે કે એલચીઓને મારવામાં ખોટું ન હતે તો તને આ ઘડી કતલ કરતે." બેહરામે જવાબ દીધો કે: "તું એવું બોલીને ઇરાનની મ્હોટાઇ અને બળતવારીનો કશો વિચાર કરતો નથી. ઇરાનનો ડાહ્યો શાહાનશાહ ખુનરેજી કરવા વગર જ્યારે એવી માગણી કરે છે ત્યારે તને લાજમ છે કે તે કબુલવી; કારણ કે જો ઇરાનનાં ડહાપણ અથવા જોર માટે તને ખ્યાલ લાવવો હોય તો તારા આખા મુલકમાંથી ડાહ્યામાં ડાહ્યા પુરૂષને

બોલાવ અને મારા એક દાનેશમંદ સાથ તેને અજમાયશમાં ઉતાર, અથવા તો તારા સો સવારોને મારી સાથ જંગમાં ઉતાર; એમાં જો હમો હારિયે તો ખંડણી વગર હમો પાછા ફરીશું"

એ સુખનો શંકલે સાંભળ્યા ત્યારે તે વિચારવંત બન્યો અને બેહરામને નરમાશથી કહ્યું કે "તું એ હુલ્લડાઇ ભર્યું બોલે છે; તે છતાં તું મારો મહેમાન છે અને લાંબી મંજલેથી થાકીને આવ્યો છે; તો મને લાજમ કે તારી બરદાશ્ત કરૂં" એ મુજબ રામશ્નીની મજલેસોથી બેહરામને ખુશ કીધો, જે પછી હેરતભરેલી કસરતો અને કુસ્તીઓનો તમાસો થયો. બેહરામે હિંદના જબરામાં જબરા મલો સાથે કુસ્તી રમવાની ખાહેશ દેખાડવાથી હિંદી શાહાનશાહે તેમ કરવાની તેને રજા આપી. પણ બેહરામે તો પોતાનાં હમનબરદોને એવી આસાનીથી કમ્મરમાંથી પકડી ચપોચપ પટકી નાખ્યા કે શંકલ ઘણો અજબ થયો અને તેણે તેને વાજબી શાબાશી આપી. એ પછી થોડેક દીવસે અસલી "બોલ બેટ"ની રમત ચાલતી હતી ત્યારે એક મજબૂત "સ્ટમ્પ" ઉપર દૂરથી એવી આબાદ નેમથી અને જોરથી એક તીર બેહરામે માર્યો કે તે લાકડીના તુકડા થઇ ગયા. એ જોઈને સર્વ વમાસણમાં પડયા અને બેહરામની નામદારીથી તેઓ વાકેફ હતા માટે કહ્યું કે: "તું હમોને બેહરામશાહનો

ભાઇ લાગે છે. કારણ કે તારો રોબ પાદશાહી અને સિંહ જેવું તારૂં જોર છે." બેહરામે હસીને કહ્યું કે "તમારી ભુલ છે, હું તો એક સાધારણ ઇરાની શખ્શ છું; મગર હવે લાંબી મુદત થઈ ગઇછે એટલે મારે પાછું ફરવું જોઇએ."

બેહરામગોરનાં હિંદમાં સાહસકરમો; હિંદી શાહજાદ સાથ લગન

શંકલે જોયું કે એ એલચી જેવો શૂરો નર હિંદની સેવામાંજ રહે તો ભલું, નહિતો તેજ એવો જબરો છે તો નામીચા બેહરામ શાહનું તો જોર કેવુંક હશે, અને હિંદી શૂરવીરો તેનાથી કેવા ઉતરતા છે તે તો તેણે અને તેના સાથીઓએ જોઇ લીધું છે. તેથી તેને હિંદમાંજ રહેવા માટે મોટી લાલચો દેખાડવામાં આવી, જેની અલબત તેણે ના પાડી. ત્યારે તેનો નાશ કરવાની કોઇ યુક્તિ કરવાની વેત્રણ કરીને કોઇપણ શિકારી-ઓથી ન મારી શકાય એવાં એક જંગી વિકરાળ વરૂ. તથા લોકો ઉપર આફત વરસાવતા એક જબરા અજદાહ ને મારવાની તેને અરજ કરવામાં આવી. પોતાના સાથીઓના જબરાં દબાણ છતાં બેહરામે એ માગણી આસાનીથી બર લાવીને તમામ હિંદીઓને હેરત કીધા, અને તેઓને દુઃખમાંથી ટાળવા માટે તેઓની આશીશો મેળવી. એટલું છતાં પણ શંકલે તેને ,જવા દેવાની

આનાકાની કીધી અને કહ્યું કે તેની ખુશી છે કે કોઇ પાદશાહ કરતાં બરજો એલચી જેવા શૂરા લાયક નરને પોતાની બેટી આપવી; તેથી તેની પસંદગી માટે પોતાની ત્રણ રૂપસુંદર રાજપુત્રીઓને તેણે રજુ કીધી. બેહરામે જોયું કે જો તે હુજત કરે તો પોતાના ફકત ત્રીસ સવારોની કુમકથી હિંદમાંથી પાદશાહની મરજી વગર જઈ શકે નહિ, માટે તેની મરજી કબુલીને એક સપીનુદ નામની અતિ ખુબસુર્ત શાહજાદીને પસંદ કીધી. શંકલે તેઓની શાદી વખતે ભપકો અને ધામધુમ કરવામાં કશી મણા રાખી નહી.

હિંદમાંની બેહરામની નામદારી છેક ચીન પૂગી ગઇ ત્યારે ત્યાંના શાહાનશાહ ફગફુરે તેને પોતાની દરબારમાં આવવાનું ઇજન કીધું, પણ તેણે ઉપકાર સાથે ના પાડી. આખરે બેહરામે પોતાની ખરી હાલત સપીનુદને જણાવી દીધી; અને તેની સલાહ મુજબ એક જાત્રાને હિંગામે શંકલ અને બીજા સરદારો બહાર ગયા હતા તે તકે તેઓ નીકળી પડયાં. પણ પાદ-શાહને ખબર પડતાં તે પુઠે દોડી ગયો, અને દલગીર તેમજ ગુસ્સે થઇને તેની મેહરબાનીનો એવો બદલો આપવા માટે તેઓને ઠપકો આપવા મંડયો. હવે બેહરામે પોતાની ખરી ઓળખ જણાવી દેવામાંજ ઠીક જોયું. શંકલે જાણ્યું કે ઈરાનનો મહાન શાહાનશાહ બેહરામ તેનો દામાદ થયો છે ત્યારે તેના હરખનો પાર રહ્યો

નહિ. અને અમૂલ અને ગંજાવર હદીઆ આપીને તેઓને ખુશીથી તેણે વદા કીધાં.

એ પછી કેટલેક વર્ષે પોતાની બેટીને મળવા શંકલ ઇરાન ગયો. ત્યાં તેણીની મ્હોટાઇ અને જાહોજલાલી જોઇને તેનું દીલ મગન થયું. બેહરામે તેની બરદાશત કરવામાં કશી કચાસ રાખી નહિ અને એવું કહે છે કે શંકલને કાંઇ બેટો ન હોવાથી બેહરામ અને સપીનુદનાં ફરજંદને હિંદની શાહાનશાહત મળે એવું વસ્યત તેણે કીધું.

વીસ વરસની પાદશાહીમાં એવી નામદારી કરીને મ્હોટો બેહરામ ઇ. સ. ૪૩૯ માં મરણ પામ્યો.

પ્રકરણ તેરમું

પારસી તવારીખના એક કીમતી સફો

અસલી ઇરાનમાં ચાલેલા ભયંકર દુકાળ વખતે પારસી શાહાનશાહ પીરોઝે લીધેલા ડહાપણ ભરેલા ઈલાજો

ઇ. સ. ૪૫૯ માં ઈરાનનાં તખ્ત ઉપર પીરોઝ નામનો શાહાનશાહ આવ્યો. તે ઘણો ભલો અને હિમ્મતવાન નર હતો. એક ભયંકર દુકાળ વખતે એણે લીધેલા ડહાપણ ભરેલા ઈલાજોને લીધે એનું રાજ પ્રખ્યાત છે.

એ દુકાળ ઘણો લાંબો હતો; અને તે છેક સાત વરસ સુધી ચાલ્યો હતો. તે દુકાળમાં પીરોઝની ઉમદા કારસાઝીથી લખો માણસો નાશ પામતાં બચી ગયાં હતાં.

એ વખતે શાહાનશાહ પીરોઝે એવા હુકમો કહાડયા કે તેની માત્બર રૈયતે પોતાના ગરીબ ભાઇ બંધોની મદદે રહેવું, અને જે કોઇ પોતાના ગરીબ ભાઈબંધને મરવા દેશે તે સખત સજાને પાત્ર થશે.

એ સાથેજ તેણે પોતાના ખજાનાઓ ખાલી કરી નાખ્યા, અને હાજતમંદોને પૈસાની મદદ આપતી કીધી.

વળી દુકાળનાં બીજાં વરસ પછી સર્વે સાધારણ કરો તેણે માફ કરી દીધા.

એ ઉપરાંત છેક ગ્રીસથી તે હિંદ સુધીના તેમજ છેક ઓકસસ નદીવાળા મૂલકોથી તે છેક એબીસીન્યાના પ્રદેશોમાંથી અનાજના જથ્થાઓ તેણે મંગાવ્યા, અને લોકોને ખોરાક પૂરો પાડયો.

પોતાના ન્હાના મ્હોટા સર્વે અમલદારો ઉપર તાકીદના હુકમો પણ તેણે કહાડયા કે જો રૈયતમાંનું કોઈ પણ દુકાળની સખ્તીથી મરણ પામેલું જણાશે તો તેઓને જોખમદાર લેખવામાં આવશે.

એટલુંજ નહિ પણ સલતનતની એ આફતને પૂરૂં પડવા સારૂં ખરચનો બચાવ કરવા આપણા એ ભલા શાહાનશાહે દબદબાભરેલી અને ખર્ચાળુ સવારીઓ કહાડવાનું મોકૂફ કીધું.

એ મુજબ પોતાથી જે કાંઇ બન્યું તે સર્વે કરવા સાથે પોતાની પ્રજાનું દુઃખ વહેલું ટળી જાય એવી દુવા હરહંમેશ તે માગતો રહ્યો.

પારસી શાહાનશાહ પીરોઝના એવા ડહાપણ ભરેલા ઉપાયોને લીધે એવું કહે છે કે તે ભયંકાર અને લાબા દુકાળમાં ફકત એકજ માણસ દુકાળની અસરથી મરણ પામેલું જણાયું હતું.

પ્રકરણ ચૌદમું

શાહનશાહ કોબાદ પહેલાની કારકીર્દી

મઝદકી ધર્મની ઇરાનમાં ખરાબી

સુર્ખવાન, સૂફ્રઝાય, અથવા સૂફ્રાય નામના શૂરા પારસી સપાહસાલારે ઈરાનની ઉત્તર પૂર્વે આવેલાં એફ્થલાઇટ અથવા હુન લોકોનાં જબરાં રાજ્યને ઇ. સ. ૪૮૬ માં મ્હોટી શિકસ્ત આપી; અને તે શૂરવીરે ઇ. સ. ૪૮૭ માં પારસી શાહાનશાહતનું તખ્ત પીરોઝના બેટા કોબાદને મેળવી આપ્યું.

કોબાદના વખતમાં મઝદક નામના શખસે પેગમ્બરી દાવો કીધો; તે ઘણો બાહોશ નર હતો. અને પોતાની તકરારોથી તેણે કોબાદનું મન ડામાડોળ કરી નાખ્યું. એક ગમથી ખ્રિસ્તી લોકો ખટપટ જગાડયા કરતા હતા, અને બીજી ગમથી પાદશાહ મઝદકી મઝહબનાં કેટલાક ભૂલભરેલા મતો તરફ દોરવાઇ ગયો, તેથી એવો ગોંટાળો ઉભો થયો કે પારસી ઉમરાઓ કંટાળી ગયા, અને તેઓએ કોબાદને તખ્ત ઉપરથી ઉઠાડી મુકયો, તથા તેના ભાઇ જામાસ્પને શાહાનશાહ નેમ્યો, અને શૂરવીર સૂફ્રઝાયને કોબ

ખોટા શક ઉપરથી કોબાદે જાન લીધો હતો તેના બેટા ઝરમહેરના હાથમાં તેને સોંપી દીધો. પણ મોટાં દીલના ઝરમહેરે તેને ખલાસી બક્ષી છોડી દીધો, તેથી કાચા કાને સૂફ્ઝાયનો જાન લેવા માટે તેને ઘણો પસ્તાવો થયો. ઝરમહેર અને એફ્થલાઇટ લોકોની મદદથી કોબાદે પોતાનું તખ્ત પાછું મેળવ્યું, અને જામાસ્પને સપાહસાલારનો તથા ઝરમહેરને વડા વજીરનો દરજ્જો આપ્યો.

કોબાદની શુધ ઠેકાણે આવવાથી અને ઝરમહેરની ઉમદા કારસાજીથી હવે ઇરાનનો કારોબાર સારી રીતે ચાલવા માંડયો. મઝદકની દીનને તોડવા માટે પોતાને સવળતા મળે કરીને કોબાદના માનીતા શાહઝાદા ખોસરોનાં વડપણ હેઠળ ઇરાની બુઝોર્ગોએ કામ લીધું, અને મઝદકને તકરારમાં માહુત કીધો, તથા ખોસરોના નામ હેઠળ તેના માનનારોને તેમજ તેને પોતાને તેઓએ બેજાન કીધા.

પારસી શાહાનશાહની રોમન શાહાનશાહને એક અજાયબ જેવી માગણી

ઉત્તરની પ્રજાઓના દરોરા અટકાવવા માટે પારસી શાહાનશાહોએ ગંજાવર ખરચ કરીને કોકેસસના પહાડો અને કેસ્પીઅન સમુદ્રના કીનારા વચ્ચે અસાધારણ જાડી, અતીગણી ઉંચી અને માઇલોના માઇલ લાંબી કીલ્લે બંધ જબરી દેવાલો બાંધી હતી, તેનું બાંધકામ એવું

જબરૂં હતું કે સામાન્ય રીતે તેમાં વાપરવામાં આવેલો અક્કેક પથ્થરજ એકવીસ ફીટ લાંબો અને સાત ફીટ જાડો હતો. તે દેવાલ બાંધવામાં તથા તેના બચાવ માટે રોમનોએ હીસ્સો આપવા કબુલ કર્યું હતું, પણ પછી અખાડા કરી ગયા હતા, તે માટે કોબાદે સખત માગણી કીધી. પણ પાધરો જવાબ નહિ મળ્યો ત્યારે તેઓના મુલકો પર તે ધસી ગયો અને અમિડાનો કીલ્લો તથા બીજાં શહેરો લઇ લીધાં. એવામાં શાહાનશાહને પૂર્વ તરફ ઉતરી પડેલા તુરાનીઓને મારવા જવું પડયું. ત્યારે રોમનોએ મોટો દંડ ભરીને તેઓને પાછાં મેળવ્યાં. એ છતાં રોમનોએ ઇરાની સરહદ ઉપર કીલ્લો બાંધવાથી કોબાદે પાછાં ફરતાં વાર વાંધો લીધો, અને લડાઇની ધમકી મોકલી જણાવ્યું કે જો રોમન શાહાનશાહ જસ્ટીન તેના બેટા ખોસરોને પોતાનો દત્તક કરી લે તોજ તે એ વાંધો જતો મુકે. રોમન શાહાનશાહ એ માગણી કબુલ કરવા તૈયાર થયો, પણ એવી ક્રિયાની કુમક ઉપર ખોસરો કોઇ વખતે રોમન શાહાનશાહત મેળવવાનો દાવો કરશે એવી ધાસ્તી પેદા થઇ; તેથી એ માગણીની કોઇ બહાને ના પાડવામાં આવી અને લડાઇ ચાલી; તેમાં રોમના નામીચા સરદાર બેલીસેરિઅસને ઇરાની સપાહસાલારો નરસી તથા પીરોઝે જબરી શિકસ્તો આપી અને તે ઉપરાંત, મંજરની સરદારી હેઠળના

સેરેસનોની મદદથી તેઓએ સિર્યા ઉપર હુમલો લઇ જઇને રોમનોની મુશ્કેલીઓમાં વધારો કરી મુકયો.

એ ફત્તેહો દરમેઆન શાહાનશાહ કોબાદનું મરણ નીપજ્યું. તે એક ખરેખરો શૂરવીર નીવડયો; અને પાછલી ઝલકતી કાર્કીર્દીથી પોતાની પહેલી પાદશાહત વખતના કલંકો તેણે તમામ ધોઇ નાંખ્યા.

પ્રકરણ પંદરમું

મહાન ખોસરો ધ ગ્રેટ

મહાન ખોસરો અનોંશેરવાનની અદ્ભુત લાયકાતો; તેને તખ્તની ખાસ બક્ષિશ

હવે ઇરાનનાં નામીચાં તખ્ત ઉપર એવો બાહોશ અને જબરો નર બેઠો કે જેણે લગભગ આખા એશિઆ ઉપર સાહેબી મેળવી તારતાર, તુર્કી, ખાઝાર, હુન, હિંદી, આરબ, એબીસીન્યન, વગેરે પ્રજાઓ પાસે ઇરાનની મ્હોટાઇ કબુલાવી, તેમજ યુરોપમાં પોતાનો વગવસીલો વધારીને રોમનોને ખંડણી આપવાની ફરજ પાડી. તેનું નામ દુન્યામાં એવું પ્રખ્યાત થઈ ગયું કે એશિઆના મોટા શાહાનશાહો તેનાજ નામથી ઓળખાવા લાગ્યા; તેનું નામ અદલ ઈન્સાફ સાથે હંમેશનું જોડાઇ રહ્યું; તેનાં ખાસ વખાણ ઇસ્લામીઓના પેગમ્બર હઝરત મોહમ્મદને મોઢે થયાં; અને તે આ દુન્યામાં અમર્ગ હોવાનો એલકાબ મેળવી ગયો.

આ બખ્તાવર નરનું નામ ખોસરો હતું અને તે કોબાદનો સર્વેથી ન્હાનો બેટો હતો. કોબાદ જ્યારે બહાદૂર ઝરમહેર સાથે પોતાનું તખ્ત પાછું

મેળવવા હુન પ્રજાની મદદ મેળવવા જતો હતો, ત્યારે માર્ગમાં એક મોટા ખાન્દાની ઇરાની જમીનદારની બેટી સાથે તેણે શાદી કીધી હતી. તેનાથી ખોસરોનો જનમ થયો હતો. આ શાહજાદાના જનમથીજ કોબાદની મુશ્કેલીઓ જતી રહેવા માંડી હતી, માટે તેની ઉપર શાહાનશાહને ઘણોજ ચાહ ઉપજયો હતો, અને તે હંમેશાં ચાલુ રહયો.

ખોસરોની બાહોશીએ બીજા ભાઇઓને એવા ઢાંકી નાખ્યા, કે કોબાદે ખાસ વસ્યતનામું કરીને તેને તખ્તનો વારસ નેમ્યો હતો, અને શાહાનશાહતના ગ્રાન્ડ વઝીર મેબોડીસની સલાહ ઉપરથી ઉમરાઓની સભાએ ઈ. સ. ૫૩૧ માં એ નેમણુક બહાલ રાખી; અને એ ઉપરાંત રાજ્ય કારોબારમાં તથા લડાઇઓમાં ભાગ લઇને ખોસરોએ પ્રજાના દીલ જીતી રાખેલાં હતાં, એટલે તેના ભાઇઓ સામે થયા તેઓનું કશું વળ્યું નહિ.

તેની બહોળી લડાયક ફત્તેહો, પશ્ચિમ એશિયાની મહાભારત જીતો

નોશેરવાન ગાદીએ ઠરીઠામ થતાં વારજ રૂમી શાહાનશાહ જસ્ટીન્યને સલાહ કરવાની અરજ કીધી. એથી રોમનોએ અગીઆર હજાર રૂમી વજનો જેટલું એટલે આસરે પોણો કરોડ રૂપીઆની કીમતનું સોનું દંડ ભર્યો, બે મોટા કીલ્લાઓ આપી દીધા, અને દારાના કીલ્લા-

માંથી રોમનોનું મુખ્ય મથક ખસેડીને તેને છેક દૂર લઇ ગયા; પારસીઓએ મિન્ગ્રેલીઆ અથવા લેઝીકામાં જીતેલા કીલ્લાઓ રોમનોને પાછા હવાલે કીધા, અને રોમ તથા ઇરાને હમેશ સૂધીના મિત્રો થઇ રહેવા, તથા જરૂર પડે ત્યારે એક બીજાની મદદે આવવા કબુલ્યું.

રોમનો સાથની સુલેહ તોડવા નોશેરવાન રાજી ન હતો. પણ તેની સાથની સુલેહનો લાભ લઇને જસ્ટીન્યને પોતાની સલતનત બીજી બાજુએ ઝડપથી વધારી દીધી. ઉત્તર આફ્રિકામાંનું વેન્ડલ રાજ તેણે જીતી લીધું; મૂર પ્રજાને તેણે તાબે કીધી; અને ઇટલીમાંનાં ઓસ્ટ્રોગોથ રાજ્યને છેક નાશની અણી ઉપર તેણે લાવી મુકયું.

એ મુજબ રોમનો પોતાનું જોર જે ધાસ્તી ભરેલી હદ સૂધી વધાર્યા જતા હતા તેની સખત ફર્યાદો નોશેરવાન ઉપર આવવા માંડી; અને છેક ઇટલીના પાદશાહ તરફથી તેમજ આર્મીન્યા અને સેરેસનોનાં રાજ્યો તરફથી મદદ માટેની આજીજી ભરેલી અરજો આવવા માંડી; તેમજ હવે તો રોમનો ઇરાનના પડોશીઓ તથા વફાદાર મિત્રોને પણ પોતાની સંફમાં ખેંચી લેવાનાં કાવત્રાંમાં ગુંથાયલા જણાયા; ત્યારે રોમનો સાથની સુલેહ તૂટી ગએલી સમજવામાં આવી, અને શાહાનશાહ ખોસરો નોશેરવાને રોમન મુલકો ઉપર ઈ. સ. ૫૪૦ માં મહાભારત સવારી કીધી.

છેક ભૂમધ્ય સમુદ્રના કીનારા વેર નોશેરવાન ફત્તેહો મેળવતો ધસ્યો ગયો. તેણે સૂરોન નામનું શહેર જીતી લીધું, હાયરાપોલીસ તથા બર્હીઆ અથવા અલેપ્પોનાં શહેરો પાસે દંડો લીધા, અને રૂમીઓનાં મ્હોટાં અને સુંદર શહેર એન્ટીઓખને ઘેરો નાખીને તુરત જીતી લીધું; અને તે પછી તે એન્ટીઓખનાં સેલ્યુકીઆનાં બારામાં ગયો, અને ત્યાં મેડીટરેન્યન સમુદ્રનાં પાણીમાં તે નાહ્યો, અને ખોર્શેદ સન્મુખ ઉભા રહીને ખુદાની સેતાયશ તેણે કીધી.

એ પછી એપેમીઆ નામનાં શહેરને તેણે તાબે કીધું; અને ત્યાંથી તે એન્ટીઓખ પાછો ફર્યો. ત્યાંના રમતગમતના મ્હોટા અખાડામાં તે પ્રમુખસ્થાને બીરાજ્યો. અને રોમન શાહાનશાહે 'બ્લુ' ચિન્હવાળા ઉમેદવારોની તરફદારી કીધી હતી. તેથી તેણે 'લીલા,' ચિન્હવાલા ઉમેદવારોની તરફેણ કીધી, અને તે સંઘના મુખ્ય પહેલવાનને ઉત્તેજન આપી તેને ફત્તેહ મેળવવામાં મદદ આપી.

એ પછી તે ઇરાન તરફ પાછો ફર્યો; અને માર્ગમાં આવતાં ચાલસીસ, ઇડેસ્સા, કોન્સ્ટેન્ટીના, દારાસનાં શહેરો તથા કીલ્લાઓને તેણે તાબે કીધાં, અને તેઓ પાસે મ્હોટા દંડો લીધા.

પાછા ફર્યા પછી નોશેરવાને એન્ટીઓખનાં નામીચાં શહેરના નમુના મુજબનું તાઇગ્રીસ નદી ઉપર એક

મ્હોટું અને સુંદર શહેર બાંધ્યું. તેને 'ઍન્ટીઓકીઓ' અથવા 'રૂમીઆ'નું નામ આપવામાં આવ્યું. અને તેમાં સીરયામાંથી લાવવામાં આવેલા કેદીઓને વસાવવામાં આવ્યા, અને તેઓ સાથે સગપણનો સંબંધ ધરાવતા કોઇ પણ ગ્રીકને આશરો આપવાની તેઓને છુટ આપી, અને તે શહેરને પાધરૂં પોતાના કારોબાર હેઠળ તેણે રાખ્યું. એ મુજબ ગ્રીક લોકોનો સુધારો નજરો નજર જોવાની ઇરાનીઓને તેણે સગવડ કરી આપી.

મિન્ગ્રેલીઆના રળીયામણા મુલકમાં મહાભારત પારસી સાહસ

એટલામાં તો એશિઆના એક તદન જુદાજ ભાગ તરફ રોમનો સાથે જંગમાં ઉતરવાનો સંજોગ ઉભો થયો. છેક કાળા સમુદ્રના પુર્વ કીનારા ઉપર આવેલા લેઝીક અથવા મિન્ગ્રેલીઆના ઘણુાજ રળીયામણા મુલક તરફ પારસી સાહસને પાછું ખેંચાવાનું કારણ મળ્યું. પારસીઓના મહાવીર શાહાનશાહ સાઇરસના વખતથી તે મુલક પારસી સલતનત હસ્તક રહ્યો હતો. અને પાછલી પારસી શાહાનશાતના વખતમાં પણ કોકેસસની હેઠળ આવેલા આઇબીરયાના પહાડી મુલકની જીત સાથેજ લેઝીકા પણ પારસી સલતનતને આસરે આવી પડેલો હતો; મગર રોમન શાહાનશાહ જસ્તીનના

વખતમાં લેઝીક પાદશાહે ખ્રીસ્તી ધરમ અખત્યાર કીધો હતો; અને તે બહાને તે રોમન શાહાનશાહને આશરે ગયો હતો.

એટલું છતાં રોમનોથી લેઝીકાના લોકો કંટાળી ગયા અને ત્યાંના પાદશાહે ઘણી આજીજીથી ખોસરોનો આશરો માગ્યો. તે ઉપરથી પારસી શાહાનશાહ લેઝીકાના મુલક ઉપર ચ્હડાઇ લઈ ગયો. નોશેરવાને લેઝીક પાદશાહની તાબેદારી કબુલી અને રોમનોને તેઓના પેત્રા નામના પ્રખ્યાત કીલ્લામાં ઘેર્યા; અને ત્યાં સખત હુમલો કરીને તેણે તે કીલ્લો જીતી લીધો અને લેઝીકાનો મુલક પારસી સલતનતમાં જોડી દીધો.

એ પછી બીજે વરસે નોશેરવાને પાછી પશ્ચિમ તરફ સવારી કીધી; એટલામાં તો તે તરફ મરકી ફાટી નીકળી તેથી તે પાછો હઠી આવ્યો, અને છેક પૂર્વના મુલકોમાં સાહસમાં જોડાયો; પણ પાછાં ફરતાં બી તેણે કેલીનીકસનું શહેર જીતી લીધું

આર્મીન્યામાંનું પારસી લશ્કર ન્હાનુંજ હતું તેનો લાભ લઇને રોમનોનાં એક મ્હોટાં લશ્કરે તેની ઉપર હુમલો કીધો; મગર બાહાદુર પારસી સરદાર નબોઢીસે પોતાના ન્હાનાં લશ્કર છતાં રોમનોને એન્ગ્લન નામની જગ્યા આગળ એવી તો સખત શિકસ્ત આપી, કે તેઓ પોતાનાં હથિયારો તેમજ

સર્વસ્વ છોડીને જેમ નસાયું તેમ નાસવા મંડયા; એટલું છતાં તેમાંના સંખ્યાબંધ સિપાહોને પારસી લશકરે પકડી પાડીને કેદ કીધા.

એ પછી નોશેરવાને એડેસ્સાના પ્રખ્યાત કીલ્લા ઉપર હુમલો કીધો, અને ત્યાંના સરદારને દંડ આપવાની ફરજ પાડી.

એવી ઉપરાસાપરી શિકસ્તોથી રોમનો ઘણો ઉદાસ થઇ ગયા, અને રોમન શાહાનશાહે પારસી શાહાનશાહને સુલેહ માટે ચાલુ અરજો કીધી; ત્યારે બે હજાર વઝન સોનું દંડ લઇને તેમજ બીજી ઉમદા ભેટો લઇને નોશેરવાને પાંચ વરસ સૂધી લડાઇ બંધ પાડવા ઇ૦ સ૦ ૫૪૫ માં કબુલ્યું.

પ્રકરણ સોળમું

તમામ દુન્યામાં જંગ મચાવતા પારસી વીરો

પારસી અને ઇરાની યોદ્ધાઓનાં અદભુત સાહસ કરમો

સદીઓ સૂધી અને દુન્યાની તરેહવાર લડાયક પ્રજાઓ સાથે કાંઇ હજારોબંધ જંગોમાં રોકાયલા હોવાથી પારસી અને ઇરાની શૂરવીરો યુદ્ધ કળામાં ઘણુજ પાવરદા થઇ રહ્યા હતા. અને મહાન શાહાનશાહ ખોસરો નોશેરવાનના વખતમાં પારસી શાહાનશાહતનાં લશ્કરો રોમન, તારતાર, એફ્થલાઇત, ખાઝાર, હીન્દી, એબીસીન્યન, વગેરે જેવી જંગી પ્રજાઓ સાથે ફતેહમંદીથી બાથ ભીડતાં હતાં, અને તેનાં સાહસોમાં કાંઇ સંખ્યાબંધ બાહોશ સરદારો ખોસરોને મદદ કરતા હતા, તે ઉપરાંત બી ઇરાની અને પારસી શૂરવીરો બીજી પ્રજાઓની સેવામાં ઉતરી પડેલા હતા.

જે જે પ્રદેશોની સેવા એ શૂરવીરોએ બજાવી હશે તેમાં રોમની સેવા તેઓએ ઘણીજ અગત્યની બાબદોમાં બજાવી હતી. જે જે પારસી અને ઇરાની

યોદ્ધાઓ રોમને હસ્તકના પ્રદેશોમાં વસતા હતા, યા તો પોતાના ખ્રિસ્તી ધર્મમતને લીધે અથવા કોઇ રાજદ્વારી કારણે રોમને આશરે જઇ રહેલા હતા, તેઓ રોમન લશ્કરોમાં અગત્યની સેવા બજાવતા હતા. અને યુરોપ અને આફ્રિકાનાં જંગોમાં એ યોદ્ધાઓની સેવા એવી અગત્યની ગણુવામાં આવતી કે પારસી શાહાનશાહ સાથના જંગોમાં જો કોઇ યોદ્ધાઓ રોમનોના હાથમાં જઇ પડતા તો તેમને તે પ્રદેશોમાં રોમ તરફથી લડવા માટે મોકલી આપવામાં આવતા.

યુરોપ અને આફ્રીકામાં જીત મેળવનાર પારસી શુરવીરો

ગોથ લોકોએ જીતી લીધેલું ઈટલી રોમને પાછું મેળવી આપવામાં પારસી અને ઈરાની શૂરવીરોએ રોમની કાંઈ થોડી સેવા બજાવી ન હતી. જ્યારે ગોથ સરદાર તોટીલા ઇટલીમાં ફત્તેહો મેળવ્યો જતો હતો ત્યારે પણ પારસીઓ ત્યાં રોમની સેવા બજાવતા હતા. અને અર્તબાઝુશની સરદારી હેઠળના ફકત એકસો પારસી યોદ્ધાઓએ અસાધારણ હીમ્મતથી વેરોનાનાં શહેરનો કબજો મેળવ્યો હતો. પાછળથી બાહોશ સરદાર નર્સીસે જે ફોજો સાથે તમામ ઇટલી જીતી લેવા માંડયું હતું તે ફોજોમાં પારસી શાહાનશાહના ભત્રીજા શાહઝાદા કોબાદની સરદારી હેઠળના પારસી શૂરવીરોએ કાંઇ થોડી અગત્યનો ભાગ બજાવ્યો ન હતો. અને

રોમનોનો એ મહાન સરદાર ખુદ પોતે પણ એક ખ્રિસ્તી ઇરાનીજ હતો એમ માનવાનાં કારણો છે. તે અંગે નબળો અને ફાવલો હતો, પણ એક મ્હોટા રાજદ્વારી અને મહાન સરદારના સદગુણો તે ધરાવતો હતો; અને તેનાં ડહાપણ તેમજ તેનાં લડાયક ખમીરથી તેણે રોમને માનવંત જીતો મેળવી આપી હતી. રોમન લશ્કરોના તરેહવાર સરદારો ઉપર તેનો એવો તો સખત કાબુ હતો કે તેઓ સર્વે તેની હિમ્મત આગળ હઠી જતા; અને રોમન લશ્કરના એક સૌથી શૂરા સરદારે કબુલ્યું હતું કે શૂરવીર નર્સીહના ક્રોધાયમાન ચહેરાથી તેને જેટલી ધાસ્તી ઉપજતી હતી તેટલી ગમે એવાં ભારી જંગમાં સામે દીસતાં ભયંકાર મોતથી પણ તેને ઉપજતી નહિ. એક મહાન લડવૈયા ઉપરાંત એક ચુનન્દા રાજદ્વારી તરીકે પણ શૂરો નર્સીહ એટલો તો ફત્તેહમંદ નીવડયો હતો કે છેક પંદર વરસથી બી વધુ મુદત સુધી ઇટલીના તમામ રાજ ઉપર તેણે અસરકારક રાજ્ય અમલ ચલાવ્યો હતો.

એ સર્વે ઉપરાંત વળી નોંધવા લાયક છે કે રોમનોનું આફ્રીકામાંનું કાર્થેજનું રાજ તેમજ યુરોપમાંનો સીસીલીનો મુલક એક પારસી અર્ધકાન્યન શાહઝાદાએજ પોતાની અસાધારણ હિમ્મતથી રોમનોને પાછાં મેળવી આપ્યાં હતાં.

પ્રકરણ સત્તરમું

મિંગ્રેલીઆના મુલકમાં હેરતભર્યું પારસી સાહસકરમ

પેત્રાના પારસી શુરવીરોનું દિલ ઉશ્કેરનારૂં જંગ

લેઝીકાનો મુલક જોકે ગરીબ હતો તોપણ તે પારસી શાહાનશાહતને ઘણો કામ આવશે એવું મહાન ખોસરોની ચપળ બુદ્ધિએ જોઈ લીધું. તેણે તે મુલક માંથી તમામ રોમનોને હાંકી કહાડવા પછી તુરતજ કાળા સમુદ્રના કાંઠાપર આવેલા પેત્રા નામના પ્રખ્યાત કીલ્લાને સમારીને તેને અસલ કરતાં પણ વધુ મજબુતી આપી; તેમજ તેના જોર તેમજ બચાવ વાસ્તેના વધારે ડહાપણ ભરેલા ઉપાયો વાપર્યા અને તે તરફનાં શાહાનશાહી સાહસનાં મધ્યબિંદુ તરીકે તે કીલ્લાને વાપરવાનો તેણે નિશ્ચય કીધો.

ખોસરોએ જોઇ લીધું કે જો પેત્રા ખાતે એક મજબુત દરિઆઇ કાફલો ઉભો કરીને ટકાવ્યો હોય, તો કાળા સમુદ્રનો બહોળો વહેપાર પારસી શાહાન-શાહાતને હસ્તક આવી પડે, એટલુંજ નહિ પણ રોમન પાયતખ્ત કોન્સ્ટન્ટીનોપલને પણ તેથી હંમેશાનું ડબેલું રખાય. અને એવી મકસદથી તેણે પાછા ફરવા

આગમચ પેત્રા ખાતે એક મજબુત દરિઆઇ કાફલો તાકીદે ઉભો કરવાના પોતાના અમલદારોને હુકમો આપ્યા અને તે કામ એવું તો આગળ વધવા માંડયું કે તેથી રોમનો પોતાનાં પાયતખ્તની સલામતી માટે ભારી ધાસ્તીમાં પડી ગયા. અને કોઇપણ જોખમે એ કામમાં અટકાવ નાખવાનો તેઓએ દ્રઢ ઠરાવ કીધો.

એ ઉપરથી રોમનોએ સુલેહ તોડી, અને ઇ. સ. ૫૪૯ માં પેત્રાના કીલ્લા ઉપર જબરો હલ્લો લઇ આવ્યા, અને લાઝી લોકોને ઉશ્કેરીને પોતાની તરફેણમાં લઇ લીધા.

એ વખતે કીલ્લામાં ફકત પંદરસો પારસી સિપાહો હતા, પણ પોતાની અસાધારણ હિમ્મત અને ભારી દલેરીથી તેઓએ ઇરાનનાં અજીત બળનો પુરાવો આપ્યો. તેઓએ તે ભારી હુમલા સામે ઘણોજ નામદારી ભરેલો બચાવ કીધો અને હરેક રીતે દુશ્મનોને હંફાવ્યા. તેઓનું જંગ એવું મહાભારત હતું કે લડતાં લડતાં તેઓમાંના જે ફકત ચારસોજ બચ્યા હતા, તેમાં પણ ફકત પચાસજ માંદગી કે જખમોથી નીરાળા હતા; અને તેટલું છતાં બી તેઓએ જરા પણ હાર ખાધી નહિ.

એટલામાં તો સારે નસીબે મહાન પારસી સરદાર ઝરમહેર તેમની મદદે ધસ્યો આવ્યો. લેઝીકાના પહાડી

માર્ગો નહિ અટકાવાય એવાં જોરથી તેણે દુશ્મનોના અટકાવથી મોકળા કીધા, અને જ્યારે તે પેત્રા નજદીક આવી પહોંચતો જણાયો ત્યારે રોમનો ધાસ્તી ખાઇને ઘેરો છોડી હઠી ગયા.

ઝરમહેરે તુરતજ કીલ્લો પાછો બરાબર સમરાવી લીધો, તેમજ ત્યાં ત્રણ હજાર ઘણાજ ચુનંદા સિપાહીઓને તેણે મુકયા, અને તેઓના બચાવ વાસ્તેની ઉત્તમ ગોઠવણો કરીને તે પાછો ફર્યો.

બીજું મહાભારત યુદ્ધ

ઝરમહેરના પાછા ફરવા સાથેજ રોમનોએ પાછી હિમ્મત પકડી અને પેત્રા ઉપર બીજો સખત હુમલો ચાલુ કીધો. આગલા હુમલામાં માર્યા ગએલા પોતાના શૂરવીર સાથીઓની નામવર યાદો સાથે ત્યાંના સિપાહો સામા થયા. તેઓએ દુશ્મનોનાં જબરાં લશ્કર સામે તીરો અને એક જાતના પ્રવાહી દારૂગોળાનો મારો હેરતભરેલી હિમ્મતથી ચાલુ કીધો, અને દુશ્મનોને સખત રીતે હેરાન કરીને મારી કહાડયા; ફરી ફરીથી થએલા હુમલાઓ તેઓએ ચાલુ ખંતથી હઠાવ્યા. પણ આખરે રોમનો કીલ્લામાં ગાબડું પાડવામાં ફાવ્યા. તેમાં ઉભા રહીને તે વીરો યુદ્ધ મચાવતા હતા, એટલામાં તો અકસમાતથી તેઓનું બચાવનું લાકડકામ સળગી ઉઠયું, અને તેનો લાભ લઈ રોમનોનાં ટોળાંઓ અંદર ધસી આવ્યાં; તેઓ સામે સિંહોનાં જોર અને હિમ્મતથી

તે શૂરવીરો લડયા, અને લોહીલુહાણ થઇ ગએલા હોવા છતાંબી તે યોધ્ધાઓએ ભારી જંગ મચાવ્યું.

આખરે તે જબરા હલ્લા સામે ટકવું અશકય થઇ પડયું, ત્યારે પાંચસો શૂરવીરો કીલ્લાના માંહેલા ભાગમાં આશરો લેવામાં ફતેહ પામ્યા, અને ત્યાં તેઓએ યુદ્ધ ચાલુ રાખ્યું. માન સાથે તાબે થવાની સરતોની તેઓએ સાફ ના પાડી, અને કશા પણ બચાવની ઉમેદ વગર લડતાં લડતાં દુશ્મનોએ સળગાવેલી આગમાં બળીને તે મહાન યોદ્ધાઓએ જાન ખોયા. જે કોઇ બચ્યા હતા, તેમાં ફકત અઢાર જણાઓ સીવાયના દરેકે માનવંત જખમો મેળવેલા હતા; એવું ભારી અને મહાભારત જંગ તેઓએ મચાવ્યું.

રોમન સરદાર પારસી શાહાનશાહતનાં લશ્કરોથી એટલી બીકમાં હતો કે પેત્રાનો કીલ્લો તે લશ્કરો તુરતજ પાછો મેળવી લેશે અને રોમનોથી તે કોઇબી રીતે જાળવી શકાશે નહિ એવી તેને ધાસ્તી પેદા થઇ; તેથી તેણે તે કીલ્લાનો કબજો લેવાને બદલે તેનો સંપૂર્ણ નાશ કીધો.

આગલા જમાનાના અજીત પારસી સરદાર ઝરમહેરનાં અચંબો પમાડનારાં યુધ્ધો

પેત્રાના નાશને થોડાંક અઠવાડિયાં થયાં નહિ એટલામાં તો મહાન સરદાર ઝરમહેર ત્યાં આવી

મ્હડયો. રોમનોની તેની સામે થવાની હિમ્મત ચાલી નહિ અને તેણે પારસી સલતનતનો કાબુ લેઝીકામાં પાછો બેસાડયો. જુના કીલ્લાઓ જીતી લઇને તેમજ નવા કીલ્લાઓ બાંધીને તેણે તે કાબુને મજબુતાઇ આપી; એટલુંજ નહિ પણ છેક લેઝીકાની પેલી બાજુ આવેલા સ્કીમ્નીઆ અને સુએનીઆના મુલકો પણ તેણે જીતી લીધા અને લાઝીઓના પાદશાહને પહાડોમાં છુપાઈ રહેવું પડયું.

ઝરમહેરને આગલા જમાનાનો અજીત પારસી સરદાર કહીશું તો ચાલશે. યુરોપ્યનોએ જે સરદારને મરમેરોસને નામે ઓળખ્યો હતો તેજ ઝરમહેર હતો એમ લાગે છે. તે જેટલો લડાયક હુનરોમાં પ્રવીણ હતો તેટલોજ રાજદ્વારી બાબદોમાં તે ચુનંદો હતો. અને તે સાથે તે ઘણોજ ઉમદા ખવાસનો અને મ્હોટાં દિલનો વીરલો હતો. નોશેરવાનના પિતા કોબાદને તખ્ત મેળવી આપનાર શૂરવીર સુફ્રઝાયનો તે બેટો થતો હતો. અને જયારે પારસી ઉમરાવોએ કોબાદને તખ્ત ઉપરથી ઉઠાડી મુકયો હતો ત્યારે ખોટી રીતે સુફ્રઝાયનો જાન લેવા માટે તેઓએ તેને ઝરમહેરના હાથમાં આપી દીધો હતો. પણ મ્હોટાં દિલના ઝરમહેરે તેની તે ભુલ દરગુઝર કીધી હતી, એટલુંજ નહિ પણ પોતાની બાહોશી, દલેરી, અને લાગવગથી તેણે તેને પાછું તખ્ત મેળવી આપ્યું હતું.

કોબાદની ફતેહોમાં તેનો મ્હોટો ભાગ હતો; અને નોશેરવાનના વખતમાં પણ તેણે શાહાનશાહતની ઉત્તમ સેવા ચાલુ રાખી હતી. તે એવો મહાન લડવૈઓ હતો કે કોઇપણ લડાઇમાં તેણે હાર મેળવી ન હતી. જ્યાં પણ તે જતો ત્યાં તે અચુક ફતેહ મેળવતો. અને સિપાહો અને અમલદારો પર તેનો એવો ઉત્તમ કાબુ હતો કે પેત્રાના યોધ્ધાઓએ જે સાહસો કરી બતાવ્યાં તેવાં સાહસો હંમેશાં કરી બતાવવાને તેઓને તેણે લાયક બનાવી દીધા હતા.

બીજી પ્રજાઓ સાથે રોમનોમાં પણ તેણે એવી ધાસ્તી બેસાડી દીધી હતી કે તેનું નામ સમજતાંજ તેઓ ધ્રુજરા બની જતા, અને ઘણું કરીને તેની સામેથી નાસવામાંજ તેઓ પોતાની સલામતી સમજતા. રોમ સામેની વરસોની લડાઇઓમાં કોઇપણ રોમન સરદાર તેની સામે ખાત્રીથી આવી લડયો ન હતો.

વધુ હેરત પમાડનારૂં તો એ હતું કે તે પગે હેરાન હોવાથી તેને પાલખીમાં બેસીને લડાઇઓમાં રોકાવું પડતું. મગર એ મ્હોટી અગવડ છતાં તેની ચપળતા, બાહોશી અંને દલેરી એવી હતી કે તે પોતાની પાલખી હમેશ લશ્કરની હરોલમાં રખાવતો; અને પોતાના સિપાહોમાં જેમ તે અજીત હોવાનો ભરોસો પેદા કરતો, તેમજ પોતાના દુશ્મનોમાં તે જબરી

દહેશત ઉપજાવતો; અને તેથી તેના હાથ હેઠળ લડતા સિપાહો હર હંમેશ ફત્તેહમંદજ નીવડતા.

એ મહાન શૂરવીરે આખરે લેઝીકામાંથી સર્વે રોમનોને હાંકી કહાડીને એક ટાપુમાં ઘેર્યા; અને તેમને ત્યાંથી પણ મારી કહાડવાની તે અણી ઉપર હતો એટલામાં તો તે મહાવીરનું મોત નીપજ્યું.

ઝરમહેરનાં મોત પછી પણ ફકત ચાર હજાર પારસી યોધ્ધાઓએ પચાસ હજાર રોમનોનાં જબરાં લશ્કરને પરાગંદે કરી નાખ્યું. પણ તેની પાછળ નેમાયલા સરદારે ગફલતીથી રોમનોને હાથ થાપ ખાધી, અને રોમનોનો પગદંડો લેઝીકામાં પાછો ચાલુ થવા દીધો.

પ્રકરણ અઢારમું

મંહાન નોશરવાનની એશિઆની જબરી પ્રજાઓ ઉપર ફત્તેહો

ચીન જીતનાર મહા બળવાન ટાટાર પ્રજા ઉપર ભારી જીતો

જે વખતે ખોસરો રોમનો સાથનાં મ્હોટાં યુધ્ધોમાં રોકાયલો હતો તે અરસામાં એવાજ મહાભારત જંગોમાં તે બીજી ગમ બી રોકાયલો હતો. તેણે એશિઆમાં દશ મ્હોટી પ્રજાઓ ઉપર સંપૂર્ણ ફત્તેહ મેળવી હતી, તેઓમાં એબિસીન્યનો ઉપરાંત ટર્ક અથવા ટાટાર લોકોની બલવાન પ્રજા, એફ્થલાઇટ અથવા ગોરાં હુન લોકોની શૂરી પ્રજા, ખાઝાર અથવા રશીયન કોઝેક લોકોની ઘણીજ લડાયક પ્રજા, તેમજ શૂરા હિંદીઓની જબરી પ્રજા મુખ્ય હતી.

જ્યારે ખોસરોએ રોમનો સાથે પહેલી સુલેહ કીધી હતી ત્યારેબી તે સુલેહનો લાભ લઇને તેઓએ પોતાની હમેશની રીત મુજબ કાવાદાવા વાપર્યા હતા, અને એ જબરી પ્રજાઓમાંની કેટલીકને ઇરાન ઉપર હુમલા કરવા ઉશ્કેરી હતી; પણ તેના બદલામાં તે પ્રજાઓને ઇરાનને હાથે સખત શિક્ષાઓ ખમવી પડી હતી.

એ સર્વેમાં ટાટાર અથવા ટર્ક લોકોની પ્રજા ઘણીજ બળવાન થઇ પડેલી હતી. હાલની એશિઆમાંની રશિયન શાહાનશાહતવાલા લગભગ તમામ બંહોળા મૂલકના તેઓ માલેક હતા, અને તેઓ જ્યાંબી ધસારો લઈ જતા ત્યાં દરિઆના જબરા મોજા માફક ધસ્યા જતા, અને જે કાંઇબી વચ્ચે આવતું તેનો કચડઘાણુજ નીકળી જતો. પુરાણી ચીનાઇ શાહાનશાહત પર જ્યારે એ પ્રજા હરોરો લઈ ગઇ હતી ત્યારે બીચારી ચીનાઇ પ્રજા તો જેમ ઘાસ કપાય તેમ રહેંસાંઇ ગઇ હતી; અને તેની પાસેથી ટાટારોને અખુટ દોલત મળી હતી.

એ જબરી પ્રજા ભરવાડી ટોળો હતી, અને તે ટોળાની રસમ તેણે જાળવી રાખી હતી, અને સાઇબીર્યા અને તુર્કસ્તાનનાં બહોળાં મેદાનોમાં તે તંબુઓ ખેંચી ફરતી રહેતી. એ પ્રજાના મ્હોટા ખાન અથવા ખાકાનની બેઠક આલટાઈ અથવા સુનેરી પહાડની ખીણુમાં હતી. તેના તંબુઓ સુનેરી તથા રૂપેરી થાંભલાઓ ઉપર ટેકવેલા હતા, અને તેના પડદાઓ ઉંચાંમાંઉંચાં અને ઘણી કારીગરીથી ભરેલાં રેશમી કપડાંના બનાવેલા હતા; અને તેની અંદર ઉત્તમ બનાવટનાં પલંગો, ખુરસીઓ, વાસણો અને પુતળાંઓ નક્કર સોનાનાં તથા રૂપાંનાં હરેક જગ્યાએ નજર આવતાં.

ટાટાર પ્રજા ઉપર પાક જરથોશ્તી દીનની અસરો

પણ એ સર્વ કરતાં વધું જાણુવાજોગ તો એ છે કે એ છેક દૂરની પ્રજામાં પણ પાક જરથોસ્તી મઝહબે કેટલીક રીતે પોતાનો મજબુત પગપેસારો કરી દીધેલો હતો. અને તેની ચાલુ રૂડી અસર એટલી બધી થએલી હતી કે પારસીઓ તેમજ રોમનો સાથની તેમની વર્તણુક ઘણીક રીતે માન ભરેલી હતી. અને એજ પ્રજાએ ચંગીઝખાનના વખતમાં જે ભુડાં કૃત્યો કરી દેખાડયાં હતાં તેવાં એ વખતે તેઓમાં જણાતાં ન હતાં.

પોતાના રાજની શરૂઆતમાંજ નોશેરવાંને એ બળવાન પ્રજા સાથે ટક્કર લીધી હતી અને તેમાં તેને એ સૂરવીરે એવો તો સખત ફટકો માર્યો હતો કે તેને તદનજ તાબે થઇ જવું પડયું, અને તેના મ્હોટા ખાને પોતાની બેટી નોશેરવાનને શાદીમાં આપી, અને તેનાથીજ તેનો વારસ બેટો હોર્મઝદ અવતર્યો હતો.

એ પછી ટાટારો ઘણુંક વરસો સુધી ઇરાન સાથે સુલેહસંપથી રહેલા લાગે છે. મગર રોમનોએ તેઓ સાથે ચાલુ કાવાદાવા ચલાવ્યાજ કીધા, અને તેથી તેઓના ખાન દિસાબુલે ઈ. સ. ૫૫૬ માં ઇરાની મુલકો ઉપર ધસારો કીધો હતો. પણ તેની સામે

શાહાનશાહજાદો હોર્મઝદ પારસી ફોજ લઈને આવતો જણાયો, તેવોજ તે ધાસ્તી ખાઇને હઠી ગયો, અને પોતાના છેક ઉત્તરના મુલકમાં જઈ ભરાયો.

આખરે ટાટારોએ જોયું કે રોમનોના મીઠા બોલોથી તેઓ ભોળવાયા હતા; કેમકે તેથી તેઓ પોતાના મિત્રોથી વીખુટા પડવા સીવાય અને દોસ્તોને દુશ્મનોમાં ફેરવી લેવા સીવાય કશો ફાયદો મેળવતા ન હતા. તેથી જ્યારે દિસાબુલ મરણ પામ્યો તે વખતે વળી પાછા રોમન એલચીઓ પોતાના કાવાદાવા રમતા આવ્યા, ત્યારે તેના બેટાએ તેઓની સખત ઝાટકણી કહાડી નાખી; તે બોલ્યો કે :—"તમો મારાં આએ દશ આંગળાં જુઓ. તમો રોમનો એટલીજ જબાનોથી બોલો છો; અને તે ઠગપણુ અને જુઠાઇની જબાનો છે. તમો મને એક વાત કહો છો, મારી પ્રજાને બીજી સમજાવો છો; અને સર્વ પ્રજાઓ તમારી દગાબાજ જબાંદરાઝીથી થાપ ખાઈ જાય છે. તમો તમારા સાથીઓને એકદમ લડાઇઓ અને ભારી જોખમોમાં ઉતારી દેવો છો, તેનાં મીઠાં ફળ તમો ચાખો છો, જ્યારે તમારા મહેરબાન મિત્રોની કશીબી દરકાર તમો કરતા નથી. એકદમ અહીંથી નીકળો, અને તમારા ધણીને કહો કે એક ટર્ક કદી જુઠું બોલતો બી નથી અને જુઠું માફ કરી શકતો બી નથી; અને તેને જણાવજો કે જે શિક્ષાને તે લાયક થયો છે, તે તુરતજ તેને

મળશે. કોકેસસના પહાડોના અટકાવની મને કશી દરકાર નથી; તમારી શાહાનશાહત ઉપર હુમલો લાવવાનો રસ્તો મને ખબર છે; નીસ્ટર, ડેન્યુબ અને ફીબ્રસના માર્ગોથી હું બરાબર માહીતગાર છું."

જુઠાઈ માટે જે ધિક્કાર જરથોસ્તી મઝહબમાં જણાવેલો છે તેજ ધિક્કાર અહીંઆં દેખીતો માલમ પડી આવે છે, અને પાક જરથોસ્તી મઝહબની નેક અસર એક ટાટાર ઉપર બી એટલી બધી ઉંડી થઇ હતી તે એક જાણુવાજોગ બીના છે.

એજ માફક સફાઇ સુઘડાઈની જે રીતિઓ પાક જરથોશ્તી મઝહબમાં જાયઝ છે તે તેઓમાં પણ પ્રસરેલી જણાઈ છે, કેમકે એવું નોંધવામાં આવેલું છે કે જ્યારે રોમન એલચીઓ ટાટારોના મ્હોટા ખાનની છાવણીમાં જઈ પહોંચ્યા હતા, ત્યારે તેઓને આતશ ઉપર ખુસ્બો મુકીને તેથી પાક કરવામાં આવ્યા હતા, અને ત્યાર પછીજ મ્હોટા ખાનની હજુરમાં તેઓને જવાની રજા આપવામાં આવી હતી.

ખાકાનની ઉપલી ધમકીના સંબંધમાં એક બાબદ યાદ કરવા જોગ છે કે તેમના વંશજોએ કોકેસસના માર્ગોથી કે રશિઆને માર્ગે નહિ, પણ એશિઆ માઇનરમાં થઇને કોનસ્ટેન્ટીનોપલ છેક નવ સદીઓ પાછળથી પણ જીત્યું હતું.

જેમ ટાટારોમાં કાવાદાવા ચલાવીને રોમનોએ તેઓને ઇરાન સામે ઉશ્કેર્યા હતા, તેમજ તેઓએ એફ્થલાઇટ અથવા ગોરા હુન લોકોની પ્રજાને પણ ઈરાન સામે ઉશ્કેરી હતી. પણ તેનો બદલો તેને પણ ઈરાન તરફની એક ઘણીજ સખત શિક્ષામાં મળ્યો. નોશેરવાન તેઓના મુલકમાં ધસી ગયો, તેણે તેઓને જબરી શિકસ્તો આપી, અને તેઓ પાસે ભારી દંડ લીધો.

કોકેસસના પહાડની પેલી બાજુ વસતી બળવાન ખાઝાર અથવા રશિયન કોઝેકોની પ્રજાને પણ એવીજ સખત સજા કરવામાં આવી. અને હિંદના મુલક ઉપર પણ ચ્હડાઇ મોકલીને ત્યાં સંગીન જીતો મેળવવામાં આવી.

મક્કાને નાશમાંથી બચાવનાર જરથોશ્તી યોદ્ધાઓ

અરબસ્તાનના દક્ષિણ ભાગમાં અને રાતા સમુદ્રના કીનારા ઉપર યમનનો નામીચો મુલક આવેલો છે. ત્યાં ઘણા પુરાણા વખતથી હીમેરાઇટ વંશના પાદશાહો રાજ કરતા હતા. પણ એ મુલકની સામે કીનારે આવેલાં આફ્રિકાનાં પ્રખ્યાત એબિસીન્યન રાજે યમન ઉપર હુમલો કરીને તે મુલકને જીતી લીધો હતો, અને ત્યાં તેણે ખ્રિસ્તી ધરમનો પગપેસારો કરી દીધો હતો.

એબિસીન્યન લોકોએ અરબોનાં પવિત્ર શહેર મક્કાને નાશ કરવાનો ઠરાવ કીધો હતો, અને યમનનાં લોકો એબિસીન્યનોથી કંટાળી ગયાં હતાં, તેથી તેમનાં આગલાં બાદશાહી ખાન્દાનના નબીરા સઈફે પારસી શાહાનશાહ ખોસરો નોશેરવાનની દરબારમાં આશરો લીધો, અને પરદેશીઓના જુલમથી તેના મુલકને છોડવવા અરજો કીધી.

ખોસરોએ એ અરજ કબુલ રાખી; પણ એવું કહે છે કે પારસી શાહાનશાહતનાં લશ્કરો દુન્યાની મહાન પ્રજાઓ સામે ટક્કર લેવામાં રોકાઇ ગએલાં હતાં તેથી યમન માટે શી રીતે લશ્કર ઉભું કરવું તે વિષે વિચાર કરવા શાહાનશાહે લશ્કરી કાઉન્સીલ બોલાવી; અને તેમાં એવી સલાહ આપવામાં આવી કે શાહાન-શાહતનાં બંદીખાનાઓમાં પડેલા લોકોમાંથી જે કોઇ મજબુત બાંધાના હોય તેમની એક ફોજ ઉભી કરવી.

એ સલાહ ઉપર અમલ કરવામાં આવ્યો, અને એ ન્હાનાં લશ્કરને વાહરીઝ નામના એક બુઝોર્ગ પારસી સરદારને સોંપીને દરિઆ માર્ગે યમન મોકલવામાં આવ્યું. તેની સંખ્યા ઓછામાં ઓછી છસો અને વધુમાં વધુ છ હજારની આંકવામાં આવેલી છે. પણ કોઈ બી રીતે તે ન્હાનીજ સંખ્યા હતી તે માટે કશો શક નથી.

એ ન્હાની ફોજ એડનનાં બંદરમાં ઉતરી; તેમ કરતાંજ બાહોશ વાહરીઝે જે વહાણોમાં તેઓ આવ્યા હતા, તેનો નાશ કરાવ્યો; પછી તેણે પોતાના સિપાહોને સમજાવ્યું કે હવે તો તેઓએ અસાધારણ કોશેશથી ફત્તેહ મેળવવીજ જોઇએ; કેમકે નહિ તો તેઓ માટે બચવાનો કોઇપણ માર્ગ રહ્યો ન હતો.

પારસી શૂરાતન એ વખતે દુન્યામાં એવું પ્રખ્યાત થઇ પડયું હતું, કે જો કે પારસી લશ્કરની સંખ્યા ન્હાનીજ હતી તોપણ તેની મદદથી પોતાનો છુટકો મેળવવાની યમનના લોકોને મ્હોટી ઉમેદ આવી ગઇ, અને તેથી તેઓ પારસી લશ્કરમાં ઉલટ સાથ આવી જોડાયા.

પારસીઓએ પોતાના સાથીઓને લઇને એબિસીન્યનોને બે લડાઇમાં પૂરેપૂરી હાર આપી. તેમનું એ સાહસ કાંઇ ન્હાનું ન હતું, કેમકે છેલ્લી લડાઇમાં તેઓને એક લાખ માણસોની મ્હોટી ફોજ સામે લડવું પડયું હતું; મગર પોતાના નહિ હઠે એવા ઠરાવ અને જોરેમંદ હુમલાથી તેઓએ તમામ ફત્તેહ મેળવી.

એ ફત્તેહથી યમનનો મુલક પારસી શાહાનશાહત સાથે જોડી દેવામાં આવ્યો, અને ત્યાંની હાકમી સઇફને આપવામાં આવી. પણ થોડા વખતમાંજ તેનું મોત

નીપજ્યું તેથી તે આખરે પારસી સરદાર વાહરીઝને આગવામાં આવી. તે તેના વંશજોના હાથમાં ઘણા લાંબા વખત સુધી ટકી અને યમનનાં પારસીઓને અરબ લોકો 'બનુલ અહરાર' એટલે 'અમીરી લોકોના વંશજો' કહેવા લાગ્યા. જો પારસીઓએ યમનમાંથી એબિસીન્યનોને મારી કહાડયા ન હતે તો કદાચ મક્કા નાશ પામતે, અને તેમ થયું હતે તો અરબોનો ધર્મ ઉભો થયો હતે કે કેમ તે એક સવાલની બાબદ થઈ પડે છે.

પ્રકરણ ઓગણીસમું

રોમન શાહાનશાહત ઉપર જબરો પારસી કાબુ

રોમન શાહાનશાહત પારસીઓનું ખંડિયું રાજ્ય

પારસીઓના મહાન શાહાનશાહ ખોસરો નોશેરવાને પોતાની આખી કાર્કીર્દીમાં લગભગ ચાલુ રીતે દંડો આપવાની તથા ખંડણી ભરવાની રોમન શાહાનશાહોને ફરજ પાડી હતી.

તેના તખ્તે આવ્યા પછીનાં ત્રીજાંજ વરસમાં રોમન શાહાનશાહે તેને કેટલાક કીલ્લાઓ અને મુલકો આપી દેવા ઉપરાંત તેને અગીઆર હજાર રતલ 'જેટલું' સોનું દંડ ભર્યો હતો.

એ પછી ઇ. સ. ૫૪૦ થી ૫૪૫ સુધીમાં સંખ્યાબંધ રોમન શહેરો પાસેથી ખોસરોએ મહોટા દંડો લીધા હતા અને ઇ. સ. ૫૪૫ ની પાંચ વરસની સુલેહમાં રોમે બીજી ભેટો ઉપરાંત બે હજાર રતલ સોનું દંડ ભર્યો હતો.

એ પછી ઇ. સ. ૫૫૧ માં બીજા પાંચ વરસની સુલેહ માટે રોમે છવીસસો રતલ સોનું દંડ ભર્યો.

એં મુદત ખલાસ થતાં ઇ. સ. ૫૫૭ માં પાછી સુલેહ થઇ, અને તેને ઈ. સ. ૫૬૨ માં પચાસ વરસની સુલેહ તરીકે મુકર્રર કરવામાં આવી; તેમાં રોમે દર વરસે ત્રીસ હજાર સોનાના સીક્કા આપવા કબુલ્યું, અને પંહેલાં સાત વરસની ખંડણી તેણે આંગ ઉપર આપી, તેમજ એવું નક્કી કરવામાં આવ્યું કે એ મુદત ખલાસ થયા પછી બીજાં ત્રણ વરસની ખંડણી પણ સામટી આપવી અને તે પછી દર વરસે ઉપર મુજબની રકમ તેણે ભર્યા જવી.

ઇ. સ. ૫૭૨ માં રોમન શાહાનશાહે સુલેહ તોડી ત્યારે બીજેજ વરસે પારસી શાહાનશાહે રોમનોનો દારાસનો પ્રખ્યાત કીલ્લો લીધો. તે ઉપરથી રોમન શાહાનશાહને એટલી ધાસ્તી પેદા થઇ કે તેણે પોતાની પછીના શાહાનશાહ તરીકે કાઉન્ટ ટીએરયસને મુકરર કરીને તેને પોતાના મદદગાર તરીકે લીધો. તે છતાં તેઓએ તથા રાજકારોબારમાં આગેવાની લેનાર શાહાનશાહબાનુ સોફાયાએ પોતાના હાથે નામું લખીને સુલેહ ચાહી ત્યારે ઇ. સ. ૫૭૪ માં એક વરસની સુલેહ માટે પીસ્તાલીસ હજાર અને તે પછી ત્રણ વરસ સુધી દર વરસે ત્રીસ હજાર સોનાના સીક્કા તેઓને ઇરાનને ભરવા પડયા.

એ મુજબ એક સુલેહની મુદત પૂરી થતાંની સાથેજ બીજી સુલેહમાં એક સરખી રીતે રોમે ઇરાનને ચાલુ રકમો ભરી દેવી પડી.

એ અરસામાં ઇ. સ. ૫૭૬માં પારસી સપાહુ-સાલાર તહમ ખુસરોએ રોમન સરદાર જસ્ટીન્યનને પૂરી શીકસ્ત આપી હતી. અને તેની સાથે નામીચા પારસી સરદારો મબોડીસ અને સપોઇસ રોમનો સામે-નાં યુદ્ધમાં રોકાઈ ગયા હતા. તેટલામાં તો મહાન ખોસરો નોશેરવાનનું ઈ. સ. ૫૭૯ માં મરણ નીપજ્યું.

ખોસરો નોશેરવાનનો નામાંકિત એલચી યઝદીગુન

રોમનો સાથની શાહાનશાહ ખોસરો નોશેરવાન-ની વારંવારની સુલેહમાં સઉથી અગત્યનો ભાગ પારસી એલચી યઝદીગુને બજાવ્યો હતો. યઝદીગુન ઘણોજ દમામદાર તેમજ સુભાખીત બોલનાર હતો. રોમન રાજદ્વારીઓની બાહોશી અને બોલ્લીદરાઝીને તે તદનજ પૂરો પડ્યો હતો. અને કોઇ પણ પ્રજાના એલચીને રોમે કદીબી ઇજ્જત નહિ આપેલી તેવી ઇજ્જત અને માન મર-તબો પારસીઓના એ એલ્ચીને આપવામાં આવ્યાં હતાં.

યઝદીગુનના રસાલો પારસીઓના મહાન શાહા-નશાહના મરતબાને અનુસરતો દમામદાર હતો. તેની

સાથે તેની બાનુ તેમજ બેટીઓ પણ હતાં તથા તેના રસાલામાં બે તાજદાર સેત્રેપો હતા અને તેનાં રક્ષણ માટે પાંચસો સઉથી હિમ્મતવાન પારસી ઘોડેસવાર યોધ્ધાઓ તેની સાથે હતા.

એવું કહેછે કે જ્યારે એ એલચી અને તેનો દમામદાર રસાલો કોન્સટેન્ટીનોપલ જઇ પહોંચ્યો ત્યારે તેનો દબદબો જોવા તે શહેર હલમલી રહયું, અને મહાન ખોસરો નોશેરવાનના એલચીને અસાધારણ માન અને ઇજત આપવામાં આવ્યાં અને, તેની મેહમાનદારી માટે એક હજાર રતલ સોનું એટલે આસરે ચઉદ લાખ રૂપીઆ ખરચવાનો રોમન શાહાનશાહે હોકમ આપ્યો.

તેને રહેવા માટે એક સુંદર મેહલ આપવામાં આવ્યો. પોતાના મકાનમાંજ ફકત રહીને જેમ રોમનો તરફથી સૂચવવામાં આવે તેમજ ચાલવાનો રોમન મુલકમાં જતા એલચીઓ માટે કાયદો હતો, તેને બદલે યઝદીગુનને રોમન પાયતખ્તમાં કોઇબી જાસુસો કે અંગરક્ષકો વગર અને ગમે ત્યાં ફરવાની છૂટ આપવામાં આવી; એવી છૂટ બીજી કોઇપણ પ્રજાના એલચીને આપવામાં આવતી નહિ. એવીજ અસાધારણ છૂટથી રોમન શાહાનશાહે એ એલચીનાં માન અને સગવડને ખાતર જમવાની ટેબલ ઉપર તેના દુભાસ્યાને પણ પોતાની પાસે જગ્યા આપી.

એવાં માન અને ઇજત સાથે યઝદીગુન કોન્સ્ટે-ન્ટીનોપલમાં દશ મહિના રહ્યો તેમાં તે રોમન રાજ-દ્વારીઓની મગરૂરીને તમામ પુરો પડયો. એક રાજ-દ્વારીએ એક વાર તુમાખથી કહ્યું કે એન્ટીઓખ અને બીજાં થોડાંક સીર્યન શહેરો જીતવાથી નોશેરવાન પોતાને અસાધારણ અગત્ય આપે છે, ત્યારે તેણે તુરત પોતાના ધણીના દરજ્જાને અનુસરતો જવાબ આપ્યો કે:—"તમારી ભુલ છે; શાહોનો શાહ અને પ્રજાઓનો ધણી (ખોસરો નોશેરવાન) એવી નાની જીતોની જરાબી દરકાર કરતો નથી. તેનાં અજીત બળથી તેણે જે દશ મહાન પ્રજાઓને જીતી છે તેઓમાં તે રોમનોને તો જીતવા માટે સૌથી ઓછા બીકટ ગણે છે."

મગરૂર રોમનોએ પારસી એલચીને જે અસાધારણ ઇજતો આપી તે પારસી શાહાનશાહની મ્હોટી નામના અને પારસી શૂરાતન અને મ્હોટાઇની ભારી વિખ્યા-તિને લીધે હતી તેમાં કશો શક નથી.

પ્રકરણ વીસમું

પુરાતન ઈરાનનો મહાન ફિલસુફ બુઝોર્ગમહેર

તેની અદ્‌ભુત શાકતઓ

છેક શાહાનશાહ અર્દશીર બાબકાનના વખતથી ઈરાનમાં એક ભલી રસમ ચાલતી હતી; સલતનતના હરકોઇ ભાગમાં કોઈ અસાધારણ બુદ્ધિનું માણસ જણાય તો તેને માટે સરકારમાં ખબર આપવામાં આવતી, અને તેવા માણસને સરકારમાં તેને લાયકનો ઓદ્દો આપવામાં આવતો. તેજ મુજબ કોઇ બીજી રીતેબી એક માણસની બાહોશી કે બુદ્ધિ માલમ પડતી તો તેને સરકારમાં લાયક જગ્યા આપવામાં આવતી.

એવી રીતે ઈરાનને મળી આવેલાં ઘણાએક રતનોમાં એક સૌથી કીમતી રતન બુઝોર્ગમહેર હતો. એવું કહે છે કે એક વખતે નોશેરવાનને એક ચોકકસ ગુંચવણ પેદા થઇ તેનો ખુલાસો દરબારના કોઈપણ માણસથી થઈ શકયો નહિ, ત્યારે તે ખુલાસો 'મેળવવા તેણે જગેજગ હુશિયાર માણસોને મોકલ્યા, અને જે કોઇ ખરો ખુલાસો આપે તેને એક મ્હોટું ઇનામ આપવાનું જાહેર કીધું.

એ માણસોએ ગામેગામ અને શહેરે શહેરના સૌથી પંકાયલા અને ડાહ્યા માણસોથી ખુલાસો શોધ્યો, પણ કોઇથીબી તે મળી શકયો નહિ. આખરે તેઓમાંનો એક માણસ મર્વનાં શહેરમાં જઈ પહોંચ્યો. ત્યાંની એક નિશાળમાં એક ઘણોજ તેજસ્વી બુદ્ધિનો છોકરો કેળવણી લેતો હતો, અને તેનું નામ બુઝોર્ગમહેર હતું. તે નિશાળ આગળ પેલો માણસ આવી પહોંચ્યો, ત્યારે તેના ઉસ્તાદ આગળ તેણે શાહાનશાહની ગુચવણ કહી સંભળાવી અને તેનાથી તેનો ખુલાસો ચાહ્યો. મગર તે ઉસ્તાદે તેનો ખુલાસો આપવા માટે પોતાની અશક્તિ જણાવી.

પેલા ચંચલ છોકરા બુઝોર્ગમહેરે એ વાત સાંભળી તેવોજ ત એકદમ ઉમંગમાં આવી ગયો અને બોલ્યો કે એ ગુંચવણનો તે ખુલાસો આપી શકશે. એ સમજી ઉસ્તાદે તેને હરકાટી કહાડયો. મગર તે ખુલાસો મેળવવા આવનાર માણસને તે છોકરો ઘણો તેજ બુદ્ધિનો જણાયો, તેથી તેની સમજાવટથી તેને શાહાનશાહ આગળ ખુલાસો આપવા લઈ જવામાં આવ્યો. અને તે ખુલાસો તેણે એવો સરસ આપ્યો કે સર્વે તેથી સંતોષ પામ્યા અને નોશેરવાને બુઝોર્ગમહેરને પોતાની દરબારમાં રાખ્યો.

તે ભણેલી દરબારમાં બુઝોર્ગમહેરની બાહોશી હરરોજ નવી અને અદભુત જણાવા માંડી. જેટલી

તેની બુદ્ધિ તેજતેટલીજ તેની અકલ ઉંડી હતી. વિદ્યાજ્ઞાનમાં તે ઘણો વધી ગયો, અને ફિલ્સૂફીની કે બીજી ઉંડી બાબદોમાં તે સહેલાઈથી મગજ કસતાં શીખ્યો.

ફિલ્સૂફોની જે બઝમ નોશેરવાને સ્થાપી હતી તેમાં તે આગેવાની ભર્યો ભાગ લેતો હતો. અને હરકોઈ મુશ્કેલીનો ખુલાસો મેળવવામાં તે સાધારણ રીતે ફત્તેહ પામતો. જ્યારે હિંદના બાહોશ માણસોએ નોશેરવાનના દાનેસમંદોથી શેતરંજની એક બીકટ રમતનો ખૂલાસો પૂછાવ્યો હતો ત્યારે બુઝોર્ગમહેરેજે તેનો ખુલાસો મેળવ્યો હતો. તેની શોધક બુદ્ધિ પણ એટલી તેજ હતી કે તેણે નર્દની રમત શોધી કહાડી હતી.

વળી તેણે પુસ્તકો રચ્યાં હતાં, તેમાંથી પણ તેનાં જ્ઞાન અને ડહાપણની અચુક સાબેતીઓ મળી આવતી હતી. પણ તે સર્વે ઉપરાંત રાજકારોબારમાં પણ તે ઘણોજ કુશળ હતો. નોશેરવાનની ડહાપણ ભરેલી રાજ્ય નીતિમાં તેનો કાંઈ થોડો હાથ ન હતો. અને તેની પછી હોરમઝદે પોતાના રાજયની શરૂઆતમાં જે નામના મેળવી હતી તે બુઝોર્ગ મહેરની સલાહ મુજબ ચાલવાથીજ મેળવી હતી. પણ જેવો તે બાહોશ નર બુઝોર્ગીની નાતવાનીને સબબે રાજદ્વારી બાબદોથી અળગો થયો તેવોજ હોરમઝદ આડે માર્ગે જઇ પડયો અને તેનાં કડવાં ફળો તેને તેમજ ઇરાનની શાહાનશાહતને ચાખવાં પડયાં.

પ્રકરણ એકવીસમું

મહાન ખોસરો નોશેરવાનના સુધારા

ઇન્સાફ ભરેલી રાજ્યનીતિ

મહાન શાહાનશાહ ખોસરો નોશેરવાને જેટલી નામના પોતાની બહોળી ફત્તેહોથી મેળવી હતી, તેથી-બી વધુ નામના પોતાના મહાભારત સુધારાઓથી તેણે મેળવી હતી.

તખ્તે આવતાં વારજ તેણે પોતાનો રાજ્યકારો-બાર અદલ ઇન્સાફ અને કાયદાની રીતિઓ ઉપર ચલાવવાનો ઠરાવ જાહેર કીધો. તેણે જણાવ્યું કે જે રાજની રૈયત જુલમોથી કંટાળી રહેલી હોય તે રાજ દોલતથી ગમે એવું ભરપુર હોય તોપણ તે નબળુંજ ગણાય. ખચીત્તજ જે રાજની રૈયત સંતોષી હોય અને જે રાજમાં આબાદ ખેડુતોના મજબૂત ટોળાઓ હોય તેજ રાજ મ્હોટાઇ અને જાહોજલાલીમાં આગળ વધેલું રહે.

એવી નોશેરવાને પોતાનાં રાજમાં કાયદાઓને ખાસ તાકીદે અમલ કરતા કીધા. તેણે સર્વે અમલદારોને સખત

હુકમો આપ્યા કે તેઓએ જબરદસ્તી કે શાખરખાવત વાપર્યા વગર ફક્ત ઇન્સાફની રીતેજ અમલ કરવો. અને એ બાબદમાં તેણે તેઓ ઉપર એવી મજબૂત દેખરેખ રાખી કે ગરીબમાં ગરીબ કે સૌથી તાલેવંત માટે ઇન્સાફ મેળવવાનું તેણે એકસરખું સુતરૂં કીધું. તેણે પોતાના અમલદારોને વળી સૂચવ્યું કે તેઓએ પોતાના કામમાં તેના હુકમોનો ડર કરીનેજ ચાલવાનું ન હતું; તેઓએ તો પાક પરવરદેગારનાં નેક ફરમાનોને અનુસરીને ચાલવા માટે પણ ઇન્સાફી રીતિઓથી વરતવાનું હતું. વળી તેઓની નેમણુક કરતી વખતે ખાન્દાન, લાગવગ કે બહારના દેખાવ ઉપર તેણે ધ્યાન આપ્યું નહિ, પણ તેમની ખરી લાયકાત જોઇનેજ તેમની નેમણુંક કરવાનો તેણે નિયમ રાખ્યો.

એ અદલ ઇન્સાફની રાજ્યનીતિને બરાબર અમલ કરતી કરાય કરીને પોતાની બહોળી શાહાનશાહતને ચાર જથ્થાઓમાં નોશેરવાને વ્હેંચી નાખી. અને તેમને ઉત્તરનાં રાજ્યો, પૂર્વનાં રાજ્યો, દક્ષિણનાં રાજ્યો, અને પશ્ચિમનાં રાજ્યો તરીકે ઓળખવામાં આવ્યાં. એ દરેક વિભાગ ઉપર ઘણાજ વિશ્વાસુ અને બાહોશ અમલદારો નેમવામાં આવ્યા, તેઓએ પોતાના વિભાગમાં આવતાં રાજ્યો ઉપર દેખરેખ રાખવાની હતી, અને ત્યાંના વાઇસરૉયો ઉપર કાબુ રાખવાનો હતો, તથા તેઓને તેઓનાં કામ માટે સૂચનાઓ કરવાની હતી,

તેમજ તેઓનાં કામોનો શાહાનશાહી દરબારને રીપોર્ટ કરવાનો હતો.

એ ઉપરાંત પોતાની બહોળી સલતનતના કારોબાર ઉપર દેખરેખ રાખવા માટે સંખ્યાબંધ જાહેર તેમજ છુપા માણુસો નોકરવાને રાખેલા હતા. રૈયત પર કાંઇ જુલમ પડતો હોય કે કોઈબી અમલદાર આડો ચાલતો હોય તેની ખબર તરતજ સરકાર ઉપર મોકલવાનો તેઓને હુકમ હતો. અને જ્યાંથી બી ગેર-ઇન્સાફની ખબર આવતી ત્યાં અચબુચ એક બાદશાહી 'કમીશન' મોકલી આપવામાં આવતું. તે બારીક તપાસ કરીને 'રીપોર્ટ' કરતું તે મુજબ ગુનેહગારોને શિક્ષા થતી. એમાં કશી રાખરખાવત ચાલતી નહિ તે એ ઉપરથી જણાશે કે એવી એક તપાસમાં ગુનેહગાર ઠરેલા હેંસી મહેસુલ ઉઘરાવનારા જુલમી અમલદારોને મોતની સજા કરવામાં આવી હતી.

ઇન્સાફની રીતિઓ ઉપર રચાયલી મહેસુલ

સર્વે રાજકારોબારને ઇન્સાફની રીતિઓ ઉપર રચવા સાથેજ રાજની મહેસૂલને પણ કાયદાને અનુસરતી તેણે બનાવી.

નોશેરવાને જમીનની મહેસૂલ સુધારવા ઉપર

પહેલું ધ્યાન આપ્યું. આગળ એવો રીવાજ હતો કે ખેડુતને ત્યાં જે પાક થાય તેનો ચોક્કસ ભાગ સરકાર લેતી; અને જમીનના કસ મુજબ એ ભાગ પાકના દશમા ભાગથી તે અરધા ભાગ સૂધી મુકરર કરવામાં આવેલો હતો. એ રીતિથી ખેડુતોને ઘણીએક અગવડ ખમવી પડતી. જ્યાં સૂધી સરકારી અમલદાર આવીને પાક તપાસે નહિ અને તેમાંથી સરકારનો હિસ્સો લઇ જાય નહિ ત્યાં તલક ખેડુતથી તેને હાથ લગાડી શકાતો નહિ. વળી એ ગોઠવણથી ખેડુતને જમીન સુધારવાની ઉલટ થતી નહિ, કેમકે તેથી જે કાંઇ ફાયદો થાય તેમાંથી તો સરકારનો બી ભાગ પડવાનો હતો. વળી ભાગની બાબદમાં કોઇ વાર વાંધો ઉઠે તો ગરીબ રૈયતનેજ ખમવું પડે એ પણ બનવાજોગ હતું.

નોશેરવાને આ અગવડ ભરેલી ગોઠવણ રદ કીધી અને જમીનના પાકમાંથી ભાગ લેવાને બદલે કરની ચોકકસ રકમ મુકરર કીધી. હરેક સાધારણ કસની જમીનનાં એક માપ માટે એક દેરમ અને તેના પાકનું એક ચોક્કસ માપ કર તરીકે લેવાનું ઠરાવ્યું. અને જે જમીન ઉપર પાક થતો નહિ હોય યા તો જે જમીન કોઇ વરસે પડત પડી હોય તે જમીનોને કરમાંથી મુક્ત કરવામાં આવી, એથી કેટલી જમીન ખેડાયા વગર રહેલી છે તેની તપાસ દર વરસે કરવી

પડતી એટલું છતાં એ ગોઠવણ એટલી ડહાપણ ભરેલી જણાઇ કે સાસાન્યન શાહાનશાહતના નાશ પછી તેમાં કશોબી ફેરફાર કરવાનું ખલીફોને દુરૂસ્ત લાગ્યું નહિ.

ખેતીની જમીન ઉપ્રાંત ફળફળાદિનાં ઝાડો ઉપર પણ તેઓનાં ફળ અને ફાલની કીંમ્મત મુજબનો નાનો કર મુકરર કરવામાં આવ્યો.

વળી રૈયતના દરેક માણસની દોલતની આંકણી કરવામાં આવી અને તે દોલતના પ્રમાણ મુજબ દરેક માટે ચોકસ કર ઠરાવવામાં આવ્યો, મગર તે એટલો તો નજીવો રાખવામાં આવ્યો કે સૌથી દોલતમંદ માણસને પણ ૪૮ દેરમથી વધુ કર આપવો પડતો નહિ. વળી યાહુદી તથા ખ્રિસ્તી પ્રજાને હલકો માથા-વેરો આપવો પડતો પણ એવા સર્વ કરોમાં મ્હોટી છુટછાટ મુકવામાં આવેલી હતી. કોઇ પણ બાઇ માણસ પાસેથી એવા કરો લેવાતા નહિ તેમજ વીસ વરસની અંદરના તેમજ પચાસ વરસની ઉપરના સર્વે મરદોને બી એ કરમાંથી મુકત કરવામાં આવેલા હતા.

એ કરોની બાબદમાં કાંઇ ગોંટાળો થાય નહિ કરીને દરેક માણસનો જે કર આંકવામાં આવતો તેનો ફેંહો બનાવી દરેક ગામ કે શહેરમાં જાહેરમાં મુકવામાં

આવતો; તેથી દરેક જણ પોતાનો ખરો કર જાણી શકતો. વળી દસ્તુરાન દસ્તુરની સલાહ ઉપરથી એ કર ઉઘરાવનારાં સરકારી માણસો ઉપર દેખરેખ રાખવાનો દરેક જરથોશ્તી ધર્મગુરૂને હક આપવામાં આવ્યો, અને એ જશવંતું કામ તેઓએ ઘણી ખુશી સાથે ઉપાડી લીધું.

શાહાનશાહતની આબાદી વધારવાના ઇલાજો

જમીનની ખીલવણી અને આબાદી વધારવા ઉપર નોશેરવાને ખાસ ધ્યાન આપ્યું. પડત અને વેરાન જમીનો સુધરાવી લેવા તેણે પોતાના અમલદારો ઉપર હુકમો મોકલ્યા, અને દરેક જમીન ઉપર બને એટલું પાણી ફરતું કરવાના ઇલાજો તેણે લેવાડયા. નદી નાળાં તેણે મોકળાં કરાવ્યાં, વરસાદનાં પાણીને સંઘરી લેવાના ઉપાયો કામે લગાડયા, અને આખું વરસ તે મળતું રહે એવી રીતની તેની વહેંચણી કરવામાં આવી.

વળી જેઓ ખેતીવાડી કે બાગબાની કરવા રાજી હોય, પણ તેમ કરવાનાં સાધન ધરાવતા નહિ હોય એવા ગરીબ માણસોને બીને લગતી ચીજો, ઓજારો, તેમજ જાનવરો પૂરાં પાડવાના હુકમો પણ તેણે બહાર પાડયા.

અને જેઓ કામ કરવા શકિતવાન હોય તેઓને કામનાં સાધનો પૂરાં પાડવા સાથેજ જે કોઈ આળસાઈમાં વખત ગુજારે તેને ગુનેહગાર ગણવાનું ફરમાન તેણે બહાર પાડયું.

જે કોઇ તદન અશકત અને ગરીબ હોય તેઓને તેણે પોતાના ખાનગી ખરચમાંથી પેન્શનો આપતાં કીધાં. અને તે સાથેજ ભીખ માગવાનો હલકો પેશો તેણે તદનજ બંધ કરાવ્યો.

વળી નોશેરવાનને લાગ્યું કે સલતનતમાં મહેનતુ માણુસોની ભરપુર વસ્તી હોય તોજ તે પૂરી આબાદ કહેવાય; તેથી તેણે પરદેશની લડાઈઓમાં પકડાયલા માણુસોને શાહનશાહતના મુલકોમાં વસાવ્યા, તેમજ પોતાની રૈયતની વસ્તી વધે કરીને પરણુવા લાયક માણુસોને લગન કરવાની ઉલટ આપી. ઉમરે પુગેલી બાઇઓએ વખત સર પરણી જવું એવું તેણે ફરજ્યાત કીધું; અને જો કોઇ બાઇ તેમ કરવા નિષ્ફળ નીવડે તો તેનાજ વર્ગના કોઇ કુવારા માણુસ સાથે તેને શાહાનશાહતને ખરચે પરણાવી આપવાનું ફરમાવવામાં આવ્યું.* એવી બાઇઓને પારસી સરકાર તરફથી સારી જેવી પહેરામણી પણ આપવામાં આવતી તેણે કીધી. અને એવાં લગનથી અવતરતા બાળકને સરકારને ખરચે કેળવણી મળે અને ઉમરે પુગતાં તેને

સંસ્કારજ સંસાર કે ધંધામાં ઠેકાણે પાડે એવી ગોઠવણ પણ કરવામાં આવી.

એ મુજબ 'સોશિયાલીસ્ટીક' ફિલ્સુફીના કેટલાક અગત્યના વિચારોને બુલંદ પારસી સરકારમાં કાર્ય કરતા કરવામાં આવ્યા.

વળી વેપાર વહેવારના સુધારા વધારાને ખાતર તેણે આખી શાહાનશાહતમાંના રસ્તાઓ અને પુલોને ઘણીજ સંપૂર્ણ હાલતમાં રખાવ્યા, અને તેઓની સલામતી માટે જગેજગ થાણાંઓ સ્થાપ્યાં, અને ટપાલની પણ મનમાનતી ગોઠવણ રાખવામાં આવી. એ સર્વે બંદોબસ્ત એવો તો ઉત્તમ હતો કે શાહાન-શાહતમાં મુસાફરી કરવી એ પરદેશી વેપારીઓ કે મુસાફરો માટે તદનજ સલામત થઇ પડયું, અને બીજી પ્રજાઓના લોકો સાથે સંખ્યાબંધ યુરોપ્યનોએ પણ ઇરાનની મુલાકાત લેવા માંડી. પરદેશીઓ ઇરાનની મુલાકાતો ઉલટથી લે એવા વિચારથી તેઓની ઘણીજ મનમાનતી બરદાસ્ત અને સંભાળ લેવામાં આવતી; અને જે કોઈ નામીચા પરદેશીઓ આવી પહોંચે તેઓની મહેમાનગીરી ખુદ શાહાનશાહ કરતો.

લશ્કરી સુધારાઓ

વળી દેશની સલામતીને સાબુતી આપવા લશ્કરમાં પણ બહોળા સુધારા કરવામાં આવ્યા, અને તે સુધારા

કાર્યસાધક નીવડે કરીને એવું ઠરાવવામાં આવ્યું કે જ્યાં સુધી હરેક સિપાહ પોતાના સાજમાં તેમજ પોતાની લડાયક લાયકાતમાં તદનજ સંપૂર્ણ જણાય નહિ ત્યાં સુધી તેને પગાર આપવો નહિ. તેથી તમામ લશ્કર ઉપર તપાસ રાખનાર એક બાહોશ વડો અમલદાર નેમવામાં આવ્યો, અને તેનેજ હસ્તક લશ્કરનો પગાર અપાવવાનું ઠરાવવામાં આવ્યું. અને એ કામ સરસ રીતે બજાવવા માટે કેવા બાહોશ માણસો નેમવામાં આવતા તે નીચલા દાખલા ઉપરથી જણાશે.

બાબક નામનો બાહોશ અમલદાર એક વખતે એ ઓદ્ધો ધરાવતો હતો તેણે એક વખતે હુકમ બહાર પાડયો કે એક ચોકસ દીવસે તે લશ્કરનો રીવ્યુ લેનાર હતો, વાસ્તે તે વખતે પાયતખ્તમાં જે લશ્કરીઓ હોય તેઓ સર્વેએ તે રીવ્યુમાં હાજરી આપવી.

એ હુકમને અનુસરીને સર્વ સિપાહો અને અમલદારો મેદાનમાં આવી ઉભા. મગર બાહોશ બાબકે જણાવ્યું કે એક નર કે જેની હાજરીની ખાસ જરૂર હતી તે ગેરહાજર હતો, તેથી તેણે તેઓને પાછા ફરવા હુકમ કીધો, અને બીજા મુકરર કીધેલા દિવસે 'રીવ્યુ' માટે હાજર રહેવા ફર્માવ્યું. એ વખતે પણ તે નર ગેરહાજર રહેવાથી તેઓને પાછા વાળવામાં આવ્યા, મગર તે વખતે તેણે જાહેર કીધું કે 'એ 'રીવ્યુ'માં જેની હાજરીની ખાસ

જરૂર હતી તે શાહાનશાહ પોતે હતો, અને તેની હાજરી માટે તે થોભતો હતો. એ વાત સમજતાં શાહાનશાહે તેનું વાજબીપણું સ્વીકાર્યું, અને 'રીવ્યુ' માટે ફરીનો હુકમ કહાડવામાં આવ્યો ત્યારે તેમાં હાજર રહેવાની તેણે ખાસ કાળજી કીધી, અને પારસી લશ્કરના અમલદાર તરીકે સજ થઇને તે મેદાનમાં હાજર થયો.

એ ઉપરથી તે તપાસ શરૂ કરવામાં આવી અને જ્યારે શાહાનશાહ પોતાની તપાસ માટે તે અમલદાર સનમુખ હાજર થયો ત્યારે તે ચંચળ નરે તેના સાજમાં એક ગંભીર ખામી શોધી કહાડી: તેની કમાન માટે બે ફાલતુ દોરીઓ તેણે કાયદા પ્રમાણે રાખવાની હતી તે તેની પાસે ન હતી. એ ઉપરથી તે જરૂરયાત દોરીઓ લઇ આવીને તપાસ માટે ફરીથી હાજર થવા તે કાયદાને અનુસરીને ચાલનાર શાહાનશાહને ફરમાવવામાં આવ્યું, અને તે ડાહ્યો શાહાનશાહ એ હુકમને તુરતજ તાબે થઇને પોતાના મહેલ તરફ ગયો, અને ત્યાંથી તે જોઇતી દોરી લાવી પાછો તપાસ માટે હાજર થયો. એ જોયા પછીજ તેને તપાસમાંથી પસાર કરવામાં આવ્યો.

તપાસ પૂરી થયા પછી શાહાનશાહને પાછો તેનો લશ્કરી અમલદાર તરીકેનો પગાર લેવા બોલાવવામાં આવ્યો. તે માટે તે હાજર થયો ત્યારે તમામ

લશ્કરની હજુરમાં ચાર હજાર અને એક દેરમનો લવાજમ તેને આપવામાં આવ્યો તેમજ તેની લડાયક કુશળતા માટે એક ઉમદા ઘોડો તેને ભેટ આપવામાં આવ્યો. એ લવાજમ અને ભેટ નોશેરવાન પોતાને મહેલે લઈ ગયો.

બાબકની આવી સુંદર વરતણુકથી નોશેરવાન ઘણો ખુશી થયો. ખરચીત્તજ એક રાજના કાયદા ગમે એવા સરસ હોય પણ જો તેઓને અમલમાં મુકવામાં ખામી વાપરવામાં આવે તો તે કાંઇ કામના કહેવાય નહિ. કાયદાની નજરમાં તો ન્હાના મ્હોટા સરખાજ ગણાવા જોઈએ. જો મ્હોટા દરજ્જાના માણસો કાયદાને તાબે થાય નહિ તો આખરે સાધારણ માણસો પણ તેઓને ગણકારે નહિ અને તેઓ નકામા થઇ પડે. તેથી બાહોશ બાબકની નોશેરવાન સાથની વરતણુકથી એવું નક્કી થયું કે ન્હાના મ્હોટા સરવેએ કાયદાને તાબે થવું જોઇએ, અને ગમે એવા મ્હોટા દરજ્જાના શાહાજાદા કે ઉમરાવે કાયદાને તાબે થવામાં જરાબી ખોટું માનવું જોઇએ નહિ. એ સાથે એવું બી નક્કી થયું કે મ્હોટામાં મ્હોટા લશ્કરી અમલદારે બી શાહાનશાહના લવાજમથી કંઇક ઓછોજ લવાજમ લેવો જોઇએ. અને તેથી મ્હોટામાં મ્હોટા અમલદારના લવાજમ માટે ચાર હજાર દેરમની વાર્ષિક રકમ ઠરાવવામાં આવેલી હતી તેથી વધુ રકમ માગવાનો કોઇનેબી હક્ક રહ્યો નહિ.

દુશ્મન રાજ્યોની રૈયત માટે નોશેરવાનની કાળજી

પારકી પ્રજાઓ જ્યારે બીજા દુશ્મનોની હાજરીથી ધ્રુજતી હતી, ત્યારે નોશેરવાનનાં લશ્કરોની હાજરીથી તેમને કશી પણ ધાસ્તી પેદા થતી નહી. પારસી લશ્કરોની 'ડિસિપ્લીન' એવી તો સરસ હતી કે દુશ્મનોની રૈયતને ક્વચિતજ તેમનાથી હેરાન થવું પડતું. અને તેનું કારણ પારસી લશ્કરોના આગળથી ચાલતા આવેલા રૂડા કાયદાઓ સાથે ખુદ ખોસરોનું ઇન્સાફી અને દયાળુ દિલ પણ હતું. દુશ્મનની રૈયતને દુઃખી જોતાં તેનું હૈયું ભરાઇ આવતું, અને પોતાના સિપાહને કોઇ નિર્દોષ રૈયતને હેરાન કરતા જોતાંજ તે ક્રોધાયમાન થઇ જતો. દાખલા તરીકે એક વખતે દુશ્મનની રૈયતની એક આબરૂદાર બાઇ અને તેનાં બચ્ચાંને હેરાનગતીમાં જોતાંજ તેની આંખોમાં આંસુઓ ધાઇ આવ્યાં, અને જે રાજકર્તાઓ ગેરઇનસાફી રીતીઓથી લડાઇનું કારણ આપતા હતા તેમને માટે તેણે ભારી અફસોસ કીધો. તેમજ એક વખતે એક તેના સિપાહને દુશ્મનની રૈયતને તેણે હેરાન કરતો જોયો ત્યારે તે પારકી રૈયતની આજીજી છતાં તે સિપાહને તેણે મોતની સજા ફરમાવી.

પ્રકરણ બાવીસમું

મહાન નોશેરવાનનું વિદ્યાજ્ઞાનને ઉત્તેજન

વિચારની છુટ

કેળવણી અને વિદ્યાજ્ઞાનનો ફેલાવો

મહાન નોશેરવાનનાં નામને ધન્ય છે કે જોકે પોતાની આખી કાર્કીર્દી દરમિઆન તે મહાભારત યુધ્ધોમાં રોકાઈ ગએલો હતો, અને પોતાની મહાભારત સલતનતમાં દાખલ કીધેલા બહોળા સુધારાઓ ઉપર તેને ચાલુ અને સંભાળભરેલી દેખરેખ રાખવાની હતી તે છતાંબી તે ઉંડા વિદ્યાજ્ઞાનમાં પોતાનું મન રોકી શકતો, અને ફિલ્સુફીની ખીકટ બાબદો ઉપર પોતાનું મગજ કસતો.

તેણે તખ્ત ઉપર આવતાંજ જાહેર કીધું હતું કે તેની રૈયત ગમે તે બી વિચારો ધરાવે તે ઉપર તે કશા અંકોશ મુકશે નહિ. જો ફકત તેવા કોઇ વિચારોથી દોરવાઇને કોઇ માણુસ રાજને કે ઇન્સાનનાં સુખને અલવલ પૂગાડે તોજ સલતનતની સલામતી અને રૈયતની સુખાકારીને ખાતર તે તેવા માણુસને નુકસાન કરતો અટકાવશે.

એ મુજબ વિચારની છૂટ મળવાથી રૈયતમાં કુદ્રતીજ વિદ્યાજ્ઞાન માટેની કાળજી વધી અને તેનો બહોળો ફેલાવો થઇ ગયો. અને લોકોની ઉલટને ટેકો આપવા માટે નોશેરવાને વિદ્યા હુન્નરના ભંડારો જમાવવા અને ફેલાવવાના સરવે ઉપાયો કામે લગાડયા. તેણે તમામ ઇરાની સાહિત્યને એકઠું કરાવ્યું, સુધરાવ્યું અને વધરાવ્યું, તેમજ ગ્રીક અને હીંદી જેવાં સાહિત્યોમાંના ચુનંદાં પુસ્તકોનો ઇરાની જબાનમાં તરજુમો કરાવ્યો. હાલના પહલવી સાહિત્યમાં ઘણું એક એવું છે કે જે નોશેરવાનના વખતમાં લખાયલું હતું; આપણું શાહનામું જે તવારીખી નોંધો ઉપરથી લખાયું હતું તે નોંધો પણ એના વખતમાં ખાસ એકઠી કરવામાં આવી હતી; "અરેબ્યન નાઇટસ" ને ખોટે નામે ઓળખાતી વાર્તાઓનો સંગ્રહ બી એનાજ અમલમાં થયો હોય એવો સંભવ છે; જ્યારે પીલપાય અથવા બીદપાયની નામીચી દંતકથાઓનો એણેજ પહલવી જબાનમાં તરજુમો કરાવ્યો હતો. એનીજ કાળજીથી સેતરંજની પાદશાહી રમત હિંદમાંથી બહાર આવી દુનિયામાં આશકાર થઈ પડી હતી. અને તે ઉપરથી બાહોશ ફિલસુફ બુઝોર્ગમેહેરે નર્દની રમત એનાજ વખતમાં શોધી કહાડી હતી.

ફિલસુફીનો અભ્યાસ

પરદેશી સાહિત્યો અને વિદ્યાજ્ઞાનનાં રતનો એકઠાં

કરવામાં ગ્રીક સાહિત્ય અને વિદ્યાજ્ઞાનને ખાસ અગત્ય આપવામાં આવી હતી. બીજાં લખાણો સાથે ગ્રીક ફિલ્સૂફો પ્લેટો અને એરિસ્ટોટલનાં લખાણોનો પણ તરજુમો કરવામાં આવ્યો હતો. અને પ્લેટો તથા એરિસ્ટોટલનાં લખાણોનો અભ્યાસ કરવામાં શાહાનશાહ પોતે પણ ગુંથાઇ ગયો હતો. અને ગ્રીક લોકોનાં વિદ્યાજ્ઞાનનું શિક્ષણ મેળવવા તેણે ગ્રીક ફિલ્સૂફ યુરેન્યસને રોકયો હતો, અને તેની મહેનત માટે તેને મ્હોટી રકમનો બદલો ઘણાંજ ખુલ્લાં દિલથી આપ્યો હતો, અને હકીમાના ખુદાઇ હુન્નરની સેવા બજાવવા માટે ગ્રીક હકીમ ત્રીબ્યુનસને તે માગે તે બદલો આપવા ફરમાવ્યું હતું.

વિચારની છૂટ માટે નોશેરવાને પહેલેથીજ મ્હોટું મન દેખાડયું હતું. તેનાં રાજ્યની શરૂઆતમાં રોમન શાહાનશાહ જસ્ટીન્યને ગ્રીક ફિલ્સૂફી સામે સખત વિરૂદ્ધતા દેખાડી હતી, અને ગ્રીક પ્રજાઓના સૌથી પ્રખ્યાત સાત ફિલ્સૂફોને દેશપાર કહાડયા હતા. તે સાતે ફિલ્સૂફોને નોશેરવાને આશરો આપ્યો હતો, એટલુંજ નહિ પણ તેઓ તરફ તેણે ઘણીએક મેહેરબાની બતાવી હતી. તેઓને તેણે પોતાની ટેબલ ઉપર જમવા તેડયા હતા, અને તેઓ તેની દરબારમાંજ રહે એવી પોતાની ખુશી તેણે દર્શાવી હતી. મગર જ્યારે તેઓએ પોતાને મુલક પાછા ફરવાની ખાહેશ બતાવી

ત્યારે રોમનો સાથની તેની પહેલી સૂલેહમાં તેણે તેઓ માટે એક ખાસ સરત નાખી હતી કે જસ્ટીન્યને કશાબી અટકાવ વગર તે ફિલ્સૂફોને પોતાને મૂલક પાછા આવવા દેવા. ગ્રીક ફિલ્સૂફીના સ્થંભો માટેની નોશેરવાનની આવી કાળજી માટે તમામ સુધરેલી દુન્યાએ તેમજ સઘળા જમાનાઓએ તેને ઘણીજ મ્હોટી શાબાશી આપી છે.

ફિલ્સૂફી માટેની નોશેરવાનની કાળજી અને વલણ એવી પ્રખ્યાત થઇ પડી કે મહાન ગ્રીક ફિલ્સૂફ પ્લેટોનોજ ચેલો ઇરાનમાં તખ્ત ઉપર બીરાજેલો હતો અને ઇરાનની શાહાનશાહત તો સૌથી નમુનેદાર રાજ થઈ પડયું હતું, એવી વાતો દુન્યામાં ફેલાઇ રહી. ફિલ્સૂફીના પોતાના શોખ અને તેની ખીલવણીને વાસ્તે તેણે ફિલ્સૂફોની એક બઝમ અથવા સોસાયટી સ્થાપી હતી. તેમાં બીજા ફિલ્સૂફો સાથે ખાસ કરીને તે પોતે અને તેનો અદભુત શક્તિ ધરાવનાર બાહોશ વજીર બુઝોર્ગમહેર મુખ્ય ભાગ લેતા હતા. અને ફિલ્સૂફીને લગતી બહોળી અને ઉંડી બાબદોનો ત્યાં તેઓ વાદવિવાદ કરતા.

એવા વાદવિવાદમાં ધર્મ સંબંધી વાદવિવાદ પણ થતા. અને બીજા ધર્મો તરફથી બોલવાની પણ હર-કોઇને છૂટ હતી. અને તેના પરિણામમાં લોકોમાંથી ધર્માંધપણું ઘણે દરજ્જે ઓછું થયું.

ગોન્દે શાહપુરની મોટી યુનીવર્સીટી

વળી તમામ સલતનતમાં કેળવણી અને વિદ્યાજ્ઞાનનો તેમજ ભણેલા હુન્નરોનો ફેલાવો કરવા ગોન્દે શાહપૂરનાં શહેરમાં એક મ્હોટી 'યુનીવર્સીટી' સ્થાપવામાં આવી. ત્યાં હકીમાના હુન્નર ઉપરાંત ઇરાનનું કાયદા શાસ્ત્ર તેમજ ઇરાનની તવારીખ શિખવવામાં આવતાં; તેમજ ફિલસુફી, બોલવાની છટા ખીલવવાનો હુન્નર, તેમજ કવિતાનો પણ અભ્યાસ કરવામાં આવતો.

પ્રકરણ ત્રેવીસમું

શાહાનશાહ હોરમઝદ ચોથો તેનો જાલેમ અમલ

દુશ્મનોને માર

મોટા શાહાનશાહ નોશેરવાન પછી તેનો બેટો હોરમઝદ ચોથો ઈ. સ. ૫૭૯ માં તાજનો માલેક થયો. શરૂઆતમાં તેણે એવી ભલાઇથી વરતવા માંડયું કે લોકો તેને બીજો નોશેરવાન ગણવા લાગ્યાં. પણ તે પછી તેની ઉપર ભુંડી ખાસ્યતોએ ગલબો કરવાથી તેણે જુલમ ગુજારવા માંડયો, અને રઇઅતને બેદીલ કરી મુકી. એ બેદીલીના અઇઆમમાં વ્હેમ ઉપજવાથી ઇરાનના ઘણાજ બુઝોર્ગ વઝીરો ઇઝદગોશસ્પ, બોઝર્ગ મહેર, તથા માહઆઝરને તેણે બંદીખાનામાં નાખ્યા અને મોતની સજા કીધી; ભલા દસ્તુરાંન દસ્તુર ઝર-તોશ્તને દગાથી ઝેર આપીને તેણે બેજાન કીધો. ઇરાનના આ નામીચા પુરૂષોના આવા ફેજથી રઇઅતને હોરમઝદ ઉપર ઘણોજ ક્રોધ ઉપજયો; અને બેહરામ આઝર મેહાન નામના હીમતવાન વઝીરે તેનાં મોહડાં પર કહ્યું કે તે પાદશાહીને લાયક ન હતો; એ ઉપરથી તેને તેમજ સરદાર સીમાબુર્ઝીનને કેદ કરીને તેણે

મારી નખાવ્યા. વહેમનો દસ્ત લંબાવીને તેણે ઘણાક લશ્કરી તેમજ સનદી અમલદારોનો અને રઇઅતનાં માણસોનો નાશ કીધો.

આવી બેદાદી અને બેદિલીની વાતો સાંભળી રોમનો જેઓ આ રાજ્યની શરૂઆતથી નોશેરવાનથી મળેલી નામોશી ધોઈ નાખવાની માથાકુટ કરી રહ્યા હતા, તેઓએ મોટી કોશેશો કરીને એક લાખ માણસો સાથે ઇરાન ઉપર હુમલો કીધો, અને ધારવા મેજે તુર્કી લોકોને એઓએ ઉશ્કેરવાથી તેઓનો મોટો ખાન શાવેહુશાહ ચાર લાખ માણસોનું ગંજાવર લશ્કર લઇને ઇરાની સલતનત ઉપર ઉતરી પડયો. બીજા હાથ ઉપર ખાજાર લોકો આર્મીન્યા તથા આઝરબાઇજાન ઉપર હુમલો લઇ આવ્યા, અને આરબોએ બંડ ઉઠાવી લુટફાટ કરવા માંડી.

હોરમઝદને પોતાનાં કામોથી અને ખાસ કરીને દસ્તુરાન દસ્તુરને પોતાને હાથે ઝેર આપવાથી, ઘણો પસ્તાવો ઉપજવા લાગ્યો હતો; તેવામાં આવી આફતો ઇરાન ઉપર આવી પડવાથી તેની શુધ ઉઘડી ગઈ. પોતાની ચાલ તદન સુધારી દઇને તેણે ઇન્સાફથી વરતવા માંડયું; અને મોટામાં મોટા અમલદારો કે પોતાના ખુદ શાહાનશાહઝાદાઓને પણ કાયદાથી બાતલ રાખ્યા નહિ. અને દુશ્મનોને મારી કાઢવાના મજબૂત ઉપાયો

તેણે લેવા માંડયા. રોમનો સાથે સમજુતી કરીને તેઓને ઠંડા પાડવામાં આવ્યા; ખાજારો સામે લશ્કર મોકલીને તેઓને જબરી શિકસ્ત આપવામાં આવી. તે જોઇને આરબો પણ ગભરાટમાં પડીને નાશી ગયા, અને પોતાના મુલકમાં ભરાઇ બેઠા.

તુર્કી પ્રજાની મહાભારત ચઢાઇ સામે પારસી યોદ્ધાઓનું અજબ સાહસ કરમ

હવે શાવેહશાહ સામે સંભાળથી કામ લેવાનું હતું. માટે એક લાયક સરદારની શોધ કરીને રએનાં નામીચાં ઇરાની ઉમરાંઓનાં ખાનદાનના બેહરામ ચોબીન નામના ઘણાજ કદ્દાવર અંગના અને સિંહના જેવી હિમતવાળા પહેલવાનની નેમણુંક કરવામાં આવી. એ બહાદૂર સરદારે ઇરાનના લશ્કરમાંથી ફક્ત બાર હજાર ચુનંદા સવારો ચુંટી લીધા અને શાવેહશાહ સામે ચાલ્યો ગયો. બેહરામની એ બાહાદૂરી ખચ્ચીતજ ઘણી શાબાશી લાયકની હતી, અને તેજ મુજબ શાહનશાહે પણ તેને નવાજ્યો; પણ તે નીકળી ચાલવા સાથેજ તેને બેહરામ માટે કાંઇ શંકા ઉપજવા માંડી, અને તેણે તેને પાછો તેડાવ્યો; પણ એક મહાભારત કામ પરથી એમ પાછું ફરવું અપશુકન ભર્યું હતું એવું કહેવડાવી બેહરામે નમનતાઇથી જણાવ્યું કે શાવેહશાહને સર કરીનેજ તે શાહાનશાહની હજુરમાં આવી ઉભો

રહેશે. એથી હોરમઝદના વહેમો વધવા માંડયા, અને બેહરામનું કાટલું કાઢવાના છુપા ઉપાયો પણ તેણે કામે લગાડયા, પણ તેમાં તેનું કશું વળ્યું નહિ.

બેહરામે તો શાવેહશાહનાં મહાભારત લશ્કરની સામે એક સલામત જગ્યાએ છાવણી નાખી. તુર્કી પાદશાહે તો માન્યું પણ નહિ કે આ બાર હજાર ઇરાનીઓ તેના ચાર લાખ તુર્કીઓ સાથે લડવા આવ્યા હતા. પણ જ્યારે બેહરામે તેની સાથે લડવાનો હીમતભર્યો કસદ જણાવ્યો, ત્યારે તેનું દિલ ડગમગવા લાગ્યું, કારણ કે પારસી પહેલવાનોનાં જોર અને શૂરાતનથી તે અજાણ્યો નહતો, માટે તેણે બેહરામને લાલચો દેખાડી પોતા તરફ ખેંચવા માગ્યો, પણ તે વફાદાર સરદારે એ માગણીની સાફ ના પાડી, અને લડાઇ માટેની તઇઆરીઓ કીધી.

તુર્કી લશ્કરમાં અલબત ચીનનું પણ લશ્કર હતું માટે તેઓએ આતશબાજી ફોડી ભયંકર દેખાવો કરીને ઇરાનીઓને બીહવાડવા માગ્યા. પણ આ પહેલવાનો એવી રીતે ડરે તેવા ન હતા, માટે તેઓએ દુશ્મનો સાથે ટક્કર લઇને તેઓ ઉપર જબરો ધસારો કીધો, અને બે લડાઈઓ લડીને તેઓને નસાડયા. શૂરા બેહરામના તીરનો શાવેહશાહ ભોગ થઇ પડયો, તેમજ તેનો બેટો ફગફુર પણ માર્યો ગયો. આ હારોથી

તુર્કીઓ આજેજ થયા અને તેઓના નવા ખાન પરમુદેહએ ઇરાનને તાબે રહેવાનું કબુલીને માફી માગી. એ માફી કબુલી શાહાનશાહે તેને મદાયન ખાતે બોલાવ્યો, અને બેહરામને જીહુન નદી આગળના મુલકની હાકમી બક્ષી. બેહરામ જેટલો બહાદુર તેટલોજ આકળો હતો, માટે જ્યારે પરમુદેહ તેને મળ્યા વગર ઇરાન જતો હતો ત્યારે ગુસ્સે થઇને તેણે તેને બોલાવી મંગાવ્યો, અને ઉશ્કેરાઈ જઈ તે બીચારાને પોતાના હાથમાંના ચાબુકે ફટકાવી કાઢી અપમાન કીધું, તેમજ બીજી રીતે તેને બેહોરમત કીધો. આ જોઇને ખુર્રાદબુર્જીન અને બીજા પારસી સરદારોએ એક પાદશાહ સાથે એવી ચાલ ચલાવવા માટે બેહરામને ઠપકો આપવા માંડયો. તે ઉપરથી પસ્તાઇને બેહરામે પરમુદેહની માફ માગી. શાહાનશાહે પરમુદેહને ઇજતથી રાખ્યો, અને તેને કીમતી સરપાવ બક્ષીને પાછો પોતાને મુલક જવા દીધો, અને બેહરામની ચાલ માટે તેને ઠપકો આપ્યો. બેહરામને પરમુદેહને રંજીદા કરવા માટે ઘણોજ પસ્તાવો થયા કરતો હતો, તેથી તે જ્યારે પાછો ફર્યો ત્યારે તેને પોતે સામો મળવા આવ્યો અને તેની ઘણી બરૂદાસ્ત કરવા માગી, પણ પરમુદેહએ તેને કશું મચક દીધું નહિ ત્યારે તેને ઘણું દુઃખ ઉપજયું.

પ્રકરણ ચોવીસમું

શૂરવીર બેહરામ ચોબીનનો બળવો

હોરમઝદ પદભ્રષ્ટ

તુર્કી પ્રજાને જીત્યા પછી રોમનો સાથેની એક લડાઇમાં ઉછાંછળાપણું બતાવવાથી બેહરામને હાર મળી, ત્યારે પોતાને તક મળેલી જોઇ શાહાનશાહે બેહરામને બેહોરમત કીધો, અને પાયતખ્ત ખાતે બોલાવી મંગાવ્યો. એથી તેની સાથના સરદારો ઘણા ગુસ્સે થયા અને બેહરામે પાદશાહની નાલાયકાત જાહેર કરીને બળવો ઉઠાવ્યો, અને શાહનશાહઝાદા ખોસરોના નામના સિક્કા કાઢવા માંડયા. એ ઉપરથી હોરમઝદને તે શાહઝાદા ઉપર વહેમ પડયો અને ખોસરોને બેજાન કરવાની તેણે ગોઠવણ કરવા માંડી, પણ એ વાતની તેને ખબર પડતાંવાર થોડાક સવારો સાથે તે આઝરઆબાદગાન ખાતે નાશી ગયો ત્યાં કેટલાક બુઝોર્ગ ઇરાની સરદારોએ તેને હીમત આપી અને કોલ આપ્યો કે તેનો બચાવ તેઓ કરશે. હોરમઝદે એ ઉપરથી ખોસરોના મામાઓ બંદુ તથા ગસતહમને કેદ કીધા પણ હવે હોરમઝદનાં પાપોનો ઘડો ભરાઇ ગયો. તેણે આઇનગુશસ્પ નામના સખ્સને બેહરામ સામે લશ્કર લઇ મોકલ્યો હતો તેનું ખુન

થવાના તથા લશ્કરના પરાગંદે થઇ જવાના માઠ સમાચાર આવ્યા ત્યારે તેનું દીલ ઘણું રંજીદા થઇ ગયું. અને દરબારનું કામ છોડીને તે નાસીપાસ થઇ બેઠો. એથી બંદુ તથા ગસ્તહમને હીમત આવી અને તેઓ બંધમાંથી છુટા થયા, અને બીજા સરદારોને ઉશ્કેરી શાહાનશાહી મહેલમાં ધસી ગયા, અને હોરમઝદે ગુજારેલા જુલમ માટે તેની આંખો ઉપર ડૂહામ મુકીને તેઓમાં અંધારૂં પાથર્યું.

ખોસરો પરવીઝની તાજપોશી

એ પછી ખોસરોને દબદબાભરેલી ક્રિયાઓ સાથે ઇ. સ. ૫૯૦ માં તખતનશીન કરવામાં આવ્યો. પણ જ્યારે હોરમઝદ સાથે તેનો મેલાપ થયો ત્યારે ખોસરોથી તેનું દુઃખ ખમાયું નહિ, અને રંજીદા થઇને તેણે જણાવ્યું કે ભુંડા ખ્યાલોથી તેણે તેને છુટો પાડયો ન હતે તો તેના બાલને પણ વાંકો કરવાની કોઇ હીમત કરી શકતે નહિ. પછી તેનો પાસબાન થઇ રહેવાની તેણે કબુલાત આપી, અને તેને માટે પોતાનો જાન પટકી નાખવો પડે તો તેમ પણ કરવા કહ્યું, અને જણાવ્યું કે તેને તાજ કે તખત કશું જોઇતું ન હતું. મગર હોરમઝદે તેને સમજાવીને કહ્યું કે તેની આંખો ગઇ એટલે તે ઇરાનની શાહાનશાહતને લાયક રહ્યો ન હતો તેથી ખોસરોએજ પાદશાહી

ચલાવવી, તેની બરદાસ્ત લેવી અને બંદુ તથા ગસતહમ ઉપર તેનું વેર લેવું.

બેહરામનો લોભઃ તેની શાહાનશાહ તરીકેની ચુંટણી

હવે બેહરામ ચોબીન એક શૂરો જ નહિ પણ એક સમજુ નર હતો અને એવો ઇન્સાફથી ચાલતો કે લડાઈ દરમેઆન પોતાના સિપાહોને કોઈપણ રઇઅતને લુટવા કે દુઃખ દેવા ન દેતો. તેની ભલાઇથી ઘણા સરદારો તેની ઉપર ફીદા હતા. તે શરૂઆતમાં ખરી રીતે વફાદાર રહયો હતો પણ હોરમઝદની ચાલથી તેની વફાદારીમાં ખતરો પડયો હતો એટલામાં વળી કોઇ જાદુગર સ્ત્રીએ તે ભવિષ્યમાં શાહાનશાહ થશે એવી તેને લાલચ આપી હતી. એ ઉપરાંત તેની નસલ અર્પકાન્યન શાહાનશાહોથી ઉતરી આવેલી માનવામાં આવતી, એટલે જ્યારે ઇરાની ઉમરાઓએ હોરમઝદને પદભ્રષ્ટ કરીને ખોસરોને શાહાનશાહ બનાવ્યો હતો એવી ખબર તેણે સાંભળી, ત્યારે તેણે ખુલ્લી રીતે શાહાનશાહપદ ધારણ કરીને પોતાના નામના સિક્કા પાડયા, અને ખુસરો સામે લડવા ચાલ્યો. ખુસરોએ તેને માફ કરી ઘણી ઇજતથી રાખવા અને મોટો દરજ્જો આપવાની માગણી કીધી, પણ બેહરામે તે માન્યું નહિ અને લડાઇ ચલાવી, તથા એક રાતે અચબુચ છાપે-મારીને ખુસરોનું લશ્કર પરાગંદે કરી નાખ્યું. હોરમા

ઝદની સલ્લાહથી ખુસરો રૂમ તરફ નાશી ગયો અને તેની સાથે તેના બન્ને મામાઓ પણ ગયા; પણ હોરમઝદ સલામત રહે તે તેઓને દરૂસ્ત લાગ્યું નહિ માટે તેઓએ પાછા ફરી ગુપચુપ મહેલમાં જઇને તે કમબખ્ત અપંગ શાહાનશાહનો જાન લીધો, અને પાછા નાઠા. બેહરામ પાયતખ્ત ખાતે ફત્તેહમંદ આવી પહોંચ્યો, મગર તે આપખુદીથી શાહાનશાહ થઇ શકયો નહિ, તેથી એક મોટી ઇરાની અંજુમન બોલાવી, અને કોને શાહાનશાહ બનાવવો તે બાબદ ખુસરો તેમજ બેહરામ તરફથી ભારી તકરાર ચાલી. આખરે મત લેવામાં આવતાં બેહરામ શાહાનશાહ ચુંટી કઢાયો.

ખુસરોની નાશભાગ, રોમન શાહાનશાહની કીમતી મદદ

નાસતો ખુસરો બંદુની વફાદારી અને કુનેહથી બેહરામના સરદારના હાથમાં જઇ પડતો સેજમાં બચી ગયો. રોમન શાહાનશાહ મોરીસે ખોસરોના એલચી સાથે ઇજતથી વર્તીને મદદ માટેની ગોઠવણો કીધી; એવું ઠરાવવામાં આવ્યું કે ચોક્કસ શહેરો ખુસરોએ રોમનોને આપી દેવાં, અને મોરીસની શાહાનશાહઝાદી મેરાયા સાથે ખોસરોએ શાદી કરવી, અને રોમનોએ ખોસરોને તખ્ત પાછું મેળવવા મદદ કરવી; મોરીસે તથા તેની બાનુએ ખોસરો માટે "ઘણાજ

ઉમદા હદીઆ મોકલ્યા, અને ત્રણ કરોડ રૂપીઆ જેટલી રકમ લડાઇના ખરચ માટે આપી તેમજ સીતેર હજાર માણુસોનું લશ્કર નર્સી નામના ઇરાની સપાહસાલારની સરદારી હેઠળ મેળવી આપ્યું.

એ મદદથી ખોસરો બેહરામ સાથે ત્રણ મોટી લડાઇઓ લડયો અને છેલ્લીમાં તેનો તમામ પરાજય કીધો. એથી બેહરામ તુર્કસ્તાન તરફ નાશી ગયો. ત્યાંના મોટા ખાન પરમુદેહએ પોતાનો ખોફ ઉતારી નાખી બેહરામને તેની મુશ્કેલીના વખતમાં મોટી મદદ કીધી, પણ તેથી બેહરામ કંઇ કરી બજાવે તે આગમચ તો તે બાહાદુર સરદારનું ખૂન કરવામાં આવ્યું.

બેહરામ ચોબીનનો બળવો ઈરાનની તવારીખનો ઘણો બદબખ્ત બનાવ હતો. કારણ કે જેમ મહાન હખામન્યન શાહાનશાહતના વખતમાં ન્હાના સાઈરસના બળવાએ કીધું હતું તેમ બહેરામના બળવાથી ઉભાં થયલાં તડાંઓ નાશ પામ્યાં નહિ અને તેઓએ ઈરાનની કમબખ્તીનો પાયો ખોદી રાખ્યો.

બીજા હાથ ઉપર ખોસરોએ પોતાના બાપના ખુનીઓને શિક્ષા કરવાની મકસદથી પોતાના મામા બંદુને કતલ કરાવીને બીજા મામા ગસ્તહમને પાયતખ્ત ખાતે બોલાવ્યો હતો. તે ઉપરથી ગસ્તહમે પણ

ખોરાસાનમાં બળવો ઉઠાવીને રાજ્યપદ ધારણ કીધું અને બહેરામ ચોબીનની બહેન સાથે પરણીને પોતાનું જોર વધારી ખોસરોના સરદારોને તેણે ઘણા હંફાવ્યા, મગર તે પણ આખરે ખૂનનો ભોગ થઇ પડયો.

પ્રકરણ પચ્ચીસમું

મહાન શાહાનશાહ ખોસરો પર્વીઝ

સુરા સપાહસાલારો શહરબરાઝ અને શાહાનનો રોમન શાહાનશાહત ઉપર જબરો ધુજારો

આફ્રીકા ઉપર ચોથી પારસી ચહડાઇ

પેલેસ્ટાઇન, ઇજીપ્ટ અને ઇથ્યોપ્યા સુધીના મુલકોની ફત્તેહ

રોમન શાહાનશાહ સાથની ખોસરોની સગાઇને લીધે લાંબી મુદત સૂધી ઇરાન અને રૂમ વચ્ચે સલાહ રહી પણ એ પછી શાહાનશાહ મોરીસનું ખુન થયું માટે તેનું વેર લેવા ખોસરોએ રૂમ સાથે ઈ. સ. ૬૦૩ માં લડાઇ જગાડી. તેની આ ચઢાઇમાં શહરબરાઝ અને શાહાન નામના ઘણાજ બહાદુર સપાહસાલારોએ ઘણી નામદારી ભરી મદદ કીધી ખોસરોએ રોમનોના દારા વગેરે કીલ્લાઓ જીતી લીધા, અને સીર્યા, કેપેડોસ્યા વગેરે સર કરતો છેક એન્ટીઓક ઉપર હુમલો લઇ ગયો. તથા આર્મીન્યા જીતતાં ઇરાની લશ્કરે છેક કોન્સ્ટેન્ટીનોપલથી ફક્ત અર્ધા માઇલ દૂર આવેલાં શહેર ચાલ્સી·

ડોન સૂધી ફત્તેહો પાથરી દીધી. આખરે ઇ. સ. ૬૧૧ માં રૂમના નવા શાહાનશાહ હિરેકલીઅસે મોરીસના ખુનીઓને શિક્ષા કરવા કબુલ્યું. પણ એથી ખોસરો સંતોષ પામ્યો નહિ. તે રૂમી મુલકો ઉપર પાછી જોસથી ચઢાઇ લઈ ગયો. તેના બાહાદૂર સરદાર શાહરબરાઝે પેલેસ્ટાઇન સૂધી જીત લંબાવી જેરૂસાલેમ શાહેરને ટુંક ઘેરા પછી સર કર્યું; અને ત્યાંથી જ્યારે તે જીસસ પેગમ્બરનો ક્રોસ ઉંચકી લાવ્યો, ત્યારે આખી ખ્રિસ્તી દુન્યા દંગ બની ગઇ. શૂરો શાહરબરાઝ આટલાંથી ધરાયો નહિ. તે છેક આફ્રિકાના ખંડ ઉપર ધસી ગયો અને મિસર હાથ કરીને ત્યાં છેક ઇથીઓપ્યા સૂધી પોતાની ફત્તેહો લંબાવી. એવાજ નામદાર સરદાર શાહાને રૂમી પાયતખ્ત તરફ ધસારો કીધો અને ચાલ્સીડનને ઘેરો નાખ્યો.

રોમનો ઘણાજ ગભરાટમાં પડયા; કારણ કે જો કોન્સ્ટેન્ટીનોપલ ઇરાનને હાથ જાય તો રૂમી શાહાનશાહતનો અંત આવે. આથી શાહાનશાહ હિરેકલીઅસ પારસી સપાહસાલાર શાહાન આગળ ઇરાન માગે તે સરતો કબુલ કરવા આવ્યો, પણ ખોસરોએ હવે કશી વાત સાંભળવા ના પાડી. તેની બાનુ મેરાયાનો રૂમના તખ્ત ઉપર હક હતો તે મળે નહિ ત્યાં સૂધી રૂમ જીતવાની વાત મૂકી દેવાની તેણે ના પાડી. આથી રોમનો ઘણા નાસીપાસ થઇ ગયા. આખરે ચાલ્સીડોન પણ ઇ.

સ. ૬૧૭ માં જીતી લેવામાં આવ્યું. તે પછી અંગોલ અને રહોડઝનો મહોટો ટાપૂ પણ તાબે આવ્યાં. આથી ફીકરમાં પડી હિરેકલીઅસે કાર્થેજ નાસી જવાની ગોઠવણ કરવા માંડી અને તે તરફ ખજાનો મોકલવા માંડયો, પણ તેમાંનો ઘણોક ખોસરોના હાથમાં જઇ પડયો.

રોમન પ્રજાને જેવી આ વાતની ખબર પડી વીતે તે ઉશ્કેરાઈ ઉઠી, અને હીરેકલીઅસને નાસતાં અટકાવવામાં આવ્યો. વડો ધર્મગુરૂ તેને ફરજ્યાત સેંન્ટ સોફાયાનાં દેવળમાં લઇ ગયો, અને તેને ગંભીર સોગંદ આપ્યા કે ગમે તેવી આફત આવી પડે તોપતેણ પોતાનાં શહેરને છોડી જશે નહિ. અને એ ઉપરથી હીરેકલીઅસે મરણીયા થઇને લડવાનો ઠરાવ કીધો.

પ્રકરણ છવ્વીસમું

જાહોજલાલીની ટોંચે પહોંચી ગએલી ખોસરો પરવીઝની શાહાનશાહત

ઉમ્દા બાંધકામો

ઉપલા અરસામાં એશિઆ તેમજ આફ્રિકામાંની તમામ રોમન શાહાનશાહત ખોસરો પરવીઝના હાથમાં જઇ પડી હતી. તેથી તે આબાદી ભરેલા મુલકોની ગંજાવર આવકો ઇરાનને મળવા લાગી. વળી તેણે પોતાની મહાન સલતનતનો કારોબાર એવી ઉંચી પંક્તિ ઉપર મુકી દીધેલો હતો કે તેની આમદાની પણ ઘણીએક વધી પડી. પોતાની બહોળી શાહાનશાહતમાં ચાર ઉભાં લશ્કરો ગોઠવી રાખીને અને સરવે કામો નિયમિત અને કાયદાસરજ થતાં રહે એવું કરીને તેણે એવો ઉત્તમ બંદોબસ્ત સરવે ઠેકાણે ફેલાવી દીધો હતો કે તેથી વેપારવણજ પણ ઘણોજ વધી પડયો. અને સરવે બાજુએથી ઇરાનની અંદર દોલતની રેલછેલ થઇ પડી.

એ ગંજાવર દોલતનો ઉપયોગ ખોસરોએ ઘણોજ

અરછા શોખથી કીધો. અને તેમાં તેણે જે કાંઇ કીધું તે એવું તો ઉમદા અને કમામ ભરેલું હતું કે તેના વખતમાં ઈરાનનાં તાજનો ભપકો પરીઆંઓની વાતોમાં વાંચીએ ઝળટકાથી સુવાતે વધી પડયો.

ઈરાનના પારસી શાહાનશાહોમાં ઘણુંજ ઉમદા બાંધકામો ઉભો કરવાનો શોખ છેક અસલવારેથીજ હતો. આગલી પારસી શાહાનશાહતના વખતમાં જે મહાભારત બાંધકામો થએલાં હતાં તેણે હાલની દુન્યાને પણ છક કરી છે. તેવોજ ઉમદા શોખ સાસાન્યન શાહાનશાહોએ પણ બતાવ્યો હતો. તેમાં મહાન શાહાનશાહ ખોસરો નોશેરવાનના ગંજાવર મહેલ માટે કહેછે કે એક ખલીફે પોતાની આખી દોલત ખરચી નાખી તોપણ તેનાથી તે ભાંગી શકાયો નહિ એવો તે મહાભારત હતો ; અને તેનું દરશન અને બીજો કેટલોક ભાગ આજે પણ મોજુદ રહ્યાં છે. આરબ લખનારાઓ મુજબ તેનો પોર્ટીકો દોઢ સો ફીટ ઉંચા બાર ઝકઝકતા મારબલના થંભો ઉપર ઉભેલો હતો.

શાહાનશાહ ખોસરો પરવીઝે પણ બીજી ચીજો સાથે જગેજગ ગંજાવર ઘણાજ ઉમદા અને ઘણાજ કારીગીરી ભરેલા મહેલો ઉભા કરાવ્યા હતા. તેમાં મશીત, દસ્તગરદ અને કન્ઝકના મહેલો ખાસ પ્રખ્યાત છે.

મશીતનો મહેલ છેક પેલેસ્ટાઇન નજદીક મોએ-

બના મુલકમાં બાંધવામાં આવેલો હતો, તેની હેરતભરેલી કારીગીરી અને શોભા માટે એક નામીચો લખનાર જણાવેછે કે તેની ખુબસુર્તી અને તેના ઘાટઘટમની બરાબરનો દુન્યામાં બીજો કોઇ પણ મહેલ ન હશે.

દસ્તગરદના મહેલ માટે કહેછે કે તેને ચાળીસ હજાર ચાંદીના થંભો હતા. અને તેની અંદર ત્રીસ હજાર ઘણીજ ઉમદા કારીગીરીથી ભરેલા અને બેકીમતી પડદાઓ નાખેલા હતા. અને તેનાં છતમાં એક હજાર કીમતી અને ઝકઝકતા ગોળાઓ ટાંગી દીધેલા હતા.

કન્ઝકના મહેલમાં વખત, સેતારાઓ, અને ગ્રહોની ચાલ દેખાતી; તે સાથે તેમાં બીજા સુંદર દેખાવો બતાવેલા હતા; અને વખત તેમજ રૂતુના ફેરફાર સાથે તેમાં અજબ દેખાવો નજરે પડતા; તેમાં એવું સાંચા કામ ગોઠવેલું હતું કે તે ચલાવવાથી વરસાદ અને ગાજવીજનો ખ્યાલ આવતો.

અદભુત તખ્તગાહ

કદાચ એજ મહેલમાં ખોસરોનું પ્રખ્યાત તખ્ત-ગાહ બનાવેલું હોવું જોઇએ. તે નામીચો દરબાર હોલ બનાવવા માટે ચાળીસ હજાર માણસો રોકાઇ ગયાં હતાં, અને તેની બનાવટ માટે લખોબંધ બેમુલા રતનો વાપરવામાં આવ્યાં હતાં.

એ તખ્તગાહમાં ગોઠવેલાં તખ્તના પગો

અખંડ લાલના બનાવેલાં હતા એવું તે કીમતી હતું. અને તેને માથે ગોઠવેલાં ગંજાવર તાજમાં ઇંડાં. જેવડાં મ્હોટાં એક હજાર મોતીઓ મઢી લીધેલાં હતાં. તેની પાસે એક સાડી ચારસો ફીટ લાંબો અને નેવું ફીટ પહોળો ગાલીચો હતો. તેની તમામ કીનારી બે-કીમતી રતનોથી બનાવેલી હતી અને એક ઘણાજ ખુશનુમા બાગનો દેખાવ આપે એવી ઉમદા કારીગીરીથી તે રતનો ગોઠવેલાં હતાં.

બેકીમ્મતી જાનવરો, ખજાનાઓ, મ્યુઝયમો, વિગેરે

તેના વપરાશ માટે એક હજાર સફેદ દુધ જેવા અને ગંજાવર કદના હાથીઓ હતા, તેમજ બાર હજાર શુદ્ધ સફેદ ઉંટો હતાં, તથા પચાસ હજાર ઘણાજ કીમતી ઘોડાઓ હતા.

એ સર્વે જાનવરો માટે તમામ સોનાના સાજો હતા. અને તે સરવેને ઘણીજ ચુનન્દી તર્બીયત આપેલી હતી. પેલા ગંજાવર હાથીઓને એવી કેળવણી આપેલી હતી કે જેવા તેઓ શાહાનશાહને જોય તેવાજ તેઓ ગુંઠણુમંદીએ પડતા.

એ સરવે ઉપરાંત દુન્યાની તરહેવાર હેરતભરેલી ચીજો તેની પાસે હતી. કીમતી જવેરાતો અને ઉમદા

ચીજોથી ભરેલા તેની પાસે સાત ખજાનાઓ હતા. અને બેકીમતી અસ્બાબોથી ભરેલા સંખ્યાબંધ ભંડારો હતા.

તેનો શબ્દીઝ્ નામનો ઘોડો પુરાતન દુન્યામાં ખાસ પ્રખ્યાત થએલો છે; અને તેનો બાર્બદ્ નામનો ગવૈયો ગાયનના ખુદાઇ હુન્નરમાં હેરતભરેલી હદ સૂધી પ્રવીણ હતો.

નિયમિતતા અને દબદબાની રીતભાતો મહાન ખોસરોએ પોતાના સર્વે પ્રકારના કારોબારમાં દાખલ કીધેલી હતી. તે એટલાં પરથી જણાશે કે પોતાનાં જૂદાં જૂદાં કામો વાસ્તે તેણે નવ મહોરો રાખેલી હતી. તે દરેક જૂદી જૂદી ચીજોની બનાવેલી હતી અને તે દરેક ઉપર જૂદી જૂદી આકૃતિઓ અને જૂદા જૂદા મુદ્રાલેખો કોતરેલા હતા; અને તે દરેકને તે જે કામ માટે વાપરવાની હતી તે સાથે સંબંધ હતો. દાખલા તરીકે સરકારી ખતો ઉપર મારવા વાસ્તેની મહોર ઉપર 'ઉગમણનું ખોરેહ' એવો મુદ્રાલેખ હતો, જ્યારે ટપાલ માર્ફતે મોકલવાનાં કાગજો ઉપરની મહોર ઉપર 'ઝડપ' એવો મૂદ્રાલેખ હતો.

પ્રકરણ સતાવીસમું

ખોસરો પરવીઝ સામે જબરો બળવો

ઉમરાઓની સભા સન્મુખ તેની તપાસ

સાસાન્યન શાહાનશાહત પરની આફતોની શરૂઆત

એવો મામલો અગીઆર વરસ સૂધી ચાલુ રહ્યો. અને તે દરમેઆન મહાન ખોસરો પરવીઝ મ્હોટાઇની ટોંચે આવી પુગ્યો હતો. જ્યાં સૂધી દુશ્મન સામે લડવાનું હતું ત્યાં સૂધી તો ઈરાની તડાંઓ સંધાઇ ગયાં હતાં. પણ મામલો શાંત થતાંજ પાછી ફાટ જણાવા લાગી. દેખીતી અજીત મ્હોટાઇ અને જાહોજલાલી છતાં લોકોનાં દીલમાં અજબ તરેહની ધાસ્તી પેદા થયા કરતી હતી. પાદશાહો, અમીર ઉમરાઓ અને સાધારણ રઇઅત ભયંકાર સ્વપ્ના જોઇ ઉઠતા. વારંવાર ખરાબ શગનો દેખાતા. કાંઇ ભયંકાર આફત આવી પડવાની હોય તેમ સૌનાં દીલ રંજીદા બની રહ્હયાં હતાં. અને ખચ્ચીત આવતા બનાવોની આ એક આગાહી હતી.

ખોસરો રોમનોને કચડી નાખવાનાં મજબૂત પગલાં લેવાને બદલે તેઓના મુલકોનો ધણી થવાથી

સંતોષી બની રહયો હતો. કોન્સ્ટેન્ટીનોપલ જેવું શહેર જીતવાની ઝડપી મહેનત તેણે ન લીધી, અને એશ-આરામમાં પડયો, તેમજ મ્હોટાઇના આવેશમાં ગરૂરી પકડી લોકો સાથે આડી ચાલ ચલાવવા માંડી, તેથી લોકો નારાજ થવા લાગ્યા.

બીજા હાથ ઉપર રોમનોએ મારવું કે મરવું એવો વિચાર કરી થોડીક મુદતની સુલેહ માટે અરજ કીધી. તે મોટી ખંડણી લઇને કબુલ કરવાની ખોસરોએ ભુલ દેખાડી. રોમનોએ કોન્સ્ટેન્ટીનોપલ સલામત જોઇને ઇરાની સલતનત ઉપર અચબુચ દરોરા લઇ જવાની ગોઠવણ કરવા માટે સુલેહની તક લઇ જોઈતી તઇઆરીઓ કીધી. અને ખાજાર લોકોને આર્મીન્યા ઉપર ઉતરી પડવા ઉશ્કેરી બીજી બાજુએથી હિરેકલીઅસે એશિઆમાં દાખલ થઇને લુટફાટ ચલાવી. શૂરો શહુરબરાઝ તેને હાંકી કાઢવાનું કે પકડવાનું કામ પહેલકે બજાવવાને બદલે આર્મીન્યામાં દોડી ગયો. આથી રોમનોએ એશિઆની પશ્ચિમની પ્રજાઓને હેરાન કરવા માંડી. ખોસરોને હવે કોન્સટેન્ટીનોપલ જીતવાનું સુજ પડયું, માટે શહુરબરાઝના યુરોપ્યન મિત્રોએ તેને ઘેરો નાખ્યો. પણ પારસી શૂરવીરો જેઓ શેહેરો અને કીલ્લા જીતવામાં એકકા હતા તેઓ મજબુત કાફલા વગર પોતાના મિત્રોની મદદે જઇ શકયા નહિ; તે ઉપરથી હિમત પકડીને હિરેકલીઅસ

સામો એશિઆમાં ધસી આવ્યો અને ઇ. સ. ૬૨૮માં તેણે ખોસરોનું માનીતું શહેર દસ્તગરદ લુટયું.

ખોસરોના મનમાં હવે શંકા પેદા થવા માંડી કે તેના સરદારો તેનાથી બેદિલ થઇ દુશ્મનો સામે બરાબર લડતા ન હતા. માટે તેણે તેઓ સાથે એવી સખત ચાલ ચલાવા માંડી કે તેઓ સરવે ધીરેધીરે તેનાથી દૂર થઇ ગયા. તેઓએ એકઠા થઇ રૂમીઓને ઇરાનપર દરોરો લાવવા ઉશ્કેરવાનું ભુંડું કાવતરૂં રચ્યું, પણ ખોસરોની બાહોશીથી તેઓ ફાવ્યા નહિ. ત્યારે તેઓએ રૂમીઓની ઉશ્કેરણીથી ફર્રોખઝાદ અને બીજા સરદારોની બાંહેધરી હેઠળ બળવો ઉઠાવ્યો અને ખોસરોને હરાવી કેદ કીધો. હવેથી ઇરાનની બદબખ્તીની અફસોસકારક તવારીખ શરૂ થઇ. ખોસરો ગમે તેવો મોજીલો અને તુંદ મીજાજનો હોય તોપણ તેણે ઇરાનનું નામ ઝળકાટભર્યું કરી મુક્યું હતું. પણ આ જે કાંઇ બનતું હતું તે ઇરાનની મ્હોટાઇને કચડી નાખનારા અને દિલ રંજીદા કરનારા દુઃખદાયક બનાવો માટેની જાણે તઇઆરીઓ થતી હતી. મહાન ખોસરો પરવીઝના હાથ હેઠળનું ઇરાન સંપથી અને દેશાભિમાનથી રહ્યું હોત તો આરબો તો શું પણ તેવી કાંઇક પ્રજાઓ ઇરાની શાહાનશાહતને જરા અલવલ પણ આવવા દેત નહિ. પણ હવે કમબખ્તીનો અઇઆમ આવી પુગતો હોય તેમ સરવેને ઉંધું

સુજ. પડવા લાગ્યું. ખોસરોની મકસદ પોતાની માનીતી અને વફાદાર બાનુ શીરીનના બેટા મરદાન-શાહને તખ્ત આપવાની હતી. માટે તે વાતનો લાભ લઇને ઇ. સ. ૬૨૮ માં રૂમી શાહાનશાહઝાદી મેરા-યાના બેટા શિરૂઇયને કોબાદ બીજાને નામે બંડખોરોએ શાહાનશાહ બનાવ્યો. એણે એક દરબાર નેમી ખોસરોનાં તેની પાદશાહતની શરૂઆતનાં કેટલાંક કામો માટે ઢોંગી તપાસ ચલાવી તેને તકસીરવાર ઠેરવ્યો. તેની નજર આગળ તેનાં વ્હાલાં ફરજંદોને કતલ કીધાં. ઇરાની સરદારોએ તેનાં મોઢાં ઉપર ફીટકાર નાંખ્યો. અને જાણે આ બધું બસ ન હોય તેમ એક ખુનીને મોકલીને એ કમનસીબ શાહાનશાહનું લોહી રેડયું. એક મહાન શાહાનશાહનો આ ઘણો અફસોસકારક ફેજ થયો. પણ ઇરાન સામે હવે કુદરત પણ રૂઠી અને જે કામ કોઇથી પણ ન બને તે તેનીજ મદદથી આરબો જેવી એક પ્રજાને હાથે બન્યું.

પ્રકરણ અઠ્ઠાવીસમું

પારસી શાહાનશાહતમાં ભયંકર રાજદ્વારી તોફાનો

મહાન ખોસરો પરવીઝનાં નામને ધન્ય છે કે પોતાની ગમે એવી મુશ્કેલીઓ છતાં રોમનોના જીતેલા મુલકોમાંનો એક પણ ભાગ પાછો તેઓના હાથમાં જવા પામે નહિ એવો તેણે તેઓપર કાબુ રાખ્યો હતો. પણ કંગાલ શિરૂઇયએ તેઓ સાથે એવો બંદોબસ્ત કીધો કે તેની મુશ્કેલીની વખતે રોમનો તેને મદદ આપે, અને તે કબુલાતના બદલામાં તેઓના મુલકો તે રોમનોને પાછા સ્વાધીન કરે. પણ બહાદૂર વાઇસરૉય અને સપાહસાલાર શહરબરાજે તે મુલકો રૂમીઓને આપવા સાફ ના પાડી, અને રૂમીઓ તેમ કરવાની તેને ફરજ પાડી શકયા નહિ.

શિરૂઇયએ પાદશાહી અને ઉમરાવી ખાનદાનના નબીરાઓનું લોહી રેડવામાં કશું બાકી રાખ્યું નહિ. તેનાં કંગાલ રાજ્યના હીંગામમાં ઇરાનમાં તોફાનોનો વંટોળિયો ફરી વળ્યો. જગેજગ બળવા, મારામારી અને ફેસાદ ચાલ્યાં અને આટલુંજ બસ નાહ હોય તેમ તમામ ઇરાની મુલકોમાં ભયંકર મરકી ફાટી નીકળી. તેમાં પાપોથી પસ્તાતો શિરૂઇય પણ સપડાયો

અને થોડાક માસનાં રાજ્ય પછી મરણ પામ્યો. એ પછી ઇરાનમાં એવા ગડબડ ઘોંટાળા અને એવી ઉથલપાથલો થઈ પડી, કે ખોસરો પરવીઝનાં મરણ પછીનાં ફક્ત ચારજ વરસમાં અગીઆર શાહાનશાહો અને શાહાનશાહબાનુઓ ઇરાનનાં તખ્ત ઉપર બદલાઇ ગયાં. મામલાએ કેવું રૂપ પકડ્યું હશે તે આ ઉપર-થીજ જણાશે.

શિરૂઇય પછી તેનો બાળક બેટો અર્દશીર તખ્તે બેઠો પણ તે સાંભળતાં વાર શૂસ શહરબરાઝને ભુંડી બુદ્ધિ સુઝી. તેને કદાચ રોમનોએ તે સુઝાડી રોમનોની મદદની આશા રાખીને તેઓના મુલકો તેણે તેઓને આપી દીધા અને પોતાનું લશ્કર ઇરાનનું તાજ લેવા ખેંચી લાવ્યો. આ ગડબડમાં અર્દશીરનું ખુન થયું અને શહરબરાઝ પોતાના વડા બેટાનાં મજબુત વાંધા છતાં શાહાનશાહ થયો. થોડાજ વખતમાં તેને મારી નાખવામાં આવ્યો, અને અર્દશીરના ભાઇ ખોસરોને લોકોએ શાહાનશાહ નેમ્યો. તેનો પણ છ માસમાં અંત આવ્યો, અને ખોસરો પરવીઝની ભલી, ઘણી શીખેલી, અને બાહોશ બેટી પુરાનદોખ્ત શાહાનશાહ-બાનુ થઈ. તેણીની ભલાઇ, બાહોશી અને બહાદૂરીથી આ આફતો ટળે એવું જણાવા લાગ્યું, તેટલામાં તે ટુંક માંદગીમાં તેણીનું મરણ નીપજ્યું. તેણી પછે એકજ વરસના અઇઆમમાં શેહનન્દેહ શાહઝાદો

ખોસરો પરવીઝની બીજી બાહોશ બેટી આઝોર્મી-દોખ્ત, અને ખોસરો, ફીરોજ, ફરૌખઝાદ, અને હોરમઝદ એઓએ ટુંક મુદત માટે શાહાનશાહીપદ ભોગવ્યું. અને આખરે ઈ. સ. ૬૩૨ ના જુન માસમાં આ કમબખ્તીથી ધ્રુજતાં તખ્ત ઉપર ભલો અને બહાદુર પણ કમનસીબ યઝદગરદ બેઠો.

પ્રકરણ ઓગણત્રીસમું

શાહાનશાહ યઝદજર્દ શહરયાર

આરબોની જાગૃતિ

હવે જ્યારે ઇરાનની મહાભારત શાહાનશાહત પોતાની મેળે કકડા ભુકલા થઇ જઈ નાશ પામવા માગતી હતી, ત્યારે આરબ ટોળાઓ એક બાહોશ નરની બાંહેધરી હેઠળ એકઠા થઇ પોતાનો નવો મઝહબ ફેલાવવા માટે જનુન પકડી આગળ વધવા માટે તઈયાર થતા હતા. ઈરાનમાં તો બખેડાઓનો અઇઆમજ થઇ પડયો હતો.

માનીચ્યન, મઝદકી, ખ્રિસ્તી વગેરે ધર્મોએ જરતોશ્તી ઇરાનમાં ભંગાણો પાડીને અંધકાર ફેલાવી દીધો હતો, અને શાહાનશાહી ખુનરેઝી વગેરેથી કજીઆ કંકાસ અને મારામારી ચાલી રહ્યાં હતાં. તેઓથી ઇરાનીઓને વારવા માટે તેઓની અન્જુમનો તેડીને બેહઝાદ નામનો દાનેશમંદ શખ્સ છટાદાર ભાષણો આપતો હતો. પણ આથી તેની સામે ગંભીર દુશ્મની ઉભી થઇ અને પોતાના જાનની સલામતી ખાતર તેને પોતાના મિત્ર પેગમ્બર મોહમ્મદ આગળ મદીના ખાતે નાસી જવું પડયું. દીનઆઇનની બાબદોમાં તેમજ દુશ્મનો સામે લડવામાં તે એવો ઉપયોગી થઇ પડયો અને તેની બાહોશીએ એવી અસર કીધી કે

મોહમ્મદ પેગંમ્બરે તેને સલ્માને પારસીનું નામ આપ્યું; એટલે યાહુદી, ખ્રિસ્તી તથા એસ્લામી પ્રજાઓમાં સોલોમન પાદશાહના ડહાપણનાં જે મ્હોટાં વખાણ થાય છે તેવાં વખાણને લાયકનો તે જણાયો. જ્યારે બેહઝાદ પારસીની મોટી મદદ એસ્લામીઓને ખાસ કરીને દીનઆઇનની બાબદોમાં મળી ગઇ ત્યારે યમનના પારસી વાઇસરૌય બાઝાને તથા યમનના તમામ પારસીઓએ ઇરાનીઓમાં દીનની બેદરકારીનો અંધકાર ફેલાવાને સબબે રાજીખુશીથી નવો મુસલમાની ધર્મ અખ્ત્યાર કરી લીધો અને તે મઝહબને એક ઘણીજ અગત્યની મદદ આપી. આટલુંજ નહિ પણ શહરબરાઝે પશ્ચિમ એશિઆમાંનું જબરૂં ઇરાની લશ્કર તખ્તની લાલચે ખેંચી લઇને બી મુસલમાનોનાં કામોને સહલ કરી આપ્યું. અને તેથી યઝદગર્દની પાદશાહીની શરૂઆતમાંજ મુસલમાન આરબોએ સિર્યા પેલેસ્ટાઇન તથા ઇજીપ્ત સહેલાઇથી હાથ કરી લીધાં. તે પછી ખલીફ અબુબકરના વખતમાં મેસોપોટેમ્યા પણ તેઓએ જીતી લીધું.

ઇરાનનો નાશ કરનાર કોણ પ્રજાઓ હતી?

સાધારણ રીતે એવું માનવામાં આવે છે કે જંગલી આરબોનાં ટોળાંઓએ મહાન સાસાન્યન શાહાનશાહતનો અંત લાવી મુકયો હતો. મગર એ

વિચાર ઘણે દરજ્જે ભુલ ભરેલો છે. જેઓએ સાસાન્યન શાહાનશાહતનો નાશ કીધો હતો તેઓ ફક્ત જંગલી આરબોનાંજ ટોળાંઓ ન હતાં. તેઓ તો એકજ ઝુંડા હેઠળ જાગૃત થઇ એકઠી મળેલી લગભગ તમામ સેમીટીક પ્રજાઓ હતી, અને તેઓમાંની ઘણી એક સારી રીતે સૂધરેલી અને જબરી પ્રજાઓ હતી.

ઇરાન ઉપર આરબો હુમલો લાવ્યા તે આગમચ તો તેઓએ સેમીટીક પ્રજાઓના સર્વે મુલકો જીતી લીધા હતા. અને તેઓમાંના ઘણાકોમાં પોતાનો નવો મઝહબ તેઓએ ફેલાવી દીધો હતો. અને તેથી જેમ લોહીથી તેમ દીનથી પણ તેઓ એકત્ર થયલા હતા.

જે દુશ્મનો સામે પારસીઓની છેલ્લી શાહાનશાહતને લડવાનું હતું તે દુશ્મનોની સફોમાં પુરાતન દુન્યાની મહાન પ્રજાઓ એસીર્યનો અને બેબિલોન્યનોના તેમજ ફીનીશ્યનોના નબીરાઓ હતા. અને તેઓ સાથના પાલ્મીરા અને બઆલબેકના તેમજ યમનના તથા મેસોપોટેમ્યાના સેરેસન સેમાઇટો અથવા આરબો કાંઇ થોડાજ સુધરેલા ન હતા.

પાલ્મીરાના સેમાઇટો અથવા આરબો રોમનો અને ગ્રીકોના સુધારાને પુગી વળ્યા હતા; અને પાલ્મીરા અને બઆલબેકનાં રોમન અસરો હેઠળ બંધાયલાં શેહેરો કોઇ પણ રોમન શેહેરને ટક્કર મારે એવાં ઉમદા હતાં.

અત્યાર સુધી આવી જબરી અને ઠીક સુધરેલી સેમાઇટ પ્રજાઓએ કશું કરી બજાવ્યું ન હતું તેનું કારણ એજ હતું કે તેઓ સર્વે વ્હેંચાઇ ગએલી હતી. પણ જેવી તેઓને એકત્ર કરવામાં આવી તેવીજ તેઓએ પોતાનું પાણી બતાવી આપ્યું.

વળી તમામ સેમીટીક મુલકો ઉપરાંત ઇજીપ્ટ પણ તેઓના હાથમાં જઇ પડેલું હતું, તેથી તેમનું જોર કાંઇ જેવું તેવું થઇ પડેલું ન હતું. અને એ સર્વે ઉપરાંત પોતાની નવી દીન માટે જે જુસ્સો તેઓમાં પેદા થઈ પડયો હતો તે એવો હતો કે તેની સામે કોઇપણ પ્રજા ટકી શકતેજ નહિ. આવાં જબરાં જોર સામે પારસીઓએ જે કરી બજાવ્યું તેટલું બીજી કોઇબી પ્રજા કરી બતાવતે એ શક ભરેલું છે. વળી એ વખતે પારસી પ્રજા કાંઇ પોતાનાં પૂરેપૂરાં જોરમાં ન હતી, તેમજ કુદ્રતી સંજોગો પણ ઘણી રીતે તેની સામે ગયા હતા. અને તેથી ચારે બાજુ ઉભેલા મ્હોટા દુશ્મનો સાથે યુદ્ધ મચાવતી અને માંહોમાંહેની ફાટ-ફુટથી ચીરાઇ ગએલી અને જખ્મી થઇ રહેલી તે વીરલી પ્રજાએ આરબો સામે જેટલું કરી બતાવ્યું તે તો સાહસકરમજ કહેવાશે.

બુલંદ સાસાની શાહાનશાતહનો નાશ

જ્યારે ઓમર ખલીફ થયો ત્યારે અરબસ્તાન ઉપરાંત સીર્યા, પેલેસ્ટાઈન, ઇજીપ્ટ, અને મેસોપોટેમ્યા

ઉપર મુસલમાનોની સલતનત ફેલાઇ રહી હતી. પોતાના પગમાં જોર આવેલું જોઇને, તેમજ ઇરાનની માહેતી ખબરોથી તેણે જાણી લીધું હતું કે તેની મહાભારત શાહનશાહત માંહોમાંહેના ટંટા ફેસાદથી ચીરાઇ રહેલી હતી, ત્યારે એક દીને પોતાના સરદારોની મજલેસ તેડીને ઇરાન ઉપર ચ્હડાઇ લઇ જવાની વાત તેણે છેડી. કેટલાક કહેછે કે બેહઝાદે, યમનના મુસલમાન પારસીઓએ, તેમજ ખુદ ઇરાની સલતનતના કેટલાક લાલચુ અને બેવફા સરદારોએ તેને તે માટે ઉશ્કેર્યો હતો. પણ ઇરાનનાં મહાભારત અને અજીત બળની દુન્યામાં એવી નામના થઇ પડી હતી કે મુસલમાન સરદારોએ જ્યારે ખલીફ ઓમરથી એ વિચાર સાંભળ્યો ત્યારે તેઓ ગભરાટથી દંગ થઈ ગયા. તેઓ કહેવા લાગ્યા કે શું ઇરાની શાહાનશાહતના અજીત બળથી ઓમર અજાણ્યો હતો? કે શું ઇરાની સલતનત સામે માથું ઉઠાવવામાં આવે તો તેઓ ઝટવારમાં કચડાઇ જાય તે તેને માલમ ન હતું? પણ ધરમના જનુનથી જ્યારે તેઓને ઉશ્કેરવામાં આવ્યા, તેમજ યમનના પારસીઓની તેમજ બીજા ઇરાનીઓની મદદની સમજ પાડવામાં આવી ત્યારે તેઓ એ કામ માટે કબુલ થયા.

આરબોએ એવી ગોઠવણ કીધી કે ઇરાનમાં પેઠેલાં પહેલાં લશ્કરની પૂઠે બીજી ઝડપી મદદો મોકલ્યા કરવી. ઇરાની સરહદના બચાવ માટે ફક્ત બે હજાર સીપાહો સાથે જાબાન નામનો બાહાદુર

સરદાર ઉભો હતો, તેણે આરબોના ચાર હજાર માણસોને કાપી નાખીને ગભરાટ ફેલાવી મુકયો. પણ આરબોએ જનુનથી ધસી આવીને તેને કેદ કીધો, અને મુસલમાન થવાની ફરજ પાડી. તે છતાં યુફ્રેતીસ નદીને આ પાર આરબોના લશ્કરને ઈરાનીઓએ સખત માર મારીને નદીમાં ડુબાડી દીધું.

એ હારને લીધે તેમજ મેહરાન નામના શૂરા પારસી સરદારે બીજી લડાઇમાં દુશ્મનોની જબરી કતલ ચલાવી ત્યારે આરબો ઘણી ધાસ્તી ખાઈ ગયા, પણ ઓમરે બીજું જબરૂં લશ્કર સઆદ બિન વક્કાસની સરદારી હેઠળ ઇ. સ. ૬૩૯ માં મોકલ્યું. તેની સામે ઈરાનનો બહાદુર સપાહસાલાર રૂસ્તમ ફર્રોખઝાદ કદેસીયાનાં મેદાનમાં લડવા આવ્યો, અને ત્રણ દિવસ સુધી દુશ્મનોને ઘણા હંફાવ્યા. ચોથે દિવસે રૂસ્તમે સઆદના ઘોડાને બેજાન કીધો અને આરબ સરદારને બેજાન કરવા સામો ધસ્યો એટલે રેતીનું જબરૂં તોફાન થઈ આવીને રેતી ઈરાનીઓની આંખમાં ઉડવાથી ગભરાટ મચી રહ્યો, અને ગડબડમાં બહાદુર રૂસ્તમ માર્યો ગયો. આથી ઈરાનીઓ પોતાની કઢંગી રૂઢી મુજબ હઠી ગયા; તોપણ દશ હજાર બહાદુર પારસીઓ પોતાની જગા ઉપરથી જરા પણ ખસ્યા નહિ અને દુશ્મનો ઉપર એવો તો મારો ચલાવ્યો કે દુશ્મનોનાં છ હજાર માણસો માર્યાં ગયાં ત્યારેજ હઠયા.

આવી કઢંગી રીતે થયલી ઈરાનીઓની કમબખ્ત હોરે ઈરાનની શાહાનશાહતના બંધ તોડી નાખ્યા. એક ગમથી કેટલાક શૂરા સરદારો દુશ્મનોને માહત કરવા મથી રહ્યા, ત્યારે બીજા બેદિલ થઈ રહેલા સરદારો અને હાકેમોએ સામી તેઓને મદદ આપી. પણ આવા ભુંડા કરમોથી તેઓ કશા સુખી થયા નહિ, કારણ કે આરબોની દોસ્તીથી તેઓને કશી પણ ઈજ્જત મળી શકી નહિ. એ પછી આરબોએ કેટલીક જીતો મેળવી જેમાં સુસ્યાના બાહાદુર હાકમ હોરમઝ્દે ઘણું શૂરાતન દેખાડયું.

પણ હવે ઇરાની સપાહસાલાર ફીરૂઝાને બીજું લશ્કર જમા કરીને દુશ્મનોને સંભાળથી જેર કરવાનો ઠરાવ કીધો. ઇ. સ. ૬૪૧ નાં વરસમાં નેહાવંદનાં મેદાનમાં બન્ને લશ્કરો મળ્યાં અને બાહોશ ફીરૂઝાને દુશ્મનોને બચાવની જગા પર રહીને સાબુત ફટકાઓ મારી ફિકરમાં નાખ્યા. જ્યારે કાંઇજ વળ્યું નહિ ત્યારે આરબોએ ઇરાનીઓ માટે દગાની જાળ પાથરી, અને તેમાં હુલ્લડ પારસીઓ સપડાઇ પડયા. આરબોએ ખલીફ ઓમર મરણ પામ્યો છે એવી ખોટી બૂમ ઉરાડી નાસવાના ઢોંગ કીધા; તેથી લલચાઇ ઇરાનીઓ તેમની પૂઠે દોડયા. આરબોએ બે દિવસની મંજલ સૂધી સલામતીથી દૂર તેમને ખેંચી લઇને લડાઇ ચલાવી. પારસીઓ ઘણીજ બાહાદુરીથી લડયા અને દુશ્મનોના સરદાર નઓમાનને કતલ કીધો;

તે છતાં તેઓએ કીધેલી ભુલ સુધરી શકી નહિ, અને તેઓને શિકસ્ત ખમવી પડી, કેમકે આરબોને તો ચાલુ અને ઉતાવળી મદદો મળતી રહી, જ્યારે તેઓ એમ દૂર ચાલી આવવાથી કશી મદદ મેળવી શક્યા નહિ. એ પછી રએ• અને ઇસ્પહાન પણ દગાથી દુશ્મનોને હાથ ગયાં.

પ્રકરણ ત્રીસમું

મહાભારત સાસાની શાહાનશાહતનો અંત

કમનસીબીમાં ઘેરાઇ ગએલો ભલો અને દુઃખી યઝદગર્દ; તુરાનની મદદ માટે તેનું જવું; અને તેનું કમનસીબ મોત

કમનસીબ યઝદગર્દની આખી બાદશાહી આ અચણુચ ઉગી નીકળેલા દુશ્મનોની સામે લડવામાંજ ખલાસ થઇ. તે ફકત પંદર વરસની ઉમરે ગાદીએ બેઠો હતો, અને રાજ્ય કારોબાર તેને તખ્ત આપનાર સરદારોના હાથમાં હતો. એટલે તેણે લડાઇઓ સપાહુ-સાલારો મારફતેજ ચલાવી હતી; પણ તે બાહાદુર નજ હતો એમ કહેવાશે નહિ. તેણે કોઇ રીતે ખરી આપ-ખુદીથી રાજ્ય ચલાવ્યું ન હતું એટલે તેનામાં પકકું મન ન હતું. એ એનાજ જેવા કમનસીબ પારસી શાહા-નશાહ દારાયસ કોદોમેનસના દાખલાને ઘણીક રીતે મળતું આવે છે.

દુશ્મનોની જીતોથી નાસભાગ થતાં તબ્રીસ્તાનના હાકમે યઝદગર્દને ઘણી ઓજરખાહીથી ત્યાં આવવાનું ઇજન કીધું. આ તેણે માન્યું હોત તો ત્યાંના ઇરાની-

ઓની હીમ્મત રહેતે, અને કદાચ તેનાં નામનાં જોરે મજબુત ગોઠવણો કરી શકાતે. પણ યઝદગર્દને હવે તુરાની પ્રજાની મદદ લઇને દુશ્મનો સામે લડવાની સલ્લાહ મળી હતી. માટે તે મર્વ તરફ જઇ પુગ્યો. ત્યાંનો બૂરો અને લાલચુ હાકમ માહુએ સુરી નામનો હતો. તેણે શાહાનશાહને તેને આશરે આવેલો જોયો ત્યારે તેણે મનમાં ભુંડી ઉમેદો બાંધવા માંડી. ઇરાનના તખ્તનો માલેક થવાની તેને લાલચ થઇ.

કેવા અફસોસકારક બનાવો! હજી ટંટા ફેસાદ અને આપ મતલબના છેલ્લે છેલ્લે જડ ઘાલી બેઠેલા દુર્ગુણોએ ઇરાનીઓને છોડયા નહિ. તુરાનીઓના પાદશાહ બેજનથી ઇરાનમાં બનતા બનાવો અજાણ્યા નહતા, અને તે ઇરાનીઓને બનતી મદદ આપવા ખુશી હતો. એટલામાં માહુએ તેની ઉપર દગા ભર્યું નામું લખીને ઇરાનીઓ ઉપર વેર લેવા ઉતરી આવવા તેને કહ્યું. માહુની મતલબ એમ કરીને શાહાનશાહનું કાટલું કાઢવાની હતી. પણ બેજનને તેના નામાથી ગુચવણ પડી, વાસ્તે ફકત દશ હજાર સવારો લઇને ખરી બીના શું છે તે સમજવા ઝડપથી મર્વ ખાતે તે આવી પહોંચ્યો. તુરાનીઓ તેની સાથે લડવા આવ્યા છે એવું યઝદગર્દને સમજાવી માહુએ લડવાવાની જુઠી તઇયારીઓ કીધી. પોતાની એવી મુશ્કેલીના આઇઆમમાં જેઓ ઉપર મદદનો મદાર બાંધેલો

તેઓજ પડતીના વખતમાં પણ દુશ્મનો તરીકે આવી ઉભા એવું કમનસીબ યઝદગર્દે જાણ્યું ત્યારે તેને કેવું દુઃખ ઉપજ્યું હશે તે વિચારવું મુશ્કેલ નથી. પણ તેથી તે ડરી ગયો નહિ. લડાઇના મેદાનમાં આવી તેણે એવાં શૂરાતનથી દુશ્મનો ઉપર ધસારો કીધો કે તેઓમાંના ઘણાક તેની શમશેરના ભોગ થઇ પડયા. પણ પોતાની બેહદ અજાયબી વચ્ચે દુઃખી યઝદગર્દે માહુનાં લશ્કરને લડાઇથી દૂર થઇ જતું જોયું, ત્યારે મેદાન છોડવા સિવાય તેનો કશો પણ છૂટકો રહ્યો નહિ. અને અંધારી રાતે અફસોસ ભર્યો અને દુઃખી દિલે ખોસરો નામના એક દળનારનાં મકાન આગળ તે આવી પહોંચ્યો. માહુએ તો ગડબડમાં તેના કતલ થઇ જવાની આશા રાખી હતી, પણ જ્યારે તેણે આ જાણ્યું ત્યારે તેની ધીરજ રહી નહિ. તેણે ખોસરોને શાહાનશાહનો જાન લેવાનો છુપો હુકમ કીધો, અને નહિ તો તેનેજ ઠાર મારવાની ધમકી આપી. બીજા ઇરાની સરદારોને આ વાતની ખબર પડી તેવા તેઓ માહુ આગળ દોડી ગયા. તેને તેનાં ઘાતકી પગલાંથી વારવા માટે તેને ઘણો સમજાવ્યો, તેની ઉપર ઘણો ફીટકાર નાખ્યો, પણ તેણે કશું માન્યું નહિ, અને આખરે બીહકણ ખોસરોએ રડતો જઈ દગાથી શાહાનશાહનો જીવ ઇ. સ. ૬૫૧ માં લીધો. માહુએ તેનાં તાજ વીટી, મોહર વગેરે લઇને તેના શબને નદીમાં ફેંકી દીધું

એ દુઃખદાયક બનાવની ખબર જ્યારે ત્યાંના ખ્રિસ્તીઓના વડા ધર્મગુરૂને થઇ ત્યારે તેણે દોડતાં જઇ શાહાનશાહનાં તનને બહાર કહડાવ્યું, અને તેનાં ખુન માટે અજબ થઈ તે ઘણો અફસોસ કરવા મંડયો. વળી જ્યારે ઇરાની રઇઅતને એ ખબર પડી ત્યારે તે ત્યાં એકઠી મળી, અને પોતાના કમનસીબ શાહાનશાહે જે જે દુઃખો ખમ્યાં હતાં તેના ખ્યાલોથી તે ઝારઝાર રડી. પેલા ભલા ધર્મગુરૂએ યઝદગર્દનાં રૂવાનને ઘણાં માનથી અવલ મંજલ પહોંચાડયું અને મહાન ખુસરો નોશેરવાનના નબીરા ઉપર ગુજરેલી આફતો માટે તે રડયો, અને પોતાના તમામ શાગેર્દોને તેનો ગમ પાળવાનો તેણે હુકમ આપ્યો.

પણ હવે માહુની બદબખ્તીનો દિવસ આવી પહોંચ્યો. તેનાં બૂરાં કરમથી ખૂજીને તેનું લશકર તેનાથી ફરી બેઠું. બેજનને ખૂનની વાતની ખબર પડી ત્યારે તે ઘણો દલગીર થયો, અને તેનું વેર કંગાળ માહુ ઉપર લેવાનો ઠરાવ કરીને તેને તેણે કેદ પકડયો, અને તેની કરણી મુજબની સખત સજા કરીને તેને બેજાન કીધો.

પ્રકરણ એકત્રીસમું

દેશ અને દીન વાસ્તે જાન પટકી નાખનારા વીરોનાં છેલ્લાં યુદ્ધ

ઈરાની લોહીની પાછલી નામના

આરબો સાથનું ઇરાનીઓનું યુદ્ધ કાંઈ નહાવંદની લડાઇથી સમાપ્ત થયું નહિ. ખરૂં જંગ તો હવે ઉઠવાનું હતું. ઇરાનીઓની હારો જેટલી માંહો માંહેની કુટફાટને આભારી હતી તેટલીજ તઓની બેદરકારીને આભારી હતી. આરબોની ચઢાઇને પહેલાં તો તેઓ સાધારણ દરોડાથી વધુ અગત્યની ગણી શક્યા નહિ. તેઓ સમજતા હતા કે તેઓ કાંઇ લૂટફાટ કરી ચાલ્યા જશે. પણ જ્યારે તેઓએ જોયું કે દુશ્મનો તો જીતેલા મુલકોમાં ઠરીઠામ થતા જાય છે એટલુંજ નહિ પણ પોતાનો નવો મઝહબ પણ જોરાવરીથી ફેલાવે છે ત્યારે તેઓની શુધ ઉઘડી ગઇ. પણ છેક ઘણું મોડું થયું ત્યારેજ, કારણ કે જ્યારે આરબોનું જોર રોજબરોજ વધુ અને વધુ સંગીન થતું ગયું ત્યારે ઇરાનીઓનું તો તુટતુંજ ગયું. અને ખલીફ ઓમરનું ખુન થયું તેનો પણ કશો લાભ તેઓ લઈ શક્યા નહિ. શાહાનશાહી ખાનદાનની કતલોથી હવે વેરાઇ પડેલા

ઇરાનીઓને આ વેળા જોડનાર કોઇ ઉભું થયું નહિ. આ છતાં જ્યારે પોતાનો દેશજ નહિ પણ પોતાનો વહાલો મઝહબ પણ ઇરાનીઓએ જોખમમાં આવી પડેલો જોયો ત્યારે તેઓએ જીવપર આવીને લડવાનો નિશ્ચય કીધો. હવે ઘણું કરીને તેઓનું હજારોનું લશ્કર દુશ્મનો સામે આવી ઉભું નહિ, પણ પાંચસો હજાર કે પાંચ હઝાર બાહાદુર ઇરાની વિરલાઓની ટોળકીઓએ આરબોનાં આખાં લશ્કરોની સામે આવી ઉભી રહી પોતાના વતનની તસુએ તસુ જગ્યા માટે તેઓ સાથે ટક્કર લીધી. એક નહિ પણ અનેક શૂરા સરદારો પોતાનો જાન પટકી નાખવા ઉભા થયા. પણ અફસોસ કે તેઓને જોડવાનાં સાધનો દૂર થઈ ગયાં હતાં.

અને જ્યારે દુશ્મનોએ પારસીઓનાં ખુદ વતન, પારસી લોહી પુરૂં પાડનાર વહાલી સરઝમીન, અને પારસી જાહોજલાલીનાં અસલ મથક ઉપર ધસારો કીધો ત્યારે પારસી વીરોએ પોતાનાં વહાલાં વતન અને પોતાની પાકીઝે દીનના બચાવ માટે મથામથીને લડી દુશ્મનોને હંફાવવામાં કશું બાકી રાખ્યું નહિ. પણ પોતાનાં તમામ જોર સાથે સામે આવેલા દુશ્મનો સામે એ એકલવાયા હીરાઓનું કશું વળ્યું નહિ ત્યારે તાબે થવાને બદલે પહાડી યા દૂરના મુલકોમાં જઇ તેઓએ આશરો લીધો, અને ત્યાં પણ સલામતી રહી નહિ ત્યારે કેટલાક સાહસિક જીવોએ પોતાનું પ્યારૂં વતન

પણ છોડીને હિન્દ સર ઝમીન ઉપર આશરો લીધો. જ્યારે બીજાઓ યુરોપ, તુરાન, તથા ચીન તરફ નીકળી ગયા.

આ દુશ્મનો સામેનું જરતોશ્તીઓનું યુદ્ધ સદીઓ સૂધી ચાલ્યું. તબ્રિસ્તાન, બોખારા, રૂસ્તમદાર, માઝનદરાન વગેરે મુલકોમાં પારસી રાજ્યો સેંકડો વરસો સૂધી ટકી રહયાં હતાં. વળી આરબોથીજ ઇરાની જરતોશ્તીઓનો નાશ થયો ન હતો. એ કામ ચંગીઝખાન, તૈમુરલંગ અફઘાનો તથા આગા મહમદશાહના બળવા જેવી કોઇ પણ પ્રજા ખમી ન શકે એવી આફતોથી લગભગ તમામ થયું. ખચ્ચીત એવી આફતો સામે કોઈ પણ બીજી પ્રજા આટલો વખત ટકી હોય એવું દુન્યાની તવારીખમાંથી શોધી કાઢવું મુશ્કેલ છે.

આરબોના દોરથી ઈરાનની મ્હોટાઇ કાંઇ જંખવાઈ ગઇ નહિ. આરબોના નામથી મુસલમાન સલતનતમાં જે જે મહાભારત કામો થયાં હતાં તેમાં મુસલમાન થઇ ગયલા ઇરાનીઓનો ઘણો મ્હોટો ફાળો હતો. અને જે વિદ્યા હુન્નરો આરબોથી દુન્યાની જાણમાં આવ્યાં તેમાંનું ઘણુએક ઇરાનીઓનાં વિદ્યા હુન્નરોમાંથી મેળવાયલું હતું. જંગનાં મેદાનમાં તો ઈરાનીઓ સર્વે ઠેકાણે ઉપયોગી થઇ પડયા, અને છેક સ્પેનની રંગભૂમી સૂધી પહોંચી વળ્યા; અને ખુદ અરબી સાહિત્યમાં તો આરબોથીબી ચઢતા થઇ પડયા. એટલુંજ નહિ પણ ફક્ત

સો વરસની મુદતમાં આરબોનો દોર તોડી નાંખીને ઇરાનીઓએ સર્વોપરી સત્તા મેળવી. પણ નવા મઝહબના બંદ તેઓ તોડી શકયા નહિ; તેટલું છતાં એક નવોજ મોટો પંથ તેઓએ ઉભો કીધો, ફાર્સી કોરાન ઉભું કીધું, અને ઇરાનનો નાશ કરનાર ખલીફોને ધિક્કારી કહાડયા.

ખલીફતની સર્વેથી ઘણીજ ઝલકતી કાર્કીર્દી પણ ઇરાની બાહોશીને આભારી છે. બલ્ખનાં નવબહારનાં નામીચાં આતશબેહરામના ધર્મગુરૂ બાર્મકને ખલીફ અબ્દુલ મલીકના વખતમાં રાજ્યમાં મ્હોટો ઓહદો મળ્યો હતો, તેનો બેટો ખાલીદ મુસલમાન થઇ ગયો હતો. ખાલીદના બેટા યહુયા તેમજ યહુયાના બેટાઓએ ખલીફતના વજીરોનો મોટો દરજ્જો ભોગવ્યો હતો. ખલીફ હારૂન અર્રશીદની નામના તેના બાહોશ વઝીર યહુયાના બેટા જઆફરનેજ આભારી હતી, અને મુસલમાની અમલમાં વિદ્યાજ્ઞાનની જે ખીલવણી થઇ હતી તે બાર્મકી ખાનદાનની કાળજીને લીધેજ હતું.

એ ઉપરાંત તબરી જેવા તવારીખનવેશ, એબ્ન સીના જેવા વિદ્વાન, ફિલસુફ, હકીમ, અને રાજદ્વારી, ફીર્દુસી જેવા કવિ, એ સર્વે ઇરાનનીજ તોખમ હતા; અને એવા લખનારાઓ કે જાહેર નરોથી તવારીખ એટલીતો ભરપુર છે કે તે વિષે ઇસારો કરવોજ અત્રે બસ છે. વળી ઉપર જણાવ્યું છે તેમ જે

સાહિત્ય અરબીક તરીકે ફેલાવવામાં આવ્યું હતું તેમાં પુરાતન ઇરાનનાં અરબીમાં તરજુમો કરી લીધેલાં સાહિત્યનો ઘણો ભાગ હતો તેમાં કશો સંદેહ નથી. તેઓ સાથે શરૂઆતમાં જોડાઇ ગએલી સુધરેલી સેમાઇટ પ્રજાઓ તરફથી બી તેમને કંઈ મળ્યું હશે; મગર તેમાં પણ ઇરાંન તરફનું ઘણુંજ હતું. એરબ જેવી તો શું પણ કોઇ પણ પ્રજા એટલું બધું સાહિત્ય બીજાનું લીધા વગર અચબુચ ઉભું તો કરી શકેજ નહિ. એવું પોતાનું તરીકે લઇ બેસનારાઓએ ઉત્સાહની ધુંઇમાં જેમનું તેઓએ લીધું હતું તેમનું નામ પણ દેવાનું તો બાજુ મુકયું પણ તેમના અસલી સાહિત્યનો તરજુમો કરી લેવા પછી તેનો નાશ પણ કરી નાખવાની ખાસ સંભાળ તેઓએ લીધી હતી. એવા તરજુમાઓ કરવામાં પણ એબ્ન મુકફાફ જેવા ઇરાનીઓનોજ મુખ્ય હાથ હતો. અને એવાં તરજુમો કીધેલાં સંખ્યાબંધ પુસ્તકોમાં આગલું શાહનામું, અરેબ્યન નાઇટસ તથા અન્વારે સોહુઇલી જેવાં જગઆશ્કાર પુસ્તકો પણ સમાઇ જાય છે.

પોતે ચાલુ રાખેલી ગમે એવી મ્હોટાઇ તથા જાહોજલાલી છતાં પોતાની અસલ પાકીઝે દીનને બેવફા નીવડેલા ઇરાનીઓ જરતોશ્તી ઇરાનીઓ જેવી મ્હોટાઈ ભોગવી શક્યા નહિ, અને છેક એરચથી તે ગુસ્તાસ્પ સૂધીના મઝદયસ્ની શાહાનશાહોએ અને છેક ફ્રીડીઝન

શાહાનશાહ હુવક્ષત્રથી તે ખોસરો પરવીઝ વેરના મહાન જરતોશ્તી શાહાનશાહોએ સ્કીથ્યન, ટારટાર, હુન, તુર્ક વગેરે જબરી તુરાની પ્રજાઓના ઘસારાને મારી કાઢીને તમામ સૂધરેલી દુન્યાની જાણે પાસબાની કીધી હતી, તે ઘસારા જરતોશ્તી દીન છોડી ગયલા ઇરાનીઓ અટકાવી શકયા નહિ; અને તેથી ચંગીઝખાન અને તૈમૂરલંગ જેવા તે પ્રજાના લડવઇઆઓથી એશિઆની તેમજ યુરોપની પાદશાહતો ધૂળ મળી ગઈ એટલુંજ નહિ પણ કરોડો ઇન્સાનોના જીવ ગયા.

ઈરાનની મહાન શાહાનશાહતોના વારસો તરીકે તથા દુન્યાનાં લોકનાં રૂહોમાં ઝળકાટ તથા ખુશનુદી પાથરનાર બુઝોર્ગ જરતોશ્તી દીનના રક્ષકો તરીકે પારસીઓ ઉપર મોટી ફરજો પડેલી છે. તેઓ તે ફરજો અદા કરવાની કોશેશ કરતા રહેશે નહિ ત્યાં સૂધી તેઓ પોતાનાં નામને લાયક નીવડેલા ગણાશે નહિ.

સમાપ્ત.